ॐ ह्रीँ अर्हँ नमः

"नमो नमः श्री गुरु नेमिसूरये"

# વૈરાગ્ય શતક

: સંપાદક :

પ. પૂ. આચાર્યદેવ શ્રી
વિજય યશોભદ્રસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય
પૂ. મુનિરાજશ્રીઃ રત્નપ્રભવિજયજી મ.

: પ્રકાશક :
શ્રી મણીનગર શ્વે. મૂ. જૈન સંઘ
અ મ દા વા દ.

श्री वासुपूज्य स्वामिने नमः
श्री चिंतामणी पार्श्वनाथाय नमः
"नमो नमः श्री गुरुनेमिसूरये"

# वैराग्य शतक

संपादक
प. पू. आचार्यदेव श्री विजय यशोभद्रसूरीश्वरजी
म. सा. ना शिष्यरत्न पू. मुनिराज
श्री रत्नप्रभविजयजी म. सा.

प्रकाशक
श्री मणीनगर श्वे. मू. जैन संघ
रेल्वे स्टेशन पासे, अमदावाद-८

| | |
|---|---|
| वीरसंवत | वि. सं. २०४३ |
| २५१२ | कारतक वद-१० |
| नेमिसंवत-३८ | श्री महावीर स्वामी |
| | दीक्षा कल्याण दिन |

अनंत लब्धि निधानाय
श्री गौतम स्वामी निर्वाणपद २५००मुं वर्ष

મહાન પૂર્વાચાર્ય રચિત

# શ્રી વૈરાગ્ય શતકમ્

## ૧ થી ૧૦૪ ગાથા...વિવેચન

[શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તો તે બદલ શ્રી સંઘની સાક્ષીએ હાર્દિક મિચ્છામિદુક્કડં.]

તા. ક. સંપાદકની કલમે શ્રી પૃથ્વીચંદ્ર-ગુણસાગર આગામી પુસ્તક પ્રકાશિત થનાર છે....

સૌજન્યતા....

૧૧૧૧૧ રૂા. શ્રી મણીનગર શ્વે. મૂ. જૈનસંઘ.

તથા

૩૧૦૦ રૂા. શ્રી મણીનગર જૈન સંઘના ભાઈઓ

કિંમત. રૂા. ૭-૫૦

મુદ્રક : કૃષ્ણ પ્રિન્ટર્સ, એ-૭, વાસુપૂજ્ય ચેમ્બર્સ, આશ્રમ રોડ, ઈન્કમટેક્ષ અમદાવાદ.

# પ્રકાશકના બે બોલ

શ્રી. **મણીનગર** શ્વે. મૂ. જૈન સંઘએ અમદાવાદ નગરમાં પરા વિસ્તારમાં રેલ્વે સ્ટેશન નજીક રમણીય સ્થળે બિરાજિત છે. જ્યાં શ્રી **વાસુપૂજ્ય સ્વામી** ભગવંત નું ભવ્ય જિનાલય છે. શ્રી પુરુષાદાનીય **પાર્શ્વનાથ** ભગવંતના અધિષ્ઠાયિકા **શ્રી પદ્માવતી દેવીની** કુલિકા છે....શ્રી સંઘ સંચાલિત શ્રી આયંબિલ ભુવન તથા શ્રી સામાયિક મંડળ તથા પાઠશાળા આદિથી શ્રી સંઘ અનેક પ્રકારે આરાધન કરે છે.

અત્રે શ્રી સંઘની આગ્રહભરી વિનંતિનો સ્વીકાર કરી સં. ૨૦૪૨ ના ચાતુર્માસાર્થે **શાસનસમ્રાટ પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય નેમિસૂરીશ્વરજી** મ. સા. ના પટ્ટધર સમયજ્ઞ **પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય વિજ્ઞાનસૂરીશ્વરજી** મ. સા. ના પટ્ટધર **સિદ્ધાંતમહોદધિ** પ. પૂ. **આચાર્યદેવ શ્રી વિજય કસ્તુરસૂરીશ્વરજી મ. સા**ના પ્રથમ પટ્ટધર કવિરત્ન શાસન પ્રભાવક **પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન** પૂ. મુનિરાજ શ્રી રત્નપ્રભા વિજયજી મ. સા. તથા પૂ. મુનિશ્રી ચન્દ્રગુપ્ત વિજયજી મ. સા. આદિકા અષાઢ સુદ-૨ ના સસ્વાગત પૂર્વક પધાર્યા હતા...

પૂજ્યશ્રીના પ્રવચનોનો લાભ અત્રેની જનતાએ સારા પ્રમાણમાં મેળવ્યો છે. મુનિશ્રી ની પ્રેરણાથી સાંકળી અટ્ઠમ, પ્રભાવના તથા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંતના ૨૦૫ અટ્ઠમ, દરેકને ૪૧, રૂા. ની પ્રભાવના, નાના

નાના બાળકોને પુનઃવિશેષરૂપે પ્રભાવના થયેલ હતી. શ્રી નરપતભાઈ તરફથી પારણાં-પ્રભાવના થયેલ, શ્રી સંઘ તરફથી સ્નાત્ર મહોત્સવ, ભવ્યઆંગી, તથા ૧૦૮ પાર્શ્વનાથ અભિષેક પૂજન ભણાવાયેલ હતું.. શ્રી વીસ સ્થાનકતપની આરાધનાર્થે સામુદાયિક ૫૫૦ ઉપરાંત ઉપવાસ પૂર્વક શ્રી વીસ સ્થાનક મહાપૂજન ભણાવાયું હતું...પર્યુષણપર્વની આરાધના સુંદર થયેલ હતી, દેવ-દ્રવ્યાદિની ઉપજ તથા ભવ્ય વરઘોડો, સ્વામી વાત્સલ્ય થયેલ તથા શ્રી ઋષિમંડલ મહાપૂજન અઢાર અભિષેક પૂર્વક અષ્ટાન્હિકા મહોત્સવ થયેલ હતો. આસો સુદ-૧૫ ના શ્રી પદ્માવતી પૂજન તેમ દીવાળીમાં પ્રવચન સમયે બેનો તરફથી પેંડા વિની પ્રભાવના થયેલ હતી...

કા. સુદ.-૮ના સામુદાયિક સામાયિક થયેલ હતી... રજનીકાંત નાગરદાસને ત્યાં ચાતુર્માસ પરાવર્ત્તન ભવ્ય રીતે થયેલ હતું...

મુનિશ્રીની પ્રેરણાથી મહાન પૂર્વાચાર્ય રચિત શ્રી વૈરાગ્યશતકના ૧૦૪ ગાથાના અનુવાદ પૂર્વકનો ગ્રંથ છપાવવા માટે અમોને જ્ઞાન ખાતાનો લાભ મળ્યો છે. આ વૈરાગ્યશતક આબાલવૃદ્ધનાં હાથમાં પહોંચશે... ફક્ત એકવાર મનન પૂર્વક વાંચશે વંચાવશે તો આ અસાર સંસાર પર વૈરાગ્યભાવ આવ્યા વિના રહેશે નહિં. પૂ. મુનિશ્રીના પ્રવચનોમાં મૈત્ર્યાદિ ભાવ સમજાય છે. તે ભાવિના ભેદમાં હશે તો એ ચાર ભાવનાને આત્મસાત કરીશું. તે માટે આપણે સૌએ યથાગ પ્રયત્ન કરવો જોઈએ. શ્રી મૂળજીભાઈ આદિ કાર્યકર્ત્તાઓ શ્રી સંઘનું સંચાલન કરી રહ્યા છે, આ પુસ્તક છપાવવા માટે શ્રી મુકેશભાઈ સુમનલાલ પટેલે ઘણી સારી મહેનત કરી છે.

ॐ ह्रीँ अर्हँ नमः

## नमो नमः श्री गुरुनेमिसूरये
## श्री वैराग्य शतकम्

અનંત ઉપકારી, પરમ ઉપકારી, પરમતારક, ત્રિકાલાબાધિત છે સિદ્ધાંત જેનો એવા નાથે પ્રરૂપેલા વચનને પામેલા જ્ઞાની પુરુષો અસાર એવા સંસારને હેય તરીકે સ્વીકારી વૈરાગ્ય પ્રાપ્ત કરે છે, અને અન્યને વૈરાગ્ય પ્રાપ્ત કરાવવા માટે ઉપકાર કરતા જ હોય છે.

જે જ્ઞાનીઓના ઉપકારને ગ્રહણ કરે છે તે જ ઉપકાર કરી શકે છે....માટે આ વિષમકાલના ભવાટવીમાં ભ્રમણ કરતા ભાગ્યશાળીઓએ સૌ પ્રથમ જ્ઞાનીઓએ દર્શાવેલ માર્ગ પ્રમાણે ઉપકારને ગ્રહણ કરતા શીખવું એ આત્માર્થી માટે એ ગાઢ અનિવાર્ય છે.

હેય-ઉપાદેયને યથાર્થ સ્વરૂપે સમજાવતાં જ્ઞાની કહે છે કે....

**આશ્રવ સર્વથા હેય ઉપાદેયશ્ચ સંવરઃ**

પાપ-અને પાપના સ્થાનકો, પાપની ક્રિયાઓ હેય છે. છોડવા જેવું છે. તેમ પાપ, પાપના સ્થાનકો, પાપના વિચારો, પાપની ક્રિયા-પ્રક્રિયાનો ત્યાગ એ જ ઉપાદેય (સંવર) છે.

અનંત જ્ઞાનીઓએ જે જે પદાર્થ નિત્ય કહ્યા તેને નિત્ય તરીકે સ્વીકારવા તેમ જે જે પદાર્થ અનિત્ય દર્શાવ્યા

તેને અનિત્ય માની છોડી દેવા, છોડી દેવા માનવા, છોડવા માટે પ્રયત્નશીલ રહેવું જરૂરી છે.

જ્ઞાનીઓના જ્ઞાન માર્ગને પામેલા પૂર્વમાંથી અનેક રીતે ગ્રંથો ઉધૃત કરી. પૂ. મહાપુરુષોએ **વૈરાગ્ય શતક** ગ્રન્થને બાલજીવોના ઉપકાર અર્થે રચેલો છે....

**સંસારમ્મિ અસારે, નત્થિ સુહં વાહિ વેયણાપઉરે ।**
**જાણંતો ઇહ જીવો, ન કુણઇજિણ દેસિયં ધમ્મં ।।**

અર્થ : જેમાં અનેક પ્રકારના દુઃખો, આધિવ્યાધિ ઉપાધિથી ભરપૂર છે, પ્રચુર વેદનાઓથી યુક્ત એવાં અસાર સંસારને આ આત્મા જાણે છે, અનુભવે છે. તો પણ જિનેશ્વર કથિત ધર્મને (મૂઢ આત્મા) આરાધતો નથી....

શ્રી ગ્રંથકાર દૃષ્ટા પ્રથમ ગાથામાં ઘણું ઘણું દર્શાવે છે.... પરંતુ મહાન પુરુષોના આદર્શને પામવું એ પામર જીવ માટે ઘણું કઠિન છે. સંસારના ભૌતિક પદાર્થો અનિત્ય સ્વરૂપે છે તે ક્યારેય સારભૂત ન બની શકે....

અજ્ઞાનતાના કારણે જીવ અસારને સાર સમજી તેનું આસેવન કરે તે ઇચ્છિતીય નથી જેમ ભૂંડ વિ. પ્રાણી, તદ્દન તુચ્છ, મલીન, ગંધાતા પદાર્થોને આરોગે, તેમાં ને તેમાં ડુબ્યા રહે એથી તે તુચ્છ પદાર્થો સારભૂત ન કહેવાય.

સંસાર અસાર શા માટે ? જે સંસાર ત્યાગવા જેવો છે તેને ઉપાદેય તરીકે માની આદરવા જેવો કર્યો....તે અનાદિ કાળના અજ્ઞાનતાના સંસ્કારો તેમ મોહનીય, મિથ્યાત્વની પ્રકૃત્તિઓ તેમાં મુખ્યત્વે ભાવ ભજવે છે.

તે સંસારના પરિભ્રમણમાં આ જીવ અનાદિથી પરિભ્રમણ કરે છે આત્મા અનાદિ કાળથી છે તેની આદિ હોતી નથી માટે જ ત્રિકાલજ્ઞાની પરમાત્મા જણાવે છે જીવ અનાદિ કાળનો છે. તેમ આત્મા (જીવ)નો સંસાર પણ અનાદિ કાળનો છે. સંસાર એ અનાદિ કાળથી ચાલ્યા આવતાં કર્મ સંયોગથી સર્જાયેલો છે. માટે સૂરિપુરંદર શ્રીમાન્ આચાર્ય હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા કહે છે કે સંસાર દુઃખ રૂપ છે. તે સંસાર આખરી પરિણામે તો ફળસ્વરૂપે પણ દુઃખ આપનારો છે. તે દુઃખ એક બે ત્રણ વાર નહિ પણ દુઃખની પરંપરાને ભવોભવ સુધી સર્જાવે બતાવે, અને અનુભવ કરાવે તેવો આ સંસાર છે. તેથી સુખરૂપ, સુખફલક, સુખાનુબંધી ન હોવાથી સંસાર અસાર જ છે....જેના રૂપકમાં, ફલમાં, પરિણામે ભવાંતર દુઃખ જ જણાતું હોય તેવા સંસારને સાર માનવું એ નરીઅજ્ઞાનતા છે.

આત્મા અનાદિ કાળનો છે તેમ સંસાર પણ અનાદિ છે....આત્માની બદલાતી ફેરફાર થતી અશુદ્ધ અવસ્થા.... મનુષ્યાદિ ચાર ગતિ, તેમાં પણ ભિન્ન ભિન્ન અવસ્થાઓ પ્રાપ્ત કરે છે તેથી આત્મા અશુભકર્મના કારણે અશુદ્ધ છે. કર્મના પ્રચંડ વાતાવરણમાં ફસાયેલાને આધિ વ્યાધિ ઉપાધિ જન્મ જરાના અનેકાનેક ફેરાઓ પ્રાપ્ત થાય તેમાં કંઈ જ નવાઈ નથી. સંસારી આત્માઓની સાથે કર્મ સંયોગ હોય તેથી સંસાર અનાદિનો તેમ કર્મ સંયોગ તેની સાથે અનાદિનો છે.

આત્મા થકી કર્મ સંયોગનો જો વિયોગ થઈ જાય તો આત્મા શુદ્ધ માર્ગનું આરાધન કરી શકે. પણ મિથ્યાત્વ અવિરતિ, કષાય યોગના કારણે અસાર સંસારમાં સુખ નથી પણ સુખાભાસ છે અર્થાત્ સંસાર દુઃખ રૂપ દુઃખ ફલક, દુઃખને સર્જનાર છે. તે સંસાર વ્યાધિ વેદના, રોગાદિથી ભરપુર જાણવા છતાં તેને જિનોક્ત ધર્મ-તીર્થંકર પ્રેરીત ધર્મનું આરાધન કરતો નથી તેથી તે આત્મા ઓને ધર્મના અવબોધ માટે સંસારથી વિરાગ અવસ્થાને પામે એવી દૃષ્ટિ જેની છે તેવા કૃપાળુ જ્ઞાની ભગવંતો વૈરાગ્ય માર્ગ બતાવે છે.

વૈરાગી આત્મા માર્ગને પામવા માટે જ્ઞાનીનો પડછાયો સ્વીકારે છે. જ્ઞાનીના પગલે પગલે જાય છે. પણ જેને પામવું નથી, મેળવવું નથી, છોડાવા જેવું છોડવાનું મન કરવું નથી એવા આત્માઓને જ્ઞાનીનો કદાચ સહયોગ થાય તો પણ તે આત્મા પ્રાયઃ પામી શક્તા નથી. જ્યારે તે ભાગ્યાત્માની પામવાની ઈચ્છા હશે તો સહજ ક્ષણવારનો જ્ઞાનીનો યોગ પરમ ઉપકાર ભૂતબનશે.

સંસારને અસાર ભૂત માનનારા ઉંમરે ભલે નાની વય છતાં તે ઉંચા ઉંચકક્ષાના મહાન છે. ઉંમર ઘણી મોટી હોવા છતાં અસારને અસાર માનીને છોડવાની મનોવૃત્તિ ન હોય તો તેને તે દૃષ્ટિએ મહાન કહી શકાય નહિ.

તારક પરમાત્મા, ત્રિકાલ જ્ઞાની ભગવાન મહાવીર મહારાજા પોલાસપુર નગરીની બહાર ઉદ્યાનમાં પધાર્યા... તે સમયને વિષે ભગવંતની અનુમતિ પામેલા શ્રી ગૌતમ

સ્વામી મહારાજા ગોચરી અર્થે પોલાસપુર નગરમાં પધાર્યા. રસ્તામાં અવનવી રમતો રમતા બાળકો પૈકી જ્ઞાની ગુરુ ભગવંતનાં દર્શન પામી પૂછે છે કે હે પ્રભુ તમો કોણ છો ? આપને શું જોઇએ છે ? આ કહેનાર હતા. બાલ્ય-વયવાળા મહા–ભાગ્યશાળી.... **અતિમુક્તકુમાર.**

શ્રી ગૌતમ સ્વામીએ મીઠી મધુર શીતળ ભાષામાં જણાવ્યું કે અમે શ્રમણ છીએ. (ગોચરીએ) ભિક્ષાર્થે નીકળ્યા છીએ.

બાળકુમાર નમસ્કાર કરવા પૂર્વક વિનંતી કરે છે. પ્રભો...પધારો...મુજ આંગણું પવિત્ર કરો... એમ જણાવી આંગળી પકડીને ચાલ્યો...પોતાના ઘેર આવી ગુરુ મહા-રાજને કહે છે.. પધારો...પધારો. રાજપુત્ર અતિમુક્ત-કુમારના માતાજી શ્રી દેવી તો ગુરૂ મહારાજના દર્શનથી આનંદવિભોર બની ગયા. ભાવભરી ભક્તિથી ગોચરી વહોરાવી. ઉલ્લસિત બન્યા.... ભવ્યાત્માઓની કેટલી કેવી ઉચ્ચકક્ષાની ભાવના...ગુરુના પગલે પગલે જવાની તીવ્ર તમન્નાના મનોરથો એ ગુરૂ ભગવંતને પૂછ્યું કે . હે ગુરૂ-દેવ ..આપ શ્રી ક્યાં બિરાજમાન છો...

હે ભાવિક... મારા પરમતારક પરમ ગુરુવર્ય તારક ભગવાન શ્રી વર્ધમાન સ્વામી ઉદ્યાનમાં બિરાજેલા છે. ત્યાં જ પૂજ્યશ્રીની નિશ્રામાં, સેવામાં રહીએ છીએ.

બાલકુમાર–ધીમાસ્વરે કહે છે કે હે સ્વામિન આપ-શ્રીની સાથે તારક પરમાત્માને વંદન કરવા આવવાની

મારી તીવ્ર અભિલાષા થઈ છે.... તરત જ પૂજ્ય ગુરૂદેવે જણાવ્યું કે ભાઈ, તારી જેવી મનોકામના, ભાવિના ભેદની લગામ જેના હાથમાં છે તેની આંગળીએ ચાલતા ચાલતા ભાગ્યવંત બાળકુમાર ભગવાનની સમીપે આવી ભાવપૂર્વક પ્રદક્ષિણા કરી વંદન કરી ભગવંતના દર્શન કર્યા.

કાપડ ના વેપારી પાસે અનાજ ન મળે તેમ અનાજના વેપારી પાસે કાપડ ના મળે. અહીં તારકના માર્ગમાં વ્યાપારની વાત નથી પણ સ્વ આત્માના કલ્યાણાર્થે તીર્થંકર મહારાજા દેશના આપે છે... કલ્યાણકારી ભગવાન જગતના તમામ આત્માઓનું કલ્યાણ ઇચ્છી રહ્યા છે. અહીં તો ધર્મ, ધર્મનો માર્ગ, ધર્મનું સ્વરૂપ, ધર્મનું ફળ સમજાવતાં બાળકુમારના આત્માનો જાગ્રત બન્યો. ફળદ્રુપ જમીન ઉપર થોડો પણ વરસાદ ગુણકારી નિવડે તેમ ફળદ્રુપ એવા આ મહાન ભાગ્યશાળી આત્માને પ્રભુના વરદ મુખેથી નીકળતી શીતળવાણીની અનેરી અસર થતાં વૈરાગ્ય પ્રાપ્ત થયો.

જે આત્માને દેવ-ગુરૂના દર્શનથી, વાણીના શ્રવણથી, ભક્તિથી, વિનયાદિ ધર્મથી સંસારની માયા છોડવાનું મન થાય, હેયને હેય તરીકે માની ક્ષણવારમાં છોડતાં વાર ન લાગે, છેવટે તે છોડવા જેવું જ માને તે આત્મા ઘણા ઉંચ કક્ષાનો બને છે, માર્ગે આવે છે-યથાસ્થાને સ્વસિદ્ધિના ધામમાં પહોંચવા નિરંતર પ્રયત્નશીલ હોય છે.

[તીર્થંકર ભગવાન મહાવીર મહારાજાના સ્વમુખે

પ્રશંસા થતી એવા શુદ્ધ શ્રાવકો આનંદ, કામદેવાદિ પાસે અન્ય શ્રાવકોએ ઘણી પ્રશંસા કરી કે આપતો ભાગ્યશાળી છો, કેવળજ્ઞાની ભગવાન આપના ગુણોની પ્રશંસા કરે છે. તેથી તે ખોટું તો હોય જ નહિં, કેવળજ્ઞાનીના જ્ઞાનમાં કંઈપણ ઉણપ ન જ હોંય.... તેથી આપ મહાભાગ્યવંત છો. ત્યારે સ્વઆત્માની લઘુતા બતાવતાં તેમ વાસ્તવિક અંતરની મનોવ્યથાને દર્શાવતાં કહે છે....

ભો-ભાગ્યવંત.... પ્રભુના જ્ઞાનમાં કંઈપણ ઉણપ ન જ હોય એ જરૂર માનું છું બાંકી હું તો હજી પાપી છું. હજી ભાગ્યશાળી બન્યો નથી. આગતુંક શ્રાવક વિચારમાં પડે છે કે આ આનંદ શ્રાવક તો પોતાની જાતને ધન્યહીન માને છે ત્યારે બીજી તરફ પ્રભુ મહાવીર મહારાજા તેમના ગુણોની શ્રાવક તરીકે પ્રશંસે છે. ત્યારે આનંદ શ્રાવકને ઘણું પૂછવામાં આવે છે. કયા કારણે આપ આપના આત્માને હીન માનો છો !

આનંદ શ્રાવકે મીઠી મધુરી વાણીથી શીતળતા પૂર્વક જવાબ આપ્યો કે પરમાત્માની વાત સત્ય જ હોય તેમાં કંઈજ શંકા નથી પણ મેળવવા જેવું, પામવા જેવું, આરાધવા જેવું, સાધવા જેવું જે ભગવંતે સાધ્વાચાર પૂર્વકનું સાધુપણું, એ પામ્યો નથી. પામી શકયો નથી માટે હજી મારા ભાગ્યમાં ઉણપ છે. માટે ઉત્તમ બની શકયો નથી... વિચારો ભાગ્યશાળી.... ભૂતકાળનાં ભાવિકે સુશ્રાવકોની વિચાર શ્રેણી ? આવી ભવ્યાત્માઓના લોહીના અણુએ અણુમાં વૈરાગ્ય જણાતો હોય છે.]

અતિમુક્ત (અઈમુત્તાકુમાર) પ્રભુની પ્રથમવાર દેશના સાંભળતાં સંસારથી વિરાગી બનવાનો અપૂર્વ ભાવ જાગ્યો. ....પ્રભુના પ્રથમ જ દર્શન, પ્રથમ જ વાણી સાંભળતાં સંસાર–છોડવાનું મન થાય એ આત્માની ઘણી જ શુદ્ધ ભૂમિકા તેમ લઘુકર્મીપણું સૂચવે છે! વૈભવ–ભોગ વિલાસ સાધન સામગ્રી ભોગવવાં છતાં આત્માર્થી આત્માના હૈયે ઉંડે ઉંડે વૈરાગ્ય રહેલો હોય છે. સંયમની અભિલાષા-વાળા તે અતિમુક્ત (અઈમુત્તા)કુમાર માતા–પિતાની અનુજ્ઞા મેળવવા ઘેર તરફ જાય છે...

હે માતા–પિતા.... આજે મને ભવતારક ભગવાન મહાવીર સ્વામીના દર્શન થયા.... મને ખૂબ જ આનંદ આનંદ થયો. મારો આત્મા નાચી ઊઠયો.

હે પુત્ર! તારો પુણ્યોદય કહેવાય...તને તારકના દર્શન થયા. જેથી તને આનંદ પણ થયો. હે માતા પિતા તરણતારણ હારના દર્શન કર્યા બાદ ભગવાન ગમી ગયા, ભગવાનને મેં મારા હૈયામાં બિરાજમાન કર્યા, ભગવાનની દેશના સાંભળી. તેમ તે શ્રુતવાણી મને અતિશય ગમી છે. હે પુત્ર! તારો ઘણો સુંદર પુણ્યોદય કહેવાય, તારો પુણ્યોદય ઉંચત્તર છે. જેથી ભગવાન અને ભગવાનની વાણી ગમી છે. તું કૃતકૃતાર્થ છે. તું ધન્યવાદને પાત્ર છે. દહેરાસરમાં જેમ ભગવાનની પ્રતિમા જોઇ ભગવાન યાદ આવે છે. તેમ દહેરાસરની બહાર જે કોઈ જગ્યાએ જઈએ ત્યાં પણ ભગવાન ભૂલવા ન જોઇએ.

વ્યાખ્યાનની સભામાં પૂ. ગુરૂમહારાજ પૂછે કે ભાગ્ય. શાળી તમોને ભગવાન ગમ્યા, ભગવાનની વાણી ગમી ? લગભગ ઉત્તર નન્મામાં આવશે. કારણ કે લાડી વાડી ગાડી ગમે, સંસાર પ્રત્યેનું મમત્વ સાથેને સાથે હોય ત્યાં ભગવાનની વાણી હૈયાને કેવી રીતે સ્પર્શે.

હે જનની જનેતા ! હે ઉપકારી તાત ! યથાર્થવાદીની યથાર્થ દેશના સાંભળી મને આત્મભાન થયું છે. સંસાર સંસારના સાધન, સંસારના સાધન ઉપરનો રાગ હવે તદ્દન ગમતો નથી. અનંતકાલથી મારો આત્મા જન્મ-મરણ ના ફેરા ફરી રહ્યો છે તે પરિભ્રમણ બંધ કરવા મારું મન ઉત્સુક બન્યું. જેથી મારી મનોભાવના શ્રી વીરસ્વામીના વરદ હસ્તે સંસારતારક પ્રવજ્યા ગ્રહણ કરવાની છે..."

**"સંયમ કબહી મિલે"**

સંયમના રસીયાને સંસાર ન જ ગમે. સંસારના રાગથી રંગાયેલાને તેમ તે રાગને મજેથી પોષતો હોય તેવા આત્માને સંયમ ગમવું ઘણું કઠીન છે.

સંસારના રાગ-મોહથી પરાજિત થયેલા, તેનાથી આચ્છાદિત બનેલા મોહવશ એવા માતા-પિતા કુમારના વચનો સાંભળી બેભાન બન્યા, શોકમાન બનતાં કિંકર્તવ્યમૂઢ જેવી અવસ્થા ઉભી થઈ.... જમને દેવાય પણ આવી રીતે તો પુત્રને ન જવા દેવવાય. આવા શબ્દો. સંસારની મોહવશતા, મૂઢતા, પામરતા દર્શાવે છે. કુમારની માતા શ્રીદેવીરાણી તો મૂર્છિત બનીને ઢળી પડયા. દાસીઓ ત્યાં ઉપસ્થિત હતી. તેથી તેઓને ફરજ મુજબ સોનાના

કળશમાં મીઠું શીતળ પાણી લાવી. સુગંધીદાર પાણી છાંટયું જેથી ક્ષણવાર બાદ રાણી શ્રીદેવી ચેતના પામ્યા. વિરહ વિલાપ કરતા, રડતાં, કકળતાં, સંસારની મોહદશાની આધીનતાં જણાવતાં પુત્રને ઓળંભો આપે છે. સંસાર છોડવાની વાત–ન ગમે એ જ મોહદશા, સંસર પુત્ર છોડે તે પણ ન ગમે તે પણ મોહ સાથે ગાઢ ભરેલી અજ્ઞાનતા– તેથી પુત્રને રોકવા સતત પ્રયત્ન કર્યા જ કરે....જાગ્રત બનેલા આત્મા અસાર સંસારની છાયામાં લપેટાતો નથી.

હે પુત્ર ! તું મારો એકનો એક પુત્ર છે ? વલ્લભ, મનોહર, પ્રિયકારી રત્નોના ખજાના કરતાં તું વધુને વધુ પ્રિય છે. તારો વિયોગ અમે સહન કરવાને સમર્થ નથી જયાં સુધી અમે જીવન જીવીએ, અમાંરા ખોળીયામાં પ્રાણ હોય ત્યાં સુધી રહી જા અને તારા દર્શનના પાન પીવા દે–સંતોષ આપ–અમારા સ્વર્ગવાસ બાદ તું પ્રવજયા ગ્રહણ કરજે ! (મોહદશાને કારણે સંસાર છોડવાની રજા આપતાં નથી પણ બલવત્તર આત્માની જાગ્રત અવસ્થા- વાળાને તે મોહદશા કંઈ અસર કરતી નથી) હે ઉપકારી માતા–પિતા આપને મારા પ્રત્યે મોહ છે. માટે જણાવો છો. પણ મોહ અજ્ઞાનતાથી સત્યથી વેગળા બન્યા છો. જણાવ્યું છે કે.

તું નહિં કેરા કોઈ નહિં તેરા, કયા કરે મેરા મેરા હું આપનો નથી, આપ મારા નથી. સંબંધ આયુષ્ય પુરૂ થતાં પૂરા થનાર છે– તેમ આ ઘણા પુણ્યોદયે પ્રાપ્ત થયેલો મનુષ્યભવ ભોગ ભોગવવા માટે નથી પણ ત્યાગી

જીવન જીવવા માટે ત્યાગના પંથે જવા માટે મળ્યો છે. આ સંસારમાં આ ભવ સમજવા, જાણવા તેમ આરાધવા યોગ મળ્યો છે. તો આભવ નિરર્થક ન જ થવો જોઈએ.

નાથના ભાખેલા સિદ્ધાંતોને સન્મુખ રાખીએ તો નાશવંત પદાર્થમાં એક ક્ષણ પણ રાચવા જેવું નથી, અનિત્યને નિત્ય તરીકે દેખો, આદરો, વિચારો સમજો તો આ સંસારની મોહ માયા તોડવી ઘણી સહેલ છે. તેમ હે માતા-પિતા આ ભવ ભૂલ્યા તો જન્મ-જરા મરણના દુઃખો ઘટવાના બદલે વધવાના છે- સંધ્યા સમયના વાદળાનાં રંગ સરખો, જળના પરપોટા જેવો, આ ભવ કયારે પૂર્ણ થશે. કયારે આ લોક (મનુષ્યલોક) ત્યજીને પરલોક પ્રત્યે વિહરવું પડશે તે ખબર નથી. તેમાં કોણ પ્રથમ જશે એ જ્ઞાન નથી. તેથી આ ભવ આત્મસાધના માટે મારે સાર્થક કરવો છે તેથી આપ સંયમમાર્ગની સંમતિ આપો...

હે પુત્ર ! તારી ઉંમર નાની છે, રૂપવંતી મનોહર, તેજસ્વી કાયા છે, પાંચ ઇન્દ્રિયો સુંદર છે. સંસારના ભોગ-ભોગવીને પછી સંયમની પરણતિ પામજે. હે માતા-પિતા....જે શરીર નાશવંત છે, એક દિવસ બાળીને ખાખ કરવાનું છે, જેની અંતે રાખ જ થવાની છે. તેને રૂપ હોય તો શું, ન હોય તો પણ શું ? કુમારની માતા-પિતા પરીક્ષા કરી રહ્યા છે, ત્યારે પ્રભુની વાણી સાંભળ્યા બાદ જે વૈરાગી આત્માને ઉચ્ચતર વૈરાગ્ય પ્રાપ્ત થયો છે. તે કુમાર કહે છે તે સાંભળો.

આ શરીર અંતે ત્યાજવા યોગ્ય છે. ઉપરથી દેખાતું મનોહર પણ ભીતરથી કેવું બીભત્સ છે, જેમ છિદ્ર યુક્ત મદિરાનો ઘડો, તેમાંથી ટપ ટપ ટપકતાં મદિરાનાં ટીપાનાં સંગથી અશુચિ થયેલો બહારનો ભાગ કેવો દુર્ગંધમય છે. તે બહારના ભાગને પવિત્રતર માટીથી મસળીને તેને ગંગાજળથી બહુવાર માર્જન કરવા છતાં પવિત્ર થઈ શકતો નથી. તેમ પ્રાણીઓની કાયા મહા બિભત્સ, દુર્ગંધનીય હાડકાં, લોહી, માંસ, વિષ્ટા, મૂળના ઢગલારૂપ હોવાથી ગમે તેટલા અત્તર, પાવડર, સ્નો વિગેરેથી શુદ્ધ થઈ શકતી નથી.

અરે...મોહ થી મૂઢ બનેલા પ્રાણીઓ વારંવાર શુદ્ધ જળથી અત્યંત સ્નાન કરે છે. તેમ મલ અને અશુચિથી ભરેલા દેહને ચંદનથી લેપે છે તેમ કરી પોતાની જાત ને નિર્મળ થયેલી માને છે પણ તે શુદ્ધ (નિર્મળ) થઇ શકતા નથી. કારણ કે ઉકરડો શું તે રીતે સ્વચ્છ થઇ શકે ખરો? જેમ કપુર વિગેરે સુગંધી દ્રવ્યોથી વાસિત કરેલું લસણ પણ સુગંધિ બનતું નથી. ઉપકાર કરવા છતાં દુર્જન સજ્જનતાને પામતો નથી. તેમ આ મનુષ્યનો દેહ બાહ્યથી રૂપવંતો હોવા છતાં પોતાની સ્વાભાવિક અશુચિને તજતો નથી. નાશવંત એ નાશવંત જ.

વળી આ દેહ કેવો છે? તે કુમાર દર્શાવે છે. જેનો સંયોગ પામીને પવિત્ર વસ્તુઓ પણ જલ્દી અપવિત્ર થઇ જાય છે. તેમ જાણવા છતાં જીવો અશુચિના કારણભૂત શરીરને પવિત્ર કરવાનો ભ્રમ જીવોને કેવો ભારે પીડા

કારક છે વળી, જે શરીર સડવાનું, નાશ પામવાનું, માટીના ઢીકરાની જેમ દુર્બલ તે શરીર આજે નહિં કાલે છોડવા લાયક થનાર છે.

સ્ત્રી–પુરુષના રૂધિર અને વીર્યના વિકાર પરિણામ રૂપ મલમય અશુચિના ખાડામાં કંઈ જ સાર નથી. ઘણા ઘણા પ્રયત્નોથી અશુચિ સ્થાન ને બંધ કરવા છતાં તેમાંથી દુર્ગંધ નીકળ્યા જ કરે છે. આવા અશુચિના કુવાનો આદર કરવાની કોઇ અપેક્ષા નથી...

જે દેહને તમો રૂપવંતો કહો છો તે શરીરમાં અત્યંત અશુચિનો પ્રવાહ વહેતો (સ્ત્રીનાં બાર અને પુરુષના નવ દ્વારે) અટકતો નથી તેથી તે રૂપવંતો કે મનોહર કહેવાની જરૂર નથી.

અનેક પ્રકારના ઉપચારો, ઉપાયોથી ઉત્તમ સુગંધી દાર પદાર્થવાળું અનાજ ખાવા છતાં વિષ્ટા રૂપ બને છે, તેને આપણે સ્પર્શવા, કે જોવા પણ તૈયાર નથી. માટે હે માતા પિતા પાંચ ઇન્દ્રિયોથી પૂર્ણ શરીર મળ્યું છે તે ભોગ માટે નહિ પણ ત્યાગ ધર્મની સાધના માટે છે. માટે આત્માએ સકળ દોષ રૂપી મળને સાફ કરનાર પવિત્રતર આત્માનો ધર્મ આત્માર્થીએ આત્મા માટે આરાધી જીવન સફળ કરવું. સકળ ગુણના આધાન એવા તારકના સિદ્ધાંતને પામી આત્મ કલ્યાણ સાધવું એ જ આત્માનો મહાન ગુણ તે. માટે મને શીઘ્રપણે રજા આપો એવી આપના નાના બાળની ભાવભરી માંગણી છે.

માતા પિતાએ કુમારની વાત સાંભળી વિચાર્યું કે કુમારનો વૈરાગ્ય ઘણો ઉત્તમ જણાય છે, હજી વધુ પરીક્ષા કરવા કુમારના વિચારો કેવા કેટલા પ્રમાણમાં પરિપકવ છે એ જાણવા માતાપિતા જણાવે છે.

(પરીક્ષક બનવું સહેલુ છે પણ પરીક્ષા આપવી કઠીન તેમાં પણ પાસ થવું એ અતિ કઠીન છે.)

હે કુમાર.... તારો આત્મા વૈરાગ્ય વાસિત બન્યો છું. હજી તું નાનો છે. વૈભવ વિલાસ, ભૌતિક સુખનાં સાધનની પરાકાષ્ટા, પેઢીઓથી ચાલી આવતી લક્ષ્મીની રેલમછેલ, સુવર્ણ, રત્ન, મણી, મોતીઓના ખજાના તું ભોગવ, અને યાચક વર્ગને દાનમાં આપી તું સંતોષ પામ... તું ગમે તેટલા પ્રમાણમાં દાન આપીશ પણ ખજાનો ખૂટશે નહિ. તું પણ સુંદર રીતે ચોતરફથી તેને ભોગવી આનંદ માન, વળી રૂપવંતી, લાવણ્ય મય, હરિણાક્ષી, દેવકન્યાઓ અપ્સરાઓ સાથે લગ્ન જીવન સાધી સંસારના ભોગોને ભોગવી સંયમના પંથે જવા પ્રયત્ન કરજે...

વરાગ્યના રસથી ભરપૂર. ક્ષમા આદિ ગુણોનો ભંડર તે કુમર કહે છે કે હે માંતા-પિતા !

તમો મોહ દશાને આધીન છો તેથી સંસાર અને સંસારના સાધનો ભોગવવાની વાત કરો છો પણ જે આત્માને ક્ષમા ધારી, ત્રણ જગતના પૂજય ભગવાન મહાવીર મહારાજાનો સંસર્ગ થયો તે આત્મા વરાગ્ય રસ મેળવતો વિરાગ દશાને કયારે પણ આધીન ન જ બને ! હે ઉપકારી માતા પિતા જે ધનાદિ તેમ ભૌતિક સાધનો

છે. તે કયારે પણ આપણા થયા નથી, આપણા થવાના નથી, તે શાશ્વત નથી તે ફરતા જ રહ્યા છે. જે શાશ્વત નથી તે અહીંનું અહીં મૂકીને જવાનું છે! અરે જયાં આપણે જવાનું છે. ત્યાં લઇ જવા માટે મનીઓડર, કે ચેક કંઈ પણ કામ લાગવાના નથી. તેવા ભૌતિક પદાર્થો પરની મમતા, રાગની માત્રા તદ્દન ઘટાડી છે. તેવી મમતા કે રાગની માત્રા વધારવાની મારી ઇચ્છા જ નથી માનવ બન્યા પછી જો નરમાંથી નારાયણ બનવા વિચાર કરીશું નહિં તો કયાં જઇશું! મોહવાળાને તો હૈયામાં ઘૂસી ગયું છે કે ભોગ અને ધન મેળવવા, **ભોગ જોઇએ ભોગના સાધન** જોઇએ, **ભોગ માટે ધન જોઇએ** તે સિવાય કંઈ દેખાય છે. ધર્માત્માને ભોગ અને ધન ન જોઇએ. ઇચ્છા પણ ન થાય ત્યારે માનવ ધર્મ શોભે વળી હે માતાપિતા આપ સ્રીઓને પરણવાની વાત કરો છો... તેને પરણીને અશુચિ, અપવિત્ર એવા કામભોગો બધી જ દૃષ્ટિએ ત્યાજયા છે. મારે એ ભોગને ભોગવવાની જરૂર નથી. તેના રાગમાં ડૂબીને મારે ચારે ગતિમાં ફરવું નથી. તેના પ્રત્યે રાગ કરીને નફો શું મેળવવાનો? નુકશાન સિવાય કંઇ નથી. સ્ત્રીઓ કામદેવથી ઉત્પન્ન થયેલા સ્નેહ ને ઉપજાવે છે. હાવભાવથી ભુજા, સ્તન, વિભૂષણ, વસ્ત્ર અને છૂટા કરેલા કેસ દેખાડી ભ્રુકુટીના આક્ષેપથી કટાક્ષથી જુવે છે.

વિષથી પણ અધિક એ વિષયોનું વર્ણન કરવાથી સર્યું. વળી માનસ સરોવર ઊપર પ્રાપ્ત થયેલો, સુગતિ

હંસીથી યુક્ત નિર્મળ ધ્યાન રૂપ મુક્તાફલમાં આસક્ત, જડ અને ચૈતન્યના તફાવતને જાણનાર, ભાવ અને વિભાવનું પૃથકકરણ કરનાર એવા રાજહંસ તુલ્ય આત્માને રુધિર, મજ્જાની અને ચરબીથી પૂર્ણ એવા અપવિત્ર સ્રીના દેહરુપી કુવામાં વસવાનું વૈરાગી આત્મા પસંદ કરતો નથી.

વળી ઉપદેશ માળામાં શ્રી ધર્મદાસ ગણિ જણાવે છે કે.

**વરંજવલદય સ્તંભ, પરિરંભો વિધીયતે ।**
**ન પુન ર્નરકદ્દબાર, રામાજધન સેવનમ ॥**

ભયંકર તપાવેલા લોઢાના થાંભલાને ભેટવું સારૂં પણ નરકના દ્વાર રૂપ સ્ત્રીના જીવનનું સેવન કરવું એ તદ્દન અયોગ્ય છે વળી જણાવે છે કે-

**મેહુણ સન્નારૂઢો, નવલખ્ખ હણેઈ સુહુમ જીવાણં**
**તિથ્થયરાણં ભણિયં. સદ્દહિયવ્વં પયતેણં ॥**

અબ્રહ્મને વિષે તત્પર થઈ આરૂઢ બનેલો જીવ... નવલાખ સૂક્ષ્મ જીવોને હણે છે એમ તીર્થંકર ભગવંતે ભાખેલુ છે તેથી તે વચનનો આદર કરી બ્રહ્મનું પાલન કરવું...વળી સ્રી સહવાસના દોષોનું વર્ણન કેવળજ્ઞાનીઓ જણાવે છે કે સ્રીની યોનિમાં નિવાસ કરનારા નવલાખ-પંચેન્દ્રિય મનુષ્યો છે. વળી બે થી નવલાખ બે ઈન્દ્રિય જીવો વસે છે. અસંખ્યતા સંમૂર્છિમ જીવો ઉપજે તેમ ચ્યવન થાય છે તે ઉપરોક્ત જીવોનો નાશ એક જ વખત મૈથુનમાં નાશ પામે છે. તો હે માતા પિતા આવા હિંસાના કાર્યમાં તેમ રાગાદિની માત્રા વધારીને નુકશાનનું (આત્માને)

કાર્ય કોણ કરે? તેમ આ પાપ પ્રવૃત્તિરૂપ વિષયો અંતે તો જનારા જ છે. તેનો વિયોગ નક્કી જ છે માટે તો સર્પની ફેણ જેવા વિષયોને ત્યજી શીલ રૂપી અલંકારથી મારા આત્માને શોભાવીશ.

પ્રશમ રસથી ભરપૂર વીરની વાણીનું પાન કરનાર હે ભવ્યાત્મા આત્મ મંથન કરતા દર્શાવે છે કે આ સંસારમાં વૈરાગ્યની સાથે તુલના કરી શકાય તેવું કોઈ સુખ છે જ નહિ...કહ્યું છે કે—

યથા—ભોગમાં રોગનો, સુખમાં ક્ષયનો, ધનવિષે અગ્નિ અને રાજાનો, દાસપણામાં સ્વામીનો, ગુણમાં ખળ-પુરુષનો, વંશમાં કુનારીનો, માનને વિષે તેની હાનિ થવાનો, જયને વિષે રિપુનો (શત્રુનો), અને દેહને વિષે યમરાજાનો ભય હોય છે એ પ્રમાણે સંસારમાં મનુષ્યો સર્વ ભયયુક્ત હોય છે. માટે વૈરાગ્ય એક જ ભયરહિત હોય છે. માટે દેવાધિદેવના વચનોને સાંભળી સંસારમાં કંઇજ સાર નથી એમ આ નાની વયના બાળકુંવર સમજે છે અને માતાપિતાને સમજાવે છે! માતાપિતા વિચારે છે કે કુંવરનો વૈરાગ્ય ચોળમજિઠના રંગ જેવો છે, પરિપકવ છે. ઉંમર નાની છતાં આત્મા ઘણો ઉત્તમ અને ઉંચકક્ષાનો જણાય છે અંતે એક પ્રશ્ન કરે છે કે.

હે લાડીલા બાળકુંવર! વીતરાગ દેવોનું વચન સત્ય જ છે—નિર્દોષ તેમ સર્વમાં પ્રધાન સ્વરૂપે છે. સંસારનો છેદ કરનારું તેમ મુક્તિના માર્ગનું વચન સર્વ દુઃખોને

નાશ કરનારું છે. તે શ્રી જિનશાસનને સમર્પિત થયેલા સિદ્ધપદને જરૂર પામે છે. વીતરાગની આજ્ઞાને આધીન બની જીવન જીવનારા કર્મરહિત જરૂર બને છે પણ હે કુંવર ! આ તો લોઢાના ચણા ચાવવા જેવું છે. તારકે જણાવેલ સંયમનો માર્ગ અતિ દુષ્કર છે. તલવારની ધાર ઉપર ચાલવું સહેલ છે પણ આ માર્ગ ઉપર ચાલવું દુષ્કર છે. જૈનધર્મમાં આહાર-પાણી દોષ રહિત વાપરવાનાં છે. તપશ્ચર્યાદિ પણ શલ્ય રહિત જ કરવાની દર્શાવી છે. ટાઢ તડકા વિગેરે બાવીસ પરિષહોને સહન કરવાનું એ જેવા તેવાનું કામ નથી? વળી હે પુત્ર! તું તો સદાકાળ સુખમાં ઉત્પન્ન થયેલો છે. તેં દુઃખ જોયું જ નથી, સુખ છોડવું અને દુઃખને પ્રેમથી વરવું ભોગવવું ઘણું કઠીન છે. માટે તું જરા મોટો થા, દુઃખને સહન કરવાની તૈયારી થાય તેવી પરિપકવ ઉંમરે દીક્ષા ગ્રહણ કરજે ! આવી નાની વયમાં તે પંથે જવા રજા આપીશું નહિં.

વૈરાગ્ય વાસિત છે મન જેનું, રગે રગમાં અણુએ અણુમાં પરમાત્માના વચનોનો પ્રવેશ થયો છે તે નિકટ મોક્ષગામી બાળકુંવર કહે છે કે હે માત-પિતા! આપે જે વાત કરી તે કાયર પુરુષ માટે, અજ્ઞાનીનો છંદે ચાલીને જીવન જીવનારાની, તેમ સુખના રાગી અને દુઃખનાં દ્વેષીની, અનુકુળતાના પ્રેમીની પ્રતિકુળતાના વિરોધીની, સંસાર તેમ સંસારના સુખ પ્રત્યેના પ્રેમીની તેવા આત્માની આપે વાત કરી...ત્યારે હું કોણ છું ?

ત્રણ જગતની ઠકુરાઈને ત્યજીને, અનેકવિધ સંસારના ભૌતિક સુખ-સુખનાં સાધનોના ત્યાગ કરનાર, ઈન્દ્ર પરિવાર, અસંખ્યાતા દેવો, રાજા મહારાજાઓ પણ જેના ચરણોમાં ભાવથી ઝૂકનારા એવા **ભગવાન મહાવીરનો અનુયાયી** – હું કાયર હોઈશ નહિં. કાયર બનીશ નહિં. હું તો પ્રતિકુળતાને પ્રેમથી વધાવી લઇશ. સુખને દુઃખ માનીશ, દુઃખ અને દુઃખ આપનારા ભાવિકને ઉપકારી માનીશ... ભોગ-સુખના પિપાસુઓને સંયમ દુષ્કર છે ! પણ સંસારથી ઉદ્વિગ્ન બનેલા, ચાર ગતિના ફેરાથી ડરનારા માટે સંયમ સુસાધ્ય છે. **સંયમ જ શ્રેયઃ**

આજ માનવ જન્મ બહિંઆત્માને અંતરાત્મા અંતર સ્વરૂપી બનાવી સાધુ બનાવે છે. મહર્ષિ, પરમર્ષિ બનાવી પરમાત્મા બનાવનાર છે. પરમપદની પ્રાપ્તિ થાય એટલે જન્મ નહિં, મરણ નહિં, દુઃખતો નામે નહિં, અભ્યંતર સુખનો પાર નહિં. તે પણ સદા કાલ માટે, માટે જ મારે સંયમના પૂર્ણ આરાધક બનવું છે. ત્યાગની ખરી પ્રધાનતા છે ! હે મા ! મોહને આધીન બનીને તમો ત્યાગ પંથે જવાની અનુમતિ આપતા વિચાર કરો છો ! પણ જ્ઞાની કહે છે કે, હળુકર્મી આત્માને, પ્રભુભક્તને.

ખરેખર માનવને સંસાર સારો લાગવો ન જોઇએ. તેને તો સંસારનો પ્રતિપક્ષી મોક્ષ જ સારો લાગવો જોઈએ....

સંસારમાં ધન અને ભોગની જરૂર, ! ત્યારે મોક્ષમાં જરાપણ જરૂર નહિં. સંસાર ગમે તેને ગમે તે રીતે ધન

અને ભોગ મેળવવા પાપ કરવા પડે....જેને પાપ કરવાની ટેવ પડી હોય તેનો માનવ જન્મ સફલ થાય ખરો ? હે ! મા, મારે તો તારી કુક્ષીને લજવવી નથી બલ્કે શોભાવવી છે...મારે મારું જીવન સફળ કરવું છે! સંસાર સુખમાં જેને મજા હોય તેને ધર્મ કયાંથી પ્રાપ્ત થાય,

હે મા, મહાન પુરુષોએ પણ આત્મિક ધર્મની પ્રાપ્તિ માટે ઘર, પેઢી, માતા, પિતા, પૈસા, કુટુંબ આદિ સાધનો છોડયા તો મારે ધર્મની પ્રાપ્તિ કરવી જ છે. તો શા માટે હું અસાર નાશવંતનો ત્યાગ ન કરૂં ! માતા-પિતા તો પુત્રનું કલ્યાણ જ ઇચ્છે, અહિત કયારે પણ ન ઇચ્છે. આપ મારા માટે સારું જ કરો છો. પણ મોહની પરિણતી વધુ આપને હોય એમ લાગે છે ! બાળકુંવર અતિમુક્તા (અઇમુત્તા) કંઈક પ્રસંગની સ્પષ્ટતા કરે છે.

ઋષભદેવ ભગવાનને કેવળજ્ઞાન થઈ ગયા બાદ તેમના મોટાપુત્ર ભરત ચક્રવર્તીએ પોતાના ૯૮ ભાઈઓને દૂતો મારફતે જણાવ્યું કે જો તમો રાજ્ય ભોગવવાની ઇચ્છા ધરાવતા હો તો ભરતની આજ્ઞાને માન આપો, તે સમયે ૯૮ ભાઈઓ એકત્રિત થઈ વિચાર્યું કે આપણે સૌ એક જ પિતાના સંતાન છીએ. પરમ ઉપકારી પિતાજીએ દીક્ષા પહેલાં ભાગ પાડીને રાજ્ય આપી દીધાં છે. હવે ભરતની આજ્ઞા માનવાની કંઈ અપેક્ષા ખરી ?

સૌએ નિર્ણય કર્યો ! પિતાજી ભગવાન પાસે જઈએ. તે પિતા ભગવાનની આજ્ઞા મુજબ કરીશું. સૌ ભગવાન આદિનાથ પાસે જઈ પ્રદક્ષિણા, વંદન કરી બેઠા.

જે વિગત હતી તે વિગતને રજૂ કરી કે ભરતભાઈ અમને આજ્ઞા કરે છે કે આજ્ઞા માનો-અન્યથા રાજ્યનો ત્યાગ કરો, ઉપકારી પિતા એવા ભગવાન ઋષભદેવે ધર્મનું સ્વરૂપ સમજાવી કહ્યું કે રાજપાટ છોડી સાધુપણું સ્વીકારો. પ્રભુએ રાજ ભોગવવાની વાત ન કરી, સંસાર પૂર્ણ ભોગવીને દીક્ષા ગ્રહણ કરો તેમ ન કહ્યું. પ્રભુની આજ્ઞા મુજબ ૯૮ પુત્રોએ રાજ છોડી દીક્ષા ગ્રહણ કરી....તો હે માતાજી તમારે રાજીખુશીથી, આશીર્વાદ પૂર્વક રજા આપવી જ જોઈએ !

માતાપિતાએ નિર્ણય કર્યો કે બાળ કુંવરનો વૈરાગ્ય ઘણો ઉત્તમ છે. આત્મ કલ્યાણકારી માર્ગે જરૂર જશે. તેમ કલ્યાણ પણ સાધશે. અજર અમર-નિરંજન બનશે એમ સમજી રાજીખુશીથી, હૈયાના આનંદથી દીક્ષા મહોત્સવ ઉજવે છે. [દીક્ષાર્થી સંસાર ત્યાગ કરે છે ત્યારે કેટલાક રડે છે. તે સમજે છે કે અમે રહી ગયા, પામવાનું પામ્યા નહિં, મેળવવાનું મેળવતા નથી, માટે રડતા હોય છે.]

અનેક પ્રકારના વાંજિત્રોના નાદથી આકાશ ગાજી રહ્યું છે. મોટી સારી ઈમારતોનો ત્યાગ કરવા માટે અનેક સાજન માજન પરિવારથી પરિવરેલા બાળકુંવરને પાલખીમાં બેસાડે છે, બૃહદ્ પ્રમાણમાં અનેક વિધ રત્નમણી, સુવર્ણાદિ ધનાદિકનું દાન કરે છે. સૌ આશીર્વાદ આપી રહ્યા છે...

માતા પિતાએ શુભ આશીર્વાદ આપ્યા કે હે પુત્ર ! તમે આવા ઉત્કૃષ્ટ કોટિના માર્ગે પધારો છો. તો સંયમ-

યાત્રા શુદ્ધ પાળજો. કર્મને ખપાવી સિદ્ધિ અવસ્થા પામવા પૂર્ણ પ્રયત્ન ઉદ્યમ કરશો.

અતિમુક્તકુમાર ભગવાન મહાવીર સ્વામીના સમવસરણમાં આવી વંદનાદિ કરી પંચ મહાવ્રત ગ્રહણ કરવાં ઉત્સુક બન્યા....તે ૬ વર્ષની નાની ઉંમરના બાળ અતિમુક્તકુમાર ચોવીસમા તીર્થપતિ ભગવાન મહાવીર મહારાજાના વરદ હસ્તે દીક્ષિત બન્યા, પરમ પાવન થયા....

અર્થસૂત્રના જ્ઞાનાર્થે સ્થવીર મુનિઓ ભણાવે છે. તેમનું નામ અઇમુત્તા મુનિવર પ્રસિદ્ધ થયું ! નાના બાળ મુનિમહારાજ છે. સૌ સાધુ ભગવંતોને તેમને જોઈ આનંદ પણ થાય છે....

નૂતન ઉત્સુક્તાવાળા એક મુનિરાજે ભગવંતને પૂછયું કે આ બાળ નાના મુનિરાજ કેટલા ભવે મોક્ષમાં જશે...

ત્રિકાળજ્ઞાની ભગવાન મહાવીર મહારાજાએ કહ્યું કે હે આર્ય,! આ મારા અંતેવાસી અઇમુત્તા મુનિવર આ જ ભવમાં સિદ્ધિ પદને પામનાર છે. માટે તમો તેમની આશાતના, હીલના, નિંદા ન કરશો. તમો તેમની સેવા વૈયાવચ્ચ કરશો. ચરમશરીરી આ ભવ્યાત્મા આ ભવમાં જ શિવવધૂને વરશે. **જય હો જિનશાસનનો**

નાના બાળ મુનિ સ્થંડિલ ભૂમિએ બહાર પધાર્યા... રસ્તામાં ખાબોચિયા સરખું નાની તલાવડી પાણીથી ભરેલું સ્થાન જોતાં ભૂતકાળ રમત ગમ્મતનો સ્મૃતિ પટમાં આવ્યો.

તેમાં હોડી મૂકી રમતાં રમતાં પણ અત્યારે હોડી ક્યાંથી લાવવી....તરપણી ઉપરની નાની કાચલી તરતી

મૂકી. કાચલી અગાળ જતી જોઈ આનંદ થયો....બળ રમત, નિર્દોષ ભાવ...

કાચું પાણી છે એ રમતમાં ભૂલાઈ ગયું... સહવર્તી સાધુ ભગવંતે કહ્યું....નાના મહારાજ ..આ ભૂલ થઈ. તમારે પ્રાયશ્ચિત લેવું જોઈશે.

ભગવાન મહાવીરનો સંદેશ એમ બોલે છે કે સરળ, ભદ્રિક જીવોનો ઉદ્ધાર જરૂર થશે. પણ કપટી, વક્ર સ્વભાવવાળા તો ભટક્યા જ કરશે. સરળ, ભદ્રિક પરીણામી મુનિરાજ તારક ભગવાનની પાસે ભૂલ કબૂલ કરી ક્ષમા યાચી, પ્રાયશ્ચિત સ્વીકારે છે.

જ્યાં ઇરિયાવહી પ્રડિક્કમે છે ભાવ શુધ્ધ અતિ શુદ્ધત્તર બનેલી છે...સૂત્રમાં પણગદગ આવતાં આંખમાં આંસુ....મારા હાથે અપકાવ જીવોની વિરાધના થઇ.... ભાવ શુદ્ધિમાં ગુણઠાણાના પગથિયા ચઢતાં **તેરમા** ગુણઠાણે આવી પહોંચ્યા ત્યાં બાળ મુનિરાજશ્રીને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું...અંતકૃત કેવળી બનીને નિજાનંદી, નિજસ્વરૂપમાં મગ્ન મન્યા.... અજર અમર બન્યા, કૃતકૃત્તાર્થ થઈ ગયા જે સંસારને અસાર જાણે છે તે ધર્મને આરાધી આત્મ કલ્યાણ સાધે છે...

**અજ્જં કલ્લં પરંપરારિં,પુરિસા ચિંતંતિ અત્થસંપત્તિ,**
**અંજલિ ગયંવતોયં, ગલંત માઉં ન પિચ્છંતિ (૨)**

નાશવંત પદાર્થ પરનો રાગ નહિં છોડનારા,

સંસારને અસાર સમજનારા છતાં ધર્મને આરાધતા નથી તેવા મૂઢ માણસો ભોગ-ધન (સંપત્તિ) તરફ મીંટ માંડીને બેઠા છે. મહેનત-પુરુષાર્થ કરે, જરૂર....આજે નહિ તો કાલે, પરમદિવસે મળશે આવી આશામાં સમય દિવસો વ્યર્થ ગુમાવે છે. પરંતુ તે આત્માને જ્ઞાનદશા પ્રગટી નથી જેથી વહી જતા સમયને, હથેળીમાં રહેલા પાણીની જેમ આયુષ્યની મર્યાદા પળે પળે ઘટી રહી છે, આયુષ્ય ઓછું થતું જાય છે....જ્ઞાનીના જ્ઞાનની વાત જો સમજે તો અર્થ સંપત્તિ માટે જે પુરુષાર્થ-આશા, ચિંતન, પ્રવૃત્તિ થાય છે તે ધર્મના માર્ગ માટે, આત્મ કલ્યાણ માટે થયા વિના રહે નહિં. પુણ્ય ઉપાર્જન કરવું નથી અને સુખ, સુખના સાધનો-સંપત્તિ મેળવવી છે ?

જ્ઞાનીઓએ જણાવ્યું કે સંસાર-સંસારના સુખ, આશાઓ પૂર્ણ કરવી. વિ. કાર્યસિદ્ધિમાં પુરુષાર્થ ગૌણ, પ્રધાનતા પ્રારબ્ધની, ત્યારે ધર્મ-અને ધર્મ ક્રિયા માટે, આત્મલક્ષી જીવન અર્થે પ્રારબ્ધની ગૌણતા, પ્રધાનતા રહી પુરુષાર્થની ! ઘણી ઘણી મહેનત, મજુરી, પ્રયત્નો કરવા છતાં સંસારના કાર્ય સિવાય નહિં, ફલિત ન બને તો દુઃખ થાય, ઉદ્વેગી મન બની જાય, કારણ કે પ્રારબ્ધની પ્રધાનતા માની હોત તો દુઃખ ન થાત, મારા પુણ્યમાં સફળતા નહિં હોય તેમ માની જીવનનૈયા ચલાવે તો સંસારમાં સંસારની ભૌતિક સાધન ન મળે તો પણ દુઃખ નહિં થાય....ધર્મ-ધર્મની ક્રિયા, સંયમાદિ જીવન પ્રાપ્તિ

માટે પુરુષાર્થનેજ પ્રધાન ગણવો જોઇએ મહેનત, પ્રયત્ન ચાલુ જ રાખો, નશીબમાં હશે, પુણ્યમાં હશે ને ધર્મ સાધીશ એમ નહિં પણ ધર્મ આરાધવા પુણ્યની (પ્રારબ્ધ) પ્રધાનતા માનીશું તો ધર્મથી ક્યારેક વેગળા થવાનો સમય આવશે....માટે પુરુષાર્થને પ્રધાન બનાવવો.

તીર્થંકર ભગવંતોએ. મહાત્માઓએ, મહાપુરુષોએ કર્મ નિર્જરાર્થને મુખ્ય ગણ્યો છે....સંપત્તિ ધનાદિની પ્રાપ્તિ માટે આ જીવ આયુષ્યને પૂર્ણ કરે છે છતાં આશાના કિરણો પ્રગટતા નથી, તેજ આપતાં નથી. અંતે આર્ત્ત-ધ્યાનમાં ડૂબેલો ભવાંતરમાં તિર્યંચાદિમાં પરિભ્રમણ કરે છે માટે. ગ્રંથકાર મહર્ષિ જણાવે છે કે.

**જં કલ્લે કાયવ્વં, તં અજ્જં ચિય કરે હુ તુરમાણા !**
**બહુ વિગ્ધો હુ મુહુત્તો મા અવરન્હં પડિખેહ (૩)**

હે આત્મન ! બહુમૂલો માનવ જન્મ પ્રાપ્ત કરીને ચાર ગતિમાં પરિભ્રમણ ન કરવું હોય તો જન્મને સાર્થક કરવા માટે જિન પ્રણીત ધર્મનું ખૂબ ખૂબ વિશિષ્ટ આરાધન કર, જે જન્મ આપણને ધર્મ આરાધી અજન્મા બનવા માટે મળ્યો છે, ત્યાગ એ જ જીવનમાં વિચારણા માટેનો છે. તે આ માનવ જન્મને ભેટીને ધર્મકાર્ય આવતી કાલે કરતાં હો તો આજે કરો, સાંજે કરતા હો તો સવારે કરવા તૈયાર થાઓ ઘડીભરનો વિશ્વાસ કરશો નહિ, "શ્રેયાંસિ બહુ વિઘ્માનિ" શ્રેયઃકાર્યમાં વિઘ્ન આવે એ સહજ

છે. આ માનવનો પિંડ ક્યારે, કઈ જગ્યાએ કેવા સમયમાં, કેવી પરિસ્થિતિમાં, કેવી રીતે રગડોળાઈ જશે તેનો ખ્યાલ નથી...

મૃત્યુને સન્મુખ રાખી, પરલોકને લક્ષ્યમાં રાખી જીવનને ધર્મથી, ધર્મના રાગથી રંગી લો... જેથી સદ્‌ગતિને પામી પરંપરાએ કર્મ મુક્ત બની શિવરમણીને પામી શકશો, જે ધર્મકાર્ય, પુણ્યની પ્રવૃત્તિ, પુણ્ય ઉપાર્જન કરાવનાર છે. તેથી અશુભથી અટકી શુભમાં મન વચન કાયાને પ્રવર્તાવ. જેથી આત્મા આત્માનું કલ્યાણ જરૂર સાધી શકે-ગ્રંથકાર આગળ જણાવે છે.

**હી સંસાર સહાવં, ચરિયં નેહાણુરાય રત્તાવિ,**
**જે પુવ્વન્હે દિઠ્ઠા, તે અવરન્હે ન દીસંતિ ॥ ૪**

જ્ઞાની પુરુષો અનંતકાળના સંસારના સ્વભાવને જ્ઞાન દૃષ્ટિથી નિહાળીને સંસારનું સ્વરૂપ કહે છે અગ્નિ, પાણી, મીઠું, મરચું, ખાંડ આદિ પદાર્થો પોતાના સ્વભાવને ક્યારે છોડતા નથી તેમ સંસાર પણ તે પોતાના સહજ સ્વભાવને અનુસરે છે...

સંસારના સ્વભાવનો વિચાર કરતાં ઘણો ખેદ થાય છે, જે સ્નેહ રાગથી અત્યંત ગાઢ બંધાયેલા પરસ્પર સવારે જુએ તો સાંજે જોવા પણ ન મલે, પરસ્પર વિયોગ ન પડવો જોઈએ પણ સંસાર કર્મજન્ય હોવાથી વિયોગ કરાવે એમાં કંઈ નવાઇ નથી.

જે પાથરણા ઉપર સંસારની દૃષ્ટિએ સંસારનું પ્રથમ

પગથીયું ચાંલ્લાં મંડાવે....તેના તેજ પાથરણા ઉપર તે જન સમુદાય સહિત અન્ય ઘણી વ્યક્તિઓની આંખોમાંથી શ્રાવણ ભાદરવો વર્ષે તે પરિસ્થિતિ સર્જનાર પણ આ કર્મ જન્ય સંસારનો સ્વભાવ છે. જે સવારે જુઓ તે સાંજે ન દેખાય....અરે દર્શનકારો તો કહે છે કે કલાકે-કલાક, મિનિટે-મિનિટે સેકન્ડે સેકન્ડે, ક્ષણે ક્ષણે, પળે જે પદાર્થ પૂર્વની પળે કે સેકન્ડે હોય છે તે બીજી પળે કે સેકન્ડે તેમાં ફેરફાર બનેલો હોય છે. તેવી જ રીતે સંસારના દરેક પદાર્થો ધન ધાન્ય સાધન સામગ્રી [તણખણાથી પર્વત સુધી] માં ફેરફાર થાય છે તેમ જાણીએ છીએ, સમજીએ છીએ સંન્ધ્યાના રંગ જેવા સંસારના પદાર્થને સમજી સંસારથી વૈરાગી બની વૈરાગ્ય માર્ગ પામવો જોઇએ.

**મા સુઅહ જગ્ગિઅવ્વે,**
**પલાઇ અવ્વંમિ કીસ વીસમેહ**
**તિન્નિ જણા અણુલગ્ગા,**
**રોગો અ જરા અ મચ્ચુઅ ॥**

હે ભવિકો.... જેની પાસે ધન હોય તેમને ધન ન લૂંટાઇ જાય માટે જાગ્રત રહેવું પડે, નાશવાની કે ભાગવાની જગ્યાએ બેસી ન રહેવાય. તેમ ધર્મ કાર્યમાં પ્રમાદ ન કરવો એમ લોકોક્તિ છે....જે જગ્યામાં બેસી રહેવાય એવું નથી. રાગ-દ્વેષ, મોહ રૂપી ચોરો આપણું અંતર ધન લઇ જાય તેમ છે તેવા સંસારમાંથી નાશી છૂટવું. કારણકે આપણી પાછળને પાછળ દોટ મૂકીને આવતા, આપણો પીછો ન છોડતા એવા ત્રણ રોગ, જરા (ઘડપણ) મૃત્યુ એ

ત્રણુ શત્રુ બનીને પરેશાન કરે છે માટે પ્રમાદને ત્યાગીને ધર્મ કાર્યમાં અપ્રમત્ત બનવું....સાવધાન રહેવું જરૂરી છે, હે ભાવિક...તું જાગ, જાગ, પ્રમાદ આળસને ત્યજીને તારા દુશ્મનો તને હરાવી ન જાય, તને પાછળથી ઘા ન કરી જાય તે માટે સાવધાન થઈ જા...

આ શરીર રોગોથી ભરપૂર છે...સુંદર દેખાતાં, રૂપ-વંતા કહો કે કોમળ કાયા, તે કાચની કાયાને કેવા કેવા કારમા રોગોની કાલિમા લાગશે અને રોગોથી કાયા અભ-ડાશે તો મનોહર રમણીય કાયા જોવી પણુ નહિં ગમે ! રોગ–જરા મૃત્યુ એ શત્રુ તુલ્ય છે. જો આત્માને જ્ઞાન દશા પ્રગટે તો તે નિમિત્તને પામી વૈરાગ્ય ભાવ ઉત્પન્ન થાય. માનવીના મસ્તકથી માંડી પગ સુધી એકે એક રૂંવાડે રૂંવાડે રોગોથી આ ઔદારિક શરીર વ્યાધિ અને રોગનું આલય છે. દેહમાં સાડાત્રણુ ક્રોડ રોમરાય છે. દરેક રૂંવાડે પોણાબેથી વધુ ઝાઝેરા રોગ છે. રોગ સત્તામાં જરૂર પડયા છે ત્યાં લગી તો ઠીક છે. પણુ જયારે ઉદયમાં આવશે ત્યારે અજ્ઞાનતા હશે તો રોગ આંખમાંથી શ્રાવણુ–ભાદરવો વરસાવશે. ઘાતિકર્મની પ્રકૃતિ બંધાવશે.

માંસ રુધિરમયને દુર્ગંધી, નર્કસમાન નકારૂં,
તું તેને કંચનમય માને, આવડું શું અંધારૂં,
પોપટ ! તન પિંજર નથી તારૂં.
અંતે ઉડી જવું પરબારૂં.
છે પરનું પણ પરિચયથી તું, માની બેઠો મારૂં.

કયાંનો તું, કયાંનું એ પિંજર, એ સમજે તો સારૂં
પોપટ ! તન પિંજર નથી તારૂં.
અંતે ઉડી જવું પરબારૂં.

ડોકટર રોગીના રોગ (બાહ્ય) ને ઓળખે તેમ જ્ઞાની પુરુષો આપણા અભ્યંતર રોગને ઓળખે, અને ભાવદયા રૂપી દવાનું આસેવન કરાવે.

રોગ સમજાયા પછી રોગ કાઢવો તેમ નિરોગી બનવા આત્માએ પ્રયત્ન શીલ બનવું જ જોઇએ....

શહેરોની મોટી મોટી હોસ્પિટલોમાં જઇએ અને દ્રશ્ય દેખાય ત્યારે સહજવાર તો મનને થાય કે નરકની કાતિલ વેદનાનો અનુભવ કરતા દર્દી દેખાય છે.

ભૂતકાળના મહાન્ પુરુષોના પ્રસંગો આપણી સન્મુખ તરી આવે તે માટે સનત્કુમાર ચક્રવર્તિનું દૃષ્ટાંત ટૂંકમાં વિચારીએ !

હસ્તીનાપુર નગરની પરમ પાવન ભૂમિ શ્રી આદીશ્વર ભગવંતના ચરણ પાદુકા, ભગવંતના પ્રથમ પારણા (ઇક્ષુ-રસથી), શ્રેયાંસકુમાર જેવા દાનેશ્વરીથી પુનિત બનેલી. ધનધાન્યાદિથી ભરપૂર પૃથ્વીતલ વિષે સનત્કુમાર ચક્રવર્ત્તિ રાજ્ય કરે છે...તે અતિ રૂપવંતા હતા, તેમનાં રૂપના વખાણ ઇન્દ્ર મહારાજા દેવલોકમાં કરતાં ત્યારે બે દેવોએ ઇન્દ્રનું વચન માન્ય કર્યું નહિ.

તે બે દેવતાઓ બ્રાહ્મણ સ્વરૂપે કુતુહલ જોવાની તમન્નાથી ત્યાં આવે છે.... ત્યારે આ બાજુ સનત્કુમાર ચક્રીને સ્નાન કરવાનો અવસર હોવાથી રત્નજડિત બાજોઠ

ઉપર આભૂષણથી મુક્ત બનેલા ચક્રીને વિશિષ્ઠ પ્રકારનાં તેલ વિ. થી મર્દન કરતા જોવે છે. ત્યારે સહજ મસ્તક નમી જાય તેવું રૂપ દેખે છે...મસ્તક ધુણાવવા લાગ્યા ત્યારે ચક્રીએ પૂછ્યું કે.

હે ભાગ્યવંત ! તમો મસ્તક ધુણાવો છો એમાં કંઇ કારણ હોય તો જણાવો, કારણ વિના કાર્ય સંભવિત નથી,

વિપ્ર સ્વરૂપે દેવ કહે છે. હે પુણ્વશાળી... તમારા રૂપના વખાણ દેવોનો માલિક ઇન્દ્ર મોટી ઇન્દ્ર સભામાં કરે ત્યારે વિચાર્યું કે તમારા રૂપનાં દર્શન કરવા જોઇએ તેથી તમારા રૂપનાં દર્શન માટે આવ્યા છીએ... જેવું અમે ઇન્દ્ર મુખે સાંભળ્યું તેવું અમે જાયું છે...એ પ્રમાણે તે બ્રાહ્મણ (દેવતા)ના શબ્દોથી અભિમાનમાં આવી ગયા. ગર્વના શિખરે પહોંચ્યા...

ચક્રી કહે છે...અરે ભો વિપ્રો ? વર્તમાન પરિસ્થિતિ જે દેખો છો તે તો તુચ્છ છે, તેમાં કંઈજ નથી ! જ્યારે હું સ્નાનથી પરવારી ઉત્તમ વસ્ત્રો તથા ઉત્તમ કોટિના આભૂષણો ધારણ કરૂં, મસ્તક ઉપર છત્ર શોભતું હશે, ચામરો ઢળાતા હશે. મારા મુગુટબદ્ધ રાજાઓ મારી સેવામાં હશે. ત્યારે મારુ રૂપ જોવા જેવું તમોને લાગશે.

દેવ...મનમાં વિચાર કરે...રૂપ મળ્યું છે પણ રૂપનું અભિમાન, ગર્વ, વધારે છે વિશિષ્ટ પુરૂષો પોતાની પ્રશંસા કયારે પણ સ્વમુખે કરતા નથી...

ઉપદેશ માળામાં ધર્મદાસ ગણિએ ખાસ સમજવા જેવું જણાવ્યું છે કે.

**ન સૌખ્ય સૌભાગ્ય કરા નૃણાં ગુણાઃ**
**સ્વયંગૃહીતા યુવતી કૂચા ઇવ ।**
**રૈ ગૃંહીતા દ્વિતયં વિતન્વતે ન,**
**તેન ગૃહણુન્તિ નિજં ગુણં બુધાઃ ।।**

સ્ત્રી પોતાના સ્તનને પોતાના હાથે સ્પર્શે, ગ્રહણ કરે તો તે તેને સૌભાગ્ય અને સુખના કારણભૂત બનતા નથી, તેમ સ્વમુખે પોતાના ગુણોનું વર્ણન સુખને આપનારૂં બનતું નથી. તેથી જ પંડિત પુરુષો, ડાહ્યા માણસો પોતાના ગુણોની પ્રશંસા પોતાના મુખે કરતા નથી.

અભિમાનીને કોણ શિખામણ આપે, તેમાં વળી આ તો રાજાનો રાજા, ચક્રી, ૯૬ ક્રોડ પાયદાળનો માલિક, ૭૨ હજાર સ્ત્રીઓનો અધિપતિ, નવનિધિનો સ્વામી, ચક્રવર્તિની ઋદ્ધિ સિદ્ધિ વાળાને ભલામણ શિખ દેવી એ હિમંત શક્તિવાળાનું કામ છે! ચક્રી પાસે દેવતાની શક્તિ હતી. ફક્ત માર્ગે લાવવાની, પતિત ન થઈ જાય, દુર્ગતિમાં ન ચાલ્યા જાય માટે ફક્ત, આંગળી ચીંધવાની! બાકી આ તો રહ્યા શલાકા પુરુષ, નિશ્ચયથી મોક્ષગામી બનવાના...

જૈન શાસનનો નિયમ છે. ચક્રવર્તિ ચક્રીપણાની ગાદી ભોગવે.. છોડવા જેવી માનીને છોડે, સંયમ ગ્રહણ કરે તેને દેવલોક અથવા મોક્ષ જ મળે પણ ગાદી ન છોડે અને પરલોક જાય તો નિયમ નરક જ...એમાં ફેરફાર નથી, મોક્ષના સુખના અધિકારી આજે નહિં તો કાલે જરૂર છે! છતાં જિનેશ્વર ભગવંતો કહે છે કે એ ગાદી પણ છોડવા જેવી જ છે! વિચારો ભાગ્યશાળી... તમારી

દુકાનની, પેઢીની, સંસારની ગાદી છોડયા વિના પરલોક ગયા તો આપણી પરિસ્થિતિ શું સર્જાશે તેનો કોઇ વિચાર કયારે કર્યો ખરો ?...

ચક્રીનું વચન સાંભળી સ્નાનાગાર તરફથી નીકળી ગયા. જયારે ચક્રી રાજસભામાં બિરાજિત થયા ત્યારે ત્યાં જાય છે. ચક્રીના રૂપને જોઈને મનમાં ઉદ્વેગ થયો...મુખ મ્લાન થઇ ગયુ અરે કરમાઇ જવા જેવું થયું...

ચક્રીએ પૂછયું... ભો વિપ્ર... તમો કેમ ઉદાસ છો ! વિપ્ર દેવો... ચક્રવર્તિ સનત્કુમારને કહે છે કે સંસારનો આ સ્વભાવ છે. વિચિત્ર અવસ્થા આ સંસારની છે. પ્રથમ જે રૂપ જોતાં આનંદ થયો. તે આનંદ અત્યારે નથી... પ્રથમ કરતાં રૂપમાં ગુણો ઘણા ઘટયા છે, શબ્દ રુપ, રસ ગંધ સ્પર્શાદિમાં સમયે સમયે બદલાય છે. તેમાં સ્નાનાગારના સમય કરતાં અત્યારે તો દુર્ગંધમાં પલટાયા છે...

ચક્રી... તમોએ કેવી રીતે જાણ્યું...નથી તેમાં પ્રમાણ શું ? અનુભવ કરાવશો ?

વિપ્રદેવો...અવધિજ્ઞાનના પ્રભાવે જાણ્યું તેમ જણાવ્યું કે તમારા મુખમાં જે તાંબુલ છે. તેનો રસ બહાર થૂંકો તે પછી તેની ઉપર બેસનારી માખીની શું અવસ્થા થાય છે તે જુવો... માખીઓ મૃત્યુના શરણે જવા માંડી. તુરત જ વિપ્ર દેવો એ કહ્યું...

હે ચક્રી...સાવધાન થઇ જાઓ તમારા મુખમાં સાત પ્રકારના રોગોએ પ્રવેશ કર્યો છે... કયા કારણે તમો શાંતિથી બેઠા છો... વિપ્ર દેવતાના વચનથી પ્રતિબોધિત

બનેલા ચક્રી સાવધાન થઈ ગયા...કે આ દેહ અનિત્ય છે રોગોથી ભરપૂર પરિણામે દુર્બલ છે. રોગોથી મુક્ત બનવા માટે ધર્મ રસાયણ જ ઉપકાર ભૂત છે. શરીરની રાખ બનવાની છે.. કોઈ પદાર્થ (શરીરનો) કામ લાગતો નથી. રોગથી વ્યાપક શરીર છે. એ સભાન થતાં દેહ આત્માની ભિન્નતાને સમજીને વૈરાગી બનેલા ચક્રીએ રાજ્ય લક્ષ્મીને તિલાંજલી આપી આત્માની સંયમ લક્ષ્મી મેળવી પ્રભુના માર્ગની પ્રવજ્યા ગ્રહણ કરી...

ચક્રી જ્યારે સંયમી બન્યા ત્યારે તેમની પાછળ દોડી આવતી, પાછળ ભમતી સમૃદ્ધિ સામે જોયું નહિ. તેમનું જે સ્ત્રીરત્ન સુનંદા આદિએ છ માસ સુધી રુદન કર્યું તો પણ પાછું વાળીને ન જોવે તે જોવે?

તીવ્ર તપશ્ચર્યાનો સાથ આત્માએ સાધી લીધો. મુનિ બનેલા સનત્કુમાર બાહ્ય રોગને દૂર કરવા માટે નહિ પણ અંતર રોગ જે રાગ-દ્વેષ મોહ કષાયાદિ રોગને દૂર કરવા શલ્ય વિના શુદ્ધ જીવન વહે છે.

સૌધર્મેન્દ્ર... સભામાં ઉત્તમ કોટિના આત્માની પ્રશંસા કરતા જણાવ્યું કે સનત્કુમાર મુનિને ધન્ય છે. કોટિ કોટિ વંદન હો... અણગાર બનીને શરીર પ્રત્યે મમત્વ જ નથી.. જે મોટા અસાધ્ય રોગોથી ગ્રસિત હોવા છતાં ઔષધની સેવના કરતા જ નથી. ઔષધ પ્રત્યે લક્ષ્ય રાખતા જ નથી.

ઈન્દ્રનાં વચન સાંભળી શ્રદ્ધાથી વિમુખ બે દેવો

અવનિતળે આવી જે પાવન ભૂમિને સનત્કુમાર મુનિ પવિત્ર કરી રહ્યા છે તે ભૂમિમાં આવ્યા.

વૈદ્યનો વેષ ધારણ કરીને કહે.. હે પરમ પૂજ્ય મુનિરાજ... તમારો દેહ રોગથી જીર્ણ થયેલો જણાય છે. અમે વૈદ્ય છીએ અમને દવાનો લાભ આપો, આપની સંયમ યાત્રામાં સુખ શાતા વર્તશે.

મુનિ એ સાધુ હતા... સાધે તે સાધુ, દ્રવ્ય ભાવથી મુંડ થયેલા હતા...હે વૈદ્ય ! તમો કદાચ શરીરમાં થયેલા રોગને દૂર કરવાની શક્તિ ધરાવતા હશો તે પણ સામી વ્યક્તિનું પુણ્ય હશે તો—ત્યારે તે દેહ રોગ દૂર કરવા શક્તિ તો મારામાં જ છે...

જુઓ અનુભવ તો કરો ! મુનિરાજશ્રીની આંગળી પરૂથી ખરડાયેલી હતી, વેદનાથી ગ્રસિત હતી. તે આંગળી ઉપર મુનિરાજશ્રીએ થૂંક લગાડયું.. તાત્કાલીક તે આંગળી કંચન મય થઈ ગઇ... આવી શક્તિ મારામાં છે પણ તેનાથી આત્માની સિદ્ધિ ખરી ? હું તો આત્મ કલ્યાણ માટે સાધુ થયો છું. કર્મનિર્જરા માટે સંસાર છોડયો છે. કર્મરોગનો ક્ષય થાય તે સાથે મારે પ્રયોજન છે અન્યથા કોઈ પ્રયોજન નથી !

વર્તમાન કાલમાં વિચરતા પૂ. સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા (સાધુ પદથી આચાર્ય ઉપાધ્યાય) આ ધર્મનું વિશિષ્ટ આરાધન કરે છે, ખૂબ જ ક્રિયાકાંડ વધ્યો છે. ધર્મ, તપ, દાન, વરઘોડા, પ્રતિષ્ઠા, સંઘો, ઉપધાનો,

મહોત્સવો આદિ અનેક રીતે અનેક ગણી શાસન આરાધના કરે છે કરાવે છે ? કોઈ આત્માએ વિચાર્યું કે મારી ધર્મ કરણીથી મેં કેટલો નફો મેળવ્યો, વેપારી પેઢી ઉપર ધંધો કરે જ જાય, ખૂબ ખૂબ વકરો કરો, વકરો, ધંધો વધારવા માટે અનેકના પૈસા **ઇન્વેસ્ટમેન્ટ** ભેગા કરે પણ નફો ન કરે એક પાઇનો તો કાલે દેવાળું જ કાઢે ને ? તેવી જ રીતે શ્રી ચતુર્વિધ સંઘ, આવી ઉત્તમ કોટિની ધર્મ આરાધના કરે છે. રાગ દ્વેષની માત્રા ઘટી ? કષાયો ઉપશાંત થયાં ? પાપનો પ્રવેશ ન થાય તેવી વિચારણા થઈ એટલે આ નફો મેળવ્યો જરૂર આટલું સૌ કોઈએ વિચારવું.]

બન્ને દેવો આશ્ચર્યાન્વિત થયા. ભાવ ભર્યું વંદન કરી સ્વસ્થાને સ્વર્ગમાં ગયા. મુનિરાજ સનત્કુમાર સાતસો વર્ષ સુધી કર્મના ઝંઝાવાત ને સમભાવે ઝીલી રોગોને સહન કરી નિર્દોષ, નિરતિચાર, શુદ્ધ ચારિત્રપાળી ત્રીજા દેવલોકને પામ્યા. એકાવતારી મુનિરાજનો આત્મા ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય પદ પામી મોક્ષમાં સિધાવશે માટે ગ્રંથકાર કહે છે કે રોગ દુશ્મન થઇને પાછળ પડે છે. પણ આત્મા જો તે સમયે જ્ઞાન દશા પામેલો હોય તો આપણો શત્રુ પાછળ પડવાને બદલે ભાગે જ જાય છે. તેવી જ રીતે જરા અવસ્થા અને મૃત્યુ અવસ્થા ..આ આત્માએ સમજવાની છે...જરા અવસ્થા આવતાં પહેલાં સજાગ થઈ જવાય તો આત્મા ઘણો ઘણો પુરુષાર્થ કરી શકે છતાં જરા અવસ્થા આવવાની જ છે.

ઘડપણના દુઃખ ઘણા ઘણા પ્રકારે છે... તે જરા અવસ્થા જ્યારે આવીને ઉભી રહે છે ત્યારે સમતા, શાંતિ, ધીરજતા હોય તેમ સાથે ખ્યાલ હોય કે મારૂં કર્યું મારે જ ભોગવવાનું છે. જેટલું કર્મનું દેવું ઓછું થઈ જાય તેમ સારૂં...આ ભાવપૂર્વક ઘડપણ અવસ્થા પૂર્ણ થાય તો સમાધિ ભાવ પામી જવાય, આરાધક પણ બની જવાય. વૈરાગ્ય વાસિત આત્માનો દેહાધ્યાસ છૂટતો જાય છે. પણ વૈરાગ્ય વિનાના જીવડાની દશા તો દયા ચિંતવવા જેવી છે...કવિરાજ કહે છે કે.

કરચલી પડી, દાઢી ડાચાં તણો દાટ વાળ્યો,
કાળી કેશપટ્ટી વિષે, શ્વેતતા છવાઈ ગઈ.
સૂંઘવું સાંભળવું ને દેખવું, તો માંડી વાળ્યું,
તેમ દંતાવલી ખરી કે ખવાઈ ગઇ.
વળી કેડ વાંકી, હાડ ગયાં, અંગરંગ ગયો,
ઉઠવાની આય જતાં, લાકડી લેવાઇ ગઇ.
અરે કવિરાજ એમ, યુવાની હરાઇ પણ,
મનથી ન તોય, રાંડ મમતા મરાઈ ગઇ...

એકે એક ઇન્દ્રિયનું બળ ક્ષીણ થતું જાય, યાદશક્તિ ઘટતી જાય, ચાલતાં, બોલતાં, બેસતાં, શ્વાસ ચઢે, રાત દિવસના ઉજાગરા ખેંચનાર જરાના સપાટામાં આવે છે. ત્યારે તે શિથિલ થઈ જાય છે.

ઇન્દ્રિયોના બળ ભાંગે એટલે મનથી હરે, મનનું બળ પણ નબળું પડી જાય તનની અસર મન ઉપર થાય

માટે સમય માત્રનો પ્રમાદ ન કર, સમય સમયને સાધી આત્માને વૈરાગ્ય ભાવમાં લયલીન કર... જેથી તું તારૂં જરૂર સાધી શકીશ.

મૃત્યુ તો સૌની પાછળ છે છે ને છે જ! રોગ જરા એ દુશ્મનો બધાની જ પૂંઠે લાગ્યા હોય એવું નહિ પણ મૃત્યુ તો જે જન્મે તે મરે...એ સનાતન નિયમ છે, જન્મની સાથે મોર છાપ લઈને આવેલા છીએ તે વખતે એકરાર કર્યો છે કે તું આવ્યો છે. પણ સદાકાળ તું અહીં રહી શકવાનો નથી...તારે જવું તો પડશે જ, કર્માધીન આત્માને કર્માનુસારી ગતિ પ્રાપ્ત થાય છે. બધાય દુઃખો કરતાં વધારેમાં વધારે દુઃખ મરણનું છે. અરે મૃત્યુની વાત સાંભળતાં માણસનું માનસ ગભરાઇ ઉઠે છે. એનું હૈયું હચમચી જાય પારાવાર ગભરામણ થઈ જાય... પરમ-ગીતાર્થ આચાર્ય મહારાજા જણાવે છે કે.

ક્રોડ વીંછી કરડે એક સાથે, તેમ મરણ દુઃખ ભારી,
કોઇ પ્રદેશે જગ નહિં ખાલી, જન્મ મરણ ન જ્યાં ન ધારી,

કરોડ વીંછી એકી સાથે કરડે તે દુઃખ કરતાં મરણનું દુઃખ ઘણું વધારે છે. તેને જીતવું કઠીન છે.

શ્રી તીર્થંકર મહારાજા, ગણધર ભગવંતો, ઇન્દ્રો, ચક્રવર્તિઓ, બળદેવો, વાસુદેવો જેવા બળવાન પુરૂષોને પણ કાળ જ્યાં કોળીયો કરી ગયો ત્યાં બીજાનું શું ગજું? ઇન્દ્રો હોય કે વિષ્ટામાં રહેલ કીડા, સૌને જીવવાની અભિલાષા હોય છે. મૃત્યુનો ભય સૌને એક સરખો હોય છે. કોઇ આપણને પુષ્કળ હીરા માણેકનો ઢગલો આપી તેના

બદલામાં નાક, કાન, કાપીને માંગે તો કોઈ તે ઢગલો લેવા તૈયાર નહિં થાય... પ્રાણ સૌને વહાલા છે. સૌ કોઈને એક દિન અચાનક જવું પડશે તેમાં મીનમેખ નથી. આ વિષયમાં તર્ક વિતર્ક, શંકા-કુશંકા, સંકલ્પ વિકલ્પ લાંચરૂશ્વત, શે શરમ. લાગવત, છલ પ્રપંચ, માયા વિ. અહીં નહિં ચાલે...ભલે તમે બધાને ઠગો, બીજાને તમે શીશામાં ઉતારો, પણ મૃત્યુને તમે આાબી શકશો નહિં,

અનુભવીઓએ જણાવેલ છે કે માનવીને જો મસ્તક પર લટકતી તલવારની જેમ મૃત્યુ ઝઝુમી રહ્યું છે. એનો પૂરો ખ્યાલ આવી જાય તો એને ખાન-પાન, ગાન-તાન, કે માન-પાન કંઈ ન રૂચે, પણ બધું કાંટાની જેમ ખૂંચે. ફાંસીના માંચડે લટકતાને પૂછો કે તારી શું ઈચ્છા છે? તો કહેશે કે મારે જીવવું છે!

જંગલમાં જેમ સિંહ મૃગલાને ઉંચકીને લઈ જાય તેમ કાળ શિકારી આપણને લઈ જશે. કોઈ બચાવશે નહિં. હજારો પહેરેગીરો ખુલ્લી તલવારે રાત દિવસ રક્ષણ કરતા હશે, વૈદ્યો, હકીમો કે ડોકટરોની કતાર લાગી હશે. જડી બુટ્ટીઓ, ઔષધો, ભસ્મો, સુવર્ણ ભસ્મ પણ તે સમયે કામ નહિં આપે... કપડું ફાટે તો સંધાય, ભીંત પડે તો રીપેરીંગ પુનઃ થાય પણ જીવનની દોરી તૂટયા પછી કોઈપણ સંયોગમાં સંધાતી જ નથી.

મૃત્યુ એ જીર્ણ વસ્ત્રોનો ત્યાગ, તેમ નવીન વસ્ત્રોનું પરિધાન છે. માટે મૃત્યુથી ભય ન પામ... કોણ ભય પામે

જે અધમ હોય યા પાપી હોય..ધર્માત્માને મૃત્યુનો ભય ન જ હોય. મૃત્યુથી બચવા પ્રયત્ન કરે, પણ તે પાછળ પાછળ ફરતું હોય તો તું કયાં સ્થિર થઈશ-

ચરોતરના એક ગામમાં એક પટેલભાઈ ઘર બંધાવવા પાયો ખોદવતા હતા. પાયામાં મોટો ભોરીંગ ફણાની લટાર મારી રહ્યો હતો. પટેલ ભોરીંગ જોઈ ખૂબ ગભરાયા. મજુરોને કામ પરથી રજા આપી ઘેર મોકલ્યા...પટેલ ગભરાયેલા હોવાથી ઘેર ન જતાં ગાડીમાં સ્નેહીસંબંધીના ગામે જવા ઉપડયા...તે ગામે ગાડીમાંથી ઉતર્યા, ભાગોળે થઈને ગામમાં સૌ જઈ રહ્યાં છે...આ બાજુ ઉપર આકાશમાં સમડી ચક્કર લગાવી રહી હતી...દૂરથી દેખે છે તો ભોરીંગને માંસનો લોચો સમજી નાગરાજને ચાંચમાં ઉપાડયા... થોડે દૂર ઉડતાં ઉડતાં વિચારે છે કે આ માંસ નથી પણ સર્પ છે. મુખ પહોળુ કરે છે તે નાગ દેવ જે પટેલ જે ગામમાં પ્રવેશ કરવા સ્ટેશનથી ભાગોળે લોક સમુહ સાથે આવે છે.તે ભાગોળે નીચે પડેલ છે... કોઈને ન કરડતાં તે પટેલને કરડે છે. પટેલ પરલોકના પંથે વિદાય લે છે. તાત્પર્ય મૃત્યુ તો સાથે જ છે. કવિ કહે છે કે,

જગત પંખી તણો મેળો, ઘડીભરનો વિસામો છે!
મનુષ્યોના જીવન લેવા, ભયંકર કાળ સામો છે.
પંખી હજારો વૃક્ષ પર, પળકાજ ભેગા થાય છે.
સંબંધ પૂરો થતાં, પાછા ઉડી વિખરાય છે.!
સોનેરી આ જીવનની, કિંમતી ઘડી પળ જાય છે,

દિન ઊગેને દિન આથમે, આયુષ્ય ઘટતું જાય છે.
જે જે દિસે છે નજરમાં, ક્ષણમાં બધુંય ક્ષય થશે.
આંખો મીંચાતા આખરે બધુંય માટીમાં મળી જશે.

જુના જમાનાના ભાવિકો પણ વર્ણવે છે કે,

તેડું થયું કિરતારનું, ગયા વિના કેમ ચાલશે!
ઝાંખી થઈ જમ દૂતની, માન્યા વિના કેમ ચાલશે.

મૃત્યુનો સત્યાર્થ સમજનાર ભય પામતા નથી. વસ્ત્રની જેમ શરીરનું પરાવર્તન થાય છે. માટે પરમાર્થ તો પ્રીતે કરો, ભક્તિતણું ભાથું ભરો કલ્યાણ આત્માનું કરો, તેના વિના ના ચાલશે.

**દિવસ નિસા ઘડિમાલં,**
**આઉ સલિલં જીઆણ ઘિત્તૂણં ।**
**ચંદાઇચ્ચ બઇલ્લા કાલરહટ્ટં ભમાડંતિ ॥ ૬**

ચન્દ્ર સૂર્યરૂપી બળદો રાત્રી દિવસ રુપી ઘડાનીશ્રેણીઓ વડે જીવોના આયુષ્યરૂપી પાણીને ગ્રહણ કરીને કાળ રૂપી રહેંટને ઉંચે-નીચે ભમાવે છે.. ચાર ગતિમાં પરિભ્રમણ કરતાં આ આત્માને રહેંટની માફક ફર્યા જ કરવું પડે છે. તે સ્વરૂપને વધુ સમજાવે છે.

**સ નત્થિ કલાતંનત્થિ ઓસહં,**
**તંનત્થિકિંપિ વિન્નાણં ॥**
**જેણે ધરિજ્જઇ કાયા, ખજ્જંતિ કાલ સપ્પેણં ॥૭॥**

આ જગતમાં એવી કોઇ કલા કામીયાબી બની નથી, અંતિમ કક્ષાનું હાઈ પાવર કોઈ ઔષધ શોધાયું નથી. કોઈ વિજ્ઞાન પ્રાપ્ત થાય તેવું નથી કે જેથી કાલ રૂપી સર્પથી કોઇ પણ વ્યક્તિ રક્ષિત થઈ શકે! લાખો કરોડો અબજો અનંતા વર્ષો ગયા પણ કાળ કહેતાં જેનો સમય પૂર્ણ થયો તે પછી એક ક્ષણ પણ રહી શક્તો નથી. કાળની મર્યાદા મુજબ કોઇ ક્ષણ ઘટાડી ન શકે, કોઈ ક્ષણ વધારી ન શકે. એ સૌ આબાલ વૃદ્ધ જોણી શકે છે.

અનંત બલી તીર્થંકરો પણ ક્ષણને વધારી શકયા નથી. માટે જે પુણ્યના બળે મળેલા માનવીના શરીરથી આત્મ આરાધના થાય તે માટે સતત જાગ્રત રહો!

**દીહર ફણિંદ નાલે, મહિઅર કેસર દિસા મહદલિલ્લે**
**ઓ પીઅઈ કાલભમરો જણ મયરંદ પુહવિપઉમે ।૮।**

લોકમાં એવી પ્રસિદ્ધિ છે કે ભમરો કમળના રસનું આસ્વાદન કરે પણ કમળને ઇજા ન થવા દે, તે પ્રમાણે થોડા મીઠા મધુરે સ્વરે રસપાન કરે પણ ખેદની વાત છે કે કાલરૂપી ભ્રમરનું સ્વરૂપ વિચિત્ર જણાય છે. કાલરૂપી અસંતોષી ભ્રમર પૃથ્વીરૂપી કમલમાંથી જન સ્વરૂપ તમામે તમામ રસને ક્રૂરતાથી ચૂસીલે છે અર્થાત્ કાલ કોઈ પણ માણસનું ભક્ષણ કર્યા વિના રહેતો નથી અહીં ગ્રંથકારે કમળના નાળવાને શેષનાગની ઉપમા આપી. લોકમાં કહેવાય છે કે આ સમગ્ર પૃથ્વીને શેષનાગે માથા ઉપર ઊપાડી લીધી

છે. કમળમાં જેમ કેસરા હોય તેમ પૃથ્વીમાં પર્વતોને કેસરાની ઉપમા આપી, કમળના પાનને દસે દિશાઓની ઉપમા બતાવી છે. આખી પૃથ્વી રૂપી કમળનો રસ નિરંતર પીવા છતાં કાલ રૂપી ભ્રમર તૃપ્ત થયો જ નથી. થશે પણ નહિં માટે હે ભાગ્યવંતો...આત્મ સ્વરૂપને પામવા આત્મ સાધનમાં પ્રમાદ કરશો જ નહિં...

**છાયા મિસેણ કાલો, સયલજીઆણં છલં ગવેસંતો,**
**પાસં કહવિ ન મુંચઇ તા ધમ્મે ઉજ્જમં કુણહ ॥૯॥**

હે ભવ્ય પ્રાણીઓ ! કાયાની સાથે છાયા ચાલે છે. છાયા કયાંય મૂકીને ચાલતા નથી તેમ આપણી પાછળ ને પાછળ છાયાની જેમ કાલ ફરે છે. સકળ જગતના જીવોને અવસર આવે તો છોડે તેમ નથી માટે કાલ આપણો કોળીયો ન કરી જાય તે પહેલાં આપણે ઉદ્યમવંત બનીને ધર્મની આરાધના કરવાની જરૂર છે.

**કાલંમિ અણાઇએ, જીવાણં વિવિહ કમ્મવસગાણં**
**તંનત્થિ સંવિહાણં, સંસારે જં ન સંભવઇ ।૧૦।**

કાલ, કર્મ, જીવ અને સંસાર એ અનાદિથી છે. કર્મને વશ બનીને જીવે ચારે ગતિમાં ચોરાશી લાખ યોનિમાં પરિભ્રમણ કરવાનું બાકી રાખ્યું નથી. કર્મ હજી પણ કેડો નહિં છોડે ત્યાં સુધી પરિભ્રમણ કરાવ્યા જ કરશે, શેઠ શાહુકાર, શાહુકાર શેઠ બની જાય અકામ

નિર્જરા કરતો, સકામનિર્જરા કરતો કરતો ક્રમે ક્રમે ઊત્તરોત્તર ઉંચમાર્ગે આવ્યા છીએ એકેન્દ્રિયાદિમાં ન જવાય તે જ લક્ષ્ય રાખવું. કોઈ કરોડપતિ વ્યક્તિ રોડ-પતિ ન થવાય તેનું સતત ચિંતન, મનન, લક્ષ્ય રાખે તેમ એકેન્દ્રિયાદિ તિર્યંચાદિમાંથી ઘણા પુણ્યોદયે માનવ ભવ મળ્યો છે. હવે પુન: વળી ન જવાય તેનું સતત ધ્યાન રાખવું એ જ જ્ઞાન આત્મ હિતકર છે.

**બંધવા સુહિણો સવ્વે, પિઅ માયા પુત્ત ભારિયા,**
**પેઅવણાઓનિ અત્તંતિ, દાઉણં સલિલંજલિં ।૧૧।**

હે ભાવિકો આ નાશવંત દેહ છોડીને આત્મા પરલોક તરફ જાય છે. ત્યારે આ શરીરને સ્મશાનમાં લઈ જાય છે. મિત્રો, માતા, પિતા, પુત્ર, સ્ત્રી, સ્વજનો સંબંધી સ્મશાનથી પાણીની અંજલી આપી પાછા ઘેર આવે છે. પણ કોઈ મરણ પામેલાની સંગાથે જતું નથી. જે આપણું નથી તે આપણી સાથે ન આવે તેની સાથેના સંબંધ, રાગાદિ ઘટાડી ધર્મપ્રવૃત્તિમાં પ્રયત્ન કરવો.

**વિહડંતિ સુઆ વિહડંતિ બંધવા વલ્લહાય વિહડંતિ**
**ઈક્કોકહવિ નવિહડઇ, ધમ્મો રે જીવજિણભણિઓ**
**।।૧૨।।**

હે ભાવિક...સંસારના સંબંધીઓના સંયોગો ક્યારેક વિયોગમાં રૂપાંતર થશે.. વિયોગ થાય એ સ્વભાવ સંસારનો છે. પુત્ર, પુત્રી, બાંધવ, સ્ત્રી, વિગેરેનો વિયોગ

થાય પણ પતનમાંથી ઉત્થાન કરાવે એવો શ્રી જિનધર્મનો વિયોગ કયારે થતો નથી. અર્થાત્ આ જીવને સાચું સગપણ, સાચો સહકાર ધર્મનો છે. અન્ય વ્યક્તિઓ સ્વાર્થ પતી જતાં દૂર થશે પણ જેણે ધર્મની સાથે સંબંધ બાંધ્યો તેને તે સંબંધનો વિયોગ ન થાય. માટે પ્રમાદ છોડીને ધર્મનું આરાધન કરવું એ જ શ્રેયઃ છે.

**અડકમ્મ પાસબદ્ધો, જીવો સંસાર ચારએ ઠાઈ**
**અડકમ્મ પાસ મુક્કો, આયા શિવમંદિરે ઠાઇ ।૧૩।**

બંધાયેલો, બંધાતો, બંધાવાની ઈચ્છાવાળાનો છૂટકારો કયાંથી થાય. દોરડાથી બંધાવવાની ઈચ્છા ન હોય, બંધાતો ન હોય તો તેવો આત્મા કદાચ પૂર્વકર્મ સંયોગે બંધાયેલો હોય તો છૂટવાનો ગાઢ પ્રયત્ન કરતાં છૂટી જાય અને સુખને પામે તેમ આઠે કર્મથી બંધાયેલો આત્મા જો બલવાન બને તો કર્મના બંધનને તોડી નાંખે. પણ સાથે ઉંડે ઉંડે કર્મ ન બાંધવા, ન બંધાય, તેની ચિંતા હોય, પૂર્વસંચિત કર્મથી મુકત થવાનો પ્રયત્ન હશે તો મોક્ષ સ્વધામમાં જઇ શકીશું! પ્રસન્નચન્દ્ર રાજર્ષીએ મનને મનાવ્યું, મન વાળ્યું મુક્તિના માર્ગે... કર્મથી મુકત બની. સ્વ લક્ષ્મી ઉપાર્જન કરી. અજર અમર બન્યા. કર્મયુકત જયાં ત્યાં જઇશું, ફરીશુ, રહીશું એ આપણું ઘર નહિં જ, પરાયું એ પરાયું... પર થી મુકત બની જવાય તો પરમાત્મા બની જવાય. આજસુધી

પર ઘરમાં રહ્યા અને હવે પોતાના ઘરે (મોક્ષ) જવાની ક્રિયામાં તત્પર બની જાઓ...

**વિહવો સજ્જણસંગો, વિસયસુહાઇં વિલાસલલિઆઇં**
**નલિણીદલગ્ગ ઘોલિર, જલલવ પરિચંચલં સવ્વં ।૧૪।**

વૈભવ (લક્ષ્મી), માતા–પિતા–ભાઇ ભાર્યા વિગેરેનો સંગ સંબંધ-સંસારના ભૌતિક વિષય સુખો એ પાનના અગ્રભાગમાં રહેલા પાણીના બુંદ જેવા અતિશય ચંચળ છે.

ચંચળ વ્યકિત, ચંચળ પદાર્થો કયારે છૂટી જાય. કયારે ભાગી જાય એ જાણવું અશકય લાગે તેમ જીવે અજ્ઞાનથી માની લીધેલાં એવાં જે સુખાકારી પદાર્થ લક્ષ્મી વિ. જે કહી ગયા તે પણ તેનાથી અધિક ચંચળ છે... પુણ્ય વિના તે પદાર્થ મળી શકતા નથી, ભોગવી શકાતા નથી, તેમ તે પદાર્થો સ્વયં જાતે છોડી શકાતા નથી... પુણ્ય પૂરૂં થતાં ક્ષણવારમાં તે આપણને ત્યજીને ચાલી જશે. છોડવા માટે પણ પુણ્ય જોઈએ.

**તં કત્થ બલં કત્થ, જુવ્વણં અંગચંગિમા કત્થ,**
**સવ્વ મણિચ્ચં પિચ્છહ, દિટ્ઠં નટ્ઠં કયંતેણં ।૧૫।**

હે ભાગ્યવંત ! તે શરીરનું બળ કયાં ગયું ? ભરયુવાનીની કાંતિ કયારે અદશ્ય થઈ ગઈ. સુંદરતા, કોમળતા પૂર્વે જણાતી હતી તે વર્તમાનમાં ભિન્ન સ્વરૂપે દેખાય

છે. પ્રથમ જોયું હોય તે જ પદાર્થ થોડીવાર પછી ભિન્ન સ્વરૂપે દેખાતો હોય છે. **અનિત્યાનિ શરીરાણિ–અનિત્ય** પદાર્થોમાં ક્ષણે ક્ષણે ફેરફાર થતો હોય છે. એમ સમજી વિચારીને રાત દિવસ શરીરની જે સેવા આળપંપાળ, ઓછી કરવી. કારણકે તેને સાચવવા ગમે તેટલું ધન ખર્ચીશું તો યુવાની જવાની તે જવાની જ છે. ટકી રહેવાની નથી. માટે શરીર જે મળ્યું છે. તેનો ઉપયોગ ધર્મ પ્રાપ્તિ માટે કરવો જોઇએ.

**ઘણકમ્મ પાસ બદ્ધો, ભવનયર ચઉપ્પહેસુ વિવિહાઓ !**
**પાવઇ વિડંબણાઓ, જીવ કો ઇત્થ સરણંસે ॥૧૬॥**

હે ભાગ્યવંત, ભારે કર્મના પાશાઓથી બંધાયેલો જીવ સંસારરૂપી નગરના ચારગતિરૂપ ચૌટાઓમાં વિવિધ પ્રકારની વિટંબણાઓ ભોગવે છે. ગુનેગારને રાજા સજા આપે છે. છે સજાની યાતનાઓ ગુનેગારને ભોગવ્યા વિના છૂટકો નથી તેમ અહીં કર્મરાજાની સજા ભોગવવા અર્થે જીવ વારંવાર ભૂલો કરતો આવે છે. ઘોર દુઃખોનો અનુભવ કરે છે. તેવા ઘોરાતિઘોર દુઃખરુપ સંસારમાં ધર્મ સિવાય કોઈ શરણ જણાતું નથી.

**ઘોરંમિ ગબ્ભવાસે, કલમલ જંબાલ અસુઇબીભચ્છે**
**વસિઓ અણંતખુતો, જીવો કમ્માણુભાવેણ ૧૭**

હે ભવ્ય પ્રાણી ! સજ્જન પુરૂષો જ્યાં દુઃખનું સ્થાન

હોય ત્યાં શું કરવા જાય.. તેમાં વળી અનંતીવાર તે ભયંકર દુઃખોનો અનુભવ કરવા છતાં તે ગર્ભાવાસના દુઃખનો અનુભવ થાય તેવી પ્રવૃત્તિ આપણી ચાલુ છે. ત્યાં હવા આવવાની નથી. શુદ્ધ, આહાર, પાણી મળવાના નથી, રડતાને રોતું બંધ કરનાર ત્યાં કોઇ નથી, અશુચિ પદાર્થનો રસ શરીર ઉપર પડયા જ કરે. તે પણ નિરંતર તેવા બીભત્સ સ્થાનમાં. મળમૂત્ર, લોહી, માંસાદિ હોય. જીવાત કોરી પણ ખાતી હોય તેવા સ્થાનને વિષે જ ન જવાય તેવી પ્રવૃત્તિ કર, ગર્ભાવાસનું ઘણું ઘણું દુઃખ છે. આપણે ભોગવ્યું છે. તે યાદ આવતું નથી સાચી સમજણમાં તે દુઃખો કેવી રીતે ભોગવ્યા, દુઃખોનો અનુ ભવ કેવો થયો, એ યાદ વર્તમાનમાં જો થાય તો ફરી ત્યાં જવાનું મન થાય ખરૂં ?

જેલમાં, રીમાન્ડ ઉપર, અપહરણકારો ભયંકર યાતનાઓ આપે છે એવું સાંભળીએ છીએ અથવા સીનેસૃષ્ટિ ના પોઝ જોવાતા હોય તો ત્યાં તે સજા ભોગવવા જવું પડે તેવી તો ભૂલ ન જ કરીએ...ત્યારે આપણા આત્માના કલ્યાણાર્થે જ્ઞાની ભગવંતો ગર્ભાવાસનું ભયંકર દુઃખ જણાવે છે. સૂક્ષ્મ જંતુઓ કોમળ શરીરને ઘણી વેદના આપે, અનેક પ્રકારનું સંકોચન, હરવા ફરવા નહિં, જઠરાગ્નિથી થતી વેદના આદિ ઘણી અનુભવે. ત્યાંથી નાશી જવું હોય તો કોઈ નાશવાની જગ્યા પણ નથી. આવા ગર્ભાવાસના દુઃખો અનંતીવાર ભોગવ્યા છે. માટે

હે પ્રાણી ? ફરીથી ત્યાં ન જવાય તેવી રીતે મન-વચન કાયાનો ઉપયોગ રાખજે.

રાગાદિ કારણે, વિષય સુખની તૃષ્ણા, ક્રોધાદિ કરીને જીવ ચાર ગતિમાં પરિભ્રમણ ન થાય, અર્થાત્ ગર્ભાવાસ ના દુઃખો પ્રાપ્ત ન થાય માટે ભગવાને કહ્યું છે કે વિષય ભોગો વિષ જેવાં, કિંપાકના ફળ જેવા છે. તે ફળ મનોજ્ઞ, આનંદકારી, ખાતાં, દીઠાં ગમી જાય પણ જ્યારે પાચન થાય, લોહીની અંદર એક રૂપ થાય ત્યારે જીવને કાયા ભિન્ન કરી નાંખે છે. કામ ભોગ એ અનર્થનીખાણ છે. જાણે કે અજાણે ઘૂંટડા પીનાર મરે છે. જે આત્મગવેષી મનુષ્યો છે. તે જીવો વિષયોને 'તાલકુટ' ઝેર જેવા માને છે. આત્મજ્ઞાન બળથી વિષયબળને મહાત કરી નાંખવા જોઇએ જેથી અશુભમાંથી શુભમાં પ્રવર્તી થાય...જેના પરિણામે શાશ્વત સુખ તરફ જવાય.

**ચુલસીઇ કીર લોએ, જોણીણં પમુહસયસહસ્સાઇં,**
**ઇક્કિ ક્કમ્મિ અજીવો, અણંતખુતો સમુપ્પન્નો ।૧૮।**

જીવને ઉત્પતિના સ્થાનકો ૮૪ લાખ છે. તે ચૌરાસી લાખ (યોનીના) સ્થાનકોમાં એક યોની જીવે બાકી રાખી નથી. જ્યાં અનંતીવાર ઉત્પન્ન ન થયો હોય...અકામ નિર્જરા કરતો કરતો આત્મા એકેન્દ્રિયમાંથી બેઇન્દ્રિયાદિમાં આવે છે. સભાન દશા આવે ત્યારે સકામ નિર્જરાના બળે

આગળ વધે છે... પંચેન્દ્રિય સુધી આવેલો આત્મા (જીવ) અશુભના બળે પછડાય છે. નીચે પાછો ઉતરતો જાય છે. તો ધર્મ માર્ગે કેમ તું જોડાતો નથી!

**માયા પિય બંધૂહિં, સંસારત્થેહિં પૂરિઓ લોઓ।**
**બહુ જોણી નિવાસિહિં, ન ય તે તાણં ચ સરણં ચ ॥૧૯॥**

સંસારમાં રહેલા, સંસારના બંધનથી બંધાયેલા, ઘણી ઘણી યોનીઓને ધારણ કરી ચૂકેલા એવા માતા,પિતા બંધુઓ તારી શકવાના નથી કે રક્ષણ કરી શકવાના નથી ત્યારે હે ભાગ્યશાળી તું સમજ! જે સ્વયં મોહના પાશમાં આવી ચૂકયાં છે, રાગાદિના દોરડાંથી બંધાયેલા છે તે આપણને શું છોડવવાના છે? જે રાગ-દ્વેષ મોહના સપાટાથી તદ્દન વેગળા થઈ ગયા છે. જેના અસંખ્યાતા પ્રદેશ પૈકી એક પણ પ્રદેશમાં અંશ માત્ર રાગાદિનથી તેવા તારકની પાસે શરણ માંગી શકાય, રક્ષણ મેળવી શકાય, નાથ બનાવી શકાય તેજ નાથ બની શકે. ભાગ્યવંતો વિચારો કૌસાંબી નગરીના ધન સમૃદ્ધિથી સમૃદ્ધ, અનેક પ્રકારના ભૌતિક સુખના ભોક્તા શ્રેષ્ઠિપુત્રને જયારે ભયંકર દાહ જવર થયો અતિશય વેદના સહન ન કરી શકયા. બાહ્ય વેદનાની સાથે અભ્યંતર વેદનાને દૂર કરવાની બુદ્ધિ વાળા તેથી મુક્ત થવા ધન, તિજોરી, દાગીના, મા બાપ. ભાઈ પત્નિ સ્નેહી સંબંધી કોઈ કામ ન લાગ્યું! પુત્રે દૃઢ નિર્ણય કર્યો કે જો રોગ શમી જાય તો સંયમના પંથે જાઉં આત્મ કલ્યાણ સાધુ...આ વિચારોમાં રજની સુંદર પસાર થતાં

પ્રભાતે દાહ જ્વર શમ્યો...સૌ પોત પોતાની માનતા ફળી તેમ વદવા લાગ્યા...અંતે પુત્રે કહ્યું કે કોઈની કોઈ વાત કોઈ માન્યતા ફળી નથી પણ મારા મનની ઉંચ કક્ષાની વિચારણાની માન્યતા ફળી...કે જે આજે હું સંયમી બનીશ સંસારમાં સરી જતાં, બંધનોથી વ્યાપક બંધાયેલા આપણને શરણ આપવાની શક્તિ ધરાવી શક્તા નથી.

રૂપવંતા, મનોહરકાયા, લાવણ્યમય કાંતિવાળા આ યુવાન સાધુ પુરુષને એકદા રાજા શ્રેણીક નરેશે જંગલમાં જોયા...દર્શનથી મન ઠર્યું અજ્ઞાની અજ્ઞાન અવસ્થામાં સંસારને પ્રશંસે એમા કંઇ નવાઈ ખરી ?

મુનિરાજને રાજન કહે . તમારી આવી અદ્‌ભુત કાયા, લાવણ્ય નિતરતું દેહ શા માટે તપશ્ચર્યામાં ફગાવો છો... હું તમોને સંસારના તમામ સુખ સાધન સામગ્રી આપીશ હું અનેકનો નાથ છું તમો પધારો મુજ આંગણે ... મિથ્યાભિમાનમાં વદે છે...હું રાજન બની પ્રજાનો માલીક છું. અનેકનાં દુઃખો દૂર કરી શકનાર છું તમે ભલા અનાથી મુનિ છો. પણ હું તમારો નાથ બનીશ માટે વિષય ભોગ વિલાસની ભર યુવાની વેડફી ન નાંખો...

અનાથી મુનિરાજ હર્ષના ઉમળેકાભર કહે છે. હે અનાથ.. તું મારો નાથ કેવી રીતે બનીશ ! સ્વયં તુ પોતે જ અનાથ છે...તો શું બીજાને શરણ કે રક્ષણ આપી શકીશ ખરો ? ધનવાન ધન બતાવી શકે પણ નિર્ધન પાસે પાઈ પણ ન હોય તો તે શું બતાવી શકે !

રાજન આશ્ચર્યાન્વિત સાંભળતા જ રહ્યા, હર્ષથી મુનિરાજને સ્વજીવનમાં બનેલી કથની રાજન શાંત ચિત્તે સાંભળતા હતા.

**નાથ વિના જીવે દુઃખ પામ્યાં, માહરે નહીં કોઇ નાથ તિણકારણ મેં દીક્ષા લીધી, હવે હું હુઓ સનાથ !**

સનાથ બનેલા મુનિરાજના સંપર્કના પ્રભાવે નાથ બનવા તત્પર બનેલા રાજા શ્રેણીક મુનિરાજનું શરણ સ્વીકારી સનાથ બન્યા ક્ષાયિક સમ્યગ દર્શનના માલિક બની આવતી ચોવીસીમાં પ્રથમતીર્થંકર **'પદ્મનાભ'** બનીને શિવરમણીને વરસે.... માટે જ ચાર શરણ સિવાય કોઈ શરણ કરવા લાયક નથી, કોઈ શરણ આપી શકનાર નથી. તે વાતનું સમર્થન આપતાં ગ્રંથકાર જણાવે છે

**જીવો વાહિ વિલુત્તો, સફરો ઇવ નિજજલે તડપ્ફડઈ। સાહાલો વિ જણો પિચ્છઇ, કો સક્કો વેઅણા વિગમે ॥૨૦॥**

પાણી વિના માછલી તરફડે તેમ તેવી તરફડતી માછલીને લોક દેખે પણ છે તેમ અનેક પ્રકારની વ્યાધિઓથી ભરેલો પ્રાણી દુઃખી થાય, દુઃખી થતાને લોક દેખે જાણે છે. પણ દુઃખની વેદનાને દૂર કરવાને શક્તિમાન સંસારમાં જો કોઈ હોય તો દેવ-ગુરૂ ધર્મ જ છે.

કરુણા ભરેલા શબ્દો કહીં, કંઈક ઔષધિઓના ખર્ચ કરાવી, આંખોમાં સાચા કે ખોટા અશ્રુ લાવીને વધુ ને વધુ ચિંતામાં મૂકે અંતે નિરાસ થઇને ધર્મનું

શરણ બતાવે છે. પરિણામે ધર્મનું શરણ સ્વીકારવું તો તો પ્રથમથીજ અનન્ય શ્રદ્ધા પૂર્વક ધર્મનું આરાધન કરવાથી દુઃખ ભોગવવાં છતાં કર્મ નિર્જરા કરી શકશે. અંતે કર્મથી મુક્ત પણ થવાશે.

**માજાણસિજીવતુમં, પુત્તકલત્તાઈ મજઝ સુહહેઉ ।**
**નિઉણં બંધણ મેયં, સંસારે સંસારં તાણં ।૨૧।**

હે ભાગ્યશાળી ! જ્ઞાનીના વચનથી તું વંછિત હોવાથી બુદ્ધિમાં વિપર્યાસ ઉભો થયો છે. જેને દુઃખના કારણ દર્શાવ્યા તેને તું સુખનું કારણ માની બેઠો છે. સંસારમાં સ્ત્રી પુત્રાદિક એ વિશેષ કરીને બંધન છે... તે બંધન તને સુખરૂપ લાગે છે તે તારી અજ્ઞાનતા છે. તેઓને પ્રત્યે કરેલો રાગ તિર્યંચાદિગતિનું કારણ બને છે. તે અપ્રશસ્તરાગ સંસારના પરિભ્રમણમાં કારણરૂપ બને છે.

આ સ્ત્રી મારી, મારા આ પુત્રાદિ તેના પ્રત્યે મમત્વ ભાવ તે મમત્વના કારણે સદ્-અસદ્નો ખ્યાલ ના આવે, તેના પાલન પોષણમાં સમય વ્યતિત કરી આત્મા પ્રત્યે લક્ષ્ય રાખતો નથી....તે તારી ભૂલ છે.

ચરમતીર્થપતિ ભગવાન મહાવીર મહારાજાના પ્રથમ ગણધર શ્રી. ગૌતમ સ્વામીજીને ભગવાન પ્રત્યે પ્રશસ્ત રાગ હોવાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતી ન હતી અંતિમ સમયને જાણી મહાન ઉપકારી પરમ ગુરૂદેવ પરમતારકે ચાર જ્ઞાનના ધારક ગૌતમ સ્વામીને દેવશર્માને પ્રતિબોધવા આજ્ઞા ફરમાવી...રાગ એ બેડી છે... બેડીને

તોડયા સિવાય આત્મજ્ઞાન કે આત્મ ખજાનો મળવો દુર્લભ છે. પછી તે સોનાની હોય કે લોખંડની ?

તારકની આણાને પામી પ્રતિબોધવા જઈ રહ્યા છે .. દેવશર્માની છેલ્લી ઘડીઓ જણાય છે. ચાર શરણાંનો પાઠ બોલીને શરણ સ્વીકારય છે શ્રી ગણધર મહારાજા ગૌતમ સ્વામી જેવા મહાન પુરૂષનો સયોગ મળવાં છતાં. નિર્યામણા કરાવવા છતાં દેવશર્મા વિચારે છે કે મારા મરી ગયા પછી મારી પત્નિનું શું થશે ? જે સાથે આવવાની નથી. જે તમને બચાવવા તેના પ્રાણ ધરનારી પણ નથી, જે તમારા ગયા બાદ તમને યાદ કરવા તૈયાર નથી. તેની ચિંતામાં મરવું એ સંસાર પરિભ્રમણ કરાવનારો એ રાગ છે. એ રાગને તિલાંજલી અપાય તો દુર્ગતિથી બચી શકાય...બાકી તો દુર્ગતિ રાહ જોવે છે.

પત્નિના રાગમા મૃત્યું થતાં તે દેવશર્માનો જીવ તે દેહ છોડીને પત્નિના કપાળમાં ફોલ્લો થયેલ હતો તેમાં કીડા રૂપે ઉત્પન્ન થયો...આ અપ્રશસ્ત રાગે માનવને માનવરૂપી કરોડપતિની અવસ્થા છોડાવી તિર્યંચરૂપી રોડપતિની અવસ્થામાં ધકેલી દીધો .. હવે એ કીડો ગમે તેટલો કલ્પાંત કરશે. તો ચોવીસ કલાક સાથે રહેનારી, કૃત્રિમ, પ્રેમ બતાવનારી એ પત્નિ ધ્યાન રાખશે. અરે હવે તો તેના કપાળમાં જ છે. તો પત્નિ તેને સાચવશે કે શું કરે એ મહાનુભાવ વિચારી શકશો.

સંસારના બંધનરુપ સ્રીં પુત્રાદિ પ્રત્યેનું મમત્વ ચારગતિની ચક્કીમાં ફેરવ્યા કરે છે.

મહાજ્ઞાની ગૌતમ સ્વામીજી દેવશર્માની પાસેથી પરમાત્મા પાસે જઇ રહ્યા છે. રસ્તામાંજ અનંત ઉપકારી સ્વામીનું નિર્વાણ સાંભળી ઘણો ખેદ થયો...

જ્ઞાની પુરુષ હતા...તરત સમજાઈ ગયુ...પ્રભુ તો વિરાગી હતા રાગી તો હું ! રાગના કારણે હું પંચમ જ્ઞાનને વરી શકયો નહિં, રાગની ભીંત ખસી ગઈ. પડદો હઠી ગયો. અને રાગનું વાદળું વીખરાઇ ગયું કે ત્યાં જ આત્મ જ્ઞાનીને આત્મજ્ઞાન કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ!

રાગ એ બંધન છે. એ બંધનથી મુક્ત થવા ભાગ્ય-શાળી પ્રયત્ન કરો...

**જણુણી જાયઇ જાયા, જાયા માયા ય પુત્તો ય,**
**અવત્થા સંસારે, કમ્મવસા સવ્વજીવાણું ॥૨૨॥**

રાગાદિના બંધનના કારણે જીવની એક સરખી અવસ્થા (પર્યાય) રહેતી નથી આ ભવની માતા ભવાંત-રમાં પત્નિ બને, પત્નિ માતા બને, પુત્ર પિતા, પિતા પુત્ર બને,કર્મને આધીન બનેલા જીવોની અનવસ્થા પરિસ્થિતિ છે.

હે જીવ ! આ સંસારમાં સર્વ જીવ કર્મવશ હોવાથી સંસારનો વિષમ સ્વભાવ છે, ભૂત કાળના જે સંબંધો જેની સાથે હોય તે સંબંધો આ ભવમાં હોઈ શકે એવું નથી. માટે જેના ઉપર તું આજે પ્રીતિ રાખીને તારો કિંમતી સમય બગાડે છે પણ વિચાર કયારે આવે છે કે જેના ભરણ પોષણ માટે મહેનત, પરિશ્રમ કરૂં છું તે કયારેક મારા દુશ્મન થઈને મને મારશે, છેદન, ભેદન,

તાડન, તર્જન કરી વેદના ઉપજાવી હશે અથવા ભવાંતરમાં ઉપજાવશે, તું ધર્મધ્યાનને છોડીને તે જીવો પ્રત્યે સરાગ ભાવથી જીવન વ્યતિત કરી ભવની સાર્થક્તા કરતો નથી. તે જીવો પ્રત્યે રાગાદિના કારણે તેઓને સુખી કરવા તન તોડ પ્રયત્ન કરે છે. પણ તેમના કર્મમાં સુખ નહિં હોય તો સુખ કયાંથી આપી શકવાનો છે! તેમના પ્રારબ્ધમાં દ્રવ્યાદિક ભોગવવાના નહિ હોય તો તમો ગમે તેટલા પાપ કરી કરીને આપશો તો પણ તે ભોગવી શકશે નહિ. તમો રાગાદિના કારણે તમારા આત્માનું ધ્યેય ચૂકીને દુર્ગતિના ખાડામાં જઈ રહ્યા છો ..

ભવાંતરને આશ્રીને તો ઘણા સંબંધો થયા છે. પણ એક જ આ ભવમાં અનેક પ્રકારના સંબંધો શું નથી થયાં, શું થતા નથી, શું નહિ થાય? શ્રી ભગવતી સૂત્રમાં બારમા શતકના સાતમાં ઉદ્દેશામાં જણાવેલ. કુબેરદત્ત અને કુબેરદત્તાના જીવનના પ્રસંગ ઉપરથી અઢાર–અઢાર જાતના સંબંધો થયેલા જોવા મળે છે મળશે.

શ્રી ગૌતમ સ્વામી મહારાજા...તારક ભગવંતને પૂછે છે કે હે ભગવંત! આ જીવ સર્વ જીવોના માતા રૂપે, પિતારૂપે, ભાઈ, બહેન, સ્ત્રી, પુત્ર, પુત્રી, પુત્રની સ્ત્રી, સામાન્ય કે વિશેષ કરી શત્રુ, ઘાતક, પ્રતિકુલ થઈ, કાર્ય નાશક, રાજા, યુવરાજ, સાર્થવાહ, દાસ, દાસી, દાસીપુત્ર, દાસીપુત્રની પત્નિ. ચાકર, તરીકે અનેક અનેક પ્રકારના ભાવોથી ઉત્પન્ન થયો છે.

ભગવંત કહે હે ગૌતમ અનંતીવાર માતા, પિતા, પુત્ર વિગેરે સંબંધ કરી ચુકેલો છે. તેથી હે આત્મન્ તું વિરાગી બન, સંસારને દુઃખરૂપ તું સમજી આત્મ કલ્યાણકારી માર્ગને આરાધી લે. રાગાદિના કારણે મિથ્યાત્વાદિ દૃઢ થવાંથી આવું બને છે.

**ન સા જાઇ ન સા જોણી, ન તં ઠાણં ન તં કુલં !**
**ન જાયા ન મુઆ જત્થ, સવ્વે જીવા અણંતસો ॥૨૩॥**

શાસ્ત્રકાર (ગ્રંથકાર) ભગવંત તે જ વાતનું સમર્થન આપતાં જણાવે છે કે એવી કોઈ જાતિ નથી, એવી કોઈ યોની નથી, એવું કોઇ કુળ નથી જ્યાં જીવ અનંતીવાર જન્મ્યો ન હોય અને મૃત્યુ ન પામ્યો હોય ! અનંતીવાર અનંત જગ્યાએ જન્મ્યો મરણ પામ્યો છતાં તું વિરામ પામતો નથી હવે તારા ભાવિ દુઃખનો અંજામ લાવવા પ્રયત્ન કર.

**તં કિંપિનત્થિ ઠાણં, લોએ વાલગ્ગ કોડિમિતંપિ**
**જત્થ ન જીવા બહુ સો, સુહ દુકખ પરંપરં પત્તા.**

સુખ દુઃખની પરંપરાને પ્રાપ્ત કરતા આ જીવે ચૌદ રાજ લોકના એક વાલ જેવો ભાગ પણ બાકી રાખ્યો નથી. વ્યવહાર રાશીને પામેલા જીવોને અનંતકાલ થઈ ગયો એમ સંભાવના કરીએ છીએ તે બહુશ્રુતનો વિષય છે. અનંતવારના પરિભ્રમણ બાદ તું વિચાર કર કે તેં શુ મેળવ્યું ? તું જેવો છે તેવો ને તેવો જ રહ્યો ! તારા મૂળ સ્વરૂપને તેં પીછાણ્યું, જાણ્યું.

એક સગડીમાં ધૂમાડાં નીકળે છે, પાસેની બીજી સગડીમાં માતા ફૂલકાં ઉતારે છે. પાસે બેઠેલી પુત્રી ધુમાડાનાં બચકાં ભરે છે. પિતા જમતાં જમતાં કહે છે કે દીકરી ધુમાડાના બાચકા ભરે છે. ત્યારે પત્નિ કહે–એબી જ્ઞાન–હિતશિક્ષા આપે છે. ધુમાડાના બાચકાં ભરવાથી હાથમાં કંઈ ન આવે, તેમ આ સંસાર સુખના ભોગવટા ધુમાડાને બાચકાં ભરવા જેવા છે. સંસારના સુખના ભોગવટા ખાતર સમગ્ર જિંદગી ઘસી નાંખી પણ સુખી કેટલા થયા. જીવને શું મોહ લાગ્યો છે, કુટુંબ, સ્રી, પુત્ર, ધન આદિમાં ગૃદ્ધ થઇ ગયો છે. વિપર્યાસપણું પામવાથી જીવ ઉંધા માર્ગે વળી જાય છે.

**ધર્મ**ના તથા **કર્મ**ના અક્ષર અઢી અઢી છે. છતાં બન્નેની દિશાન્યારી છે. ધર્મ ત્યાં કર્મ નહિં અને કર્મ ત્યાં ધર્મ નહિ. ધર્મ ઉત્થાન કરાવનાર છે, જ્યારે કર્મ પતન કરાવનાર છે. એક રક્ષણ કરે છે બીજું નાશ કરી શકે છે માટે સંસારના સુખ માટે કર્મથી વેગળા થવાની ક્રિયા પ્રક્રિયામાં પ્રગતિશીલ બનશો... કાળો નાગ ઉપરથી સુંવાળો લાગે પણ તેને હાથમાં લેવા જેવો નહિં. તેમ સસારના સુખ વિપર્યાસ બુદ્ધિથી ઉપરથી સુંવાળા લાગે તો પણ ગ્રહણ કરવા જેવા તો નહિં જ, દેહાદિ પરભવમાં પુદ્દગલમાં આસક્ત થઈને પંચ પ્રકારના ભોગ સુખની તૃષ્ણા પૂરી થતી નથી પણ વધતી જ જાય છે. પણ હે આત્મા...તે એવા પ્રકારના અનંતીવાર વિષય સુખ ભોગવ્યા...તેને વમી પણ નાંખ્યા છે. તેને ભોગવીને

કોઈ તૃપ્ત થયું નથી પરંતુ બળતા અગ્નિમાં ઘી નાંખી એતો અગ્નિ વધે તેમ તે વધે છે માટે તું આત્મા વિચાર કર... અનંતીવાર સર્વસ્થાને જઇને આવ્યો હવે તું વિરામ પામ, જન્મનું કે મરણનું દુઃખ તેં એકલાએ જ ભોગવ્યું છે. કર્મના કારણે નરકાદિના દુઃખો પણ તારે જ ભોગવવાના છે. અને આત્મ સ્વરૂપમાં લીન બની આત્મધર્મ આરાધી આત્મ કલ્યાણ કર...

**સવ્વાઓ રિદ્ધિઓ. પત્તા સવ્વે વિસયણ સંબંધા,**
**સંસારે તો વિરમસુ, તત્તો જઇ મુણસિ અપ્પાણં**
॥૨૫॥

હે- આત્મન...અનાદિ અનંત કાલના સંસારના પરિભ્રમણ વિષે સર્વ રિદ્ધિ સિદ્ધિ, સુખ સાધન સામગ્રી મેળવી ચુકયો છે, દેવલોકમાં ઘણા ઘણા સુખો જોયાં અને અંતે તે દેવલોક પણ છોડવો પડયો .. તેમ સર્વ સ્વજન પણ પામી ચુકયો છે. માટે ખરેખર જો તું આત્માને જાણતો હોય તો સંસારથી વિરામ પામ...

**એગો બંધઇ કમ્મં, એગોવહબંધ મરણ વસણાઇં**
**વિસહઇ ભવમ્મિ ભમડઈ, એગુચ્ચિઅ કમ્મવેલવિઓ**
॥૨૬॥

આત્મા કર્મ બાંધે છે, કર્મ ભોગવે છે અને કર્મથી મુક્ત પણ તે થાય છે. જ્યાં સુધી કર્મથી મુક્ત થતો નથી ત્યાં સુધી સંસારમાં કર્મથી લપટાયેલો ફરે છે. જન્મનું કે મરણનું દુઃખ તેં એકલાએ જ ભોગવ્યું છે. કર્મના કારણે નરકાદિના દુઃખો પણ તારે જ ભોગવવાના છે. કર્મબંધન છે ત્યાં સુધી કર્મથી મુક્ત નથી. કર્મથી

મુકત બનવા માટે નવા કર્મ ન બંધાય તેમ જે બંધાયેલા છે તેની નિર્જરા થાય ત્યારે મુક્તિ મળે. માટે હે આત્મા તું અનાદિથી છે. કર્મ પણ અનાદિથી છે. અનાદિથી પાછળ પડેલા કર્મ સાથે મૈત્રી ન રાખતાં આત્મા આત્માની સાથે જ મૈત્રી રાખવી જોઇએ...

**અન્નોન કુણઈઅહિયં,હયંપિ અપ્પા કરેઇ ન હુઅન્નો!**
**અપ્પકયં સુહ દુક્ખં, ભુંજસિતા કીસ દીણમુહો**
॥૨૭॥

હે જીવ ! તું તારા આત્મગત વિચારોમાં એમ સમજે છે કે અમુક વ્યકિતએ મારૂં બગાડયું તેથી તેના ઉપર દ્વેષ કરે છે અમુક વ્યકિતએ મારું ભલું કર્યું. તેથી તેના ઉપર રાગ કરે છે. પણ તારું અન્ય કોઈ ભલું કે ખરાબ કરતું નથી પણ જે કરનારો છે છે તું જ છે. દુઃખ-સુખ આમંત્રણ આપનાર તું જ છે. આમંત્રિત બનીને આવેલા સુખ દુઃખને ભોગવતા આવડે તો બંધન રહે જ નહિં.

પાંચ પકવાન્નાદિ કે જમણવારના પ્રસંગે મહેમાન કે જમાઇને આમંત્રણ આપ્યું હોય તો તે મહેમાન તે સમયે આવે તો તેમને કાઢી ન મૂકાય, કાઢી મૂકવા પ્રયત્ન પણ થાય નહિં. પણ સાચવી લેવા જોઈએ...તેમ પૂર્વકૃત કરેલ પાપનાયોગે આવતા દુઃખને કાઢવા પ્રયત્ન ન થાય, દુઃખ આવે દીન ન થવાય, સુખ આવે તો તેમાં આનંદ ન થાય. દુઃખમાં દીનતા કરીએ, સુખમાં આનંદ

કરીએ તો અરતિ-રતિ કર્મ બંધાય જે ઘાતિ કર્મને પૃષ્ટિ આપનારા છે. ઘાતિ કર્મ ગાઢ બંધાય જાય તો તે ભોગવ્યા સિવાય છૂટતા નથી !

ઉત્તરાધ્યયન સૂત્રના વીસમા અધ્યયનમાં કહ્યું છે કે વૈતરણી નદીના દુઃખ ભોગવનાર આ આત્મા જ છે ! કામધેનું ગાયને પામનારો પણ આ આત્મા જ છે. નંદનવન દેવલોક, અને મોક્ષ પામનાર પમાડનાર પણ આ જ આત્મા છે. માટે કર્મબંધનથી દૂર રહે.

આ આત્મા કોઈ અપેક્ષાએ કર્ત્તા છે, કોઈ અપેક્ષાએ અકર્ત્તાપણ છે. એવી રીતે સુખ-દુઃખનો કર્ત્તા, અકર્ત્તા પણ આત્મા જ છે. મિત્ર-અમિત્ર પણ આત્મા જ છે, સદાચાર અને દુરાચારને કરનારો પણ આ આત્મા જ છે. માટે દીન મુખવાળો ન બનીશ. કોઇ પ્રત્યે રાગ દ્વેષ કરીશ નહિ...

**બહુ આરંભ વિઢત્તં, વિત્તં વિલસંતિ જીવ સયણગણા**
**તજ્જણીય પાવકમ્મં, અણુહવસિપુણો તુમંચેવ**
**॥૨૮॥**

હે જીવ ! અનેક પ્રકારે જીવહિંસા, કૂડકપટ, છલ, આદિ કેટલાક અનર્થ કરી, ઘણા ન કરવા લાયક કાર્યો કરી, પરદેશમાં ભમી ભમીને, મરણાંત કષ્ટને અનુભવી, આત્મહિત ભૂલીને, રાતદિવસ શરીરના સુખને જોયા વિના, તેં ઘણું ધન ઉપાર્જન કર્યું પરંતુ તે ધનનો તારા સ્વજનાદિ તારા ઉપકારને નહિં જોતાં લઈ ગયા. ભોગવી

ગયા. જેમ ઉંદર ભર ઉંઘમાં પગ કાતરે પણ ફૂંક મારતો જાય તેથી ખબર ન પડે તેમ તને પણ છેતરીને બધું જ લઈ ગયા જે ધન ઉપાર્જન કરતાં પાપ થયું તે પાપ તારે પરભવમાં એકલા જ ભોગવવું પડશે. તે પાપ અન્ય કોઈ ભોગવવા આવશે નહિં. માટે વિચાર કરી ન્યાય નીતિના માર્ગથી ધન મેળવી આત્મ કલ્યાણ માર્ગે તું તેનો સદ્‌વ્યય કર !

**અહ દુક્ખિયાઇ તહ ભુક્ખિયાઇ જહચિંતિયાઇ ડિંભાઇ**
**તહ થોવંપિ ન અપ્પા, વિચિંતિઓ જીવ કિં ભણિમો ।।**
॥૨૯॥

હે આત્મન્–મોહને આધીન બનેલો તું અન્યની ચિંતા કરે છે. આ મારા બાળકો, પત્નિ, વિ. ભૂખ્યા છે. દુઃખી થઈને રહે છે. અન્યની ચિંતા કરનારો તું તારૂં કેમ નિહાળતો નથી. જે નમે છે તે સૌને ગમે છે તેમ મોહને નમાવે તે જગત પૂજ્ય બન્યા વિના રહેતો નથી. બાહ્ય દૃષ્ટિ કરવાની કોઈ જરૂર નથી. જે છે તે તારામાં છે...

હે હાજીર કો દૂર બતાવે, દૂરકી આશ નિરાશી,
કહત કબીરા સૂન મેરે સાધુ, ઘટમેં હિ મિલે અવિનાશી
મોહે સૂન સૂન આવત હાંસી, પાની મેં મીન પીયાસી।

પોતાનો સાક્ષાત્કાર પોતાને જ કરવાનો છે. બહાર ફર્યો પણ જે મેળવવાનું ન મેળવ્યું– હવે આત્માની અંદર નિહાળ. અવિનાશી અંદર જ બેઠો છે.

**સોહં** તે હું જ છું. જેવો સિદ્ધનો આત્મા તેવો જ મારો આત્મા છે. આત્માના અસંખ્યાત પ્રદેશો છે. દરેક પ્રદેશે અનંતગુણો છે.–એ અનંતગુણો નિહાળવા બાહ્યને છોડી અંતર તરફ દ્રષ્ટિ રાખ...

રવીન્દ્રનાથ પોષી પૂર્ણીમાના ચાંદનીની જયોત્સના નો અનુભવ કરવા અગાસીમાં શયનાર્થે સૂતા છે. એક તરફ આંખ ઉપર પૂર્ણીમાના ચાંદનો શીતલ પ્રકાશ પથરાઈ રહ્યો છે, ત્યારે બીજી તરફ નકલી તેજ–ઇલેકટ્રીક લાઈટનો પ્રકાશ પડી રહ્યો છે. દસ પંદર મિનિટ થવા છતાં ચાંદના પ્રકાશનો અનુભવ ન થયો. કે થયો નકલી લાઈટના પ્રકાશનો, જયાં નકલી લાઈટનો પ્રકાશ બંધ કરાવ્યો કે થોડી જ ક્ષણોમાં પૂર્ણીમાના ચાંદના પ્રકાશની અનુભૂતિ થઇ. તેમ હે ભવ્યાત્મા બહારની પ્રવૃત્તિથી તું અટકી જઇશ તો જ અંતર પ્રવૃત્તિનો અનુભવ થશે.

**ખણભંગુરં શરીરં, જીવો અન્નો અસાસય સરૂવો**
**કમ્મવસા સંબંધો, નિબંધો, ઇત્થ કો તુજઝ ॥**
॥૩૦॥

હે...આત્મા,–ક્ષણમાં નાશ પામવાના સ્વભાવવાળું શરીર છે. શરીરથી જુદો જે છે તે છેદી ન શકાય, ભેદી ન શકાય, અજર, અમર, ધ્રુવ, અનંત જ્ઞાનમય, અનંત દર્શનમય, અનંત ચારિત્રમય, અનંત વીર્યમય, જયોતિઃ સ્વરૂપ, પવિત્ર, અલિંગ, અવ્યક્ત, નિરંજન અને આનંદ મય આત્મા છે. પણ અનાદિ કાલના કર્મના સંયોગે કર્મવશાત અનિત્ય, અશાશ્વત, માંસ, હાડકાં, રૂધિર,

નસો, મેદ, માંસ, મલ, મૂત્રથી દુર્ગંધવાળા શરીરથી કર્મના કારણે બંધાયેલો છે. મુસાફર ધર્મશાળામાં ઉતારો મેળવવા છતાં તે ધર્મશાળામાં મોહ પામતો નથી, સમય પૂર્ણ થયે ધર્મશાળા ત્યજીને જાય છે. તેમ તારે પણ આ શરીરને ધર્મશાળા માનવી જ પડશે–અન્યથા મોહાધીન બની દુર્ગતિનો ભાજક બનીશ.

આત્મા આત્મા તરફ નજર કરે તો આત્માના ગુણો કેળવવા રાત અને દિવસ પ્રયત્ન કરે છે. આત્મ પ્રદેશમાં અવગુણ પ્રવેશી ન જાય તે આત્માર્થી સતત ધ્યાન રાખે છે. જે તિજોરીમાં રત્નો, હીરા, પન્ના આદિ હોય તે તિજોરીને તાળું હોય છે. વળી તે ઓરડાને પણ તાળું લગાવી બારણાં બંધ કરી, ખાટલો ઢાળી સતત ચોકી કરવામાં આવે છે. કારણકે તિજોરીમાં પડેલી વસ્તુ કિંમતી છે. તે વાત સમજાય છે તેવી રીતે આ શરીર કિંમતી છે કે આત્મા ? ભવિષ્યમાં આ શરીરની તો રાખ જ થવાની છે. માટી તણી કાયા માટીમાં ભળી જવાની તુચ્છ–શરીર માટે ઘણી ઘણી માવજત, તે પ્રત્યે મમત્વ, શરીર છે તો હું છું આ નરી અજ્ઞાનતાના કારણે પુદ્ગલાનંદી બન્યો છે.

હે જીવ, જડ (શરીર)ની પરિણતીમાં શું કરી શકવાનો છે. નુકશાન જ કરીશ.

જો તારી ઇચ્છાનુસાર થતું હોય તો ઘડપણને આવવા દે ખરૂં! બાલ્ય, યુવા, ઘડપણ અવસ્થા ક્રમે કરીને આવે છે. શરીર એ સ્વભાવવાળું છે. તેમાં આપણી ઈચ્છા કામ

લાગતી નથી. શરીરની સાચવણી છતાં પણ પ્રમાણથી સિદ્ધ થાય **છે દેહ તે હું નથી** છતાં જડ એવા દેહ પાછળ મમત્વ કરો છો.

**કહ આયકહ ચલિયં, તુમંપિ કહ આગઓ**
**કહંગમિહિ**
**અન્નુન્નંપિ ન યાણુ હ, જીવ કુટુંબં કઓ તુજ્ઝ ।૩૧।**

હે આત્મન્ ! જેના ઉપર તને ઘણો ઘણો મોહ છે. જેથી તેને તું મારાં મારાં કરે છે. કઈ ગતિમાં જશે. અરે તું પણ કઈ ગતિમાંથી આવ્યો છે અને કયાં જઈશ. કોઇ નારકીમાંથી, કોઈ દેવ ગતિમાંથી, કોઈ મનુષ્ય ગતિમાંથી, કોઈ તિર્યંચ ગતિથકી આવ્યા, અને ધર્મશાળાના મુસાફરોની જેમ ભેગા થયા... કર્માનુસારે સુખદુઃખના અનુભવો કરી કર્માનુસારે પરભવમાં જાય છે.

તું તારા માતા–પિતા–પત્નિ પુત્ર પરિવારને રાખવા માટે અધિક અધિક પ્રયત્નો, ઉપાયો કરીશ, અથવા તને તે લોકો રાખવા પ્રયત્ન કરશે તો કોઇ પણ રહી શકવાના નથી. જે મારું નથી તેને મારું માનવું એ મિથ્યા છે. તેમ તેને રાખી મૂકવા નહિં જવા દેવા એ નરી અજ્ઞાનતાનું પ્રતિક છે. વાસ્તવિક તારૂં તો તારા આત્મામાં રહેલા સમ્યગુ દર્શન, સમ્યગ જ્ઞાન, સમ્યગ ચારિત્ર એજ તારા ગુણો છે. માટે તે ગુણોને તું ભૂલ્યો છે તેને તું યાદ કર, ખરેખર વાસ્તવમાં કુટુંબમાં આત્મા–તેના ગુણો સિવાય કોઈ જણાતું નથી, આત્માર્થી બનેલો આત્મા આત્મ ગતગુણો સિવાય અન્ય તરફ લક્ષ્ય રાખતો નથી.

**ખણભંગુરે શરીરે, મણુઅભવે અબ્ભ પડલ સારિચ્છે**
**સારં ઇત્તિયમિત્ત, જં કીરઈ સોહણો ધમ્મો ।૩૨।**

હે આત્મન્ વાયરાથી મેઘનો સમુહ વિખરાય તેમ ક્ષણે ક્ષણે નાશ પામતા આ મનુષ્ય ભવના શરીરનો સાર એ જ છે કે **દેહસ્ય વ્રતધારણં ચ** વ્રતાદિધારણ કરી જિનોક્ત ધર્મનું સુંદર આરાધન કરવું જોઈએ. જેમ કોઇ ઘર ચારે તરફથી સળગતું હોય તો તેમાંથી તમો સારભૂત વસ્તુ પદાર્થ ચીજોને ગ્રહણ કરો છો તેમ આ શરીર પણ ચારે તરફથી ક્ષય પામતું છે. તો તેનાથી સારભૂત ધર્મ આચરણ થાય તેજ ખરો સાર છે. આહાર મૈથુન, પરિગ્રહ, સુખ તરફની દોટ એ જન્મારો વ્યર્થ જશે. ફરી ફરી આ માનવ ભવ મળવો મુશ્કેલ છે માટે વ્રતોનો આદર કરી આત્મ સાધના કરવી, દેવલોકના મોટા મોટા આયુષ્યવાળા શરીરો અંતે છોડવા પડે છે, છોડયા પણ છે તો આ મનુષ્યનું શરીર ઘણું ઘણું તો સો વર્ષ સુધીનું ગણાય છે, શરીરનો ઉપભોગ ધર્મ–તપ જપ વ્રત માટે ન કરતાં સંસાર ભૌતિક સુખોના ઉપભોગ માટે કર્યો તો તેનું પરિણામ શું ?

ઘણા કાળે પણ જેના પરિણામે દુઃખ વેઠવું પડે, તેને સુખ કેમ કહેવાય ! ન કહેવાય, જે કારણ માટે મરણ પછી નરકાદિગતિ રૂપ સંસારમાં પરિભ્રમણ કરવું પડે તે સુખ જ ન કહેવાય, ચારગતિરૂપ સંસારનો અનું

બંધ જેથી થયા કરે તે સુખ જ નથી સંસારનો છેદ થાય તે વાસ્તવિક સુખ છે. તે માટે જ આ શરીરનો ઉપભોગ કરવો જ જોઇએ. વૈક્રિય શરીર કે આહારક શરીર ચારે ગતિના છેદમાં કારણ ન બનતાં ઔદારિક-શરીર જ કારણ રૂપ છે. માટે આ પુણ્યોદયે મળેલા ઔદારીક શરીરનો ઉપભોગ કર્મ નિર્જરા માટે કરવો જોઇએ. આ ચારગતિરૂપ સંસાર સડબડતો છે, જે કરવા જેવું, સાધવા જેવું, પામવા જેવું આ શરીરથી પામી જાઓ. અન્ય પામી જાય તે રીતે વર્તો.

કચ્છના લાખાજીરાવ હિંચકે બેઠા બેઠા પોતાની યુવાનવયની પ્રતિકૃતિ સામે ભીંત ઉપર જોઈ રહ્યા છે. યુવાનવયનું ચારચાંદે ખીલેલું, દાગીનાઓથી શોભતું, શરીર ત્યારે વર્તમાનમાં આરીસામાં પ્રતિકૃતિ જોવે છે તો કરચલીઓ પડી ગઇ છે, તેજ હણાઈ ગયું છે. જોમ રહ્યુ નથી બાલ્યાદિ ત્રણે અવસ્થા આ આત્માની હતી. બાલ્યાદિ ત્રણનું જ્ઞાન આત્મા એકને થાય. આત્મા નિત્ય છે, પર્યાય અનિત્ય છે. માટે આ માનવભવની પર્યાયનો સમય કિંમતી છે, સ્વાધ્યાય, જ્ઞાન, ધ્યાન, પૂજા, પ્રતિક્રમણાદિ, ભક્તિ, મનન દ્વારા આત્મમય બની જાઓ.

**જમ્મદુક્ખં જરાદુક્ખં, રોગાય મરણાણિય**
**અહો દુક્ખો હું સંસારે, જત્થ કીસંતિ જંતુણો ।૩૩।**

હે ભાગ્યવાન્ ! આ સંસારમાં દુઃખ જ જણાય છે. જન્મનું જરાનું, રોગનું, મરણનું દુઃખ-જન્મ થવો

પૂર્વે કરેલાં કર્મોનું જ ફળ છે. જન્મ-મરણના દુઃખનું વર્ણન પાંચમા શ્લોકમાં યત્કિંચિંત જણાવેલ છે.

જન્મ પૂર્વકૃત પુણ્યનું ફળ છે. જન્મ અને મરણ વચ્ચે વૃદ્ધાવસ્થાનું તથા રોગાદિનું દુઃખ આવવાનું જ છે, દેવતાને ઘડપણ આવે જ નહિં. જાણે હમણાં જ ઉત્પન્ન થયા છે, બે ઘડીમાં બત્રીસ વર્ષના યુવાન જોધ અને તે અંતિમ સમય સુધી એ પરિસ્થિતિમાં રહે...

જન્મનું દુઃખ=મૃત્યુનીગોદમાં સમાયેલીયુવાની પછી ઘડપણના દુઃખ ઘણા ઘણા છે. ઈન્દ્રિયો શીથીલ થઈ ગયા પછી પ્રતિકુળતા ભોગવી શકાતી નથી, મનનું બળ પણ નબળું પડી જાય તેથી તન ઉપર પણ ભારે અસર થાય છે. માનવનું જીવન જરા મરણથી ઘેરાયેલું છે.

જે યુવાનીમાં સુખ કહી શકાય તે અવસ્થામાં પણ કંઈક પ્રકારે દુઃખ હોય છે. ત્યારે વૃદ્ધાવસ્થામાં સુખની આશા રાખવી એ વ્યર્થ છે. છતાં તે અવસ્થામાં સુખ ભોગવવાની આશા જતી નથી. કહ્યું છે કે

અંગ ગલિતં પલિત'મુણ્ડં, દશનવિહિનં જાતંતુણ્ડં
વૃદ્ધોયાતિ ગૃહીત્વા દંડં, તદપિન મુંચત્યાશાપિંડં.

અંગ ગળી ગયું હોય, મસ્તક મૂંડાઇ ગયેલા જેવું હોય, પળીયા આવેલા હોય, દાંત ન હોય, એવો વૃદ્ધ દંડને ગ્રહણ કરીને પણ આશાના પિંડ માટે ગલીએ ગલીએ શેરીએ ભમતો હોય છે......

શાસ્ત્રમાં કથન છે કે વૃદ્ધાવસ્થામાં સુખ ભોગવવાનું

મુખ્ય સાધન જે શરીર, તે નિર્બલ, રોગી, કદ્રુપુ થઈ જાય છે. હાથ પગ અંગ થર થર ધ્રુજે છે. આંખ, કાન, નાક, દાંત કંઈ કામ કરી ન શકે. જેથી અન્ય લોક આદર ના બદલે અનાદર કરે, કોઈને કહી શકાય તેવું મોઢું પણ કરમાઈ ગયું, તે અવસ્થામાં નાનું સરખું કામ પુત્ર, પૌત્ર, પુત્રવધુને, કોઈને કહેતો ત્યારે પ્રત્યુત્તર એમ મળે કે તમારા માટે અમને કંઈ ટાઈમ નથી, છાનામાના ખાટલામાં જ પડયા રહો, વ્યર્થ લવારો કરવાનો બંધ કરો ?

ઘડપણનું દુઃખ છે અતિ મોટું, કહ્યું કોઈ ન કરે રે,
ડગમગતો લાકડીએ હીંડે, શ્વાસ ચઢે ભરપૂરો રે ॥

આ વૃદ્ધાવસ્થામાં ન સાંભળી શકાય તેવા વેણ સાંભળવા પડે, મનમાં ને મનમાં શોષાવું પડે. યુવાનીમાં રાખેલી આશા કે આ પુત્રો-તથા પૌત્રો મારી સેવા ચાકરી કરશે, મને સાચવશે પણ તેના કરતાં વિપરીત પરિસ્થિતિ જોતાં. અનુભવતાં ઘડપણમાં આંખમાંથી અશ્રુ વહેતાં વાર લાગતી નથી દીકરાની વહુઓ મેણા-ટોણા મારે કે ડોસો મરતો નથી અને માંચો છોડતો નથી. આવા વખતે કર્મ સંયોગે પત્ની પણ વેગળી થતાં વાર લાગતી નથી.

કૌશાંબી નગરીમાં ધનથી સમૃદ્ધ ધન નામના સાર્થવાહને ઘણા પુત્રો હતા, ઘણી મહેનત કરી કરીને ધન ઘણું ઉપાર્જન કર્યું. સઘળુ ધન દુઃખીજનો, સ્વજનો, બંધુઓને, મિત્ર, સ્રી, ભાઈ આદિ માટે વાપર્યું. સમય વહેતો ગયો... સમય આવે વૃદ્ધાવસ્થા પામ્યો. પુત્રો પોતાના

ઉપકારી પિતાને ઉપકારી તરીકે વર્ણવતા, અમો જે કઇ આગળ વધ્યા છે. તે ઉપકારીશ્રી પિતાનો ફાળો છે. તે ઉપકારીની સેવા પુત્રવધુઓ વિગેરે સૌ સારી રીતે કરતા હતા. પણ સમય સમયનું કાર્ય કરે છે. ઇન્દ્રિયો કામ કરતી અટકી ગઈ, સર્વ અંગ કંપાયમાન થવા લાગ્યા, નેત્રાદિકમાંથી પાણી નીકળવા લાગ્યું. ત્યારે તે સ્ત્રીઓએ સેવા વધુ કરવી જોઇએ તેના બદલે સેવા ઘટાડતી ગઇ. વળી એમ બોલવા માંડી કે આ ડોકરાનું વૈતરૂં અમારે કયાં સુધી કરવાનું ?

પુત્રો પત્નિઓને સમજાવી કામ લેવા લાગ્યા. પણ બે દિવસ પછી જેમ તેમ બકવાદ ચાલુ કર્યો, બધી વહુઓ ભેગી થઇ પોતાના પતિને કહે. અમો આ ડોસાની સેવા હવે કરવાના નથી. તમારે કરવી હોય તો કરો, માણસ રાખીને સેવા કરાવો.

પુત્રોએ માણસ રાખી સેવા કરાવવા માંડી પુત્ર પૂછે છે કે હે પિતાજી હવે સેવા બરાબર થાય છે ને ! વૃદ્ધ પિતાએ જણાવ્યું કે મારું મન જાણે છે. મારે કંઈ કહેવાનું રહ્યું નથી. ડોસાની વાત સાંભળી વહુઓએ પોતાના પતિને ચઢાવ્યા. જુઓ ..અમારું તમે સાંભળતા નહોતા...હવે સાંભળો...આ ડોસાની ઘણી ઘણી સેવા કરી પણ અમારી-તમારી સૌની ફજેતી કરતો હતો...દીકરાના કાનમાં ઝેર રેડ્યું....પરિણામ એ આવીને ઉભું કે દીકરા પણ ખબર કાઢતા બંધ થયા...ચારે તરફના દુઃખથી

કંટાળેલા વૃદ્ધ ડોસા બૂમો પાડવા લાગ્યા...ઉંચા અવાજે રડવાં લાગ્યા...

સ્રીઓ વિચાર કરે કે સસરાને ખાવાનું પચતું નથી. જે તે ખાય છે. ચૂંક આવતી હશે એમ માની સેક કરવા માંડી. ગરમ ગરમ કપડાંને દેવતાનો શેક કરી ચોંટાડવા લાગી...પણ વાસ્તવમાં તે હેરાન કરવા માટે શેકે છે; વૃદ્ધ ડોસા ના પાડે છે છતાં પરેશાન થાય તેમ વધુને વધુ ગરમ કરીને દઝાડે છે. અંતે તે વૃદ્ધાવસ્થાને પામેલા બાપ આર્ત્તધ્યાનમાં રીબાઈ રીબાઇને મરે છે. વૃદ્ધાવસ્થાને પામેલા આત્માને સેવા કરનાર કોઈ મળતું નથી ત્યારે તે વૃદ્ધ તિરસ્કાર પામતો હોય છે. તેમનું જીવવું, આયુષ્યપૂર્ણ કરવું તે કેવળ કષ્ટ જ છે. ભર-દરિયામાં નાવ તુટે અને નાવમાં બેઠેલાને જે દુઃખ થાય તેથી વિશેષ દુઃખ વૃદ્ધાવસ્થાવાળાને સહાયતના અભાવે થાય છે. વૃદ્ધાવસ્થાના દુઃખ કરતા મરણનું દુઃખ અત્યંત કારમું છે. માટે કહ્યું કે

સવ્વે જીવાવિ ઇચ્છંતિ જીવિઉં ન મરિ જઉં,
તમ્હા પાણિવહં ઘોરં, નિગ્ગંથા વજ્જયતિણં ॥

સર્વે જીવો જીવવાની વાંછા કરે. પણ મરવાનું કોઇ ઇચ્છતું નથી. એટલા જ માટે પ્રાણિ વધ ન જ કરવો એમ ઋષિમુનિઓ આપ્ત પુરૂષો કહે છે માટે જરૂર આશ્રવનો ત્યાગ કરવા પૂર્વક જિનકથિત ધર્મનું આરાધન કરવા ઉધમ કરવાનો છે.

**જાવ ન ઇંદિયહાણી, જાવ ન જરરક્ખસિ પરિપ્ફુરઇ ।**
**જાવ ન રોગ વિઆરા, જાવનમચ્ચૂ સમુલ્લિઅઈ ॥૩૪॥**

હે જીવ ! જ્યાં સુધી ઇન્દ્રિયો ક્ષય થઈ નથી, જરારૂપી રાક્ષસી પ્રગટ થઈ નથી, રોગ વિકાર ઉભા થયા નથી, જ્યાં સુધી મૃત્યુ આવ્યું નથી. ત્યાં સુધીમાં ધર્મ આરાધન કરવું હિતાવહ છે.

આંખ, નાક, કાન, જીભ, હાથ, પગની શક્તિ છે. તેવી મજબુત પરિસ્થિતિમાં અભયદાનાદિ ધર્મપૂર્વક આત્મ આરાધન થનાર છે. ઇન્દ્રિયો શીથીલ ક્ષીણ થશે ત્યારે ધર્મભાવના હશે તે પણ આરાધી શકતો નથી. શત્રુઓ નગરને ઘેરી લીધા પછી તારી તાકાત કેટલી ? માટે જ્યાં સુધી શત્રુઓરુપી રોગના વિકારોએ તને ભરડયો નથી ત્યાં સુધી આત્મશોધની પ્રવૃત્તિ કર. કાલે કરીશ, કરીશ, પાંચ વર્ષ પછી કરીશ, ઘરડો થઇશ ત્યારે કરીશ, પછી હાલ તો આ યુવાની દીવાનીના ખેલખેલવા દે...પણ ત્યારે આત્મશોધની શક્તિઓ ક્ષીણ થશે તે વખતે શું કરીશ. માટે આ યુવાની યાને હિન્દિમાં જોબન ને સમજ–સારા બનવાની, સારા થવાની કોશિષ કર રાત દિવસ પરલોક સુધારવાની ચિંતા કર, આગ લાગે ત્યારે પાણી લેવા ન જવાય કે કુવો ન ખોદાય એ તો હંમેશાં પૂર્વ તૈયારી હોય જ. પાણી આવતાં પહેલા પાર બાંધવી... જેથી એ પાણી આપણને ખેંચી ના જાય માટે પ્રમાદ છોડીને ધર્મ આરાધનમાં અપ્રમત્ત બન.

**જહ ગેહંમિ પલિતે, કુવં ખણિઉ ન સક્કએ કોઇ।**
**તહ સંપત્તે મરણે, ધમ્મો કહ કીરએ જીવ ॥૭૫॥**

હે ભવિક ! ઘર સળગવા લાગ્યું હોય ત્યારે કોઈ કૂવો ખોદાવવા માટે સમર્થ ન થાય તેમ મરણ અવસરે ધર્મક્રિયા-ધર્મ કેવી રીતે આરાધી શકાય.. આખી જીંદગી કર્મ સંસારમાં રચ્યો પચ્યો એવા આત્માને મૃત્યુ વખતે શું ધર્મ યાદ આવશે ખરો. ધર્મ સાંભળશે. મૃત્યુ સમયે ધર્મ ને આરાધવો હોય તો ધર્મમય જીવન પસાર કરવુ પડશે, પંડિતમરણ પામવું કઠિન છે !

વ્યાપારાદિમાં, રમતગમ્મતમાં, ક્રિકેટાદિ મેચોમાં જય વિજય મેળવવા માટે પ્રેકટીસ ઘણી રીતે માંગે છે. તે પ્રેકટીસ બરાબર હોય અને પરીક્ષા સમયે સાવધાન હોઈએ તો જરૂર જય મળે છે. તેમ મૃત્યુને જીતવા-અર્થાત્ હસતા હસતાં જવા માટે ખૂબ જ પ્રેકટીસ માંગશે. પ્રથમથી ધર્મ આત્મ સાત કરવો પડશે કે આ શરીરાદિ અનિત્ય પદાર્થો સાથે મારે મેળ નથી, સ્વજનાદિ પરિવાર એ મુસાફરખાનામાં જુદીજુદી જગ્યાએથી આવેલા છે. એમ સમજીને અરિહંત પરમાત્માનો માર્ગ આરાધીશું.

મૃત્યુને જીતવા માટે આત્માએ સંસારપર થવાની જરૂર છે, રાગાદિ ઘટાડવાની જરૂર છે.. મરણ વખતે હૈયામાં રુદન, દુઃખ કે આર્ત્તધ્યાન થાય તો સમજવું કે મૃત્યુને જીતી શક્યા નથી! મૃત્યુની ભયંકર વેદના વખતે શરીર વિગેરે શરણ ન લાગતાં **અરિહંતાદિ** જ શરણુ લાગે તો સમજવું કે મૃત્યુ એ મહોત્સવ બની

જાય તેમ મૃત્યુને મહોત્સવ બનાવવા માટે સંતોની, ગુરૂભગવંતોની, પરમાત્માની વાણીને આત્મ સાત કરવી પડશે. એ આત્મ સાત થયેલી વાણીથી મરણને પણ જીતી શકીશું માટે હે આત્મન્. આગ લાગે ત્યારે કુવો ખોદવા ન જવાય પણ પ્રથમથી જ તૈયારી કરવી જ જોઇએ !

**રૂવમસાસયમેયં, વિજજુલયા ચંચલં જએ જીઅં ।**
**સંઝાણુરાગસરિસં, ખણરમણીયં ચ તારુન્નં ।૩૬।**

હે આત્મન્ આ શરીરનું જે સૌન્દર્યપણું તને દેખાય છે તે શાશ્વત નથી. વીજળીની લત્તા જેવું ચંચળ જીવન છે. અને મનોહર જુવાનીનો રંગ સંધ્યાકાળના નાના પ્રકારના રંગ સદેશ, ક્ષણમાત્ર સુંદર જણાતું છે. માટે "અનિત્યાનિ શરીરાણી" જણાવ્યું છે.

ભાઈ, આ શરીર આકાશની લીલાનો અનુભવ થાય. જેમ વાદળાં અચોક્કસ તેમ તેવું શરીર, તેનો ક્ષણવાર પણ ભરોસો કરી ન શકાય, તેમ ભારે આકરાયૌવનથી છકી ગયેલું આ શરીર શું વિદ્વાનોના મહોદય માટે થાય ?

અરે ભાઈ ! આ જોબન (યુવાની) છે. તે તો બ.રેખર કુતરાની પૂંછડી જેવું વક્ર છે. તેમ છતાં જોતજોતામાં ખલાસ થઈ જાય તેવું છે. યુવાનીને વશ પડયા તે મંદ બુદ્ધિવાળા થઈ જાય છે અને કડવા કટુ ફળને પામતા હોય છે, ઘડપણ જે ત્રણ ભુવનમાં જીતી ન શકાય, વશ ન કરી શકાય તેવું છે. તે શરીરગત સાર સાર પી જાય છે. તેથી આ શરીર નિરસ, રસવિનાના ખોળ જેવું થાય

છે. તો પણ લાજ–શરમ-મર્યાદા વગરનું પ્રાણીનું મન જોવા, સ્પર્શવા, કે સૂંઘવા ન ગમે એવા કામદેવના ચસકાને–એના વિકારોને છોડતું નથી. !

ભાઇ–તારા આ નાશવંત શરીર ઉપર ખૂબ મોહી રહ્યો છે. એને જરા અગવડ પડતાં ગાંડો–ઘેલો થઈ જાય છે. અને દોડાદોડ કરવા મંડી પડે છે, બીજાને દોડાદોડ કરાવે છે. તે શરીરનો વિચાર કરીશ તો તને લાગશે કે આ શરીર મારૂં નથી. એ શરીર તો આકાશમા ચઢી આવેલા વાદળાંના જેવી રમત કરનારૂં છે.

તેં કોઈ દિ વાદળાંનો અભ્યાસ કર્યો છે. એને પવનનું દળ કહેવાય ! ચોમાસામાં નાનું વાદળું આવે અને સખત પવન આવે તો તે વાદળું વરશે અથવા માઈલોના માઈલ દૂર ચાલ્યું જાય, એ વાદળાંનું કંઇ ઠેકાણું નહિં, ધોરણ નહિં, ચોકસાઇ નહિ, તેથી તેના ઉપર આધાર રખાય નહિં...અથવા સારી રીતે પોષણ કરેલું શરીર વરસ્યા વિના જાય વાદળાં તેમ તેનો ભરોસો રખાય નહિં.

આ શરીર યૌવનના જોરથી ઉદ્ધત બનેલું છે. માતેલા સાંઢ કે મદઝરતા હાથીનો ભરોસો શું ? યુવાની ના મદમાં પ્રાણી કેવા કેવા કર્તવ્યો કામો કરે છે તે નવું જાણવાનું નથી...ક્ષણ ભંગુર નાશવંત એવા યુવાનીમાં નાથ વિનાનું બને છે. ત્યારે પશુ કરતાં અસ્તવ્યસ્ત જીવન બને છે. માલિક વિનાના બળદિયા જેવું !

**ગય કન્ન ચંચલાઓ, લચ્છીઓ તિઅસચાવ સારચ્છં,**

**વિસયસુહં જીવાણં, બુજ્ઝસુ રે જીવ માબુજ્ઝ ।૩૭।**

બાહ્ય લક્ષ્મી–સંપત્તિ હાથીના કાન જેવી ચંચલ છે તેમ વિષયસુખ મેઘ ધનુષ્ય જેવા ચલિત છે માટે તેમાં મોહ ન પામતાં બોધ પામવું.

અભ્યંતર લક્ષ્મીના માલિક પાસે બાહ્ય લક્ષ્મી ઘણી ઘણી હોવા છતાં રાગાદિ માત્રા હોતી નથી. જ્યારે બાહ્ય લક્ષ્મી પ્રત્યે આકર્ષાયેલા આત્માને અભ્યંતર તરફ લક્ષ્ય નથી. બાહ્ય લક્ષ્મી વૈભવાદિ સર્વ અનિત્ય નાશવંત હોવા છતાં તેમ તેના પ્રત્યે કરેલા રાગાદિ કારણે દુર્ગતિમાં જવાનું બને છે. છતાં મૂઢ આત્મા ત્યાંથી વિરામ પામતો નથી...માટે કહે છે કે બોધ પામ.

હે જીવ! ઇન્દ્રિય જન્ય વિષયસુખ સાથે જેને દોસ્તી છે. તે તો ક્ષણ વિનાશી હોવાથી જોત જોતામાં હાથતાળી આપી જશે, વિષય જન્ય સાધનોથી તદ્દન અલિપ્ત થવાની જરૂર છે. આજના આ વિષમ વાતાવરણમાં વિષયસુખની ભૂખે પરાકાષ્ઠાએ પહોંચી છે જ્ઞાનીના કથનથી વિરામ પામી આત્મ સાધન કરવું હિતાવહ છે.

આગળના ભૂતકાળમાં નાની ઉંમરના યા ૨૦ થી ૨૫ વર્ષના વિદ્યાર્થીઓ ગુરુકુળમાં ભણતા હતા, તે ગુરુકુળો જંગલમાં હોવાથી નારી જાતિનો પરિચય થતો નહિ ત્યારે આજના સહશિક્ષણની સ્કુલોમાં કે કોલેજોમાં છોકરા

નોકરી સાથે બેસે છે, કપડાંના ઠેકાણાં નહિ જેથી તેનાં જીવનનાં ઠેકાણા કયાંથી હોઈ શકે ?

વિષયસુખ યા કામદેવનો જીતવો બહુ જ અશકય છે. કામદેવને જીતનારા આત્માની પાસે કોઈ બળવાન બની શકતું નથી. દેવો-દાનવો ગાંધર્વો યક્ષો રાક્ષસો, કિન્નરો પણ બ્રહ્મચારીને નમસ્કાર કરે છે. બ્રહ્મચારીને નમ્રવદને જણાવે છે કે. અમે મેરૂપર્વત જેટલો ભાર ઉપાડી એક ચપટી વાગે તેટલાં સમયમાં જંબુદ્વીપ ફરતા ત્રણ આંટા મારી પાછા આવીએ પણ બ્રહ્મચર્ય પાળવાની તાકાત શક્તિ અમારામાં નથી.

અબ્રહ્મ એ ઘોર પાપ છે. અધર્મનું મૂળ છે. મહા દોષનું પાત્ર છે. તેમના હૃદય અપવિત્ર, મલિન રહે છે. તે ધર્મ-ધનનો ક્ષય કરનારા અસંખ્યતા જીવોની હાની, તેમ પરિણામે દુર્ભાગ્ય, દુર્ગતિ, અને દુઃખના ભાજક બને છે. માટે અબ્રહ્મનો ત્યાગ કરવો એ જ શ્રેયઃ છે.

જેમ છાતીમાં બાણ વાગ્યું હોય તો કયાંય સુખ ન થાય, તેમ વિકાર વૃત્તિ, વિષયવૃત્તિ ઝેરી બાણ છે. નારીના નયન બાણમાં મહારથીઓ વીંધાણા, છે. મદારી પાસે મર્કટ નાચે તેમ કઠોરમાં કઠોર નર ભોગના ભિખારી સ્ત્રી પાસે નાચે. માટે તો કહે છે કે પુરુષ બહાર લાખનો પણ ઘેર આવે ત્યાં કોડીનો આ કહેવત છે.

ભગવાન કહે છે કે ગૌતમ! વિષયને આધીન થયેલા જીવો કામદેવની નાગચૂડમાંથી ચસકી શકતા નથી. સ્ત્રીના

સંસર્ગથી તદ્દભવ મોક્ષગામી મુનિવર શ્રી રહનેમિ લૂંટાઈ ગયા... તેમને તો તારક પરમાત્મા શ્રી નેમિનાથ ભગવાનનો યોગ સાંપડયો તો તેઓ પામી ગયા. આપણને શું તારકનો સયોગ થશે ખરો.. માટે અત્યંત સાવધાનીથી જીવન જીવો, તે માટે સ્ત્રી સંસર્ગથી દૂર રહો.

કુકડીનાં બચ્ચાંને જેમ બિલાડીનો ભય તેમ બ્રહ્મચારી આત્માને સ્ત્રીનો, અને સ્ત્રીઓને પુરુષનો ભય હોય. માટે ભગવાન પરમાત્મા ફરમાવે છે કે. જેના હાથ–પગ કાન–નાક વિગેરે કપાઈ ગયાં હોય તેવી સ્ત્રી ૧૦૦ વર્ષની બૂઢી હોય છતાં તેની પાસે બ્રહ્મચારીએ બે ઘડી પણ બેસવું નહિ...

વર્તમાન સમયની સમસ્યા ઘણી ગહન છે. આજના ચલચિત્રો, ટીવી, નોવેલોએ જીવનમાં આગ લગાડી છે. આજની પ્રમાદી સ્ત્રીઓ ઢાંકવા જેવાં અંગ ઉઘાડાં રાખે છે અને ઉઘાડા રાખવા જેવા અંગ ઢાંકે ! આ કેવી ઉંધી કરામત ! લજ્જાવાન, કુળવાન કે ખાનદાન બાઈ તો ઘણી મર્યાદાથી રહે.

આજે તો અગ્નિ તરફ પતંગીયું આકર્ષાય તેમ પુરુષોનાં મન સ્ત્રી તરફ આકર્ષાય તેવા ચોટલો, વેણી, અરે વાત શું કરવી ! યૌવનને આંગણે ઉભેલી યુવતીની ઉદ્દભટ વેશભૂષા માવતરો નજરોનજર ભાળતા હોય છતાં કંઈ કહેતા નથી, કંઈ કરી શકતા નથી.

જીવ જ્યારે વિકારી પરિણામવાળો થાય ત્યારે પોતે શું કરી રહ્યો છે, તેનું તેને ભાન હોતું નથી.. પોતાને

હાથે પોતાની ઉન્નતિ રૂપી ઈમારતની આધાર શીલાને હચમચાવી નાંખી નિર્બળ કરે છે. આત્મિક અતઃપતન નાખાડામાં પડે છે. કામવાસનાની અતૃપ્તિ શરીરનાં સર્વ અંગો ક્ષીણ કરી નાંખે છે. આ વાત અનંત જ્ઞાનથી અજાણી નથી. માટે જ વિષયસુખને વિષ ફળ બતાવ્યા.

અજ્ઞાની, વિષયલોલુપી, વિષયના પિપાસુના કર્મના ઉદયે પરમધામીઓ નરકમાં શું કરશે. તે ખ્યાલ નથી. નરકમાં લોઢાની પુતળી લાલચોળ કરી તેની સાથે આલિંગન કરાવે છે, ત્યારે એ જીવને અરેરાટી બોલી જાય તેવી તીવ્ર વેદના થાય છે. લગ્ન જીવનની ગ્રંથીથી બંધાયા એટલે મનસ્વીપણે કામ વાસના તૃપ્ત કરી વિષયાનંદ મેળવવાનો શું પરવાનો મળ્યો છે? એ માન્યતા ભયંકર ભૂલ ભરેલી છે.

આત્મા સન્મુખ નજર ન કરવાના કારણે વિષય સુખમાં લંપટ બનીને શાશ્વતા સુખને ધક્કો મારે છે. મસ્તકને કાપનાર જે બૂરૂં કરતો નથી તેનાથી વધારે અહિત પોતાનો જ આત્મા કરે છે. શત્રુ પણ આત્મા પોતે જ છે. માટે જીતેન્દ્રિય બનવું જ જોઈએ....

## જોબનનો કાળ એ તો સળગેલું આભલું

પગલાને કેમ હું ચલાવી લઉં...આત્મા યુવાની દીવાની છે. તેમાં ઉછળતું લોહી, પૌષ્ટિક ખોરાક, પોશાક પણ તેવા જ હોય, એમાં સંગ દોષ લાગે તેમાં મનને વશ રાખવું ઘણું આકરૂં છે. કાળાં માથાનો માનવી યુવાનીમાં સવળો પડે તો તે તરી જાય છે. જો અવળો પડે તો દુર્ગતિને નોતરે છે.

આજે તો ચલચિત્રોનો પવન જોર શોરથી વાયો છે. કોણ કોની સાથે કેવો કેવી રીતે પ્રેમ કરે છે. ઉઠાવી જાય અપહરણ થાય...બાલમગજમાં જલ્દી આ વિષ વાતાવરણ સર્જાય...સવારે ચાંલ્લો થાય. બપોરે લગ્ન થાય...સાંજે તો કોઈ નવી જ રામાયણ સર્જાયેલી હોય...આ વિષય-ભુજંગથી અલિપ્ત રહેનાર મહાનસુખી બને છે. પાણી જેમ સહેલાઈથી મોભે ચડે નહિં. પણ મોભેથી નીચે ઉતરવાના સ્વભાવવાળું છે. તેમ કુસંસ્કારો તરફ જીવનું ઢળવું જલ્દીથી થાય છે, કુસંસ્કાર કોઈને શીખડાવવા પડતા નથી. માટે કુસંસ્કારોને મારતા શીખો.

મર્કટસ્ય સુરાપાનં, તત્રવૃશ્ચિક દંશનં
તન્મધ્યે ભૂતઃ સંચારો, યદ્વા તદ્વા ભવિષ્યતિ

એક તો વાંદરાનો સ્વભાવ ચપળ હોય તેમાં દારૂ પીધો એટલે તોફાન વધે, આગળ વધીને વીંછીએ ડંખ માર્યો અને કોઠામાં ભૂત ભરાયું પછી બાકી કંઈ રહે ખરૂં ? તેમાં વાંદરા જેવા મનવાળા મનુષ્યો ચલચિત્રો જોઈને કેવા અનર્થો કરે છે. કોલેજ આદિમાં ભણતાં યુવાન યુવતિઓ કેળવણી પામે છે કે કોળવણી ! આજે લગભગ ૮૦ ટકા જેટલાં જીવો ચારિત્ર ગુમાવી બેસે છે. વધુ ન જાણવામાં મજા છે. બાકી ચારિત્ર શોભવું જોઈએ.

સચ્ચારિત્ર એ જીવનની સુવાસ છે. અને કુચારિત્ર એ દુર્ગંધ છે. ચારિત્ર હીનનો પડછાયો લેવાય નહિં.

આજે યુવાન દીકરીને શિક્ષક ભણાવે છે, અંતે કંઈ પરિસ્થિતિ થાય. શું પરિણામ આવે છે ! ગુરૂ સ્વામી

બની જાય માટે જ જ્ઞાનીઓએ એકાંતને ખરાબ કહ્યું છે. એકજ હિંડોળા, યા કોઈ પાર્ટીમાં, પ્રસંગે પાત પત્ની પતિનામિત્ર સાથે બેસવું, ઉઠવું એ પણ અનર્થનું કારણ બનતા વાર લાગતું નથી...

આજે એવા સૌભાગ્યશાળી, પુણ્યવંતા જીવો છે કે પડોશમાં કોણ રહે છે તે પણ જાણતા નહિ હોય, આવા સચ્ચારિત્રવાળા લોકો જેમ સૂર્ય સામે દૃષ્ટિ ફેંકાય કે તરત નજર પાછી ખેંચી લે છે. તેમ કોઈ પરસ્ત્રી ઉપર નજર જાય કે તુરત જ પાછી ખેંચી લે છે.

**'પરધન પથ્થર સમાન, પરસ્ત્રી માત સમાન**

બ્રહ્મચારી સાધના કરે તો ત્રણ દિવસમાં કાર્ય પાર પમાડે. ત્યારે અબ્રહ્મવાળા ઘણા વર્ષે પણ પાર ન પામે? બ્રહ્મચારીનું વચન પ્રમાણ બનતું હોય છે, ભૂતકાળમાં અડધી રાતે કોઈ બાઈ અકેલી ભૂલી પડી હોય તો તેની ચિંતા ન હતી સંવત ૧૯૪૮ થી ૧૯૪૯ ની આજુબાજુ ની સાલનો એક પ્રસંગ યાદ આવતાં કહે છે કે અકેલી અટુલી ભૂલી પડેલી બાઇ ઝપાટાભેર રસ્તો કાપતી હતી ત્યારે ભૂપત બહારવટીઓ તે રસ્તે ઘોડાની સ્વારીએ જતો હતો ત્યારે ભૂપતે કહ્યું કે બેન ! તને કંઇ બીક લાગતી નથી. ત્યારે બાઈએ કહ્યું કે અમારા દેશમાં અમારી ભૂમિ ઉપર જ્યાં સુધી ભૂપત બહાર વટીયો વસે છે. ત્યાં સુધી અમને કોઇ જ ચિંતા નથી... વિચારો ભાગ્યશાળી... ભૂત કાલના બહારવટીયા પણ પરસ્રીને માત સમાન માનતાં હતા. આજની પરિસ્થિતિને વર્ણવાની જરૂર નથી.

ભગવાન મહાવીર મહારાજાએ પાંચમા આરાના જે ભાવો ભાખ્યાં છે. તે દર્શાય છે...ફક્ત અઢી હજાર વર્ષ વ્યતીત થયાં છે...કેવો કાળ, કેવો કાળો કેર વર્તાયેલો દેખાય છે...આ દેશનું કેવું ભયંકર પતન થઈ રહ્યું છે. રાવણ ત્રણ ખંડનો ધણી હોવા છતાં તે તેના માટે તણ-ખલા સમાન હતું...

બ્રહ્મદત્ત ચક્રવર્તિના પૂર્વભવમાં જે ચિત્ર અને સંભૂતિ બે ભાઇઓ હતા...બ્રહ્મદત્ત ચક્રી બનનાર હોવા છતાં સાતમીએ જવા યોગ્ય કર્મ બંધનના પાશમાં લપે-ટાતા લપેટાતાં નરક વિષે જાય છે. જ્યારે ચિત્ર તરીકે તેના ભાઈ કર્મબંધનથી મુક્ત થવાના વિચારોથી કૈવલ્ય પ્રાપ્ત કરે છે. ચંડાલને ઘેર જન્મ પામી ચૂકેલા ચિત્ર સંભૂતિ ઘણી શક્તિવાળા હોવા છતાં આગળ યશ પામી શક્તા નથી. નમુચિનામનો રાજાનો અંગત પ્રધાન રાજ. રાણીમાં મોહિત બની કામ રાગના સ્નેહથી બંધાયો છે. સમય ઘણો વ્યતિત થયો. કામની અંધતા ઘણી વિચિત્ર છે.

દિવા પશ્યતિ નો ઘૂકઃ, કાકો નક્તં ન પશ્યતિ
અપૂર્વઃ કોડપિ કામાંધો, દિવા નક્તં ન પશ્યતિ ॥

ઘુડ દિવસે જોઇ શક્તો નથી, કાગડો રાત્રે ન દેખે પણ કામાંધ તો અપૂર્વ અંધ છે કે રાત દિવસ જોઈ શક્તો નથી. રાજાને ખ્યાલ આવી ગયો છે. તેથી ધિક્કારે છે. તેને, તેના યારને, કામદેવને તથા સ્વયં જાતને !

પ્રધાનના માટે મૃત્યુ સિવાય કંઈ નથી, જેને મેં

આશ્રય આપ્યો તે પ્રધાનને મારી રાણી સાથે જ વિકાર ભાવ પ્રાપ્ત કર્યો ! ચંડાલને બોલાવીને કહે છે આ નમુચિને વધ્યભૂમિમાં લઈ તેનો નાશ કરો. આ નમુચિને વિનાશ કાળે વિપરીત બુદ્ધિ જાગી છે. સોનાની હરિણી કોઈએ બનાવેલ નથી, કોઈએ પહેલાં જોઈ નથી. તો પણ રઘુનંદન રામચન્દ્રજીને જોવાની ઇચ્છા થઈ.

વળી કહ્યું છે—રાવણતળે કપાળ, અઠ્ઠોત્તરસો બુદ્ધિ વસે ।
લંકા ફીટણ કાલ, એકો બુદ્ધિ ન સંવરી ॥

લંકાનો વિનાશ કાલ-તથા લંકેશનો કાળ આવી પહોંચ્યો ત્યારે ૧૦૮ બુદ્ધિવાળાની બુદ્ધિ બહેર મારી ગઈ....

ચાંડાલે વિચાર્યું કે મારા ચિત્ર-સંભૂતિ ભણવા લાયક છે. કોઇ ભણાવશે નહિં. આ પ્રધાન ભણાવવાનું હા કહે તો તેનું રક્ષણ કરું. નમુચિને પૂછવામાં આવ્યું કે મારા બે પુત્રોને ભણાવો તો વધ કરીશ નહિ. અને રક્ષણ કરીશ... મરણથી ડરતાં પ્રધાને હા કહી ચાંડાલને ત્યાં ગુપ્તપણે રહી ચાંડાલપુત્રોને ભણાવવા લાગ્યો, બુદ્ધિવંતો થોડાજ સમયમાં શાસ્ત્ર પારંગત બન્યા, પણ કામી-વિકારી નમુચિએ પોતાની જાતને છાની ન રાખી. ચાંડાલપત્નિ સાથે પ્યારમાં ડૂબ્યો...અનુભવીઓએ જણાવ્યું છે કે શરીરે દુર્બલ કાણો, લંગડો, બ્હેરો, અંગેઅંગે ચાંદા પડયા હોય છે, પરૂથી ખરડાયેલો છે. જેનું શરીર હજારો કૃમિથી ઘેરાયેલું છે. એવો શ્વાન પણ જો કુતરીને

દેખે છે. તો તેની પાછળ જાય છે. દિલગીરીથી જ્ઞાની કહે છે કે કામદેવ મરેલાને પણ મારે છે. કામાંધ પ્રધાનની વાત ચાંડાલે જાણી. વિચારે છે કે, આ વ્યકિત ઉપર કરેલો ઉપકાર ભૂલી ગયો છે. તેને મારી નાંખવા માટે કરેલા વિચારોથી પુત્રોને ખ્યાલ આવી ગયો...

પુત્રો પણ સમજે છે કે ખરેખર આ મરણને લાયક છે. પણ આપણા વિદ્યાગુરુ છે. માટે રક્ષણ કરવું જ જોઇએ

હે પિતાજી ! આ દુરાચારી મહા અધમ હણવાને જ લાયક છે, તમારી રજા મળે તો સ્મશાન ભૂમિમાં કાર્ય પૂર્ણ કરી દઇએ. પિતાની અનુમતિ મેળવી પ્રધાનને લઈ પુત્રો દૂર ગયા... પ્રધાનને કહે છે કે તમે અમારા વિદ્યાગુરૂ છો. તેથી તમને છોડી દઈએ છીએ. ત્યાંથી નમુચિ પ્રધાન હસ્તિનાપુર આવે છે...સનત્કુમારનો નોકર થઇને રહે છે. ચિત્ર સંભૂતિ બન્ને ભાઇઓ સંગીત કલામાં ઘણા નિપુણ હતા. ચોકમાં સંગીત ગાય છે. વીણા વાગી રહી છે. તે નાદ સાંભળતાં ઘણી સ્રીઓ, પુરુષો આવ્યા. મૂર્છિત બન્યા. સ્રીઓ, લજ્જા છોડી, મર્યાદા છોડી ઘરના કામ મૂકીને આવે છે. અધૂરાં વિલેપન, આભૂષણ, શૃંગારમાં આગી છે. કપડાં પૂર્ણ વ્યવસ્થિત નથી ઘરના અધૂરં કાર્યો મૂકીને, છોકરાં પોતાના કે પારકાં છે. એમ જોયા વિના બગલમાં લેતી દોડતી દોડતી સાંભળવા આવે છે. સંગીતનો નાદ મલ્હારરાગ, યુવાન પુત્રોની શરણાઈ, મીઠું મધુર સંગીત એ દુઃખી માણસોને પણ આનંદ વિનોદ આપનાર છે. કામદેવનો અગ્રિમ દૂત છે.

સ્ત્રીઓ આ બન્ને ભાઈ પાછળ પાછળ ભમ્યા કરે છે. લોકજનોએ વિચાર્યું કે આ ચાંડાલ પુત્રોએ તો નગર ને મલિન કર્યું. જો તે વધુ વખત નગરમાં રહેશે તો આચાર તદ્દન નષ્ટ થઈ જશે તેથી શીઘ્રાતિશીઘ્ર પણે નગર બહાર મૂકી દેવા જોઈએ...તે પ્રમાણે રાજાએ નગર બહાર કરી દીધા...

બન્ને ભાઈ વિચારે કે આ કલાથી આપણને શું લાભ? કારણ કે કુલદુષિત છે તેથી કલા પણ દૂષિત થઈ તેથી આપઘાત કરવા માટે પર્વત ઉપરથી પડતું મૂકવાની તૈયારી કરે છે. તેટલામાં અવાજ સાંભળ્યો કે....અરે...તમે પડશો નહિ. ચોતરફ જોયું....ગુફામાં તપ કરતાં તપસ્વી મુનિને જોયા... મુનિના દર્શન-વંદન કરી બેઠા....મુનિરાજે તેમને માર્ગ શોધી આપ્યો કે સાચો માર્ગ જિનકથિત સંયમનો છે... બન્ને સાધુ થયા....ઉત્કૃષ્ટ તપ કરવા લાગ્યા...માસક્ષમણના પારણે સંભૂતિ મુનિ વહોરવા હસ્તિનાપુર ગયા...

ઘેર ઘેર ગોચરીએ વિહરતા મુનિને નમુચિ પ્રધાને જોયા....વિચારે કે આ ચાંડાલપુત્ર અહીં ક્યાંથી? કદાચ રખેને મારૂં ચરિત્ર રાજાને કહી દે શે તો શું? એમ કુવિકલ્પ કરી નોકર પાસે ગરદન પકડાવી તિરસ્કારપૂર્વક શહેર બહાર ધકેલ્યા...મુનિ વિચારે કે આ નમુચિએ શું આદર્યું! મરણથી બચાંવનારને તો અમે જ હતા? છતાં કંઇ જ શરમ તેને નહિં! અમે કોણ છીએ એ પણ ધ્યાનમાં આવ્યું નહિં, ક્રોધથી ધમધમી ઉઠેલા મુનિએ

તપના બળે પ્રાપ્ત કરેલી તેજો લેશ્યા છોડી...મુખમાંથી ધૂમાડાના ગોટે ગોટા નીકળવા લાગ્યા...નગર ધૂમાડાથી આચ્છાદિત થયું. લોકો એકઠા થઇ ગયા...સનતકુમાર ચક્રીએ આ વાત જાણતાં આકુળવ્યાકુળ બનેલા મુનિના ચરણોમાં નમ્યા, ક્ષમા યાચે છે....કૃપા કરો, શાંત થાઓ અને અમારું રક્ષણ કરો.

ચિત્રમુનિને જાણ થઈ કે તરત તેમની પાસે આવી શાંતસુધારસ પાન કરાવ્યું. સમતાને ધારણ કરાવી...શાંતિ સમતાને વરેલા મુનિ પાસે નમુચિ બોલાવી પગે લગાડયો. ...આપ કહો તે શિક્ષા કરૂં એમ મુનિરાજને ચક્રીએ જણાવ્યું...મુનિઓએ જણાવ્યું હે અમારે કંઈ જ વેર નથી...છતાં રાજાએ દેશ નિકાલ કર્યો.

જનપદ.. મુનિઓની, મુનિઓના તપની ભૂરિ ભૂરિ પ્રશંસા કરે છે મુનિઓએ જંગલમાં જઇ અનશન સ્વીકાર્યું .. જેથી નગરજનો . તથા ચક્રી પણ પરિવાર પૂર્વક વંદન કરવા જાય છે. ત્યારબાદ ચક્રીનું સ્રી રત્ન સુનંદા ઘણી ઘણી સ્ત્રીઓથી પરિવરેલી વંદનાર્થે આવે છે. સંભૂતિ મુનિના ચરણમાં ભક્તિ ભાવથી વંદના કરે છે. સહસા અચાનક અજાણતાં કાજલ જેવો શ્યામ સુનંદાનો ચોટલો (કેશપાસ) મુનિના ચરણમાં સ્પર્શ થાય છે. કેશપાસના સ્પર્શમાત્રથી અત્યંત કામરાગ ઉત્પન્ન થયો છે. તપના પ્રતાપે તપનું ફળ નિયાણા સ્વરૂપે પરભવમાં તેવી રૂપવંતી

પત્નિની ઇચ્છાથી નિયાણું કરે છે, ચિત્રમુનિએ ઘણા સમજાવ્યા છતાં ન સમજ્યા અંતે તે સ્વર્ગે જઇ બ્રહ્મદત્તચક્રી બનીને સાતમી નરકે ગયા.. ધિક્કારે છે એ કામદેવને ! ચિત્રમુનિએ કામદેવને તરછોડયો તો તેઓ કેવળજ્ઞાનની લક્ષ્મીને પામ્યા.. માટે હે જીવ શ્રી જંબુસ્વામીજીએ આર્ય સુધર્મસ્વામીનો સુયોગ મેળવી પર સાથે ધન-કંચન વિષયાદિને ત્યજી આત્મમાર્ગ પામ્યા તેમ તમો પણ ગુરૂજનોના સહયોગથી વિષય સુખથી વિરામ પામો, રાગમાંથી વિરાગ પ્રાપ્ત કર, વિરાગનો જન્મ મેળવી વિરાગી બની આત્મ કલ્યાણને સાધ...

વિષય કષાયમાં હું ફસ્યો, તૃષ્ણાનો નહિં પાર ।
સેવક સમજી સાહિબા, ઉતારો ભવપાર'

**જહ સંજાએ સઉણાણ,સંગમો જહ પહે અ પહિઆણું**
**સવણાણં સંજોગો, તહેવ ખણ ભંગુરો જીવ ॥૩૮॥**

સંધ્યા સમયે અનેક પ્રકારના અનેક પક્ષીઓ ચારે દિશા તરફથી આવીને એકઠા મળે છે. સમય થતાં સ્વયં પોતપોતાના સ્થાને ઉડીને ચાલ્યા જાય છે. તેમ આ સંસાર વિષે અનેકપ્રકારના જીવો ચારે ગતિમાથી મનુષ્ય-ભવમાં ભેગા થયા છે. કર્માનુસારે પુનઃ પરિભ્રમણ કરે છે. ભિન્નભિન્ન કક્ષાના સંબંધોથી સંબંધીત બનેલા આ જીવ અજ્ઞાનતાના કારણે મા, બાપ, પુત્ર, પુત્રી, પત્નિ વિગેરેને સાચો સંબંધ માનીને જીવ હેરાન પરેશાન થાય છે. માટે સત્યથી વેગળા એવા સંબંધ ઉપરનો મોહ ઉતારી આત્મ

સાધન કરે એ જ ખરો વૈરાગ્ય છે. સજાગ અવસ્થા વિના આત્મા વૈરાગી બની શકતો નથી.

સ્વજનાદિ સંબંધના રાગથી દુર્ગતિમાં જવાય છે માટે જ્ઞાની કહે છે કે જે પદાર્થ પર રાગાદિ કરવાથી દુર્ગતિ થાય તે પદાર્થ પર રાગાદિ કરવાજ નહિં...જે પદાર્થ પ્રત્યે રાગાદિ કરવાથી જિન બની જવાનું હોય તો તે પદાર્થ પ્રત્યે રાગાદિ કરવા તે પણ અંતે તો છોડવા જ પડશે ?

જે સ્વજનાદિ સંબંધો ખોટા છે. નાશવંત છે. છતાં તેના પ્રત્યેનું મમત્વ તું છોડી શકતો નથી, હે આત્મન્-અનુત્તર વિમાનમાં વસનારા દેવનું સુખ ઉત્કૃષ્ટ ગણાય તે પણ સમય પૂર્ણ થયે વિરામ પામે છે. તો આ સંસારમાં રહેલી કોઇ જ ચીજ તેથી વધુ સ્થિર નથી જ...

ચેતન–અને અચેતન સર્વ ભાવો સમુદ્રમાં આવતાં મોજાંઓની જેમ એકવાર ઉઠે. જામે અને પાછાશમી પણ જાય છે તેમ સગાં સંબંધી અને ધનનો સંબંધ ઇન્દ્ર જાળ જેવો છે. જે પ્રાણીઓ તદ્દન મૂઢ હોય તે જ એમાં રાચે છે–મગ્ન બને છે

**નિસાવિરામે પરિભાવયામિ,**
**ગેહે પલિતે કિમહં સુયામિ**
**ડજ્ઝંતમપ્પાણ મુવક્ખયામિ।**
**જં ધમ્મરહિઓ દિઆહા ગમામિ ॥૩૯॥**

હે, જીવ ! તું આત્મગત વિચાર કેમ કરતો નથી! ચાર ઘડી રાત બાકી રહે ત્યારે વિચાર કર કે હું ધર્મ

રહિત દિવસો પસાર કરું છું ધર્મવિમુખ બની જીવન જીવી રહ્યો છું, શરીરરૂપી ઘર પણ બળવા માંડયું તો પણ આળસ–પ્રમાદ છોડતો નથી. શરીર સાથે રહેલા આત્માના ગુણોનો ઘાત થશે તો સમ્યગ્ દર્શનથી વિમુખ બની મિથ્યાત્વપણાને પામીને જીવન હારી જઈશ...

હે જીવ! આ સંસારમાં અત્યંત પવિત્ર રૂચિ ઉત્પન્ન કરનાર સ્થાવર અથવા જંગમ ભાવો જાતે સુંદર હોઈને સવારના પ્રભાતમાં સકલ વિશ્વને મનમાં આનંદ કરાવનાર હોય છે. તે જ ભાવો પરિપકવદશા પામતો વિરસ થઈ જઈને તે જ દિવસે યાને સાંજે નાશ પામતાં ખલાસ થઈ જતાં દેખાય. છે. છતાં પ્રેતથી હણાયેલું આ મારું મન સંસારની પ્રેમની ગાંઠને છોડતું નથી!

ત્રસ અને સ્થાવર જીવોથી ભરેલા આખા જગતને યમરાજા એક ક્ષણ પણ અટકયા વિના ગળી જતો હોય છે. યાને કોળીયો કરી જાય છે. છતાં કદી ધરાતો નથી. ત્યારે તેની હથેળીમાં રહેલા આપણે આપણો અંત આવશે એ શું જાણતા નથી. માટે પ્રમાદને ત્યજી દિવસ રાત ધર્મને પામવા ધર્મી બનવા. આત્મગુણો વિકસાવવા ઉદ્યમ કર.

આ સ્વપ્ન સમ મિથ્યા જગતની, બાજી પણ સાચી નથી
તું તે તમે તેઓ બધા, નિશ્ચય ખરે એક દિન નથી. ।
મૃગજળ નિહાળી માની સરોવર, જળ પીવા હરણો ધસે,
તેમ જગતની અટવીમાંહી, રખડી તમે મરશો નહિં!

કવિરાજ તો કહે છે કે હે આત્મા તું ધનાદિ માટે તારા અમૂલ્ય રાત દિવસ બગાડીશ નહિં પણ આત્માની આરાધના કરી. આરાધક ભાવ મેળવવા માટે સમય પસાર કરજે.

દિવાની દુનિયા આખી, બની છે આજ પૈસામાં,
અમીરો ને ફકીરો, સૌ બન્યા ગુલતાન પૈસામાં.
જગતમાં માનવી આજે, ધરે છે ધ્યાન પૈસાનાં
અરેરે આ જમાનામાં, પવન બસ વાય પૈસાના !

ધન સ્રી પરિવારનાં રાગમાં મગન બનીને રાત-દિવસ પસાર કરી જીંદગી વ્યતિત થાય છે. પણ ધર્મ એ સાર છે. સત્ય તે જ છે.

ધર્મ ત્રિલોક ઢાલ છે, ધર્મ જ સાચો માલ છે.
ધર્મ વિનાની જીંદગી ભયભયનો સવાલ છે.
કોને ખબર છે કાલની, દેહ તણી દીવાલની !

માટે દિવસો ધર્મમાં જ પસાર કર...

**જા જા વચ્ચઇ રયણી, નસા પડિનિયત્તઈ,**
**અહમ્મં કુણમાણસ્સ, અહલા જંતિરાઈઓ ૧૪૦।**

જે રાત દિવસો જાય છે તે પાછા આવવાના નથી ગયેલી તક સમય પાછી મળી શકતી નથી. જે સમયમાં અધર્મ કરી રહ્યો છે તે સમય રાત દિવસ નિષ્ફળ છે... પ્રારબ્ધનાં ઘડતર મુજબ આપણે ઘડાયેલા છીએ, સુખ-દુઃખકર્મને આધીન છે. જે ખીલ્યું તે કરમાવવાનું, જે ઉગ્યો તેનો અસ્ત થવાનો માટે સમયને શફળ બનાવજે.

ખીલ્યાં પુષ્પો ખરી જાયે, જન્મ તેનું મરણ થાયે !
ઉદયનો અસ્ત એ ન્યાયે, **ભલા થઇને ભલું કરજો...**
સમય સરખા નથી સૌના, સદા તડકા અને છાયા,
વખત આવે જરૂર વહાલા, **ભલા થઈને ભલું કરજો...**

સંયોગ તેનો વિયોગ છે જ, મરણ ન થાય તે માટે કોશિશ કરવાની જરૂર નથી. પણ હવે જન્મ ન થાય તેની મહેનત કરવાની છે, મરણ પછી જન્મ ન લે તેવા આત્મા તો અનંતા સિદ્ધો થયા, ફરી જન્મ લીધો જ નથી, લેશે પણ નહિં, જન્મ છે તો જ રોગાદિ છે. માટે દિવસ રાત સફળ ત્યારે થયા કહેવાય કે જન્મીને અજન્મા બનવાની ક્રિયા કરીએ તો, તે માટે વિરાધનાથી મુક્ત બનીને આરાધના કરજે જેથી આરાધક બનીને કર્મ નિર્જરા કરતો કરતો કર્મથી મુક્ત બનીશ. દૂધ પાણીની જેમ આત્મા સાથે કર્મ ઓતપ્રોત થયેલ છે. કર્મસત્તાને ઉખેડવા માટે આત્માએ બળવાન બનવાની જરૂર છે તે સિદ્ધ કરવા માટે ધર્મસત્તાને આધીન થવું જ પડશે. ધર્મસત્તાને આધીન બનવાથી સંમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રની આરાધના થશે.

પુદગલશું રાચ્યો રહે, જાણે એહ નિધાન,
તસ લાભે લોભ્યો રહે, બહિરાત્મ અભિધાન !

પુદગલમાં (લાડી–વાડી–ગાડી) કુટુંબ શરીરમાં જે રાચ્યો રહે છે. તેના જ લાભમાં લોભાય છે. તેને બહિ-રાત્મ દશા કહેવાય. તે બહિરાત્મ દશાને છોડી અંત-રાત્મદશા પ્રગટાવવી જ પડશે...

પુદ્‌ગલ ખલ સંગીપરે, સેવે અવસર દેખ ।
તનુ અસક્ત જ્યું લાકડી, જ્ઞાનભેદ પદલેખ ॥

પુદ્‌ગલનો સંગ મળ સરીખો, દુષ્ટ સદશમાને એ તો શરીર પાસેથી અવસર દેખી કામ કઢાવી લે, શરીરે અશક્તિ આવે તો ન છૂટકે લાકડી રાખે, લાકડી રાખવી એ શરમની વાત છે.

અંતરાત્મ દશાવાળો પુદ્‌ગલનો સંગમાં ઉભો હોવા છતાં તેને ભેદ જ્ઞાન દર્શાતુ, અનુભવાતું હોય છે. તે આત્માની પસાર થતી ક્ષણો, સમય, કલાકો, દિવસે સફળ થયા એમ કહેવાય......

**જસ્સડત્થિ મચ્ચૂણા સખ્ખં, જસ્સ વડત્થિ પલાયણં**
**જો જાણે ન મરિસ્સામિ, સો હું કંખે સુએ સિયા ।૪૧।**

જેને મૃત્યુ સાથે ભાઈ ચારો છે. જે મૃત્યુથી નાશી જવાનો છે. જેને વિશ્વાસ છે કે હું મરીશ નહિં એવી વ્યક્તિ ધર્મ–ધર્મનું કાર્ય કાલે કરીશ એમ કહે...બાકીના આત્માઓએ તો ક્ષણે ક્ષણે ધર્મ આરાધવાનો છે....

અનાદિકાળથી આ યમરાજે અનંતાનો ગ્રાસ કરી નાંખ્યો. છતાં અગ્નિમાં ધાસલેટ નાંખવાથી જેમ અગ્નિ માફક તેની ભૂખ વધતી જ ગઇ. તેણે કેટલાના હૈયામાં વલોપાત કર્યો તેનો કોઇ આંકડો નથી, એના મુખમાં આવે એ તો વાત કરતાં બોલતાં બોલતાં બંધ થઈ જાય. પણ તારો સમય કયારે આવશે તેની ખબર છે ! શું

તારે તેની (કૃતાંત) સાથે દોસ્તી સંબંધ છે. કંઇ સગપણ છે. શું તારા ઉપર તેનો કંઈ પ્રેમ છે. મૃત્યુથી બચવાનો કોઈ ઉપાય કોઈએ બતાવ્યો હોય. યાને યમરાજે ખાત્રી આપી છે કે તને બાકાત રાખીને બધાનો કોળીયો કરીશ તો અમારી વાતો માનવાની કોઈ જરૂર નથી !

જેણે વિચાર્યું કે મારે આત્માને ઓળખવો છે. સંયમી બનવું છે. તે પછી સંસારમાં રોકાતો નથી. થોડા વખતમાં ઘણું કામ કરી લેવાનું છે. કમાણીના સમયે આળસ, પ્રમાદ, નિંદ ન જોઇએ.

આલસ્યં હિ મનુષ્યાણાં શરીરસ્યો મહારિપુઃ

આળસ પ્રમાદ છોડીને આ ભવ સાર્થક કરવો, તારે સુખી થવું છે, તું શાંતિને ઇચ્છે છે ! આ સંસારમાં ચેન નથી. અસાર સંસારને છોડી શાંતિના માર્ગને અપનાવી આરાધી લે...તું વિલંબ ન કર કોઇની પણ પ્રતીક્ષાની રાહ ન જો, જે આરાધવું છે, સાધવું છે, મેળવવા જેવું છે. તે માટે તું આરાધી લે...પામરાત્માની તથા અજ્ઞાની જીવની માફક સમય હારી ન જતો. પછી કરીશું તે વિચાર ન કરતાં શુભસ્યશીઘ્રં...શુભકાર્યમાં વિલંબન કરવો.

**દંડકલિઅં કરિત્તા, વચ્ચંતિ હુરાઇઓ અ દિવસા ય**
**આઉસ્સં સંવિલ્લંતા, ગયાવિ ન પુણો નિયત્તંતિ૪૨**

કાલરૂપી ચંડાલ તે રાતદિવસ ગમના ગમનના લસરકા દંડથી લગાડે છે. રાત દિવસ પસાર થતાં આયુષ્ય ઓછું થતું જાય છે. માટે હે આત્મન્ વીતી ગયેલો સમય પાછો આવવાનો નથી માટે ધર્મકાર્યમાં પ્રમાદ ન કરવો.

ધર્મકાર્ય આજે નહિં તો કાલે કરીશું પણ તને ખબર છે કાલે તું જીવવાનો છે? મૃત્યુને પોતાની આજ્ઞામાં રાખી શકતો હોય, મૃત્યુ આપણી આજ્ઞામાં રહેતું હોય તો કાલે ધર્મ કરીશ એમ કહેવું સાર્થક છે...આજે જે દિવસ છે. ફરી આપણા જીવનમાં ફરી કયારે આવશે ખરો ? માટે ધર્મકાર્યમાં પ્રમાદ ન કર.

કાળ એ કાળો નાગ છે, એ ભયંકર ઝેરી હોવાથી એનું ઝેર ઉતરે એવું નથી. એવી કોઈ કળા, ઔષધ, મંત્ર, તંત્ર, કે વિજ્ઞાન નથી કે જે આ નાગના ઝેરથી બચી શકે, આ નાગ કોઈને પણ છોડતો નથી.

તું તારા રૂપથી મલકાતો હશે, તને તારા સૌન્દર્યનું અભિમાન હશે, તારાં શરીર માટે ગૌરવ હશે, પણ બધું કયાં સુધી? ફણીધરના એક ઝપાટા સાથે સર્વ ખલાસ થશે, માટે ધર્મ પ્રવૃતિ કર. ધર્મ માર્ગે આગળ પ્રયત્ન કર...ઝૂરી ઝૂરીને મરે છે. ત્યારે ભાન થાય છે કે પહેલાં ચેત્યો હોત તો સારૂં તો આ વખત ન આવત... કાળ ધર્મથી ડરે છે. ધર્મસત્તાને આધીન બનેલાને કાળની અસર થતી નથી, કાળ પજવંતો નથી માટે જ જ્ઞાનીઓએ કહ્યું છે કે ધર્મના પ્રભાવે જન્મ જરા મૃત્યુથી રહિત થઈ શકાશે...તે માટે સંસારની ક્રિયામાં જે પુરૂષાર્થ તું કરે છે. તેટલો જ પુરુષાર્થ મનપૂર્વક ધર્મમાં આરંભે તો પણ કાળથી તું ગભરાઈશ નહિ પણ કાળ તારાથી ગભરાશે.

**જહેહ સીહોવ મિયંગહાય, મચ્ચુંનરં ણે હ હું અંતકાલે**
**નતસ્સ માયા વ પિયા વ ભાયા, કાલંમિ તંમિ સહરા ભવંતિ ॥૪૩॥**

હે આત્મા...વ્યવહારમાં કહેવાય છે કે સિંહ બળવાન પ્રાણી હોવાથી મૃગ (હરણ) ને પકડીને નાશ કરે છે. ત્યારે હરણને કોઇ બચાવી શકે ? સિંહ કરતાં બળવાન હોય તે જરૂર સાથ આપી શકે. પણ તે બળવાન સાથે મેળ હોય તો તેમ મૃત્યુ પણ આયુષ્ય પૂર્ણ થતાં સમય થતા લઈને જશે ત્યારે માતા, પિતા, ભાઈ, પરિવાર કોઈ રક્ષણ કરનાર નથી. ફક્ત ધર્મ રક્ષણ કરશે તે પણ ધર્મમાં ઓત પ્રોત બનેલા હોઈશું, ધર્મ એ મારૂં રક્ષણ કરનાર છે. એવા પૂર્ણ ભાવથી સંપૂર્ણ મમતાને ત્યાગીને ધર્મના શરણે જઇશું તો રક્ષણ થયા વિના રહેશે નહિ...

મૃત્યુ વખતે ધર્મના સંસ્કારોથી સિંચિત બનેલા આત્મા કર્મનિર્જરા ઘણી ઘણી કરવાથી જીવન ધન્યાતિ ધન્ય બનાવી દે છે. મૃત્યુ પામતાં પહેલાં એવું જીવન જીવી જા...જેથી મૃત્યુ આવતાં ગભરાટ ન થાય. અનંતા ભવો કરવાનો પ્રસંગ ન આવે...

કથન છે કે... પૈસા (ભૌતિક સુખ) મેળવવા માટે પુણ્ય જોઇએ. તેને છોડવા માટે વધુ પુણ્યની જરૂર પડે છે. તેના કરતાં જે સંસ્કારથી આપણી દુર્ગતિ થાય તે કુસંસ્કારને છોડીને મરવા માટે ગાઢ પુણ્યોદય જોઈએ...

કુસંસ્કારને મારીને મરવું છે...તે વિના મરવું જ નથી એવો આત્મગત નિર્ણય થવો જરૂરી છે. તો રક્ષણ થશે. જેથી ધર્મની શુભ ક્રિયામાં પુરુષાર્થ ઘણો થશે...માતા-પિતા, ભાઈ-બહેન પત્નિ-પુત્રાદિ કોઈ રક્ષણ કરનાર ન હોવા છતાં એમના પ્રત્યે રાગથી મૂંઝાયો તો પરિણામ બગડશે.. દુર્ગતિને નોતરૂં આપવાનું કરીશ નહિં...

અઢારે પાપ પૈકી પાપના સંસ્કારને લઈને મરનારની દુર્ગતિ વિના શું સંભવે ? સુસંસ્કારને લઇને મરનાર તિર્યંચ હોય તો પણ દેવલોક જ પામે.

ભાગ્યશાળીઓ ખ્યાલ તો હશે કે ભગવાન મહાવીર મહારાજાના વંદનાર્થે નીકળેલા પરિવાર પૂર્વક, સાજન માજન, ઠાઠ, રસાલાથી ભરપૂર શ્રેણીક **મહારાજા**...જન સમુદાય મુક્ત કંઠે બોલી રહ્યો છે... પ્રભુ મહાવીર પધાર્યા છે...દર્શનાર્થે સૌ જાય છે...પોતાના જ દ્રવ્યે બનાવેલી વાવડીમાં રાગ થઈ જવાથી માનવી દેડકો બન્યો છે... રાગ-મમતા, અભિમાન, તેમાં વળી વધુ ભયંકર, બિહામણા પાપ અઢાર પૈકી છેલ્લા ૧૩ પૈકીને કોઈ પણ પાપના સંસ્કારમાં મરે તેને સદ્દગતિ કોણ મેળવી આપે ?

દેડકાંને જાતિ સ્મરણ જ્ઞાનના પ્રભાવે ભગવાન મહાવીરના દર્શન કરવા જવાનું મન થયું. ધર્મ આરાધનમાં પુરુષાર્થની પ્રધાનતા અપનાવી... દોડી રહ્યો છે... મારુ શું થશે તે વિચાર ન કરતાં ફક્ત પ્રભુના દર્શને જવું છે...રસ્તામાં શ્રેણીકની સ્વારી આવે છે...પૈડા નીચે દેડકો

અજાણતાં આવી જતાં મૃત્યુ પામ્યો પણ ઉત્તમ સંસ્કારો પૂર્વક મરણ પામવાથી દેવલોકમાં જાય છે... રાગાદિ ભાવમાં ન મરતાં પ્રભુના દર્શનના ભાવમાં દેહ છોડયો તો ધર્મના પ્રભાવે દેવ ભવ મળ્યો... તેટલું જ નહિ... ધર્મના પ્રભાવે ભૌતિક રિદ્ધિ-સિદ્ધિ દેવીઓ, પલંગો, પંચવિષયભૂત સુખની સાધન સામગ્રી મળવાં છતાં દેવલોકના સુખનો અનુભવ ન કરતાં પ્રભુ મહાવીરના દર્શન ભક્તિ કરવા તે દેવ મૃત્યુલોકમાં આવીને ઉપસ્થિત થયો ભગવંતની ગૌશીર્ષ ચંદનથી અપૂર્વ ભક્તિ કરી.

તાત્પર્ય એ છે કે મરતાં પહેલાં પાપના વિચારોને મારીને મરવું છે. અને શુભ વિચારો પૂર્વક જ મરવું છે. તો તું તારી સાધના કરી શકીશ માટે કવિ લખે છે. કે હે મુગ્ધજીવ ! વિચાર આ સંસારમાં તારૂં કોણ છે ? સર્વે સગાં તુજને ત્યજી અથવા ત્યજીને તું જશે ?

વીતરાગ ભાષિત ધર્મ કેવલ, તે સમે સાથે જશે.
દુર્ગતિ કેરાં કૂપથી, તત્કાલ, તે જ બચાવશે ?

**જીઅં જલબિંદુ સમં, સંપત્તિઓ તરંગ લોલાઓ**
**સુમણિય સમં ચ પિમ્મં, જં જાણસુતં કરિજ્જાસુ ॥૪૪॥**

હે ભાગ્યશાળી, જીવન ડાભના અગ્રભાગ ઉપર રહેલા પાણીના બિંદુ સમાન ચંચળ છે. સંપત્તિઓ સમુદ્રના તરંગ જેવી ચંચળ તેમ સ્ત્રી પરિવારનો પ્રેમ સ્વપ્ન જેવો છે. ચંચળ શબ્દ સમજાવે છે કે સ્થિર રહેવાનો સ્વભાવ નથી પણ આવ્યા બાદ ચાલ્યા જવાના વિચારમાં જ હોય.

સ્ત્રી પરિવાર તો તેના સ્વાર્થ માટે સેવા કરે, સ્વાર્થ પૂરો થાય પછી તે પ્રેમ ઓસરી જાય છે. માટે પ્રમાદને છોડી પ્રભુ મહાવીરના સિદ્ધાંતને હૈયામાં ધારણ કર...

જ્ઞાનીએ જ્ઞાનના બળે જોયું–જાણ્યું અને આપણને સમજાવ્યું છે. તે જ્ઞાનીના સિદ્ધાંતને નહિં માનનાર કયારે પણ આત્મ ધર્મ પામી શકયો નથી.

જે જે સ્વરૂપે જે પદાર્થોને અનિત્ય કહ્યા તે તે પદાર્થો ને તે તે સ્વરૂપે અનિત્ય માનવા, જે પદાર્થને જે સ્વરૂપે નિત્ય કહ્યા તો તેને તે સ્વરૂપે નિત્ય માનવા જોઇએ. નાશવંત પદાર્થને જોતાં તેનું સ્વરૂપ વિચારવામાં આવે તો વૈરાગ્ય થયા વિના રહે નહિં...

લોકમાં પોપટીયા જ્ઞાનનો વિસ્તાર જાણી જ્ઞાનીઓ જણાવે છે કે પોપટીયા જ્ઞાનથી નહિં ચાલે...જેમ કોઈ એક માણસે પોપટને ભણાવ્યું કે બિલાડી આવે તો તુરત ઉડી જવું. પોપટ પણ તે વાકયનો વારંવાર અભ્યાસ કરીને તે બોલવા લાગ્યો. પણ તેને ખ્યાલ નથી કે બિલાડી આવે ત્યારે ઉડી જવું. એકદા પોપટ પાંજરામાંથી બહાર નીકળ્યો...તેવા જ અવસરે બિલાડીએ પકડયો પોપટની ડોક મરડી નાખી. જ્ઞાની કહે છે. પોપટનું જ્ઞાન કેવું કહેવાય ? તેમ આપણે સૌ બોલીએ છીએ જલના બિંદુ સમાન ચંચળ જીવન છે. તો પણ જીવવા માટે અનેક પ્રકારના ન કરવાના ઘણા ઘણા ઉપાયો કરે છે. સંપત્તિઓ

સાચવવાના ઉપાય કરે છે...મહાપુરુષોને પ્રારબ્ધના ભાગ્યે ભોગસુખ સામગ્રી મળી, ભોગવી અને અંતે છોડી પણ ખરી. ત્યારે આપણે પ્રભુના સિદ્ધાંતને હૈયામાં ન રાખવાથી શું કરીએ છે કે સંપત્તિઓ મેળવી, ભોગવીએ, સાચવવા માટે ગાઢ પ્રયત્નો, અધિક અધિક વધે તેના ઉપાયો, નહિં છોડવી તેવી ગાઢ પ્રતિજ્ઞાવાળા...માટે સન્માર્ગે વાપરી શક્તો નથી. સ્ત્રી આદિકનો પ્રેમ સ્વપ્ન સમાન છે. પોપટીયા જ્ઞાનને છોડી અંતઃકરણથી ત્રણે વસ્તુનો અનુભવ કરો, સત્યને સત્ય તરીકે જાણો અનિત્યને અનિત્ય તરીકે જાણો તો જરૂર ધર્મ પામી શકશો. જગતના પદાર્થો જોતાં, ભોગવતાં જો આવડે તો તેને છોડતાં પણ આવડે. સ્વાર્થી સ્ત્રીનો પ્રેમ કેવો છે. તે દ્રષ્ટાંતથી જોઈએ.

એક સુરમ્ય નગરમાં કાકો–ભત્રીજો રહેતા હતા. કાકો સંસારના રસમાં રસિક હતો નાની વયનો ભત્રીજો હતો. જંગમતીર્થ ભૂત નગરમાં પૂ. ગુરૂદેવોની પધરામણી થઈ. જિન પ્રવચનોના પ્રભાવે ભત્રીજો તથા કાકો વૈરાગ્યવાળા બન્યા, દિક્ષાના અવસરે વાત થતાં કાકો ભત્રીજાને કહે... મારે તો વાર છે મારે તો તારી નવીકાકી લાવવાની છે, સંયમી બનેલા ભત્રીજાએ પૂ. ગુરુદેવો પાસે શ્રુત જ્ઞાનનો સારો અભ્યાસ કરતાં. સંયમ જીવનમાં ઓત પ્રોત થયેલા તે ઉત્તમાત્મા ૧૨ વર્ષ બાદ તે નગરમાં પધારે છે.

સમસ્ત નગર ગાંડુ બન્યું છે. જિનવાણી સાંભળવા–

**જિનની વાણી જિન બનાવે** જિનની ભક્તિ ભકતને

ભગવાન બનાવે એ છે. શ્રી **જિનવાણીનો પ્રેરક પ્રભાવ** ગામના સાધુ મહારાજ નાની વયમાં સુંદર પ્રવચન આપે છે. નગરના લોકો લાભ લે છે. પણ કાકો આવતો નથી. ઘણાના કથનથી આવે છે. દૂર દૂર બેઠો સાંભળે છે. અંતે મહારાજશ્રી જણાવે છે કે.

ભાગ્યશાળી.. હવે તો સંયમના પંથે પધારો. સંસારના રાગમાં રાગીલો બનેલો જણાવે છે કે મહારાજ શ્રી આપના કાકી યાને મારા ધર્મપત્નિ વિના મને ઘડી પણ ચાલે તેમ નથી થોડી ક્ષણો સંસારી સંસારમાં મૂઢ બની જાય પણ જ્ઞાનીના સહવાસે તેની ગમારતા મરી પણ જાય છે.

જ્ઞાનવંતા ગુરૂ મહારાજે જણાવ્યું કે તમારી પત્નિને તમારી ઊપર કેટલી રાગદશાછે તે વિચારો તમો ઘેર જઇ પ્રાણાયામથી શ્વાસ રુંધી થાંભલીને જોરદાર આંટી લગાવશો અને સંથારાની જેમ સૂઈ જશો...પછી તમો સંસારનું નાટક નિહાળશો. ખ્યાલ આવશે કે જેને મારા વિના ન ચાલે તે કથન કરનાર શું શું કરે છે....આજે સહુજ લાડવા વિગેરે રસોઇમાં બનાવેલ હતા... ગુરુ મહારાજ શ્રીની આજ્ઞા મુજબ થાંભલીને આંટી મારી પ્રાણાયામ ક્રિયા કરી સૂઈને મરી ગયો એવો ઉચ્ચાર કર્યો....

શબ્દ સાંભળતાં પત્નિ બહાર નીકળ્યા, જોયું તો આંખો ખેંચાઈ ગઈ, જીભ બહાર નીકળી ગઈ, લાંબા પગ કરી જીંદગી પૂર્ણ થયેલી જોતાં વિચાર્યું કે. થોડાજ સમયમાં રડવું પડશે. રડ્યા વિના ચાલશે નહિં....તે માટે

પેટ પણ ભરેલું હશે તે, બરાબર ટાયફો કરી શકાશે તેથી ચાર, પાંચ, લાડવા, પેટમાં પધરાવી દીધા...બહાર નીકળી રડવાનો શરૂ કરતાં આડોશી-પાડોશી ભેગા થઈ ગયા... વડીલો ભેગાં થયા. આખી પરિસ્થિતિની જાણ થતાં પગ કે થાંભલી કાપવી પડશે...થાંભલી કાપવાનો નિર્ણય સાંભળી રડારોળ કરી રહેલી પત્નિ વડીલો પાસે લાજ કાઢીને આવી ને બોલી...

પગ એના કાપી નાંખો, પણ થાંભલી અવિચળ રાખો.
થાંભલી વિના ઘર પડી જશે, બેન તમારી દુઃખી થશે.

સુથાર બોલાવવામાં આવ્યો અને જ્યાં પગ કાપવાની શરૂઆત લાગી કે તુરત પ્રાણયાંમ છોડી પગની આંટીને છોડી ઉભો થઈ કહે સંસાર અસાર છે. સંસાર પ્રત્યે કે સંસારના પદાર્થો પ્રત્યે, સગાં સ્નેહી પ્રત્યે રાગ કરવા જેવો નથી. એ રાગ નકલી છે. સ્વાર્થના ઘરનો છે. એમ સમજી સમજાવીને ઉપાશ્રયે ભાગવતી દીક્ષા અંગીકાર કરી આત્મ કલ્યાણ સાધ્યું.

**સંઝરાગ જલબુબ્બુ ઓવમે, જીવિએ અજલબિંદુ ચંચલે ।**
**જુવ્વણેય નઈવેગ સંનિભે, પાવજીવકિંમિયં ન બુજ્ઝસે ॥૪૫॥**

સંધ્યા કાલના લાલ, લીલા, પીળા, ભભકાદાર રંગના જેવું જીવિત જણાય છે. પણ તે રંગ ઘડી બે ઘડીમાં નાશ પામે છે. એ જીવિત અસ્થિર છે. તેથી વધુ પાણીના પરપોટા જેવું અસ્થિર તેમ યુવાવસ્થા નદીના વેગ જેવું

ચંચલ સમજાવ્યું જે યુવાવસ્થા આગળ વધતી જાય છે. પણ જ્ઞાની કહે છે. કે દિવસે દિવસે આયુષ્ય ઘટવાના કારણે નાનો થતો જાય છે. અસ્થિર પણું સમજી હજી કેમ જ્ઞાન દશા મેળવતો નથી.

પાણીના વેગ, પવનના અસ્થિર તરંગ જેવું ચંચળ જીવન છે. કાલે સવારે શું થશે. તે કંઇ કહેવાતું નથી.

ન જાને જાનકીનાથ, પ્રભાતે કિં ભવિષ્યતિ ! સંપતિની સાથે વિપતિઓ વળગેલી જ છે. આપણે તો દોડા દોડીના જમાનામાં છીએ. જેની મોટરો દોડતી જોઈ એને ટ્રામનો આનો મળતો નથી, કોટિધ્વજને નોકરી કરતા જોયા, તંદુરસ્ત શરીરવાળાને ક્ષયની બિમારીમાં રગદોળાતા જોયા. કરોડપતિ રોડપતિ જોયા.

પાંચેઈન્દ્રિયોના વિષયો સંધ્યા સમયે જોવાતાં આકાશના રંગ જેવા છે. ખાધું અને પેટમાં ગયું એટલે ખલાસ જોયું અને ચાલી ગયું એટલે ખલાસ, સર્વ વિષયો ટૂંકો વખત રહી ઉડી જનારા છે, સ્વપ્નમાં રાજ્ય મેળવ્યું, શેઠાઈ કરી, આંખ ઉઘાડી ખેલ ખલાસ 'ચાર દિવસની ચાંદરડી અને ઘોર અંધારી રાત' એ લોકોક્તિ જેવી વિષયોની સ્થિતિ છે. ઈન્દ્ર જાળની કલ્પનાથી બનાવેલા નગર જેવો સૌની સાથેનો સંબંધ છે. જ્યાંથી સુખ મેળવવા માંગીએ છીએ ત્યાં તો દુઃખનો પાર નથી. આનંદનું નામ નથી સગવડનું કોઈ ઠેકાણું નથી.

સવારે જે કમળ આનંદ આપે છે. તે સાંજે બીડાઈ

જતાં આપતું નથી. યુવાન બળદ દોડતો હોય ત્યારે જે આનંદ આપે છે. ને ઘરડો થઈ જાય ત્યારે તે આનંદ આપતો નથી. આપણી પાસે રહેલી સંપત્તિ-સોનાની પાટ આપણી પાસે છે. ત્યાં સુધી આનંદ આપે છે. પણ જ્યારે કર્મવાદના કારણે તે વ્યક્તિને ભારે આપત્તિ આવતાં જ્યારે એ સોંનાની પાટ અન્ય સ્થાને જાય તે વખતે તે જ પાટ જોઇને ઘણું ઘણું દુઃખ થાય. કારણકે. અનિત્ય પદાર્થ છે, યુવાનીનો રંગ ઉતરી સ્રી સામે જોવું ગમતું નથી. દરરોજના આ અનુભવો છે.

ચેતન પદાર્થોમાં સ્રી, પુરુષ, અશ્વ હાથી, તિર્યંચ વિગેરે તેમ અચેતન પદાર્થો તે મોટરગાડી, વસ્ત્ર, અલંકાર વિગેરે જાણવા ચેતન-અચેતન પદાર્થો એક વખત અત્યંત આનંદ આપે તેવા સુંદર મનોહર હોય, તેજ પદાર્થો જ્યારે પરિણામે વિરસ થઇ જાય છે. જ્યારે દૂધ ફાટીને લોચાવળે છે ત્યારે એનો નાશ થતો નજરે જોઇએ છીએ ચરાચર કોઈ પણ વસ્તુને લઈને આમ થાય છે. છતાં આપણું મન સંસારમાં ચોંટયા કરે જ છે.

ચેતન ઉપર પ્રેત (Devil)ની અસર ભારે જામેલી દેખાય છે, એ નજરે આખો ખેલ જુએ છે. પણ કાંઇ અસર થતી નથી. બીજાને ગમે તે થયું, મને કંઈ જ નહિ થાય આવી ખોટી તુચ્છ ભ્રમણામાં પડી જાણી જોઇને સંસારમાં અટવાયા કરે છે. આંખ ઉઘાડીને સંસારની ચીજો જે સ્વરૂપે છે તે સ્વરૂપે જોતો નથી માટે તું આત્મા બોધ પામ... સંસારથી વિરક્ત બની જા,

**અન્નત્થ સુઆ અન્નત્થ, ગેહિણી પરિઅણેવિ અન્નત્થ**
**ભૂઅબલિવ્વ કુડુંબં, પક્ખિત્તં હય કયંતેણ ॥૪૬॥**

હે, ભવ્યાત્મા, આ સંસારમાં તું વિચારે છે કે સઘળું કુટુંબ મારી સાથે સદાકાલ એક સ્થિતિમાં રહે, વિયોગ કુટુંબીજનોનો ન પડે તે વિચારમાં તું પુરુષાર્થી બન્યો છે. પણ જે સ્વભાવે જ અસ્થિર વસ્તુ છે. તું સેંકડો, કરોડો ઉપાયો કરીશ તો પણ તે સ્થિર થનાર નથી. સર્વે કર્માનુસારે જુદા જુદા સ્થાને જનાર છે. જેમ કોઈ ભૂત દેવતાને બલિબાકળાં ફેંકે છે. તે બલિબાકળાં પરાધીનપણે જુદા જુદા સ્થાને પડે તેમ આ પુત્રાદિક કર્માધીનપણાથી અનેક પ્રકારની ગતિઓમાં જઈ પડે છે. તારૂં મમત્વ કંઈ ચાલી શકે તેમ નથી.

અરે ભાઈ, તું તારા સંબંધીઓની ચિંતા કર્યા કરે છે. તેમનું શું થયું. તેના વિચારથી મનમાં મૂંઝાયા કરે છે. જેલમાં પડયો પડયો પણ છોકરા, ભાઇઓ વિ. શું કરતા હશે....પણ તેં તારી ચિંતા કયારે પણ કરી ? માટે મમત્વને ત્યજી ધર્મ આરાધન કર...

**જીવેણ ભવેભવે. મિલિયાઇ દેહાઈ જાઇ સંસારે,**
**તાણં ન સાગરેહિં, કીરઇ સંખા અણંતેહિં ॥૪૭॥**

હે, પરમાત્મા સ્વરૂપી જીવ ..સંસાર ચક્ર વિષે ભવો ભવને વિષે જે દેહો કર્યા છે. તેની સંખ્યા અનંતા સાગરોપમ કાળેથી પણ ગણી શકાય તેમ નથી.

ચોરાશી લખ યોનિ વિષે, નથી કોઈ યોનિ વિશ્વમાં,
નથી જાતિ કે કોઈ કુળ એવું, જીવ ન ગયો જેહમાં.

વળી સ્થાન પણ એવું નથી, આકાશ કે પાતાળમાં.
જયાં જન્મ મરણો નવ કર્યા બહુવાર શ્વાસોશ્વાસમાં.

માટે તું વિચાર યાને વિનિવર્તની બન યાને આડો અવળો ગયેલો ઠેકાણે આવે તેમ તું મોક્ષની અભિલાષામાં સ્થિર થઈ જા...૫, પૂ. ઉપાધ્યાયજી વિનય વિજયજી મહારાજા તેમ જણાવે છે કે તારા ભવોની સંખ્યા કેમ વધે છે...

અત્યારે તારે પાંચે ઇન્દ્રિયોના વિષયો સાથે મૈત્રી છે. તને સારું ખાવા મળે, સારી સુંદર સ્ત્રી મળે. તો લહેર ભોગવે છે. ભ્રમરાની જેમ ફુલ ઉપર બેસીને મધ ચાટવામાં આનંદ માને છે.

તને દૂધપાક રસપૂરી મળે તો સબડકાં લેતાં અમૃત માને છે. રૂપ જોવામાં તારી આંખોનો; વાજિંત્રોના સુર સાંભળવામાં તારા કાનનો આનંદ માને છે. ઇન્દ્રિયનાં સુખની સાથે, સેવનામાં વાસ્તવિક જરા પણ સુખ નથી. જે તેં સુખ માન્યું છે. જેના માટે ધમાધમ મહેનત, પુરુષાર્થ કરે છે. તે સુખ બહુ જ થોડા વખતનું છે. હાથતાળી આપીને નાશ પામનારૂં છે. જીભને દૂધપાક અડાડયો, ગળ્યો લાગ્યો, ગળે ઉતરી પેટમાં ગયો. ખેલ ખલાસ...હવે કંઈ દૂધપાકના સબડકામાં મજા ખરી.

ઘોર અંધારી રાત્રી છે. વાદળાં ચઢયાં છે. વીજળીના ચમકારા થઈ રહ્યા છે. એ વીજળીના ચમકારાને જેટલો વખત લાગે તેટલો વખત તારું માનેલું સુખ ચાલે છે?

સુખ આવ્યું ને લબઝબક થઈ પર્યંત પામે છે. નટડી નાચે ને ચાળા ચસકા કરે તેમ વીજળીના વિલાસના બરા. બર અનુકરણ જેવું તે છે. તેમાં તારો નિવાસ હોય...

તુચ્છ ઇન્દ્રિયસુખની સાથે મૈત્રી કરનાર મૂઢ કહે. વાય... માટે તું વિચાર...ભાઈસાહેબને જુવાનીનો તોર છે. વાંકો ચુકો, વક્ર ચાલી અનેક અત્યાચારો કરે છે. એની જુવાનીના ચાળાનું વર્ણન કરીએ તો હસવું આવશે... એ સમાજમાં અભિનવ કપડાં પરિધાન કરી બેઠો હોય. ડાહી વાતો કરતો હોય ત્યારે જુદો પણ એની જુવાનીનાં રંગ, તો ઘરમાં રાતે રખડીને આવે ત્યારે ખબર પડે !

મોહરાજાના સામ્રાજ્યમાં જે આવી ભરાણા તેની દશા પાછળથી આપત્તિઓ ભરેલી છે...એ જુવાનીના જોરમાં વિવેક, મર્યાદા કે વિચાર રહેતા નથી. પોતાની જાતને અમરમાની મોજશોખ અને તોફાન કરે છે. જુવાનીના મદમાં દુષ્કૃત્યો, પાપો, સટ્ટા, દારૂ; પરસ્ત્રીરમણ; તેમ ખાવાપીવાનું પણ અસ્ત વ્યસ્ત હોય છે, તું માની બેઠો છે કે આ જુવાની કાયમી રહેવાની છે. ના ના એ જોબનનો ચટકો લટકો ચાર દહાડાનો; એ જોતજોતામાં ચાલી જનારી છે...આંખે ચશ્મા, વાળ-સફેદ, દાંત હાલવા માંડે. વિગેરે ઘણું જે જોવા મળે છે. એ જુવાનીના જુસ્સામાં કરેલા અત્યાચારોનાં ફળો ભોગવવા પડે છે.

થોડા દિવસ રહેનારી દિવાની જુવાનીને વશ થઈ આવી રીતે વર્તન કરનાર કડવા ફળ શું ન પામે? પર

ભવની વાત પછી આ ભવમાં શું ફળ ન મળે જુવાનીના શોખ ઘડપણમાં કેવાં નાચ નચાવે છે. માટે જ કહે છે કે.

જે વિવિધ વિષયો ભોગવ્યાં, બહુવાર ને જે જે વમ્યાં,
પરભાવમાં પકડાઈને, તે તે અરે પાછા ગ્રહયાં.
પણ વિષય સુખની લાલસા, હજી તારી હજીએ નવમટી
શું સીંચતા ધૃતથી કદીએ, અગ્નિની જવાલા ઘટી"

કોઈક જ પ્રાણી જુવાનીમાં ભોજન કે સ્રીના પાસમાં પડતો નથી. સત્ત્વ જાળવી રાખે છે તેની પણ અંતે જુવાની જાય છે. જુવાની કેવો કચવાટ મૂકી જાય છે. તે વૃદ્ધાવસ્થાના કારમા દુઃખોથી ખ્યાલ આવે છે. લટકા મટકાવાળી સ્રીઓને વાળ સફેદ થાય, ગુપ્તવ્યાધિઓ થાય ત્યારે મનનો તાપ અસહ્ય થઈ જાય...

રૂપના આડંબરમાં સ્રી પ્રત્યે ધ્યાન ખેંમાય છે. પફ પાવડરના લેપ અંતે ખલાસ થાય છે. જોતજોતામાં ચાલ્યા જનારા **જોબન** ઉપર આધાર રાખે તેને ઉપાધ્યાયજી શ્રી વિનય વિજયજી મ. મૂઢ (ગમાર) કહે છે.

**નયણોદયંપિ તાસિં, સાગર સલિલાઉ બહુયરં હોઇ ।**
**ગલિઅં રૂઅમાણીયં, માઉણં અન્નામન્નાણં ।૪૮।**

હે આત્મા, ભાગ્યવંતા જીવો વૈરાગી બની દીક્ષાર્થી થયા હોય ત્યારે માતા પિતા શોક કરે, રડે છે. તેથી જ્ઞાની આત્માને જણાવે છે કે માતા-પિતાને રડતાં જોઈ દિલગિર કેમ થાય છે. કર્મવશે અનંતભાવમાં ઘણા માત-પિતાઓ રડતાં મૂકીને આવ્યો છે. તેની સંખ્યા ગણીએ તો સમુદ્ર

ના પાણીથી અધિક થાય. તું કયા માતાપિતાને સંતોષ આપીશ. માટે વિચાર...આત્માની માતા કોણ? પિતા કોણ? તેથી વૈરાગી બનેલા વૈરાગીભાવ પૂર્ણ કરજે!

**જં નરએ નેરઈઆ, દુહાઇ પાવંતિ ઘોરં, ણુંતાઈ।**
**તત્તો અણુંતગુણિયં, નિગોઅમજઝે દુહં હોઇ ।૪૯**

હે જીવ, દુઃખ ભોગવતો જીવ ચારે ગતિમાં ફરી રહ્યો છે. તે દુઃખની ચરમસીમાનું સ્થાન નરક કરતાં નિગોદમાં અનતગણું જણાવે ને..નરકમાં પરમાધામી કેવું કારમું દુઃખ આપે છે...કે નારકીના જીવોનું માથું ફોડે, આંખ, નાક; કાન, જીભ કાપી લે છે. હાથમૂળમાંથી કાપી નાંખે છે, ભયંકર પાપો કરી કરીને નરકમાં તેનો કારમો અનુભવ કરે છે.

પ્રતિ સમય આહારાદિ પુદ્‌ગલોની સાથે જે બંધન થાય છે. તે પ્રદિપ્ત અગ્નિ કરતાં પણ અતિભયંકર હોય છે, ગધેડાની ચાલ કરતાં નારકોની ચાલ અતિ અશુભ છે. તપેલા લોખંડ જેવી ધરતી ઉપર પગ મૂકવાથી જે વેદના થાય તેના કરતાં નારકીને નરકની ધરતી ઉપર ચાલતાં અત્યંત વેદના થાય, પાંખ છેદાયેલ પક્ષી જેવું શરીર રચના હોય છે. ભયંકર અંધકારમય, મલિન, જણાય છે. પગના તળીયાનો ભાગ શ્લેષ્મ, વિષ્ટા, મૂત્ર અનેક વિગેરે બિભત્સ પદાર્થોથી લેપાયેલો હોય છે.

માંસ, કેશ, નખ, હાડકાં, દાંત અને ચામડાથી આચ્છાદિત થયેલી સ્મશાનભૂમિ જેવો હોય છે, સડી

ગયેલા બિલાડા વિ.ના મૃત કલેવરોની ગંધથી પણ અતિ ભયંકર દુર્ગંધ હોય છે. અગ્નિ, વીંછીના સ્પર્શ કરતાં તીવ્ર દુઃખ દાયક સ્પર્શ છે. ત્યાં શબ્દ તો સતત પીડાઓથી રીબાતા જીવોના કરૂણ કલ્પાંત જેવો કે સાંભળવા માત્રથી પણ દુઃખદાયી હોય છે.

નરકની વેદના દર્શાવતાં કહે પોષ માસ હોય, રાત્રીમાં હીમ પડતો હોય, વાયુ સુસવાટ બંધ વાતો હોય તે સમયે હિમાલય પર્વત ઉપર રહેલા વસ્ત્ર વિનાના મનુષ્યને જે દુઃખ થાય તે કરતાં અનંતગણું દુઃખ નારકને હોય છે.

ભર ઉનાળાનો મધ્યાન્હકાળ હોય, સૂર્ય માથા ઉપર તપતો હોય, ચારે દિશામાં અગ્નિની જવાળાઓ સળગતી હોય અને કોઈ પિત્તરોગી મનુષ્ય જે વેદના ભોગવે તે કરતાં અનંત ગણી વેદના નારકી ભોગવે તે કરતાં અનંત ગણી વેદના નિગોદીઆ ભોગવે છે. અઢી દ્રીપનાં સમગ્ર ધાન્ય ખાય છતાં ભૂખે ન ભાંગે, સમુદ્રોના સમુદ્ર પાણી પીએ તો તરસ ન છીપે તેવી તીવ્રવેદના ત્યાં છે.

સદૈવ પરવશ જ હોય..૧૦૮ડીગ્રી તાવ માનવીને આવે, જે તાપ સહે તેના કરતાં અનંતગણો તાપ સહ્યાં જ કરે. આપણું કર્યું આપણે જ ભોગવવું પડે!

અવધિજ્ઞાન-કે વિભંગ જ્ઞાનથી તે આગામી દુઃખને જાણે, તેથી સતત ભયાકુલ રહે. જેમ એક કુતરો બીજા કુતરાને જોઈને તુટી પડે છે. તેમ એક નારકી બીજા નારકીને જોઈ ધમધમતો તૂટી પડે છે. યુદ્ધ કરે છે. વૈક્રિયરૂપ

કરીને, ક્ષેત્રભાવથી પ્રાપ્ત થતાં શસ્ત્રો લઈને એકબીજાના ટૂકડા કરી નાંખે છે. જાણે કતલખાનું ન હોય, ક્રોધના આવેશમાં ભયંકર વેદના તથા કર્મો બાંધે છે.

પરમાધામી દેવો ધખધખતી લોખંડની પુતળી સાથે ભેટાવે, ખૂબ તપાવેલા સીસાના રસ પીવડાવે, શસ્ત્રોથી ઘા કરી ખાર નાંખે, ગરમ ગરમ તેલથી નવરાવે, ભાલાની અણીએ પરોવે, ઘાણીમાં પીલે, કરવતથી વેરે, અગ્નિ જેવી રેતીપર ચલાવે, ઘુવડ, વાઘ, સિંહ જેવા રૂપ વિકુર્વી ડરાવે છે. પરમાધામીઓ જ્યારે નારકીઓને કુંભીમાં નાંખી પકવે છે. ત્યારે અતિ દારૂણ યાતનાથી તે નારકીઓ ૫૦૦ યોજના સુધી ઉંચે ઉછાળે છે. જ્યારે નીચે પડતાં જ કાપી નાંખે, વાઘ વિ૦ જીવો વિકુર્વી તે જીવોને હણી નંખે છતાં નારકીના જીવો મરે નહિં.

નારકીના દુઃખો કરતાં ભયંકર વધારે નિગોદમાં દુઃખ છે. પૌદ્‌ગલિક વાસનાને આધીન બનેલા ભારે કર્મી નિગોદમાં જાય છે. અનાદિ કાળથી સૂક્ષ્મ નિગોદમાં રહેલા જીવો અને પરિભ્રમણ કરીને પાછા સૂક્ષ્મ નિગોદમાં ગયેલા જીવોના દુઃખમાં કંઈ ફેરફાર નથી. ભવભ્રમણ કરીને ઠેઠ સૂક્ષ્મ નિગોદમાં ગયા તે વ્યવહારિક જીવો અને કોઇ દિવસ નિગોદમાંથી બહાર નીકળ્યા નથી, નીકળશે નહિં તે અવ્યવહારીયા કહેવાય ?

નિગોદ જે ચૌદ રાજલોકમાં ઠાંસી ઠાંસીને ભરેલી છે. તે નિગોદના અસંખ્યાતા ગોળા છે. એકએક ગોળામાં

નિગોદના જીવોના અસંખ્યાતા શરીરો છે. એક એક શરીરમાં અનંતા જીવો છે. જે કેવળી ભગવંતની જ્ઞાન દષ્ટિ સિવાય બીજા કોઇથી દેખી શકાય તેમ નથી.

નારકીના દુઃખ કરતાં અનંત ગણું દુઃખ નિગોદીઆ એક સમયમાં ભોગવે છે. તે જીવો એક મુહુર્તમાં ૬૫૫૩૬, ભવ કરે, એક શ્વાસોશ્વાસમાં સત્તરથી અધિક ભવ કરે. એ રીતે અનંતા-પુદ્ગલ પરાવર્ત્તન સુધી આ જીવ રહ્યો છે. આવી ઘોર વેદના ભોગવી, ત્યાં ફરી ફરી ન જવું હોય તો અઘોર પાપ પ્રવૃત્તિ, પાપ વૃત્તિથી મુક્ત થવું અને નરક-નિગોદના સ્થાનને તિલાંજલી આપવી. તે માટે આત્માએ જે કંઈ કરવું પડે તે કરવું જ જોઇએ !

કેવળજ્ઞાની જિનેશ્વર દેવે, સર્વલોકના ભાવ કહાય,
સર્વસત્ય સદ્હતો. પણ તું શાને સંસારે મૂંઝાયે,
દીવો હાથ છતાં પણ અમૃત ! શાને ઉંડે કૂપ પડાય
એ દુઃખ નરકતણાં હે ચેતન ! કહે ને તુજથી કેમ ખમાય

તને ભગવાનના વચન પર વિશ્વાસ છે ને ? તને ખાત્રી છે ને કે સર્વજ્ઞ અસત્ય ન કહે, તને શ્રદ્ધા છે. ને કે રાગ દ્વેષ વિનાના પરમાત્માને બનાવટી વાત કરવાને કંઇ કારણ નથી. એ પ્રભુએ આ નરકનાં દુઃખો બતાવ્યા છે. જણાવ્યા છે. એ જ વીતરાગના આગમમાં જે વર્ણન છે. તેને શ્રદ્ધાપૂર્વક સમજતાં છતાં સંસારમાં કેમ મૂંઝાય છે, હે ચેતન, હાથનાં દીવો છે. છતાં ઉંડા કુવામાં કેમ ઉતરે છે, છતી આંખે. આંધળાની માફક શા માટે અથડાય

છે. ઘણો ઉંધો ફર્યો હવે તને માર્ગ દર્શક મળ્યા, માર્ગે આવી જા, તને પ્રભુ મળ્યા. ભક્તિ મળી, ધર્મ-ધર્મ ગુરૂ મળ્યા, તન મન, ધનથી સેવા કર, કૂડ કપટ, પ્રંપચ, માયા, ઈર્ષાને ફગાવી દે, અસંતોષમાંથી સંતોષમાં આવી જા, ઝાંઝવાના જળ-ચાર દિનની ચાંદનીમાં મૂંઝાયો-તો તારો પાર જ નહિં આવે, નરક નિગોદમાં ચાલ્યો જઈશ ગમે તેટલી ચીસો પાડીશ કોઈ છોડાવવા, રક્ષણ કરવા નહિં આવે માટે હજી ચેતી જા, કંઇ બગડયું નથી, ગુરૂ ચરણે શિશ નમાવી સંસાર સુખ-તેનો રાગ ભૂલી જઈ સંયમી બની જા, ધર્મ કરવામાં ઉદ્યમ, પરાક્રમ ફોરવવું એ જ તારા જીવનનું સર્વસ્વ સારભૂત તત્વ છે.

**તંમિવિ નિગોઅમજઝે,**
**વસિયો રે જીવવિવિહકમ્મવસા ।**
**વિસહંતો તિકખદુંહં, અણંત પુગ્ગલ પરાવત્તો ।૫૦।**

હે, જીવ અનેક પ્રકારના કર્મના પરાધીનપણે નિગોદિની મધ્યે અનંત પુદગલ પરાવર્તકાળ સુધી એટલે કે અનંતા સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્ગળ પરાવર્ત્તકાળ પર્યંત તીક્ષ્ણ દુઃખ સહન કરતો તું રહ્યો છે... આવા ભયંકર દુઃખો અનંતકાલ સુધી ભોગવ્યા.... હે આત્મા હવે તારે સમજણ પૂર્વક, સમતાથી કર્મ ભોગવી લેવાના છે. જે મળે તેનાથી ચલાવી લે, નિર્ણય કરી લે. ફાલશે, ચાલશે, ભાવશે, ગમશે...ભૂતકાલમાં ઘણું ભોગવ્યું તે પણ છોડીને આવ્યો છું તો આ મળેલા સુખ-દુઃખ ટકવાના નથી. તમે

મળેલ શ્રી જિન પ્રણીત ધર્મને મૈત્રી-પ્રમોદ કરુણા, માધ્યસ્થભાવ કેળવીને ધર્મને આરાધી લે. સુખી થવા માટે નિર્ણય કર કે.

હું કોણ...ભગવાન મહાવીરનો અનુયાયી

ભગવાન મહાવીરનો સેવક......

ભગવાન મહાવીરની આજ્ઞાનું પાલન કરનાર ભગવાનને તથા ભગવાનના સિદ્ધાંતને સદૈવ હૈયામાં રાખીને જ જીવન જીવવાવાળો, ભગવાનનો સેવક બન્યો માટે નરક, તિર્યંચે નહિં જ જવાનો, યાને તે સ્થાને જવાય તેવી ક્રિયા-પ્રક્રિયા નહિં જ કરવાનો....ભગવાનનો ભક્ત બન્યો માટે હું પણ ભગવાન બનવાનો! શ્રેણીક મહારાજા ભગવાનના પરમભક્ત, પરમ અનુયાયી બન્યા....જેની ઉપર ઉપકાર કર્યો છે. મરતાં બચાવ્યો છે. કોવાઇ ગયેલી આગળીને મુખમાં રાખીને ચૂસીને શાતા અર્પી છે. તેવો દીકરો કોણીકે ઉપકારી પિતાજીને રાજ્ય ભોગવવા માટે જેલમાં પૂર્યા....તો પિતાને કંઈ દુઃખ નહિં, કોણીક પ્રત્યે રોષ નહિં...

કોણીક સેવક મારફતે મીઠાના પાણીમાં પલાળેલા દોરડાથી ૧૦૦ ચાબુક મહારાજાને ઉઘાડા શરીરે મરાવતો. ...ઘણા દિવસ થવા છતાં ઉદ્વેગ નહિં, રોષ નહિં, મારો છોકરો મારો દુશ્મન કે અપકારી છે એવો ભાવ નહિં. કારણ કે શ્રેણીક હતા...ભગવાન મહાવીરના પરમ ઉપાસક, અનન્ય કોટિના ભક્ત...

કોણીકનો સેવક...શ્રેણીક મહારાજાને પુછે છે તમને કારમીવેદના થતી નથી, માર ખાતાં થાકતાં નથી, મારને હસતા મુખે સહી લો છો .. શ્રેણીકે...જણાવ્યું...હું કોણ ...? અને તું કોણ...?

તું એટલે નાનકડા મગધની પૃથ્વીના માલિક કોણીક નો સેવક...એટલે તું માર મારતાં થાકે ત્યારે હું ? ત્રણ જગતના નાયક, ત્રિભુવનપતિ, સમગ્ર જગતના અધિપતિ કરુણાના ભંડાર ભગવાન મહાવીર મહારાજાનો હું સેવક, જેથી માર ખાતાં પણ ન થાકું !

જ્યારે શ્રેણીક મહારાજાનો દેહાંત થાય છે અને અંતિમવિધિ કરતાં તેમનાં હાડકાંમાંથી **વીર વીર** ધ્વની નીકળ્યો. બસ આપણે સૌ શ્રેણીક મહારાજાની જેમ ભગવાન મહાવીરના પરમ સેવક બનીશું. તો નરક નિગોદના દુઃખો સમભાવે ભોગવી શકીશું. જ્યાં સુધી તેવા પરમ ભક્ત ન બનીએ ત્યાં સુધી નરકાદિમાં જવાય તેવો પ્રયત્ન ઉધમ પરાક્રમ કરવું નહિં.

**નિહરીઅ કહવિતત્તો, પત્તો મણુઅત્તણંપિ રે જીવા**
**તત્થવિ જિણવર ધમ્મો, પત્તો ચિંતામણિ સારિચ્છો**
**॥૫૧॥**

હે જીવ ..ઘણી ઘણી જબ્બરજસ્ત અકામ નિર્જરાપૂર્વક દુઃખોને ભોગવતો એકેન્દ્રિયાદિભવો કરતો પંચેન્દ્રિય મનુષ્ય બન્યો હવે તને ચિંતામણીથી અધિકતર જિણવર શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થઇ છે...

મનુષ્યક્ષેત્ર પૈકી ક્ષેત્રભૂમિમાંથી એક જીવ અકર્મક બનીને સિદ્ધ અવસ્થાને પામે છે. ત્યારે એક જીવ નિગોદમાંથી અવ્યવહારમાંથી વ્યવહારરાશિમાં આવે છે.. તે સિદ્ધ પરમાત્મા જગતના તમામ જીવોને જુએ છે, કારમી ભયંકર વેદના દુઃખ જાણે છે. તેથી જ્ઞાનથી વિચારે છે કે આ જીવો દુઃખથી મુક્ત થાય...પણ તે દુઃખથી ત્યારે જ મુક્ત થાય કે પાપથી મુક્તિ મેળવે તો, પાપની સાથે મૈત્રી ન હોય તો, પાપની ક્રિયામાં ઉંદર બિલાડી જેવું વૈર હોયતો. સંસાર પ્રિય ન લાગે !

જિણવરનો ધર્મ પામી કઠોરમાંથી કોમળ બનવું જોઈએ. તે માટે હૈયામાંથી ઈર્ષા, નિંદા રામાદિ કાઢવા જ પ્રયત્ન કરવો. ધર્મ વિના સાચું સુખ પ્રાપ્ત થવું એ અશ્વશ્રૃંગ જેવી કલ્પના છે. ધર્મ વિના સુખ મળતું હોય તો સોનાની ખાણમાં કામ કરતાં ખાણીયાઓ કરોડપતિ જ થાય, પણ તેમ બનતું નથી. વળી કરોડપતિ અશુભયોગે રોડપતિ થતા જોઈએ છીએ. ધર્મને ઉત્થાપીને અધ્યાત્મજ્ઞાન કે ધર્મમય સમગ્ર જીવન જીવવું એ અશક્ય છે. વાસ્તવમાં ધર્મથી સાંસારમુક્તિ થાય છે. એ ધર્મની મૂળપેઢાશ છે. માટે ધર્મ એ સાચું શરણ છે. કર્મોનું મારણ છે. ભવસાગરમાં કારણભૂત છે.

**પત્તેવિ તંમિ રે જીવ, કુણસિપમાયં તુમં તયં ચેવ**
**જેણં ભવંધ કુવે, પુણોવિ પડિઓ દૂહં સહસિ ।।૫૨।।**

હે. આત્મા, જિનવર ધર્મ પામી મહામૂલો ધર્મભૂલી

ફરીથી પરિભ્રમણ માટે પ્રમાદિ કેમ બને છે. ચિંતામણી રત્નની જેમ માનવભવ, શ્રી જિનધર્મની પ્રાપ્તિ શ્રદ્ધા સંવેગ, આદિ મહાદુર્લભ છે.

ધર્મે જય તથા પુણ્યથી પાપ ક્ષય, પાપથી સુખ ક્ષય માટે વિચાર કરો ધર્મના આરાધનથી કોમળતા સરળતા ભદ્રિક્તા પ્રાપ્ત થવી જરૂરી છે.

તમે પથ્થરને જોયો છે. તપેલીમાં એક પથ્થરને મૂકો પછી બીજા પથ્થરને તપેલીમાં મૂકવા જાઓ ..પહે. લેથી જ તપેલીમાં રહેલો પથ્થર બીજા પથ્થરને પોતાનામાં પ્રવેશવા નહિં દે...પથ્થર શું પથ્થરને સાથ આપે ? ના ! જયારે પથ્થરની જગ્યાએ તપેલીમાં થીજેલું ઘી મૂકો પછી તેમાં પથ્થર મૂકો...થીજેલું ઘી પથ્થરને ધીમે ધીમે પોતાનામાં પ્રવેશવા દેશે. થીજેલા ઘીની જગ્યાએ તપેલીમાં પાણી વધુ ઝડપથી પત્થરને પોતાનામાં સમાવી લેશે. કોમળ જ પત્થરને સામાવી લે...

ભગવાન કોમળ બનેલા છે. તેથી આપણા જેવા પત્થરને જરૂર સમાવશે માટે ભગવાન તથા ભગવાનના સિદ્ધાંતને હૈયામાં સામાવી લેશો...

આ બતાવે છે કે કઠોરચીજ પોતાનામાં કઠોરને સમાવી શક્તી નથી. કઠોરને સમાવી લેવા કોમળ બનવું અનિવાર્ય છે. જગતના જીવો ગમે તેવા કઠોર હોય પણ ધર્મ પામેલા મૈત્રી પ્રમોદ કરુણા માધ્યસ્થ ભાવવાળા હોવાથી તેઓને સમાવી લે છે...ધર્મ પામ્યા તો, ધર્મ પામવો

છે, પરિણુતિ પ્રાપ્ત કરવી છે. તો પાણી જેવા બની જશો. તેમાં પથ્થર મૂક્તા જ તે સમાવી લેશે. એ ન બની શકો તો ઘી જેવા તેલ જેવા બનજો. જેથી જગતના જીવોને ધીમેધીમે તમો તમારામાં સમાવી શકશો પણ પથ્થર જેવા તો ક્યારેય બનશો નહિં કારણ કે એ કઠોર જીવનમાં તમે બીજાને તમારામાં નહિં સમાવી શકો જેથી મૈત્ર્યાદિ ગુણો પ્રગટશે નહિં તે વિના ધર્મની સાચી પ્રાપ્તિ, સાચી સમજણ મેળવવી મુશ્કેલી છે. માટે ચિંતામણી સાચવવામાં, મેળવવામાં જે પરિશ્રમ છે. તે કરતાં વધુ પરિશ્રમ ધર્મની પ્રાપ્તિ માટે કરો...

**ઉવલદ્ધો જિણધમ્મો, નય અણુચિન્નો પમાય દેસેણં ।**
**હા જીવ અપ્પવેરિઅ, સુબહુ પરઓ વિસૂરિ હિસિ**

હે ભવ્યાત્મા... દૈવયોગે ધર્મની પ્રાપ્તિ થવા છતાં દોષયુક્ત જીવનમાં સમય વ્યતિત કર્યો. તું તારો વૈરી બની પરલોકમાં શું કરીશ....

## એક વેધક વાત

એક ભિખારીના ઝૂંપડામાં મહાન સાહિત્યકાર ટોલ્સ-ટોયે પ્રવેશ કર્યો. ભાંગેલા ખાટલા ઉપર થીંગડા મારેલી ગોદડી હતી. એક બાજુ ભંગાર વાસણો પડયા હતા. તે ભિખારીના ઘરમાં ૧૮ વર્ષની ઉંમરનો છોકરો હતો. આગતુંક ટોલ્સ્ટોયને ઓળખી ગયો... ટોલ્સ્ટોયે પૂછયું કે આ ઘર શ્રીમંતનું કે ગરીબનું ?

મારું ઘર શ્રીમંતનું ? છોકરાએ જવાબ આપ્યો ...

અરે મગજ ઠેકાણે છે ? ગરીબાઇની ચાડી ખાય તેવી સામગ્રી હોવા છતાં શું એમ કેમ કહે છે કે આ ઘર શ્રીમંતનું ? તારો અભિપ્રાય મને સમજાવ ?

હે વડીલ સાંભળો, આ ભાંગેલી, તુટેલી સામગ્રી ભલે ગરીબાઇને જણાવતી, પરંતુ એ સામગ્રીઓ વચ્ચે અત્યારે આપ ઉભા છો એ ભૂલશો નહિં ટોલ્સ્ટોય જેવો મહાન સાહિત્યકાર જેના ઘરમાં ઉભો હોય પછી તેનું ગરીબ કેમ કહેવાય, તે ગરીબ કેમ હોઈ શકે. એની હાજરીથી જ એ ઘર શ્રીમંતનું બની જાય છે...બોલો, મારી આ વાત સમજાઇ.

છોકરાના જવાબથી ખૂબ ખુશ થઇ ગયેલા ટોલ્સ્ટોયે છોકરાનું દ્રારિદ્રય તોડી નાંખ્યું ભેદી દીધું; આ દુનિયાનો મોટો માણસ જેના ઘરમાં ઉભો રહે. તેનું દ્રારિદ્રય જો ટળી જતું હોય તો પછી દેવાધિ દેવ ભગવાન શ્રી જિનેશ્વર જેના મન મંદિરમાં બિરાજમાન થઈ જાય તેનું ભાવ દ્રારિદ્રય ટળી જાય. તેમાં કંઈ જ આશ્ચર્ય નથી... ભાગ્યશાળી તપાસી જોવો આપણા જીવનમાં ભાવ દારિદ્રય ટળ્યું હોય, ઓછું થયું હોય તેવું દેખાય છે. ખરૂં ! જો સંતોષકારક જવાબ નહિં મળે તો સમજી લેજો કે મન મંદિરમાં જે રીતે તારક અરિહંત પરમાત્મા બિરાજમાન થવા જોઇએ તે થયા નથી. તેથી દોષ યુક્ત જીવનથી મુક્ત થવા દોષરહિત જીવન જીવી જાણવા પ્રયત્ન કર...

**સોઅંતિ તે વરાયા, પચ્છાસમુવઠિયંમિ મરણંમિ**
**પાવ પમાય વસેણં, ન સંચિયો જેહિં જિણધમ્મો ।**
॥ ૫૪ ॥

હે ભવ્યાત્મા ! ધર્મ આરાધવાની સાધન સામગ્રી મળી છતાં જિનાજ્ઞા રહિત કષ્ટ ભોગવી પરલોકમાં ઘણો જ પશ્ચાતાપ થશે... જિનાજ્ઞા મુજબ ધર્મ આરાધવા પ્રમાદ (મદ, વિષય, કષાય, નિદ્રા, વિકથા) રહિત થઇ ધર્મ સાધનને મોક્ષની સિદ્ધિ માટે સફળ કર ! પારકાની ચિંતાની જેમ તારા વૈભવની તું ચિંતા કરે છે. જેથી શરીરે પાતળો થાય છે. જાણે વૈભવ ચાલ્યો જશે, લૂંટાઇ જશે. એવો તને ભય રહેલો છે. મોટર હવેલી વેપારમાં નુકશાન વિ. થી તું ચિંતિત છે.

વૈભવના માટે એવું છે કે રાજાને રાજ્યનો વૈભવ મીઠો લાગે તેટલો વેપારીને વેપારનો, અમલદારને અમલદારીનો, મુનિમને મુનિમગીરીનો, તેમ જરા પણ અતિશયોક્તિ વિના કહીએ તો ભીખારીને તેના માંગવાના ઠીકરાનો લાગે છે. આ વાત બારીક નિરીક્ષણથી બેસે તેવી છે. અપને અપને તાનમેં ગદ્ધાભી મસ્તાને."

ભાઇ ! આ પરિવાર અને ધન માટે તું ફોગટ. મૂંઝાય છે. તારૂં વર્તન જોઇને તને જ્ઞાની મૂઢ કહે છે. તું સર્વને તારૂં પોતાનું માનીને તેને મારૂં મારૂં માનીને છાતી કૂટયા કરે છે. બીજાની વાત ન વિચારતાં તારી જ તું વાત વિચાર...કે તારૂં શરીર કેટલું તારૂં છે.

દા.ત. એક વનમાં વનરાજી ફાલીફૂલી છે. એમાં દર્ભનું ઘાસ ઉગેલું છે. ઝાકળ પડવાથી ઝાકળનું એક બુંદ એ દર્ભની છેડે વળગેલું છે. પવન ફૂંકાતા તે બુંદને ગિરતાં કેટલીવાર ! ક્ષણમાત્રમાં પડી જવાનું છે. એ ટીપાં જેવું જીવન છે. પડું પડું થઈ રહેલ ટીપું ક્ષણમાં પડી જ જશે....માટે તું પ્રમાદને છોડી મળેલા મોંઘેરા જીવનનો લ્હાવો આત્મા માટે અનુભવ કરજે....

**ધીધીધી સંસારં, દેવો મરિઉણ જંતિરિ હોઈ।**
**મરિઉણ રાયરાયા, પરિપચ્ચઇ નિરય જાલાએ ।૫૫।**

દેવતાઓ પૃથ્વીકાયના વિમાનોમાં, વાવડીઓમાં, વનસ્પતિના બગીચામાં તલ્લીન બનેલા...અંતે તેઓની તેમાં મતિ હોવાથી દેવપણ તિર્યંચમાં જાય છે. રાજા–મહારાજા, ચક્રવર્તિઓ મરીને નરકમાં જાય છે...તેથી જે કારણે દુર્ગતિ મળે છે તેવા કારણ સ્વરૂપ સંસારને ધીક્કાર છે...આર્ત્તધ્યાન. રૌદ્રધ્યાનના કારણે જીવોની દુર્ગતિ થાય છે......

શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે જે નિશ્ચયથી મોક્ષ ગામી છે. એવા ત્રિષષ્ઠિ શલાકા પુરુષો પૈકી ચક્રવર્ત્તિઓ જો ચક્રીની ગાદી ઉપર બેસી જ રહે પણ છોડે નહિં ...તેમાં મૃત્યુ થાય છે. સાતમી નરકે પહોંચાડી દે છે. પણ જો ચક્રવર્તીની ગાદીને તિલાંજલી આપી સંયમમાર્ગે પ્રયાણ કરે તો દેવલોક અથવા મોક્ષ જ મળે...

સમજ આવ્યા બાદ, સત્યનો સ્વીકાર કર્યા બાદ

સંયમ પંથે જાય છે. ત્યારે તેમનું સ્ત્રી રત્ન પાછળ પાછળ છ માસ સુધી ફર્યા જ કરે. રડે, કલ્પાંત કરવા છતાં ચક્રી પાછું વાળીને ન જ જોવે...

રાગદશાને આધીન બનેલી સ્ત્રી છઠી નરકે તથા રામાંધ બનીને રાગને વળગી રહેનારા ગાદી ન છોડે તો નરકે જાય. માટે રાગાદિને ક્યારે આધીન ન જ બનવું. રાગદશાને વિખેરવા માટે વિરાગદશાને પ્રાપ્ત કરવી...

આ સંસારમાં ચાર ચીજના પરનો રાગ દુર્ગતિએ પહોંચાડનાર છે. અર્થાત્ તેના પર રાગાંધ થઈને ફરનારા માટે દુર્ગતિ રાહ જોઇને બેડી છે. પ્રથમ મોહક સ્ત્રી છે... એ સ્ત્રી નથી પણ તારા માટે તો શસ્ત્ર છે. આત્માહંસ (રાગાંધ) સ્વરૂપી છે, સચ્ચારિત્રએ મોતીનો ચારો છે તે છોડીને અજ્ઞાની આત્મા કાગતુલ્ય બની હાડચામમાં મોહી રહ્યો છે ભોગ ભોગવવાથી કદાપિ તૃપ્તિ થતી નથી. સૂયગડાંગ સૂત્રમાં ચોથા અધ્યયનમાં લખે છે કે...સ્ત્રીઓ મનમાં કાંઇ ચિંતવે અને બોલે કંઈ, માથે ઓઢણાં મળ્યાં છે તે મિથ્યાત્વના ઘરની માયાના બળે. માયા વિશેષ હોવાના કારણે સ્ત્રીના ચરિત્રને કોઈ પામી શકતું નથી. બધી નારી માટે આવું નથી. ઉત્તમ પણ હોય છે.

ભરથરી અને પિંગલાની વાત તો સૌ ભાગ્યશાળી છો...અજ્ઞાનતા, મોહ દશાના કારણે ભર્તૃહરી શ્રૃંગાર તરફે ગયા...જ્યારે તેમને રાગ પિંગલા તરફ છે. પણ પિંગલાને તો અન્ય પુરુષ પ્રત્યે છે એમ જાણ્યું...ત્યારે રાગી

વિરાગી બનવા માંડયા...વૈરાગી બન્યા...માટે પ્રમાદ ન કરતાં સમજો. (૨) બીજો બન્ધુ પરિવાર...એનો મોહ મહા બંધન છે. (૩) વિષય સુખ...એ પણ હલાહલ કાતિલ ઝેર છે. કિંપાકના ફળની જેમ મીઠા લાગશે પણ તને મારી નાંખશે. (૪) ધનસંપત્તિ પરનો રાગ. એ દોલત આવે છે ત્યારે છાતિમાં લાત મારે છે. તું એવો તો અક્કડ થઇને છાતી કાઢીને ફરે છે. અને જાય છે ત્યારે વાંસામાં લાત મારે છે. તું એવો વાંકો વળી જાય છે. કે તારાથી ઉંચુ પણ જોઇ શકાતું નથી. માટે હે બંધુ.. હે ભાગ્યવાન આત્મા આ અસાર સંસારને છોડી દે, પ્રમાદ-વશ ન થતાં સંયમમાર્ગમાં અપ્રમત્ત બની આત્માનું આરાધી લે......

**જાઇઅણા હો જીવો, દુમસ્સ પુપ્ફં વ કમ્મવાય હઓ**
**ફ્ણધન્ના હરણાઇં, ઘર સયણ કુડુંબ મિલ્લેવિ ।૫૬।**

હે જીવાત્મા! પવનથી હણાયેલું વૃક્ષપરનું ફૂલ જેમ પડે છે તેમ નાથ વગરનો, સ્વામીભાવને નહીં પામેલો અરહો પરહો અથડાતો કૂટાતો દુર્ગતિમાં જાય છે. ભૌતિક પદાર્થો વિષે રાગાદિના કારણે કર્મબંધનમાં વધુને વધુ ઝડપાતો જાય છે.

જે વસ્તુ જેવી છે તેવી છે. તેને સારી યા ખરાબ કહેવાથી રાગાદિ વધે છે...

રાગદ્વેષ એ વિકારીભાવ છે. તે જ આત્માનો નાશ

કરનાર છે... અરિસામાં અગ્નિનું પ્રતિબિંબ પડે તે અરસામાં દેખાય છે તેથી અરીસો સળગી જતો નથી બરફની શીલા અરીસામાં દેખાય તેથી અરીસો ઠંડો થઇ જતો નથી. અગ્નિ અરીસો ન થાય, અરીસો અગ્નિ ન થાય એમ જડનું જડમાં અને મારૂં મારામાં. જડ એ ભૌતિક પદાર્થ મારા થઈ શકે જ નહિં. જડનું પરિણમન ચૈતન્ય કરી શકે નહિં, ચેતનનું પરિણમન જડ કરી શકે નહિં ...માટે ચેતન તું તારી સંભાળ રાખ...ઉપાસનાનો ઉપાસક બનેલો તું વાસનાને સન્માન તો નહિં. વૈરાગીને સંસાર સંસારની ક્રિયામાં દોષ જણાય અને ધર્મ–ધર્મની ક્રિયામાં આત્મામાં, આત્મગત સ્વભાવમાં ગુણ દેખાય ..માટે જ જ્ઞાનીઓએ ગુણપ્રાપ્તિ માટે જીવન નિર્મળ બનાવવાનું જણાવ્યું. સ્વદોષ દર્શન, પર ગુણ દર્શન એજ સારું જીવન જીવી જાણે, સાર્થક કરી શકે ..દોષ પોતાના ન દેખી શકવાથી તે મહા અંધ છે...તે સ્વજીવનમાં ગુણ પ્રગટાવી શકતો નથી. તે આત્મા કર્મના પ્રચંડ વાયુથી પછડાતો દુર્ગતિમાં ધકેલાય છે.

**વસિયં ગિરિસુ વસિયં, દરીસુવસિયં સમુદ્રમજ્ઝંમિ**
**રૂક્ખગ્ગેસુ ય વસિયં, સંસારે સંસરંતાણં ॥૫૭॥**

હે આત્મા ! સરકી જતા આ વિષમ સંસારમાં ભમતાં ભમતાં તેં પર્વતોમાં. ગુફાઓમાં, સમુદ્રની મધ્યમાં અને વૃક્ષના અગ્રભાગમાં પણ નિવાસ કર્યો છે જે રાગ દ્વેષ ક્રોધાદિનાં કારણે પરભવમાં ભમ્યો, રમ્યો, તો તું

સમજે તો પરિભ્રમણ અનેક પ્રકારના નિવાસો જે કર્યા છે. તેથી મુક્ત બની શકે...

જ્ઞાની કહે છે કે જે ક્રોધ કરે છે તેને જ નુકશાન થાય છે. ક્રોધ નુકશાન કર્તા છે. એ સમજાય તો જ્ઞાન પામી જવાય.. હું ક્રોધ ન કરૂં તો ન થાય. આ જ પુરુષાર્થ કરવાનો છે. ક્રોધના નિમિત્તો મળે તો પણ સમતામાં સ્થિર થવું. અજ્ઞાની આત્માઓને થોડામાં ઘણું માઠું લાગી જાય છે. જ્યારે સમજુને કંઇ લાગતું નથી. પામી ગયેલાને ૧૦૫ ડીગ્રી તાવ હોય તો તે કહે ઠીક છે. એ એનું કામ કરે. હું મારૂં કામ કરૂં છું ત્યારે અણસમજુ ને ૯૯ તાવ હોય ધમધમાટ કરી મુકે કારણ કે સહનશીલતાનો અભાવ ને....

તારક પરમાત્માનો માર્ગ સર્વથી અનુત્તર પ્રધાન-માર્ગ છે. જેની સાથે કોઈ ન આવી શકે. ગજસુકુમાર જેવા ધનાઢ્ય. શારીરીક સંપત્તિને વરેલા, ભૌતિક સુખને પામેલા છતાં દુઃખમાં ધર્મને વિષે સ્થિર થયા.

**દેવો નેરઇએત્તિય, કીડ પયંગુત્તિ માણસો એસો**
**રૂવસ્સી વિરૂવો, સુહભાગી દુક્ખભાગીય ।૫૮।**

હે આત્મન્ ! તું અનેકવાર દેવ, નારકી, કીડા, પતંગીઆ, મનુષ્ય થયો....અરે રૂપવંતો, કુરૂપ તેમ સુખ દુઃખ ભોગવનારો થયો છે. પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરવામાં પ્રમાદ કરવાથી ચારે ગતિનું પરિભ્રમણ છે.

સો વર્ષના આયુષ્યવાળો જે પુરૂષ પાપ કર્મ કરવાથી નરકગતિમાં અને પુણ્યકર્મ કરવાથી દેવગતિમાં એક સાગરોપમનું આયુષ્ય બાંધે છે. તે પુરુષ એક દિવસે સો વર્ષમાંના દરેક દિવસે દુઃખ સુખ (નરક સ્વર્ગ સંબંધી) પલ્યોપમના કરોડો હજારો જેટલું આયુષ્ય બાંધે છે. અર્થાત્ સો વર્ષના દિવસોનો એક સાગરોપમના દસ કોડાકોડી પલ્યોપમ સાથે ભાગાકાર કરતાં તેટલા આયુષ્ય બાંધવાવાળું પાપ અને પુણ્ય એક દિવસમાં ઉપાર્જન કરે છે. માટે પ્રમાદનો ત્યાગ કરી. ધર્મ કરવામાં ઉદ્યમ કરવો.

જે સો વર્ષના આયુષ્યવાળો નરભવમાં રહેલો પુરૂષ પુણ્યના આચરણ વડે દેવ જાતિના સમુહમાં પલ્યોપમના સંખ્યાતમા ભાગને (તેટલા અલ્પ આયુષ્યને) બાંધે છે. (તે દેવગતિમાં પલ્યોપમના સંખ્યાતમા ભાગ પરિમાણ આયુષ્યને બાંધનાર સો વર્ષના આયુષ્યવાળો) પુરૂષ દિવસે દિવસે અસંખ્યાતા કરોડો વર્ષનું આયુષ્ય બાંધે છે. પલ્યોપમના સંખ્યાતમા ભાગના વર્ષોના વિભાગ કરીને સો વર્ષના દરેક દિવસમાં વહેંચીએ તો તે દરેક દિવસે અસંખ્યાતા કરોડ વર્ષ આવે. આજ પ્રમાણે નરક વિષે સમજવું. માટે પંડિત પુરુષે ક્ષાન્ત્યાદિક દશ પ્રકારના ધર્મના આરાધનમાં શિથિલતા ન કરવી જોઇએ ધર્મદાસ ગણીએ ઉપદેશમાળામાં જણાવ્યું છે કે

દેવાણ દેવલોએ, જં સુરકંતં નરો સુભણિઓ વિ,
ન ભણઇવાસ સએણ વિ. જસ્સવિ જીહ્વાસયં હુજ્જા ॥

દેવલોકમાં દેવોને જે સુખ છે તેનું વર્ણન સો વર્ષના સમયમાં સો જીભવાળો-વાચાળ હોવા છતાં પૂર્ણ વર્ણન કરી શકતો નથી તો સામાન્ય માણસ તે સુખનું શું વર્ણન કરી શકે. તેવી જ રીતે નરકોને વિષે અતિ. કર્કશ અને વિપાકની વેદનાએ કરીને પરમતીક્ષ્ણ ક્ષુધા આદિ દુઃખોનું વર્ણન પણ થઈ શકે તેમ નથી. તે દુઃખો સતત કરોડ વર્ષો સુધી કહેવા છતાં વર્ણન પૂર્ણ થાય તેમ નથી. નારકીના દુઃખો તથા તિર્યંચ ભવમાં જે અંકુશ, માર, બંધન, મારણા છેદન વિગેરે સેંકડો દુઃખો જે જણાય છે તે ધર્મ વિરુદ્ધ કરેલાં કૃત્યોનું ફળ સમજવું...

મનુષ્યગતિમાં પણ દુઃખ સમજાવે છે કે જાવજીવ સંકલેશ, અસાર અલ્પ કાળ રહેવાવાળું વિષયાદિક સુખ, અગ્નિ, ચોર આદિથી થતાં ઉપદ્રવો, પરના આક્રોશ વચન સહન કરવાં. અપરાધના કારણે કારાવાસ, દંડાદિનો માર, બંધન, વાત, પિત્ત હકથી ઉત્પન્ન થતાં રોગો ધનનું હરણ, મનનો સંતાપ, ચિત્તનો ઉદ્વેગ, અપકીર્તિ, વિગેરે દુઃખો છે માટે પુણ્યના બળે મળેલા મનુષ્ય જન્મને સફળ કરવા ધર્મકાર્યને વિષે ઉદ્યમ કરવો જરૂરી છે.

દેવતાઓને પણ સુખ નથી. તે દર્શાવે છે કે હે દેદીપ્યમાન આભુષણો પરિધાન કરવા છતાં અશુચિથી ભરેલા ગર્ભાવાસમાં આવવાનું થાય છે. દેવલોકમાંથી ચ્યવન થવાનું છે એમ છ માસ પહેલેથી જાણે તેથી આર્ત્તધ્યાનમાં છ માસ પસાર કરતાં હોય છે. વૈભવો-

સાધનો છોડવા પડશે એનું ભારોભાર દુ:ખ થાય છે. દેવોને પરસ્પર ઈર્ષા, અદેખાઈ, પરાભવથી પ્રાપ્ત થયેલા ખેદ, વિગેરે કારણોથી તેમને પણ દુ:ખ મિશ્રત સુખ હોય છે. માટે જિનેશ્વરની આજ્ઞા મુજબ ધર્મનું આરાધન વિશિષ્ઠ ભાવથી કરવું જ જોઈએ.

**ખૂબ જ સમજવાની આ વાત છે. ધ્યાનથી યાદ રાખો, દુ:ખી માણસને માત્ર ઉપદેશ દેવાથી ધર્માભિમુખ બનાવી શકાતો નથી, પહેલાં તો તમે તેની સાથે મૈત્રી કરો, તેને ભય મુક્ત કરો, તેના મનમાંથી દ્વેષને દૂર કરો. તેને આરાધના માટે ઉત્સાહિત કરો પછી એ દુ:ખી જીવાત્માને ધર્મનો ઉપદેશ આપો તો દર્શાવેલી વાત તેના હૈયામાં ઉતરશે અને ધર્મ કરવા શક્તિમાન થશે.**

**રાઉત્તિય દભગુત્તિય, એસ સવાગુતિ એસ વિયાંવઉ**
**સામી દાસો પુજજો, ખલોત્તિ અ ધણો ધણવઇત્તિાપલા**
**નવિ ઇત્થ કોઈ નિયમો, સકકમ્મ**
**વિણિવિઠ્ઠ સરિસ કય ચિઠ્ઠો**
**અન્નુન્ન રુવ વેસો, નડુવ્વ પરિઅતએ જીવ ॥૬૦॥**

હે આત્મા, તું કેટલી કેટલી વખત રાજા, ભીખારી ચંડાળ, અને બ્રાહ્મણ થયો, વળી તે જ તું સ્વામી, દાસ,

પૂજ્ય, ખળ નિર્ધન અને ધનવાન પણ થયો. એમાં કોઈ પ્રકારનો નિયમ નથી જ. કારણ કે પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ પ્રદેશરૂપ રચનાની સરખી ચેષ્ટાથી અથવા દેવાદિક પર્યાયરૂપના આશ્રયરૂપે નટની જેમ અન્ય અન્ય રૂપ અને વેષવાળો થઇ પર્યટણ કરે છે....

તે પર્યટનોથી મુક્ત બનવા માટે ધર્માનુરાગી જીવન જીવવાની જરૂર છે. સત્સંગ અને સત્યસંગજ આત્મભાવને ટકાવી રાખે તેવા સાધનો છે. ઇચ્છાઓનો અભાવ તે મોક્ષ માર્ગની ગુરૂ ચાવી છે. તેમાંથી જન્મમરણનો અભાવ થઈ પૂર્ણ મોક્ષ પ્રાપ્ત થાય તે.

## ગુણવંતા મનુષ્યો સુખ મેળવે

જગતના ભૌતિક સુખો મળે યા ન મળે પણ ધર્મ કે જેમાં સરળતા, ઉદારતા, ભદ્રિકતા, સમાનતા, નિરપેક્ષતા, નિઃસ્વાર્થતા, નિરહંકારિતા ગુણો જેમાં સમાયેલા છે. તે જીવો ધર્મ માટે દેહ ત્યાગ કરી શકે છે. પણ ધર્મને છોડતા નથી. આવું સાહસ કરનારા જીવો પૂર્વ સંસ્કારોના બળે વર્તમાનમાં ધર્મને આરાધી અર્થ અને કામને ગૌણ કરી મોક્ષને સાધવા પ્રેરાય છે.

ધર્મને અનુસરનારા જીવો કામનો કોઈપણ પ્રકારની ઇચ્છાઓને સર્વ પ્રકારે આધીન હોતા નથી. સ્ત્રી, પુત્ર, પરિવાર, અનુચર કે સમાજ સાથેનો તેમનો સંબંધ કેવળ આશા, તૃષ્ણા, અપેક્ષા, સ્વાર્થ, કે મોહવશ હોતો નથી. ઇચ્છા કે વાસનાને આધીન થતો નથી. તે સંસ્કારી

આત્માઓ ધર્મને પ્રધાન કરી અર્થ અને કામની આડ. પેદાશને ગૌણ કરી મોક્ષ સુખ તરફ વર્તે છે.

વિવેક પૂર્ણ માનવદેહ પામી મનુષ્યમાત્રે ધર્મ અને કર્મનો પરિચય કરવા જેવો છે. કર્મ શું છે. તે જાણ્યા સિવાય કર્મ મુક્તિ અને ધર્મ યુક્તિ સંભવ નથી. જેથી, જન્મ મરણના ફેરાથી ટળવાપણું પણ નથી. જે માનવ કર્મને કે ધર્મને જાણતો નથી તેની દશા તિર્યંચ જેવી છે. ધર્મ વિના સાચું સુખ પ્રાપ્ત થવું તે અશ્વ શ્રૃંગ જેવી કલ્પના છે. જે સંસારિક સુખના સાધનો વર્તમાન કાળમાં કોઈને ધર્મના પ્રયોજન વગર મળતા દેખાય છે. તેથી માનવ ભૂલ થાપ ખાઈ જાય છે. કે ધર્મ વિનાં પણ સુખ મળે છે.

આ હકીકત સમજાયા પછી હવે જીવને નિર્ણય થાય કે મારે ધર્મ પામવો છે. ધર્મનું આવું નિર્દોષ સાધન ત્યજી સદોષ જીવન જીવવાની મૂઢતા કરવી નથી. આવી નિઃશંકતા અને નિર્ણય પછી માનવના સાચા જીવનનો પ્રારંભ થાય છે. તે જીવનમાં ચેતનાની અચિંત્ય શક્તિ પ્રગટ થાય છે. તે ચેતના સિદ્ધોની મહાસત્તાને અનુસરે છે. તે ચેતનાની અનુભૂતિ પછી ભકતના ઉદ્‌ગાર કેવા અદ્‌ભૂત હોય છે. આત્મા આત્માને આત્મા વડે આત્મામાં રહેલી શકિત જોશે તો સિદ્ધ અવસ્થા પ્રગટ યા પ્રાપ્ત થશે.

**નરએસુ વેઅણાઓ, અણોવમાઓ અસાય બહુલાઓ**
**રે જીવતએ પત્તા, અણંત ખુત્તો બહુવિહાઓ ।૬૧**

રે જીવ, તેં રત્નપ્રભાદિક સાતે નરકમાં ઉપમા રહિત દુઃખે કરીને બહુ પ્રકારે વેદનાઓ ભોગવેલી છે.

જે માણસ મરીને જે ગતિમાં જવાનો હોય તે ગતિને યોગ્ય લેશ્યા મૃત્યુ સમયે તેને વર્તે છે. બ્રહ્મદત્ત ચક્રવર્તિ મરીને નરકમાં જવાના હોવાથી મરતી વખતે તેઓ પોતાની પટ્ટરાણી કુરૂમતિનું સ્મરણ કરતા કરતા નરકગતિમાં ગયા. જેવી ગતિ તેવી મતિ...

જરાકુમારના હાથે કૃષ્ણનું મૃત્યુ થવાનું છે. એવું ભવિષ્ય કથન સાંભળી જરાકુમાર જંગલમાં ચાલ્યો જાય છે. જેથી પોતે મૃત્યુનું નિમિત્ત ન બને પણ ભાવિભાવ મિથ્યા થાય ખરો ? જૈન દર્શન (ઇતિહાસ)

મુજબ દ્વારિકાનગરીનો ધ્વંસ થયા બાદ કૃષ્ણ અને બળભદ્ર પરિભ્રમણ કરતાં કરતાં જ્યાં જરાકુમાર રહેલો છે. ત્યાં આવે છે. પાણીની તરસથી તૃષાતુર બનેલા કૃષ્ણજી માટે બળભદ્રજી નજીકના સરોવરમાંથી જળ લેવા જાય છે. ત્યાં દૂરથી શ્રી કૃષ્ણના પગમાં રહેલા પદ્મના તેજને કોઈ જાનવર સમજી શ્રીકૃષ્ણના આગમનથી અજાણ એવા જરાકુમારે છોડેલા બાણથી જ શ્રીકૃષ્ણનું મરણ થાય છે. જરાકુમારે મનુષ્યની ચીસ સાંભળી તુરત જ દોડી આવતાં શ્રી કૃષ્ણજીને નિહાળી કલ્પાંત કરે છે.

પણ હવે શું થાય ? ભાવિ મિથ્યા થતું નથી. જરાકુમારની આંખમાંથી અશ્રુધારા વહે છે. તે સમયે કૃષ્ણ મહારાજાએ જરાકુમારને કહ્યું કે ભાઈ, કલ્પાંત કરવો વ્યર્થ છે. ભવિ મિથ્યા ક્યાંથી થાય ! જે કાળે જે બનવાનું હતું તે બની ગયું. પરંતુ હવે તું અહીંથી ચાલ્યો જા, હમણાં જ બળભદ્ર આવશે તો તને મારી નાંખશે, જરાકુમાર ચાલ્યો જાય છે. બળભદ્ર તેટલામાં આવે છે, શ્રી કૃષ્ણજીની મરણાંત સ્થિતિ કરનાર કોણ દુષ્ટ છે ? મને બતાવો તો અત્યારે જ હું તેને ખતમ કરી નાંખુ.... ત્યાં તો કૃષ્ણજીને પણ જરાકુમારને ખતમ કરવાનો વિચાર આવી ગયો બળભદ્રજીને ખ્યાલ આવી ગયો કે જરાકુમારના હાથે જ મૃત્યુ થયેલ છે. ભગવાન નેમિનાથ તીર્થંકરનાવચનો પ્રમાણે બન્યું છે. ભાવિ ભાવને કોઇ અટકાવી શકતુ નથી. **યદ્ ભવિતદભવતુ.**........

અહીં ૬૧ની ગાથાને અનુરૂપ નરકનો ઉત્કૃષ્ટ વિરહ કાળ જણાવાય છે. **પહેલી નરકમાં ચોવીસ** મુહુર્ત, બીજીમાં સાત અહોરાત્રી. ત્રીજીમાં પંદર અહોરાત્રી, ચોથીમાં એક મહિનો, પાંચમીમાં બેમહિના, છઠ્ઠીમાં ચારમહિના, અને સાતમીમાં છ મહિના જઘન્યથી અંતરો પડે તો એક સમયનો, એક સમયમાં અસંખ્યાત જીવો નરકમાં ઉત્પન્ન થાય છે. તેમ અસંખ્યાતા દુઃખે. ભોગવે છે.

નરકની વેદના અંગે શાસ્ત્રમાં જણાવ્યું છે કે પ્રતિ સમય આહારાદિ પુદ્ગલોની સાથે જે બંધન થાય છે. તે

પ્રદિપ્ત અગ્નિ કરતાં પણ અતિ ભયંકર હોય છે. ગધેડાની ચાલ કરતાં પણ નારકોની ચાલ અતિ અશુભ હોય છે. તપેલા લોખંડ જેવી ધરતી પર પગ મૂકવાથી જે વેદના થાય તેના કરતાં નારકીને નરકની ધરતી ઉપર ચાલતા અત્યંત ગણી વેદના થાય, પાંખ છેદાયેલ પક્ષીના જેવું અત્યંત ખરાબ હુંડક સંસ્થાન હોય છે, નરકાવાસ અંધકાર મય, ભયંકર તથા અતિમલિન હોય છે. ત્યાંના તળિયાનો ભાગ શ્લેષ્મ, વિષ્ટા; મૂત્ર, અને કફ વિગેરે બિભત્સ પદાર્થોથી લેપાયેલા જેવો હોય છે, માંસ, કેશ, નખ, હાડકાં, અને ચામડાથી આચ્છાદિત થયેલી સ્મશાન ભૂમિ જેવો હોય છે. સડી ગયેલા બિલાડા, કુતરા વિ. મૃત કલેવરોની ગંધથી પણ અતિ અશુભ હોય છે. ત્યાં રસ તો લીમડા વિગેરેના રસ કરતાં પણ ખૂબ કડવો હોય હોય છે. અગ્નિ અને વીંછીના સ્પર્શ કરતાં ત્રીવતર ત્યાં સ્પર્શ હોય છે. સાંભળવા માત્રથી દુઃખ થાય તેવા શબ્દોનો કલ્પાંત હોય છે. આવી અનેક પ્રકારે વેદનાઓ નરકીમાં છે.

સાતમી નરકનાં અપ્રતિષ્ઠાન નામના નરકાવાસમાં પાંચક્રોડ અડસઠ લાખ. નવ્વાણું હજાર પાંચસો ચોરસી વ્યાધિઓ છે. તેથી પ્રમાદને આધીન નરક ગતિમાં ન જવાય તે હેતુથી ધર્મમય જીવન પસાર કર... માટે ભાવથી વિશુદ્ધવાળો તું બનીશ જેથી જ્ઞાનીના વચનોને ઔષધની જેમ સુખને આપનારા ગ્રહણ કરીશ. જેમ ઔષધ પીતાં કડવું લાગે છતાં પરિણામે ઘણા સુખને આપનારૂં થાય છે. તેમ જ્ઞાનીના ગુરૂના વચન અંગીકાર

કરતાં કષ્ટ લાગે છતાં પરિણામે આ ભવ પરભવમાં હિતકારક જ છે. માટે જ્ઞાનીના શબ્દોને આદરી દુર્ગતિથી પડતા વિરમ પામો ! તે માટે ત્રણ તત્વ ને પામો, જે છે દેવગુરૂ ધર્મ, જેને તેની સાથે મેળ તેનું કલ્યાણ થાય જ.

**દેવત્તે મણુઅત્તે, પરાભિઓગત્તણં ઉવગએણં**
**ભીસણ દુહં બહુવિંહં, અણંતખુત્તો સમણુભૂઅં ।**
**॥ ૬૨ ॥**

હે, જીવ દેવભવમાં મનુષ્યભવમાં પરતંત્રપણાથી ભયાનક દુઃખનો અનુભવ તેં કર્યો છે.

સ્નેહી, સગાંસંબંધી, સાધન સંપત્તિ વિ. પરનો મોહ વિષ્ટાની ગોળી જેવો છે. તે આત્મ સુખરૂપી કમળની સુગંધ લેવા દેતો નથી. જ્યારે એ ગોળીને દૂર કરીશું ત્યારે જ આત્મસુખ રૂપી કમળની સુગંધી બરાબર આવશે નકલી સુખનાં ધ્યાનમાંને ધ્યાનમાં આપણને સાચાં સુખ સામે જોવાની મીંટ માંડવાની ફુરસદ નથી ; પરંતુ આ નકલી સુખોનું પરિણામ દુઃખ છે. જો દુન્યવી નકલી સુખ વર્તમાન કાળમાં જો દુઃખો આપતું હોય તો ભવિષ્યમાં તે શું શું દુઃખ ન કરે !

માણસ સ્વાદથી ઉત્પન્ન થતાં સુખને કારણે પેટ ભરીને ખાય છે. પછી અજીર્ણ થવાથી ઘણા દિવસો સુધી ખાવાનું છોડવું પડે છે. અનેક દર્દથી પીડાવું પડે છે. તે દર્દથી મુક્ત થવા માટે દોડા દોડી કરવી પડે છે પૈસાનો વ્યય પણ અનિવાર્ય બને છે. તેવી જ રીતે વસ્ત્રાભૂષણાનું સુખ ભોગવવા જતાં ગુંડાઓથી લૂંટાવાનો

પ્રસંગ આવે છે. શાસ્ત્રોના ઘાથી કારમી પીડાનો અનુભવ કરવો પડે છે. શાતાનું સુખ ભોગવવા જતાં પણ આવા જ કડવા અનુભવો થયા વિના રહેતા નથી. આવા આત્માઓને સવામણ રૂની રેશમી ઉત્તમ તળાઈઓ આનંદ આપી શકતી નથી. ઘણી વખત તો પડખાં જ ફેરવવા પડતા હોય છે.

અનંત જ્ઞાનીઓ કહે છે કે આ દુન્યવી સુખ આ વિષય ભોગનું સુખ મધુલિપ્ત અસિ ધારા જેવુ છે. મધ ચાટતી વખતે તો જીભને સ્વાદ આવે છે પણ બીજી જ ક્ષણે જીભ તલવારની તીક્ષ્ણ ધાર વડે કપાઈ જાય છે.

પોતે માનેલી અનુકુળતા પ્રાપ્ત કરવા તેમ પ્રતિકુળતા દૂર કરવા અનેક પ્રકારની પ્રવૃત્તિ કરે છે. તેમાં પ્રાણાતિપાત વિગેરે અઢારે પાપ લાગ્યા વગર રહે ખરા? સંસાર જન્ય ભોગો તેટલો જ રોગો, છતાં ભોગો પ્રત્યેની આશક્તિ ઓછી થતી નથી. દુન્યવી સુખનો લોભી જીવડો એવાં ચીકણાં કર્મ બાંધે છે. કે તેના ફળ ભોગવવા માટે તેને નરકાદિમાં ઉત્પન્ન થવું પડે છે.

તેમ મનુષ્ય ભવમાં ઘણાં કારમાં દુઃખો ભોગવવા પડે છે. **'લેને ગઇ પુત ઔર ખો આઇ ખસમ'** જેવી સ્થિતિ ઉત્પન્ન થાય છે. જેને તમો લોકો સુખી સંસાર બતાવો છો પણ તેની ભીતરમાં કેવી આગ ભભૂકે છે. તે જણાવતું દૃષ્ટાંત મહાન ગીતર્થ પૂ. આચાર્ય ભગવંત શ્રીના મુખે સાંભળેલું અહીં જણાવાય છે.

એક શેઠ ઘણો વિશાળ વેપાર ખેડતા અને તેમાં રચ્યા પચ્યા રહેતા. ઘડીની પણ ફુરસદ ન મળે. બીજી તરફ શેઠાણીને અલ્પ જ કામ રહેતું. બાકી નોકર કામ કરી લેતો. લોકોમાં કહેવત છે કે 'નવરો બેઠો નખ્ખોદ વાળે' એ કહેતી મુજબ જે માણસ નવરો પડે છે ત્યારે તેના મનમાં અનેક પ્રકારનાં વિચારો આવે છે. તે પ્રમાણે બીજાનું બગાડનાર પોતાનું જ બગાડતો હોય છે.

કામકાજ વિનાના શેઠાણી તો સમય પસાર કરવા ભટકવા લાગ્યા, શેઠ દસ વાગે આવે ત્યારે મધરાતે બાર વાગે શેઠાણી ઘરમાં પ્રવેશ કરે. શેઠાણીના ગરમ સ્વભાવના કારણે શેઠ કંઇ જ ના કહે. કદાચ ઝઘડો કરતાં ઘરની આબરૂ જવાનો મોટો ડર હોવાથી વાતને ન સાંભળ્યા જેવી કરે. શેઠાણી કંઈ સમજી શકે તેવી પરિસ્થિતિમાં ન હોવાથી. વારંવાર ઝઘડાના કારણો બનવાથી પૂરેપૂરી હિંમત રાખી શેઠે બારણાંને સાંકળ અંદરથી લગાવી દીધી. દરરોજનો સમય થતાં શેઠાણીની પધરામણી થઇ. બારણાંને ખખડાવ્યું. આજે આમ કેમ થયું ? મારા ધણીની હિંમત ચાલે નહિં. પણ મને ચિંતા હોય જ શેની ?

શેઠાણીએ જોરથી બૂમ પાડી. બારણું ખોલો ! શેઠે જવાબ આપ્યો...નહિં ખૂલે તે. નહિં. જ ખૂલે, બહુ બહુ કહેવાથી શેઠે કહ્યું કે તું કાગળ ઉપર લખીને આપ કે હવેથી રખડીશ નહિં. ભટકીશ નહિં. તો બારણું ખોલું, માથે ભારી શેઠાણી આ માને તેમ ન હતા. બન્ને જણાં હઠવાડે ચઢયા હતા. છેવટે શેઠાણીએ જણાવ્યું કે બારણું

ખોલો. નહિં તો હું કુવે પડીશ. પણ લખી આપીશ તો નહિં જ......

શેઠાણીએ તો સંસારનું પ્રદર્શન કરવા માંડ્યું. નજીકમાં કૂવો હતો ત્યાં જાય છે. શેઠે તિરાડમાંથી જોયું તો શેઠાણી કુવા તરફ જાય છે. શેઠ સહજ ઢીલા પડયા તેટલામાં શેઠાણીએ એક વજનદાર પત્થર ઉંચકીને કુવામાં નાંખ્યો. અવાજ કાને પડતાં જ શેઠ સમજ્યા કે નક્કી આ કુવામાં પડયા. એટલે બારણું ખોલીને કુવા તરફ દોડયા. આ તરફ શેઠાણી છૂપી રીતે ઘરની પાસે આવી પહોચ્યા હતા. છૂપાઈને રહેલા શેઠાણી બારણાં ખૂલેલાં જોઈ અંદર પ્રવેશી ગયા. બારણાં બરાબર બંધ કરી દીધા... શેઠે કુવામાં ઘણું જોવા માંડયું પણ શેઠાણી હોય તો દેખાય.. શેઠાણી તો ઘરમાં તેમાં બારણાં બંધ કરવાનો અવાજ સાંભળતાં શેઠ તુરત પાછા આવ્યા. બારણું ખખડાવે છે. હવે શેઠાણી બારણું ખોલે જ નહિં. શેઠાણીનો હાથ ઉપર હતો. આખી રાત રખડો છો, ઉજાગરા કરાવો છો. તે શરમ આવતી નથી. હવે તો લખી આપો કે આ રીતે કોઈ દિવસ બહાર રખડીશ નહિં. તો જ બારણાં ઉઘડશે કયાં સુધી રખડુની રાહ જોવી ?

ચોરી અને વળી શિર જોરી...તે આનું નામ ગુનેગાર પોતે છે. છતાં શેઠને દબડાવે છે. શેઠે ઘણી વિનંતિ કરી પણ શેઠાણી માનતા નથી શેઠ ધીમે બોલે છે. ત્યારે શેઠાણી જોર જોરથી બોલે છે. શેઠાણી બોલે કે રાત આખી રખડો છો. ને ઉજાગરા કરાવો છો. તે શરમ આવતી

નથી ? હવે તો લખી આપો કે કોઈ દિવસ રખડીશ નહિં. શેઠાણી ગુનેગાર હોવા છતાં શેઠને દબડાવે છે. શેઠ ધીમે બોલે ત્યારે શેઠાણી તાડૂકી તાડૂકીને બોલે છે. તેં કૂવામાં પડવાનો દેખાવ કરી મને છેતર્યો. પણ હું તો સંસારથી તારાથી કંટાળ્યો–હું તો કૂવામાં પડીશ જ...

શેઠાણી શેઠને નમાવવા માંગતા પણ વિધવા થવાની તૈયારી ન હતી. તેથી શેઠને કૂવા તરફ જતાં અટકાવ્યાં. પગે લાગીને ઘરમાં શેઠને બોલાવ્યા. શેઠને ક્રોધ–કજીયો કરવો ન હતો તેથી શાંત રહ્યા, સંસારીઓની ભીતરની અવસ્થા ઘણી જ ખરાબ હોય છે...

**તિરિયગઈ મણુપત્તો, ભીસણમહાવે અણાઅણેગવિહા**
**જમ્મમરણ રહટ્ટે, અણંતખુત્તો પરિભમિઓ ।૬૩।**

હે આત્મન્ તું મનુષ્યની જેમ તિર્યંચ ગતિ પામી અનેક વેદનાઓ સહન કરતાં જન્મ મરણના રહેંટમાં અનંતીવાર પરિભ્રમણ કરી રહ્યો છે.

તિર્યંચ અવસ્થામાં તો નજરે જણાય છે કે દેડકાનો જીવ જતો હોય ત્યાં કાગડાને આનંદ આવતો હોય છે. કેટલાંકના શીંગડા સડી ગયા હોય છે. અંદર જીવાત પડી ગઈ હોય છે. તેમ કૂતરાઓ પેટથી કમ્મરથી વળી ગયાં હોય છે બળદ–ઉંટ–ગધેડા ઉપર ભયંકર ભાર પડતો સહન કરવો પડે છે એકેન્દ્રિયાદિથી સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં અનંતા જીવોનો સમાવેશ થાય છે. તેમાં અનંતીવાર અનંત પ્રકારે દુઃખોને સહન કર્યાં માટે તિર્યંચાદિ ગતિમાં ન જવાય તે રીતે ધર્મમાં પરિશ્રમ કર...

**જાવંત કે વિદુકખા, સારીરા માણુસા વ સંસારે**
**પત્તો અણુંતખુત્તો, જીવો સંસાર કંતારે ॥૬૪॥**

હે આત્મન્ ! આ સંસારમાં શારીરીક-માનસિક જેટલાં પ્રકારે દુઃખો છે તે દુઃખોને અનંતીવાર મેળવી ચૂકયો છે. જે દુઃખોનો અનુભવ થાય છે. તેં કરેલા કર્મોનો વિપાક જ છે. તે તું જ ભોગવે છે.

જેમ દારૂ પીધા પછી અમુક સમય બાદ નશો ચડે ત્યારે ભાન ગુમાવે છે. તેમ કર્મનો હલ્લો સારી અને ખરાબ બન્ને પ્રકારની ફેરફારી થઈ શકે છે. ભીખારી લાખોનો માલિક બની જાય છે. અશુભનો ઉદય હોય તો ધનવંત પણ ભીખારી બની જાય છે. અશુભના ઉદયવાળા ને સારી શિખામણ પણ કામ આપતી નથી. બધું જ ચોતરફથી ઉંધુ થતાં વાર લાગતી નથી. શું કોઈ કોપાયમાન દૈવ ભાગ્ય આવીને તમાચો મારે છે ? ના, મારતું નથી. એવી દુર્બુદ્ધિ થાય છે કે જેનાથી મુંજ રાજા જેમ ભીખારીની જેમ ચપણીયું લઇને ભીખ માંગતા તેમ ભીખ માંગવી પડે છે. એકવાર ચર્ચિલને સાંભળવા લાખો લોકો આતુર હતા. આજે તેમાંનું કોઈ નથી.

એક જ માતાની કુક્ષિએ જન્મેલા ભાઇઓ મિલ્કત માટે લડે છે. ક્રોધાંધ બનીને કોર્ટમાં જાય છે. હુમલા કરે છે, ન કરવાનું કરે છે. નિયમિત ધંધો કરનાર સટોડીઓ બનીને પાયમાલ બની જાય છે. આબરૂ બચાવવા માટે ઝેર પીએ છે આ અશુભના ઉદય સિવાય કંઈ જ નથી.. ...

રાજરાણીની કુક્ષિએ જન્મેલો મૃગાપુત્ર રાજકુંવર હોવા છતાં હાથ, પગ, નહિં, આંખ કાનની જગ્યાએ માત્ર કાણાં-ચિન્હો...તે હાલી ન શકે. બોલી ન શકે. માટીનો પિંડ મોટો જાણે ન હોય તેવું શરીર, પણ માતાને દયા હોય જ...એવા પ્રકારનો પ્રવાહી પદાર્થ તયાર કરે. તે પીંડ ઉપર રેડી શકાતો, આહાર પ્રાપ્ત કર્યો તેમ મનને થાય પણ તે પ્રવાહી પદાર્થ પરૂ અને રસી રૂપે બહાર આવતો. મૃગાપુત્ર શરીર દ્વારા એ પરૂ અને રસી ને ચૂસી લેતો. શરીરમાંથી એની ભયંકર દુર્ગંધ નીકળે કે નાકે કપડું બાંધ્યા સિવાય તેની પાસે જઈ ન શકાય. આ સર્વે અશુભ કર્મના ઉદયે જ થાય છે. ઉદયનું પરિણામ ભોગવ્યું છે. અને જે અશુભ કર્મ કરશે તેને અશુભ પરિણામ જોવા પડશે. પાપના ઉદય વખતે અનેક પ્રકારના દુઃખો, અણધારી મુશ્કેલીઓ કે મૂંઝવણો આવી પડે છે. જીવનમાં હાય હોય કરો છો, ત્યારે બીજાને દોષ આપીએ છીએ. પણ હાથના કર્યાં હૈયે વાગ્યાં એ સમજાતું નથી.

જાણતાં કે અજાણતાં થયેલાં પાપ ઉદયમાં આવે છે તેને સમતાથી ભોગવી લેવા એજ ખરો જૈન શાસન પામ્યાનો સાર છે. પણ જો દુઃખ વખતે ગભરાયા, હાય-વોયમાં ડૂબ્યા, આર્ત્તધ્યાને પહોંચ્યા તો ઢગલાબંધ કર્મ બંધાશે તેમ ભાવિની સલામતી પણ જોખમાશે. તેથી આત્માએ આત્મગત ભાવમાં આવવા માટે સુખમાં રાજી

ન થવું. દુઃખમાં ગભરાવું નહિં. સમભાવથી ભાવિત બનાવી દેવાથી આત્મા ઉજ્જવળ બનશે.

**તમ્હા અણુંતખુત્તો, સંસારે તારિસી તુમં આસી,**
**જંપસમેઉ સવ્વો-દહીણું, સુદયં ન તીરિજ્જા ।૬૫।**

હે જીવ...તેં નરકની વેદના પૈકી અનંતીવાર ભયંકર તૃષા ભોગવી છે. તે તૃષાથી મુક્ત થવા સમુદ્રોના પાણી પણ સમર્થ ન થઇ શકયા...

તું ગત જન્મમાં તથા આ જન્મમાં ભોગવેલ દુઃખોને યાદ કરે તો વર્તમાનમાં તને જે દુઃખ જણાય છે તે તો કંઈ જ નથી.. ભોગવી નાંખેલા દુઃખોને યાદ કરવાની જરૂર તેટલા પૂરતી છે કે ફરી ફરી તે દુઃખો ઉભા ન થાય તે રીતે જીવન વ્યવહાર કરીએ તથા વર્તમાન દુઃખ ભોગવતાં શોક, આર્ત્તધ્યાન રૌદ્રધ્યાન ન થાય તે માટે...

પ્રથમ ત્રણ નરકમાં પરમાધામીઓ ભયંકર દુઃખોને અનુભવ કરાવે છે. તે દુઃખો આગળ આત્માએ આત્મગત ગુણો મેળવવા પડતા, દેખાતાં દુઃખો કંઇ જ હિસાબ માં નથી.. અઠ્ઠાઈનો તપ કરનાર ૧૯૨ કલાક ક્ષુધાને સહન કરી શકે છે તો તે આત્મા ૧૨ કલાક જરૂર સહન કરી શકે છે. અર્થાત રાત્રિભોજન બંધ કરી શકે છે. નારકીની વેદના યાદ હોય તેને વર્તમાન દુઃખ સહન કરવાં તદ્દન સહેલી વાત છે...અટ્ઠાઈ આદિ તપ કરીને રાત્રિ ભોજનનો ત્યાગ ન કરી શકે તો તે અઠ્ઠાઇનો તપ વ્યવહારથી, દેખાવમાત્રથી કર્યો એમ સમજવું પડશે... આત્માના કલ્યાણાર્થે નહિં... કોઈ કોઈના કોઈ દુઃખ

લઇ શકતું નથી. બારમા દેવલોકમાં બિરાજતા સીતેન્દ્ર (સીતાજીને જીવ)ને થયું કે જેણે મારા માટે ઘણા ઘણા દુઃખો ભોગવ્યા, વનવગડા જોયા. તેવા મારા દિયરજી શ્રી લક્ષ્મણજીને નરકમાંથી મારી પાસે દેવલોકમાં લાવું અને સુખી કરૂં. નરકની ગાઢ વેદનાને ભોગવતા શ્રી લક્ષ્મણજીના આત્માએ કહ્યું કે મારે મારા પાપ કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી...પારો જેમ છૂટો પડી જાય તેમ તેમના આત્મ પ્રદેશો વિખરાવા માંડયા... અંતે ત્યાં જ કર્મને આધીન બનીને રહેવાનું થયું...

**આસી અણંતખુતો, સંસારે તે છુહાવિ તારિસિયા**
**જંપ સમેઉ સવ્વો, પુગ્ગલકાઓવિ ન તિરિજ્જા ।૬૬।**

હે ભાવિક...તને નરકરૂપ સંસારમાં અનંતીવાર ક્ષુધા ઉત્પન્ન થઈ હતી. કે તે ક્ષુધાને શમાવવા માટે જગતના પદાર્થો પૂર્ણ થાય તેમ ન હતા. સંસારમાં ન કરવાના કૃત્યો કરીને ભયંકર પાપ બાંધ્યા, પૈસા માટે થઇને ભાઈભાઈનું, ભાગીદારનું ખૂન કરાવી નાંખે. મીલ્કત પચાવી લે. વળીસમજે કે હું મોટો ધનવાન-સુખી પણ તેના પરિણામોનો કોઈ દિવસ વિચાર કર્યો !

કંઇક લોકોની હાય લઈ પૈસો ભેગો કર્યો. તે હાય દુર્ગતિમાં લઇ જવાની સગવડ કરી આપે છે. આરંભ પરિગ્રહનો ભગવાને નિષેધ કર્યો છતાં તેમાં ઝંપલાવે છે. તિર્યંચોને મારી મારીને તેની ચામડી, લોહી વિગેરેથી પાવડર સ્નો, ચંપલો-પર્સ વિ. વાપરતાં આનંદ થાય છે. સૂટ તેવા બૂટ, વાઈફ્ને હાર તેવી બંગડી, સાડી,

બ્લાઉઝ, એરીંગ ચંપલની પટ્ટી પણ એક જ રંગની, પણ એક દિવસ મેચિંગ નીકળી જશે તેની ખબર છે ? કર્મના ફણગા ફૂટશે ત્યારે દુઃખો ભોગવવાં પડશે. ત્યારે મેચિંગ મદદરૂપ નહિં બને, માંસ પ્રિય અજ્ઞાની આત્માઓને નરકમાં પરમાધામીઓ તેનું જ માંસ કાઢી અગ્નિ સરખું લાલચોળ બનાવી ખવરાવે છે, મોજશોખના પ્રિય લોકો દારૂ શરાબ પીવે છે. શરદીમાં પીવે છે. તે કર્મના ઉદયે નારકીના જીવની જ ચરબી, લોહી કાઢી ઉકાળી ઉકાળીને પીવડાવે છે.

ભગવંતે જણાવ્યું છે કે **મા હણો ! મા હણો** જો હણીશ તો તારે હણાવું જ પડશે ! છેદીશ તો છેદાવું પડશે. અહીં માનવ લોકમાં ઘોર વેદના ભોગવતો હોય, ખાવા પીવાનું સાધન ન હોય, બહુ દુઃખી હોય, પગમાં ભાઠા શરીરમાં જલંધર આદિ રોગ થયો હોય, એક જ શરીરમાં ઘણાં રોગ ભેગા થયા હોય, તેની જે વેદના તેથી અનંત ગણી વેદના નારકીના ભવોમાં હોય છે....

જ્યારે કષાયો બહુ ત્રીવ હોય અને આત્મા રૌદ્ર પરિણામી હોય ત્યારે આત્મા આયુષ્ય બાંધે તો નારકીનું બાંધે અને પરિગ્રહમાં મહારાગી હોય ત્યારે પણ આયુષ્ય બાંધે તો નારકીનું બાંધે. આ નારકી એક નથી પણ સાત છે. ઓછામાં ઓછું આયુષ્ય દસ હજાર વર્ષનું છે તેમાં પણ એક દિવસ, એક કલાક; એક સેકન્ડ પણ ઓછું નહિં જ, અહીંના દુઃખ સહન કરી શકાતા નથી તો ત્યાં તેટલી લાંબી મુદત સુધી દુઃખ કયાં સુધી ભોગવાશે.

ત્યાં એક રોગ ઘટે તેમ નથી; તેમ રોગની કોઈ દવા નથી. આ બધા ભયંકર દુઃખો ભોગવવાનું કારણ એકજ કે પૂર્વભવમાં પાપ કરતાં પાછું વાળીને જોયું નહિં. અનેક પ્રકારની હિંસા કરી, કષાયો ધારણ કર્યાં. તેથી નરકના ભોગ ના બનવુ હોય તો ભોગની આસક્તિ છોડવી, પાપ કર્મોથી દૂર રહેવું....

પહેલી નરક રત્નપ્રભા નામે-યાને ધર્મા.
બીજી નરક શર્કરા પ્રભાનામે યાને વંશા,
ત્રીજી નરક વાલુકાપ્રભા નામે યાને શૈલા,
ચોથી નરક પંકપ્રભા નામે યાને અંજના,
પાંચમી નરક ધૂમપ્રભા નામે યાને રિષ્ટા,
છઠ્ઠી નરક તમઃપ્રભા નામે યાને મઘા,
સાતમી નરક તમસ્તમપ્રભા નામે યાને માઘવતી

સંભૂતલા પૃથ્વીથી નવસો યોજન પછી નરક શરૂ થાય છે. તે નરક ભૂમિમાં નારકીઓ રહે છે.

પ્રથમ નરક રત્ન પ્રભા નામની છે. તેનો પૃથ્વી પિંડ એક લાખ એંસી હજાર જોજન છે. એના ત્રણ કાંડ વિભાગ છે. પ્રથમ કાંડ રત્ન ભરપૂર છે. તેથી તેનું નામ રત્નપ્રભા પાડેલ છે. જોકે તેની જાડાઈ ૧૬ હજાર યોજનની છે. બીજા કાંડમાં કાદવ છે. તેની જાડાઈ ૮૪૦૦૦ યોજના છે. ત્રીજો ભાગ પાણીથી ભરેલો છે. તેની જાડાઈ ૮૦ હજાર યોજન છે. એની નીચે ઘનોદધિ, તેની નીચે ઘન. વાત, તેની પછીં તનુવાત પછી આકાશ ત્યાર પછી બીજી નરકભૂમિ આવે છે.

બીજી નરક ભૂમિનું નામ શર્કરાપ્રભા છે. એમાં કાંકરા વિશેષ છે. ત્રીજી વાલુકા પ્રભા–તેમાં રેતી વિશેષ, પાંચમી ધૂમ પ્રભા તેમાં ધૂમાડો વિશેષ, છઠ્ઠી તમઃ પ્રભામાં અંધકાર તેમ સાતમી તમસ્તમ પ્રભ–એ ઘોર અંધકાર મય છે. પ્રથમ નરકથી તે સાતમી નરક સુધી ઉત્તરોતર લંબાઇ–પહોળાઈ વધતી આવે છે. અને છેવટે લોક પુરુષના પગ આગળ ખૂબ લાંબી પહોળી થાય છે. સાતમી નારકની નીચે પણ ઘનોદધિ, ઘનવાત અને તનવાત આવે છે. છેવટે આકાશ આવે છે. ત્યાં લોકનો છેડો આવે છે.

એ નારકી છત્રાકારે છે. એક ઉંધા છત્ર ઉપર બીજું નાનું છત્ર મૂકયું હોય એ રીતે છે. એમાં મોટામાં મોટું છત્રનીચે છે. ઉપર નાનું નાનું થતું આવે છે. અથવા રામપાત્ર–શરાવલાને ઉંધુ મૂકયું હોય તેવો આ અધો લોકનો આકાર છે.

આ અધોલોકમાં પ્રથમ નારકીનો પૃથ્વી પિંડ ૧૮૦૦૦૦ જોજન છે. તેમાં ઉપર નીચે એક એક હજાર જોજન મૂક્તા બાકીના ૧૭૮૦૦૦ યોજનમાં તેર પ્રતર છે. અને ૧૨ આંતરાં છે. એમાંથી વચ્ચેના દશ આંતરાંમાં ભુવ. નપતિ દેવોનાં સ્થાનો છે. એના વીસ ઈન્દ્રો છે. આ દેવોના સ્થાન અધોલોકમાં છે. ઉપર જે એક હજાર જોજન મૂકયાં તેમાંથી ઉપર નીચે સો સોં જોજન મૂક્તા વચ્ચેના ૮૦૦ જોજનમાં વ્યંતર દેવોના નિવાસ સ્થાન છે. તેમાં ઉપર જે સો જોજન મૂકયા–તેમાં ઉપર નીચે

દસ દસ યોજન મૂકી દેતાં ૮૦ યોજનમાં વાણવ્યંતર દેવોના નિવાસ સ્થાન છે.

**કાઉણુ-મણેગાઇં, જમ્મણુ મરણુ પરિયટ્ટણુ સયાઈ**
**દુક્ખેણુ માણુસત્તં, જઇ લહઇ જહિચ્છિયં જીવે ।૬૭।**

જન્મ મરણના સેંકડો પરાવર્તનના દુઃખો ભોગવીને મનુષ્યભવ જીવ પામે છે. ત્યારે પુણ્યના પ્રભાવે ઈચ્છા પ્રમાણે કુશળતાને પામે છે. દસ દૃષ્ટાંતથી દુર્લભ એવા માનવ ભવને પામીને જીવન ગુમાવીશ નહિં.

**તં તહ દુલ્લહ લંભં, વિજ્જુલયા ચંચલં**
**ચ મણુઅત્તં ।**
**ધમ્મંમિ જોવિસીયઇ, સો કાઉરિસો ન સપ્પુરિસો**
**॥ ૬૮ ॥**

દુર્લભ એવા મનુષ્ય ભવને પામીને ધર્મમાં પ્રમાદ કરે છે. ખેદ કરે છે, તે કાયર પુરૂષ સમજાવો. ધર્મ મંગળ છે-મંગળ શબ્દની વ્યાખ્યા પર શ્રી દશવૈકાલિક સૂત્રની ટીકામાં તથા શ્રી વિશેષા વશ્યકભાષ્યમાં અને સૂરિપુરંદર શ્રી હરિભદ્ર સૂરિમહારાજા ઘણું વર્ણન કરેલ છે.

ધર્મ **મંગળ લક્ષ્મીનું** ક્રીડા સ્થાન છે. જ્યાં ધર્મ હોય ત્યાં સદા લીલા લહેર થાય છે. સદા આનંદ વર્તે છે. ધર્મનો **વાવટો કરૂણાનો** છે સકલ જીવો પ્રત્યે દયા ભાવ, અભય ભાવના એ ધર્મ છે. ધર્મના મંદિરમાં જે આવે તે નિર્ભય થઈ જાય, સર્વેને સર્વ તરફથી અભયદાન મળતું થઇ જાય ! ધર્મ ધીર વીર હોવાથી પરોપકાર કરવામાં પરાયણ હોય છે. માટે કહે છે કે **હે વીર ધર્મ ! મારૂં રક્ષણ કર**, રક્ષણ કર.

મોક્ષરૂપ મહા આનંદ આપવામાં સમર્થ ધર્મ સાધ્યો હોય તો તે પરંપરાએ **મોક્ષનું સાધન** બને જ છે. સંસારમાં ચારે ગતિમાં અથડાવું પછડાવવું, હેરાન, પરેશાન થવું, જન્મ મરણની જંજાળમાં પડવું સંયોગ વિયોગ સહન કરવા આ **સર્વભયોને અટકાવનાર ધર્મ** છે. **ધર્મ એ જગદાધાર** છે. ત્રણ ભુવનના જે **પ્રાણી**ઓ તારો આશ્રય લે છે. તેને તું ટેકો આપનાર છે. આશ્રયે આવનારને ધર્મ કદાપિ લાત મારતો નથી. માતા–પિતાની જેમ પ્રેમથી આશ્રય આપે છે. જ્યારે સર્વ દિશાઓ શૂન્ય દેખાય ત્યારે ધર્મ કાળી રાતનો હોંકારો છે, ધર્મ **સમુદ્ર જેવો વિશાળ** સર્વનો રક્ષક, પાલન પોષક છે.

આ મહાન વિશાળ, વ્યાપક ધર્મ સર્વ પ્રાણીને સર્વથા જાગૃત રહી સહાય કરે છે, તેનાથી સદા મંગળ માળાઓ પ્રાપ્ત થાય છે. જે ધર્મ સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે. સદામંગલમાળા વિસ્તરે છે. જે ધર્મના પ્રણેતા રાગ દ્વેષથી મુક્ત હોય, જેને ઈહિ લોકની પ્રશંસા ઈષ્ટ ન હોય, જે ધર્મના સ્વરૂપ લેખનમાં પરસ્પર વિરોધ ન હોય એ ધર્મનો આશ્રય કરવો...એ ધર્મને તારણહાર સમજવો તે ધર્મને સમર્પિત થવું. **હે ધર્મ** ! તું મારો ઉદ્ધાર કર, ભવજંજાળમાંથી મને મુક્ત કર.

ધર્મનો હુકમ, આદેશ દેવતાઓ પણ માને છે. છે. આપત્તિવિપત્તિને તોડનાર ધર્મ છે. જેને કોઇનો આશારો ન હોય તેને એ આશારો આપે છે. જ્યારે સર્વ દિશાઓ

શૂન્ય જણાય ત્યારે ભયંકર વાદળની અંદરના ભાગમાં એક રૂપેરી પાતળી આશાના કિરણવાળી રોશની દેખાય છે. તે ધર્મ છે, એના આશ્વાસનથી જીવતો નર કલ્યાણ પ્રાપ્ત કરે છે. જે એને ત્યાગ કરે છે. તે આ ભયંકર અટવીમાં રખડે છે. ત્યારે ધર્મના પ્રતાપે સર્વ ઇચ્છિત સિદ્ધિઓ મળે છે. માટે અલંકાર અતિશયોક્તિ વિના સમજાય છે કે ધર્મી નાના ગામડામાં જાય તો ત્યાં તેને પણ અનેક સ્થળેથી ઈષ્ટ પદાર્થ મળી આવે છે. કલ્પેલી અગવડતા દૂર થાય છે. વધુ કહીએ તો ધર્મીને કુદરત અનુકુળ થતી જણાય છે. જ્યાં **'રામ ત્યાં અયોધ્યા'** એ ન્યાયે સુખ મળે જ જાય.

એક પ્રચલિત વાક્ય છે. પદે પદે નિધાનાનિ, યોજને રસકુંપિકા, ભાગ્યહીન ન પશ્યન્તિ, બહુ રત્ન વસુંધરા! પગલે પગલે નિધાનો ભરેલાં છે. યોજને યોજને રસ કુંપિકાઓ છે. પણ ભાગ્યહીન જનો એને ન જોઈ શકે. બાકી પૃથ્વી તો બહુ રત્નોથી ભરપુર છે.

પદાર્થ માત્રમાં ધર્મ (ગુણ) રહેલો છે. છે. આ દૃષ્ટિએ દરેક વસ્તુનો ધર્મ વિચારવામાં આવે એટલે અંતે આત્માનો ધર્મ વિચારવાનો રહ્યો. આત્માના ધર્મની વિચારણાથી હિત થાય જ છે. આત્મ ધર્મ સિવાય પરધર્મની વિચારણા એ ભયની પૂર્ણ નિશાની છે. આ આત્મિક ધર્મ સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રની પ્રાપ્તિ કરાવે, પરભાવ છોડાવી મોક્ષની તાલાવેલી જગાવે.

મહાન યોગીરાજ **શ્રી આનંદઘનજી મહારાજ**

ધર્મનાથ પ્રભુના સ્તવનમાં કહે છે કે ધરમ ધરમાં કરતો જગ સહુ ફીરે, ધરમ ન જાણે હો મર્મ, આખી દુનિયા ધર્મ કરે પણ ધર્મનો મર્મ ન જાણે એ કેમ ચાલે ? ધર્મ એ આત્મ ધર્મ છે, ધર્મ અંતરથી જગાડવાનો છે. તેનો મર્મ પામવા સદ્‌ગુરૂનો યોગ સાંપડવો જોઇએ...

**માણુસ્સ જમ્મેતહિ લધ્ધિયંમિ,**
**જિણિંદ ધમ્મો ન કઓયજેણં ।**
**તુટ્ટેગુણે જહધાણુક્કએણં,**
**હત્થા મલેવ્વાય અવસ્સતેણં ॥૬૯॥**

મનુષ્ય જન્મ પામવા છતાં જિનેશ્વર કથિત ધર્મ જેણે કર્યો નથી. તેને પણછ તૂટી ગયેલા ધનુર્ધારી પુરુષની જેમ પાછળથી પસ્તાવું પડે છે...ધર્મની ક્રિયાઓ મત્રીપ્રમોદ, કરૂણા, માધ્યસ્થ ભાવ પ્રાપ્ત થાય તેના માટે હોવી જરૂરી છે. મૈત્રી આદિ ૪ ભાવના ન હોય તો ધર્મ ક્રિયા દુઃખમાંથી બચાવી શકતી નથી. આત્મનિરીક્ષણથી વિચારજો. અમુક ભાઈ કે બહેન ધર્મતો ઘણો કરે છે પણ તેને ક્રોધ ઘણો છે. પરસ્પર ભેગા થયેલા એક બીજાની નિંદા કરે....તો તેની ધર્મક્રિયાનો શું અર્થ ? કોઈ વીતરાગ નથી. દરેકમાં રાગ દ્વેષ તો રહેલા છે. ગુણ જોવાની દૃષ્ટિ નથી માટે ગુણ જોઈ શકતા નથી. બીજાના દોષ જોવાનું છોડી તમે તમારામાં દૃષ્ટિ નાંખો... બીજા જીવોનું અહિત કરવાનું મન થતું નથીને ? બીજાના ગુણ જોઇને ઇર્ષા આવતી નથી ને ? પાપ કરનાર જીવ પ્રત્યે તિરસ્કાર કે ઘૃણા તો થતી નથીને ? મનુષ્ય ભવ કેવળજ્ઞાન

અપાવી શકે છતાં મૈત્રી વિ. ચાર ભાવના સિવાયનું જીવન જીવવાથી જન્મહારી જવાય છે. (૧) દુઃખી જીવો પ્રત્યે અસીમ દયા, (૨) ગુણવાન જનો પ્રત્યે અદ્વેષ અને સદ્‌બુદ્ધિપૂર્વક સર્વત્ર ઉચિત પાલન.. તો જીવન સફળ થાય. દુબુદ્ધિપૂર્વક કરાતા ધર્મમાં સ્વાર્થ સમાયેલો હશે. તે પરિણામે રખડાવશે, સદ્‌બુદ્ધિપૂર્વક કરાતાં ધર્મમાં સ્વાર્થ નહિં તેમ પરલોક સુધરે જ માટે **દુર્બુદ્ધિને તિલાંજલી** આપી સદ્‌બુદ્ધિ મેળવવી.

**રે જીવ નિસુણિ ચંચલ સહાવ.**
**મિલ્હેવિણુ સયલવિ બજ્ઝભાવ ।**
**નવભેય પરિગ્ગહ વિવિહજાલ,**
**સંસારિ અત્થિસહુ ઈંદયાલ ॥૭૦॥**

હે જીવ, સાંભળ કે તું ચંચળ સ્વભાવવાળા સર્વ શારીરીક બાહ્યભાવ તથા ધન, ધાન્ય, ક્ષેત્ર, ઘર, સોનું, રૂપુ, ત્રાંબુ પિત્તળ, દ્વિપદ, ચતુષ્પદ, આ નવ ભેદવાળા પરિગ્રહનો પરિવાર અહીં મૂકીને જઈશ. સંસારની સર્વે ચીજો ઈન્દ્ર જાળ જેવી છે. તેમાં મૂઢ બનીશ નહિં.

જો તારી આસપાસ પરભાવ રમણતાનો કાળો પડદો ફરી વળ્યો છે. એ પડદાએ તને ઘેરી લીધો છે. અને તું ખરેખર તેને વશ પડયો છે. આ પડદાને ચીરી નાંખ. આ પરભાવ રૂપ ઝબાને દૂર કર. અત્યારે તું જે પરભાવમાં રમણતામાં મગ્ન છે. તેનાથી આત્મ સુગંધી મળશે નહિં. સદ્‌બુદ્ધિના બળે વર્તમાનમાં કર્મસંયોગે તમે અનુકુળ સંયોગોમાં છે. જેથી થોડા સમય માટે પરભાવ રમણતાને

દૂર કરી મનુષ્યભવ રૂપી ચંદનના વૃક્ષમાંથી શીતળ પવનનો અનુભવ કર... સમતા વિનાની એકતા તો તને મૂંઝવી નાંખશે. તને ગભરાવશે...

સમતા વિણ જે અનુસરે. પ્રાણી પુણ્યના કામ...
છાર ઉપર તે લીંપણું. ઝાંખર ચિત્રામ...
ધન ધન તે દિન માહરો ।।

બાવાં–કચરાવાળી કાબર ચીતરી ભીંતને સાફ કર્યા વિના ભીંત ઉપર ચિત્રામણ વ્યર્થ જાય તેમ સમતા વિનાની શાંતિ આરાધન વિગેરે વ્યર્થ જાય છે...

અઢળક લક્ષ્મીનો સ્વામી, સેંકડો ગામનો રાજા નમિ હેરાન થઈ ગયો છે જ્યારે શરીરમાં ભયંકર દાહજ્વર થયો. શરીરના અંગે અંગે દાહ ઉત્પન્ન થયો. જાણે મહાભયંકર અગ્નિની વચ્ચે બેઠો હોય તેમ આખું શરીર બળું બળું થઈ રહ્યું છે. પથારીમાં, ચેન પડતું નથી. પંખા ફેરવવા છતાં શાંતિ નથી....

તે રાજાને પાંચસો સ્ત્રીઓ સતત સેવામાં હોવા છતાં દાહજ્વર શાંત ન જ થયો. સુખડના ટુકડાઓ ઘસી ઘસીને ચોપડે છે. બાવના ચંદનના વિલેપનથી પણ શાંત થવાના બદલે દાહ વધતો જ ગયો...જરાપણ શબ્દનો અવાજ–પગનો અવાજ પણ સહન કરી શકાતો નથી. અરે? બાવના ચંદન જે ઘસે છે. તે વખતે પત્નિઓના હાથની બંગડીઓનો અવાજ પણ સહન કરી શકાતો નથી. દાહની બળતરામાં નામિરાજાએ જણાવ્યું કે અવાજ બંધ કરો, મારૂં માથું ફરી જાય છે.

સ્ત્રીઓએ પતિદેવના સુખની ખાતર ચૂડા ઉતારી સૌભાગ્યનું એક કંકણ રાખ્યું. ફરી ચંદન ઘસવા લાગે છે....અવાજ બંધ થતાં નમિરાજ બોલ્યા કે અવાજ કેમ બંધ થયો ?... વૈદ્યરાજે જણાવ્યું કે હે રાજન', તમારી પત્નિઓ જે બાવનાચંદન ઘસતી હતી તે વખતે અવાજ ઘણો કંકણોનો આવતો હતો. તેથી કંકણો કાઢીને ફક્ત એક જ કંકણ રાખ્યું છે. તેથી અવાજ આવતો નથી.

નમિરાજા...કહે, અનેકનો જ અવાજ છે. એકમાં જ જ ખરી શાંતિ છે. મારા ઉપરથી ઘણો બોજો ઉતરી જાય છે. ખરી મજા કે આનંદ ફક્ત એકમાં છે. આમ એકતાનું સ્પષ્ટીકરણ થતાં એ ઉભા થયા...એકલો આવ્યો છું. એકલો જવાનો છું. એ વિચારે છે કેઆ દાહ અનેકને લઈને છે રાજેશ્વરી ઉઠયા. અને મુનિપદ ધારણ કરી એકતાનો અનુભવ કરતાં પરમાનદ સંપત્તિઓ પામ્યા. રાજર્ષિ બની આત્મ કલ્યાણ સાધ્યું. માટે સંસારની ઇન્દ્રજાળમાં ન ફસાવવું એ મહત્ત્વ છે.

**પિયપુત્તમિત્ત ઘર ઘરણિજાય;**
**ઇહલોઇઅ સવ્વ નિય સુહ સુહાય ।**
**નવિ અત્થિ કોઈ તુહ સરણિ મુક્ખ,**
**ઇક્કલુ સહસિ તિરિ નિરય દુઃખ ।૭૧।**

હે ભાગ્યશાળી ! આલોક સંબંધી પિતા, પુત્ર, મિત્ર ઘર અને સ્ત્રીનોસમુહ પોતપોતાની જાતને સુખી કરવાના સ્વભાવવાળો છે. નારકીઆદિના દુઃખો એકલો જ સહન કરે છે. તે વખતે તને તે કોઇ શરણ આપતા નથી.. મારૂં

કર્યું મારે જ ભોગવવાનું છે. વાલીયાને નારદજીનો યોગ થતાં વાલ્મિકી બન્યા. કાર્ય સાધી ગયા. તેમ હે ભવ્યજનો ! દેવ-ગુરૂ ધર્મનો યોગ મળ્યો છે. જો તે સાથે સુમેળ થઈ જાય તો આપણે પણ પરમાત્માના માર્ગે પહોંચીએ. અને પરમપદને પામી જવાય...માટે સદ્બુદ્ધિપૂર્વક આપણે સુયોગ સાધવો જોઈએ...

**કુસગ્ગે જહ ઉસબિંદુએ, થોવં ચિટઠઈ લંબમાણએ ।**
**એવં મણુઆણ જીવિઅં,**
**સમયં ગોયમ મા પમાયએ ॥૭૨॥**

હે ગોયમ ! ડાભના અગ્રભાગ ઉપર રહેલ બિંદુ પવન અથડાતાની સાથે સરી પડે છે. એવી જ રીતે મનુષ્યનું જીવન ચંચળ છે એ ભગવાન મહાવીર સ્વામી કહે છે....સમયને સુધારી જાતને સુધારવી એ જ ખરી કમાણી છે. જાતને નિરખવી એમાં શ્રેયઃ છે.

**સંબુજઝહકિં ન બુજઝહ,સંબોહી ખલુપિચ્ચદુલ્લહ ॥**
**નો હૂઉવણમંતિરાઇઓ, નો સુલહં પુણરવિ જીવિયં ૭૩**

ભગવાન આદિનાથે અટઠાણુ પુત્રોને સમજાવતાં કહ્યું કે બોધપામો, બોધપામો. વ્યતિત થયેલા રાત દિવસોની જેમ જીવન પણ ફરી ફરીને સુલભ બનતું નથી.

**ડહરાવુઢ્ઢાય પાસઇ, ગબ્ભત્થાવિ ચયંતિ માણવા,**
**સેણે જહ વટટયંહરે, એવં માઉક્ખયંમિ તુટટઈ ૭૪**

હે આત્મન્ ! ગર્ભમાં રહેલા બાળક, યુવાન યા વૃદ્ધ પુરૂષો સમય થયે મૃત્યુને પામે છે. આયુષ્ય ક્ષણે ક્ષણે નાશ પામી રહ્યું છે. તેથી જે સમય મળ્યો છે તેને આત્મિક

ધર્મથી આરાધી લે... મત્રી આદિ ચાર ભાવના વિનાનું જીવન તદ્દન નિરસ વ્યર્થ થાય છે....

મૈત્રી કે દુશ્મનાવટ બે માંથી એક હોય છે. સંસારમાં એવી વ્યક્તિઓ પણ છે કે જેમને શત્રુતા કરવામાં, શત્રુતા ટકાવી રાખવામાં અને શત્રુતા વધારવામાં મઝા આવે છે! શરાબ પીનારાને કતલ કરનારાને પોતાના કાર્યમાં આનંદ આવે છે. અજ્ઞાનીને જે જે કામમાં મજા આવે છે તે તે કામમાં જ્ઞાનીને જરા પણ મજા આવતી નથી. રાગીને જેમાં આનંદ તેમાં વિરાગીને આનંદ હોતો નથી. પણ જો ત્રીજું નેત્ર જ્ઞાનદૃષ્ટિ ખુલ્લી થાય તો શત્રુતાના બદલે મૈત્રીને પ્રસંદ કરશો.

**મૈત્રી**=જ્ઞાની વિચારે કે હે આત્મન્ તું સર્વ જીવો પ્રત્યે મત્રી રાખ, આ જગતમાં તારો કોઇ જ શત્રુ નથી. બધા જ તારા મિત્ર છે. કેટલી તારી જીંદગી? પચાસ સો વર્ષની જિંદગીમાં તું કેટલાની સાથે શત્રુતા બાંધીશ? શત્રુતા રાખવાથી તને શાંતિના બદલે અશાંતિ મળશે. નિરોગીના બદલે રોગી થઈ જવાય, જેને તું દુશ્મન માને છે તે એક વખત તારા પિતા, માતા, પુત્ર, પત્નિ વિગેરે સંબંધોથી સંબંધીત હતા. એ શત્રુતા પણ શું કાયમ ટકવાની? પૂર્વભવમાં શત્રુ આ ભવમાં સ્નેહી, આ ભવનો સ્નેહી પરભવમાં શત્રુ, બધા જ સંબંધો પરિવર્તનશીલ છે. શત્રુતાથી તારૂં સુકૃત્યનાશ પામશે. શત્રુતાનો ભાવ શુભ કર્મોનો નાશ કરે છે. સર્વ જીવો કર્મવશ છે. શત્રુ બનનારનું પણ અશુભ અમંગળ ન કરતો, મૈત્રી-સમતાથી

સજ્જનતા પ્રાપ્ત થાય ત્યારે શત્રુતાથી દુર્જન બની જવાય છે. ભવોભવના વરના એંધાણ બને.

**પ્રમોદ :** ગુણીષુ પ્રમોદ ગુણવંતા પ્રત્યે પ્રમોદ ભાવ એટલે અંતરનો પ્રેમ ગુણપ્રત્યે પ્રેમ. હોય તો જ ગુણીજનો પ્રત્યે પ્રેમ કરી શકશો....દુર્યોધન ન બનતાં યુધિષ્ઠિર બનીને જગતને નિહાળશો તો પ્રમોદ ભાવ તરી આવશે. હે ભાગ્યશાળી! તમને કોઇ ગુણવાન દેખાય છે? સર્વગુણ સંપન્ન પરમાત્મા તો આજે સદેહ નથી. જે ભવ્યાત્માઓ આજે નિહાળીએ છીએ તે ગુણ–દોષથી યુક્ત છે. આ સંસારમાં એક પણ જીવાત્મા એવો નથી કે જે દોષોથી જ માત્ર ભરેલો હોય અને તેનામાં એક પણ ગુણ ન જ હોય! દરેક આત્મામાં એકાદ ગુણ તો હોય જ છે. એ ગુણ દષ્ટિ હશે તો પરગુણ દર્શન કરી શકશો, તે વ્યક્તિ તથા તેના ગુણ સાથે પ્રેમ કરી શકશો. પરંતુ જે દોષ દૃષ્ટિવાળા છે તેમને કોઇનામાં ગુણ નહિં દેખાય. તેઓ કદી ગુણો સાથે પ્રેમ કરી શકશે નહિં ગોશાલો પૂર્ણ પુરૂષ પરમાત્મા મહાવીરમાં એક પણ ગુણ જોઇ શકયો ન હતો. ગુણવંત પ્રત્યે પ્રેમ ન કર્યો પણ દ્વેષ કર્યો.

સર્વ ગુણ સંપન્ન અરિહંતાદિ ભગવંત પ્રત્યે દ્વેષ રાખનારા હતા, ગુણ પ્રત્યે રાગ નહિં પણ દોષ સાથે જ જેને મેળ છે એ જીવોને કરૂણા સાથે નહિં પણ ક્રોધ સાથે પ્રેમ હોય છે. પણ ગુણીજનોને નમ્રતા નિર્લોભન, લોભ, અસત્ય, અપ્રમાણિક્તા, નીતિ સાથે મેળ હોય છે.

ઢંઢેરા–ઢુંઢો તમારા અંતરને, ભીતર બરાબર આંખ

માંડીને જુઓ, તમને ગુણો સાથે પ્રેમ છે કે દોષો સાથે. પ્રમોદ ભાવના પાત્ર તપાસવા એ પાંચ મિનિટ નહિં પણ વર્ષો જોઈશે...

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધ્વી સાચા, શ્રાવક, શ્રાવિકા એ ખરેખર પ્રમોદને પાત્ર છે. મોક્ષમાર્ગને જાણે, સમજે, આદરે, અનુસરે તે બધા પ્રમોદને પાત્ર છે.

મહાન આચાર્ય ભગવંતોએ ગૃહસ્થ શ્રાવકોના ગુણોની પ્રશંસા કરી છે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્ર સૂરીશ્વરજી મ.ના ઉપદેશ પ્રેરણાથી પ્રતિબોધીત થયેલા કુમારપાલ રાજા જેના ગુણો પરાકાષ્ઠાએ હતા....ગુણોની પ્રશંસા સૂરિભગવંતે કરી છે, જરૂર સાથે જે દોષ જણાયો તે પણ જણાવ્યો. એ દોષ નિંદા કરવા માટે નહિં પણ દોષ દૂર કરવાથી પ્રેરણા આપી છે. અનેક સત્કાર્યો કરનાર તે ભાવિ મુક્તાત્માનું સાધર્મિક બંધુ પ્રત્યે લક્ષ્ય ન ગયું. પૂ. ગુરૂ ભગવંતે સરળતાથી લક્ષ્ય ચીંધ્યું.

નગર પ્રવેશ સમયે જાડી માદરપાટની ફાટેલી ચાદર જોઈ, ત્યારે રાજન વંદન કરીને વિનંતિ કરે છે કે પાટણમાં શું શ્રાવકો ઘણા દુઃખી છે કે જેથી આપશ્રીને ફાટેલી ચાદર પહેરવી પડે છે... ગુરૂદેવે અવસરોચિત જણાવ્યું કે હે ભાગ્યશાળી, નરેશ સાધર્મિકોનું ધ્યાન તમે કયારે રાખ્યું ? આટલી અલ્પ ટકોર સાંભળતાં ભૂલ સમજાઈ ગઈ, ભૂલ સુધારી લીધી. તે માટે કાર્યો શરૂ કરી દીધા

દર પ્રતિવર્ષે કરોડો રૂપિયાનો સદ્વ્યય કર્યો, ભૂલ બતાવનાર ગુરૂનો ઉપકાર માન્યો ગુરૂમહારાજને શ્રાવકોની પણ ભાવચિંતા હોય છે. જેથી ભૂલ જણાવે છે.

**કરુણા :** કોમળતા, સરળતામાંથી ગુણો પ્રગટે છે. બધા જ ગુણોમાં કરૂણા સર્વ શ્રેષ્ઠ ગુણ છે. બીજા જીવોના દુઃખ જાણીને કે જોઈને એ દુઃખોને દૂર કરવાની પ્રબળ ઈચ્છા થવી તે કરુણા છે. આપણે આપણા દુઃખો દૂર કરવાની ઈચ્છાવાળા કે પારકાં? આપણે આપણાં દુઃખોને રડીશું અને બીજાનાં દુઃખને વિચારીશું નહિં તો આત્માને ધર્મતત્વનો સ્પર્શ થવાનો સંભવ નથી. દુઃખી જીવો પ્રત્યે અતિકરુણા કર્યા વિના ધર્મ આરાધના કરવાની યોગ્યતા જન્મતી નથી. ધર્મ આરાધના કરવાની યોગ્યતા બિના આરાધના સફળ થતી નથી.

જે માનવના હૈયામાં કરૂણાનો વાસ નથી ત્યાં ક્રુરતા હોય છે. તે ક્રુર હૃદયમાં ધર્મનો પ્રવેશ સંભવ નથી. તેવા હૃદયવાળો શ્રી સિદ્ધચક્રના મંડલમાં પણ વાસ્તવિક પ્રવેશી શક્તો નથી. કોઇ હિંસા કરે, કત્લે આમ કરે; તે જ ક્રૂર છે એવું ન માનતાં, પણ સમજી લેજો કે બીજા જીવોના દુઃખને જોઇ જાણીને તમારા હૈયે કોઈ દુઃખ થતું નથી. તમારૂં હૈયુ સામાના દુઃખથી વલોવાતું નથી. તો તમે પણ ક્રુર છો, ક્રુર માણસોને ધર્મ ક્ષેત્રમાં પ્રવેશ ન આપવો. જે પ્રવેશ થઇ ચૂક્યો છે તે અધિકારથી તો નહિં પણ અનધિકારથી, દયા અને કરૂણા વિના આર્યત્વ, જૈનત્વ પમાય નહિં આર્ય જૈન તો બીજાના દુઃખે દુઃખી થાય

બીજાના દુઃખને દૂર કરવાના તમામ પ્રયત્ન કરી છૂટે !

સંસારમાં બે પ્રકારના દુઃખી જીવ હોય છે. દ્રવ્ય દુઃખી અને ભાવ દુઃખી, જેની પાસે પુણ્યોદય નથી તે દ્રવ્ય દુઃખી છે, જેની પાસે મોહનીય કર્મનો ક્ષયોપશમ નથી તે ભાવ દુઃખી, છે. તમો ઉંચ કક્ષાના ભવમાં આવ્યા. શરીર નિરોગી, ઈન્દ્રયો સંપૂર્ણ, રૂપવંતા. મધુર સ્વરવાળા, હામ–દામ ઠામવાળા છો એ બધું પુણ્યોદયના બળે... જેની પાસે પુણ્યોદય નથી તે દ્રવ્ય દુઃખી કહેવાય છે... અને જેને મોહનીય કર્મનો ક્ષયોપશમ થયો નથી, તે ભાવ દુઃખી છે. આ પાપ કર્મના ઉદયથી મતિ પણ કલુષિત બને છે. આજ પાપ કર્મના ઉદયથી ક્રોધી, અભિમાની, માયાવી, લોભી બને છે. અનેક પ્રકારના વિકારો પણ ઉત્પન્ન થાય છે. વિષય વાસના પણ આ કર્મના ઉદયનું ફળ છે. રડવું, હસવું, રાજી થવું, નારાજ થવું, રાગ કરવો અને ઈર્ષા કરવી એ આ મોહનીય કર્મની પ્રેરણા અને પેદાશ છે એવા મોહી, મૂઢ જીવો ભાવ દુઃખી છે. આ બન્ને પ્રકારના જીવો પ્રત્યે હૈયે આપણને કરૂણા હોવી જોઇએ એક જીવ દુઃખ ભોગવી રહ્યો છે. બીજો દુઃખમય ભવિષ્ય ઘડી રહ્યો છે. પાપચરણ કરનાર સ્વયં પોતાના જ ભવિષ્યને દુઃખ પૂર્ણ બનાવે છે. દુઃખી હોય કે પાપી બન્ને પ્રત્યે કરુણાભાવ રાખવાનો છે. ઘણા જીવોને દુઃખી પ્રત્યે કરુણા આવે પણ પાપી પ્રત્યે કરૂણા આવવી કઠીન છે. પાપ કરનાર પ્રત્યે કરુણા આવે તો કરૂણા કરનાર નિષ્પાપી બની જાય.

હૈયે હાથ મૂકીને આત્માને પૂછો ! તારા જીવનમાં શું કોઈ જ પાપ થયું નથી ? કોઇ નાના, મોટાં, બાદર, સૂક્ષ્મ પાપ તારાથી થયાં નથી ! પાપથી આ હૈયું શું ગંધાતું નથી ! જો ગંધાય છે તો બીજાના પાપ અને બીજી વ્યક્તિ પ્રત્યે તિરસ્કાર કરવાનો કોઇ અધિકાર ખરો ? એક ભિખારી બીજા ભિખારીને કહે તને ભીખ માંગતા શરમ આવતી નથી ! મહેનત કર, ભીખ માંગવી બરાબર નથી ? આ શું બરાબર છે ? પાપ કરતાં હૈયે ડંખ લાગે છે ! પાપ કરીને જીવવું પડે છે એમ હૈયે બળતરા થાય છે ! કદાચ માનો કે તમને પાપ કરતાં મજા પડે છે પાપ થઇ ગયા પછી પાપની જાણ થયા પછી પાપનો પસ્તાવો થાય છે ખરો ? બીજો પાપ કરે તે ખટકે, તમે જે પાપ કરો તે તમને ખટકે નહિં આ કેવો ન્યાય ? બીજા પાપ કરે તેની ઘૃણા કરો.... તેના પાપની તેને સજા મળવી જોઇએ.

જો-જો....ક્યારે પણ પાપી પ્રત્યે ક્રુર બનશો નહિં મહંત-સંતોએ તેમજ પરમાત્મા ભગવાન મહાવીર મહા. રાજાએ પાપ કરનાર જીવો પ્રત્યે કરુણાનો ધોધ વહેવડાવ્યો હતો આપણે જો મહાન બનવું છે. તો હૃદયને ઉદાર બનાવતાં શીખો, હૈયે શત્રુતા-તિરસ્કાર અને ક્રૂરતા રાખી તો દુર્ગતિ તૈયાર જ છે...

**માધ્યસ્થ :** રાગ કે દ્વેષની પ્રબળતા ન હોય તો માધ્યસ્થ કહેવાય તેની પ્રબળતામાં મન અશાંત બને છે, બન્નેની અશાંતિમાં ભેદ છે. રાગજન્ય અશાંતિનો તત્કાલ

અનુભવ થતો નહિં. દ્વેષ જન્ય અશાંતિનો પ્રત્યક્ષ અનુભવ થાય છે; રાગની પ્રબળતામાં માણસ સુખનો અનુભવ કરે છે. રાગ સુખના અનુભવની ભીતરમાં અશાંતિની આગ સળગતી હોય છે...જે સુખના પરિણામમાં સરવાળે દુઃખ હોય તેને સુખ કેમ કહેવાય? ઉપેક્ષા ભાવના માણસને તટસ્થ યાને મધ્યસ્થ બનાવે છે આ ભાવના કેટલી જરૂરી છે. જે અવિનિત છે. ઉદ્ધત છે, મનસ્વી થઈ ફરનારા જેને પનારે પડયા છે. તેના માટે આ ભાવના ઘણી સારી છે. અવિનિત વિગેરે દોષવાળી વ્યક્તિના સહવાસથી સંતાપ, અશાંતિ થાય પણ આ ભાવનાથી શાંતિ થાય છે.

ગૃહસ્થ હોય કે સંત સાધુ હોય...ઘરમાં કે બહાર બધા જ સભ્યો આપણો વિનય કરે એ નક્કી નહિ. તમો છો–વડીલ છો, તમારૂં કોઈ અપમાન કરે, અવિનય કરે. તમારી સાથે ઉદ્ધતાઇથી વર્તે ત્યારે આ ભાવનામાં લય બની જશો જેથી અશાંતિ દૂર થશે, સાધુ સંત પણ જો આ ભાવના ન ભાવે તો અશાંતિનો અનુભવ થાય. વિદ્વાન સંતસાધુને પણ આ ભાવના જરૂરી છે. ભાવના શૂન્ય વિદ્વતા અંતર પ્રસન્નતા મેળવી આપતી નથી વિદ્વતાનો સંબંધ મગજ સાથે ત્યારે ભાવનાનો સંબંધ હૃદય સાથે છે. ચારે ભાવનાઓથી અંતર છલકાતું રહે એટલે અનુપમ પ્રસન્નતા પ્રાપ્ત થવાની જ છે. આ ભાવનાઓ સિવાય શાંતિ મેળવવાનો બીજો કોઈ જ ઉપાય નથી દરરોજ આ ભાવનાને યાદ કરો જેથી ૧૨ ભાવનાને વિચારવાની તક મળશે. આત્મા આત્માનું શ્રેય કરી શકશે.

**તિહુયણ જણું મરંતં, દટ્ટૂણનયંતિ જે ન અપ્પાણું,**
**વિરમંતિ ન પાવાઓ, ધી ધી ધિટ્ઠત્તણં તાણં ॥**

ત્રણે ભુવનના માનવીને મરણ પામતા જોઇને આત્માને આત્મગત ધર્મમાં જોડતા નથી અને પાપથી વિરામ પામતા નથી તે ધિક્કારને પાત્ર છે. અનેક પ્રકારના તથા ભાવે કર્મના ક્ષયોપશમે મનુષ્ય ભવ મળ્યો છે. તું આત્મા આત્મ ચિંતવન કર, પુત્ર, પરિવાર, ધનાદિની પ્રવૃત્તિમાંથી મનને હઠાવી લે. તે મનજીભાઈને આત્મામાં સ્થિર કર,

વ્યધિઓનો પાર નથી, રાજરોગો, ક્ષય, પક્ષઘાત, સંગ્રહણી વિ. થઇ જાય એટલે તું પરાધીન વ્યાધિ પ્રવેશે એટલે તેના નિકાલના જ વિચારો પણ આત્મગત વિચારણા નથી. ત્રણ નંબરનો ટી.બી કે ન્યુમોનીઆ જેવી વ્યાધિ થોડા કલાકોમાં અસાધ્ય દશામાં મૂકે છે. ઘડપણમાં શું થાય છે. તે પણ જાણીએ છીએ. વ્યાધિથી શરીર ગ્રસ્ત થયું નથી ઘડપણ આવ્યું નથી, ઇન્દ્રિયો કાર્ય કરે છે. આયુષ્ય તૂટયું નથી ત્યાં સુધીમાં તારું હિત થાય તેવું કર...

જયારે સરોવરની પાર તૂટશે પાણી ચાલવા માંડશે ત્યારે તું શું કરીશ. તે વખતે માટી નાંખવા જઈશ તો માટી પણ ધોવાઈ જશે. આગ લાગે ત્યારે કુવો ખોદવાનો કોઈ અર્થ નથી. અરે ભાઈ તું સમજ કે અત્યારે સોનાનો અવસર છે. પાછળથી પસ્તાવું પડે એ ઇચ્છનીય નથી. અંતે મુખમાં ગંગાજળ મૂકવું કે ગૌદાન કરવાનું ધર્માદાની રકમ જાહેર કરવાનો વ્યવહાર સાચવવામાં આવશે તેથી કંઇ પાળ બંધાવાની નથી. આત્મહિત થવાનું નથી

આળસ પ્રમાદથી મુક્ત બની દેવ-ગુરૂ ધર્મની પ્રવૃત્તિમાં મનને જોડી સંયુક્તકર...જેથી તું તારૂં હિત કરી શકીશ.

**મા મા જંપહ બહુયં, જે બદ્ધ ચિક્કણેહિં કમ્મેહિં**
**સવ્વેસિં તેસિં જાયઇ, હિયોવએસો મહાદોસો ॥૭૬**

ગુરુમાતા-ગુરૂદેવો તો દીપક સમાન બની શિષ્યોના મિથ્યાત્વાદિ અંધકાર દૂર કરવા મગ્ન બનેલા હોય છે. ત્યારે શિષ્યો કહે છે કે ચીકણાં કર્મો બાંધીને આવેલા અમોને અંધકારમાં જ રહેવું ગમે છે. પાપ કરવું જ ગમે છે. અમારા જેવા અયોગ્યને હિતોપદેશ શું કરશો. મૂર્ખજનને બોધ આપવામાં તકલીફ પ્રાયઃ થઈ શકે તેમ અમારા જેવા અયોગ્યને ઉપદેશ આપવામાં દોષ પણ થઇ શકે...

**કુણસિ મમત્તં ધણ સયણ,**
**વિહવ પમુહેસુઽણંત દુક્ખેસુ,**
**સિઢિલેસિ આયરં પુણ અણંત સુક્ખંમિ મુક્ખંમિ**
**॥૭૭॥**

હે આત્મા ! અનંત દુઃખના કારણ ભૂત ધનાદિ, સ્વજનાદિ પ્રત્યે મમતા કરે છે. અનંત સુખના સ્થાન સ્વરૂપ મોક્ષને વિષે શિથિલતા પ્રમાદ કરે છે...વૈભવાદિ મમતા વિગેરે કેવા કેવા કર્મો બંધાવે છે. કર્મતણી ગતિનો વિચાર કર...કર્માધીન આત્મા શુભ કર્મોના અભાવે અશુભ પ્રવૃત્તિ વધુ કરે, જેથી તું અશુભથી દૂર થઈ જા...

આત્મા સ્વભાવે અનંતજ્ઞાની હોવા છતાં **જ્ઞાનાવરણીય** કર્મ તેના જ્ઞાનને દબાવે છે. કે તેનો અનંતમો

ભાગજ ખુલ્લો રહે છે. આત્માને જડ જેવો બનાવતાં તે જ્ઞાનાવરણીયની **પાંચે** પ્રકૃતિને શરમ નથી. **આત્મામાં** આખી દુનિયા–લોક–અલોક, રૂપી અરૂપી બધું જોવાની તાકાત છે. તેને રોકનાર **દર્શનાવરણીય** કર્મ છે. તે પણ **નવ** પ્રકૃતિ છે. તે દર્શનનો અનંતમો ભાગ ખુલ્લો રહેવા દે છે. **મોહનીય** કર્મ આત્માના વીતરાગ સ્વભાવને રોકે છે. વીતરાગ દશાના ગુણોથી મુકત બનાવનાર મોહની-યની **અઠ્ઠાવીસ** પ્રકૃતિ ને આધીન બનીએ છીએ. **અંત-રાય** કર્મ આત્માની શક્તિને રોકનારૂં છે. અનુક્રમે દાન લાભ ભોગ ઉપભોગ અને વીર્યને રોકે છે. તેથી તે અશુભ છે. દાનાતરાંય પરિણામે ઘણું ઘણું હોવા છતાં દાન આપી ન શકે, દાનાંતરાયના ક્ષયોપશમે દાન જો દેવામાં આવે તો લાભાતરાય તૂટે ! વિગેરે કર્મગ્રંથથી સમજવું.

જેઓ પુણ્ય કરે છે તે શુભ પ્રકૃતિ બાંધે છે. જેઓ પાપ કરે છે. તેઓ અશુભ પ્રકૃતિ બાંધે છે. સુખ, શાંતિ તથા આબાદીની ઈચ્છા રાખતા હોય તેમણે પાપનો પરિ-હાર કરવો. કર્મ પોતાની જાતે આત્માને ચોંટતા નથી. પણ આત્મા પોતાની ક્રિયાવડે તેને પોતાના ભણી ખેંચે છે. તેના પુદ્દગલો પોતાના પ્રદેશમાં મેળવી દે છે...કર્મ તો આત્માના કટ્ટર શત્રુ છે. એ જાણવા છતાં અજ્ઞાનાદિ દોષોમાં સબડી રહેલો આત્મા એ વાત સમજતો નથી, માટે જ્ઞાનવંતો બની મોક્ષ માર્ગની સાધનામાં સંયુક્ત બન !

**સંસારો દુહહેઉ, દુઃખ ફ્લો દુસહ દુઃખ રુવોય,**
**ન ચયંતિ તંપિજીવા, અઇબદ્ધા નેહનિ અલેહિં ।૭૮।**

હે ભાગ્યશાળી ! આ સંસાર દુઃખનું કારણ તથા–દુઃખરૂપી ફલવાળો છે. સ્નેહની બેડીથી બંધાયેલો આત્મા મોહ દશાને ગાઢ બનાવતો દુઃખ દાયક સંસારને છોડી શકતો નથી... સંસારની પ્રવૃત્તિ–તે પ્રવૃત્તિ ઉપર રાગ તે પાપ જ બંધાવે. પાપથી દુઃખ મળે એ સનાતન નિયમ છે. સુખ મેળવવા માટે જે પુરુષાર્થ થાય તે પાપ કરાવ્યા વિના ન રહે, માટે સુખ ગમવું ન જોઇએ. સુખ ગમી ગયું તેના પ્રત્યે રાગ વધી ગયો તો સમજી લેવું કે દુઃખ તેમ દુઃખની પરંપરા વધવાની છે. માટે સુખ તેમ સુખના સાધન ઉપર રાગ ન જ કરવો એ નિર્ણય આત્મા માટે અનિવાર્ય છે.

**નિયકમ્મપવણ ચલિઓ, જીવો સંસાર કાણુણેઘોરે,**
**કાકા વિડંબણાઓ, ન પાવએ દુઃસહ દુકખાઓ ।।૭૯।।**

હે આત્મા ! કર્મના બંધનથી બંધાયેલો, સંચિત કરેલા કર્મના ઉદય અવસરે જીવ ભયંકર ઘોર ભયાનક સંસારમાં અથડાતો કઈ કઈ વિડંબણા પામતો નથી અર્થાત સર્વ વિડંબણાઓને પામે છે. જન્મ નામે પાપના ઉદયે થાય. મોહ મરે તો જન્મ બંધ થાય. મોહ હોય એટલે જન્મ, જન્મ રહિત ભાવ થાય એ મોક્ષ... માટે મનુષ્યે જાતે જ જાતનો રાગ ટાળવાનો છે, દેવ–ગુરૂ ધર્મનો રાગ કેળવવાનો છે. સુખ અને સુખના સાધન ઉપરનો રાગ છોડવાનો છે. દુઃખ અને દુઃખથી મળતા જે નિમિત્તો હોય

તેના પર દ્વેષ કરવાનો નથી, પણ પાપ અને પાપ ક્રિયા પ્રત્યે દ્વેષ કરવાનો છે. માનવી આવું કરે, તે પામેલો જન્મ સફળ થઈ જાય તેને અરિહંતાદિ ઓળખાતા વાર ન લાગે. અરિહંતાદિની સાથે મેળ તેને સંસાર સાથે મેળ ન હોય—તેને સંસાર ખરાબ લાગે, દુઃખ સારૂં લાગે, મોક્ષની ઈચ્છાથી જ ધર્મનું આરાધન કરતો હોય તે વિશિષ્ટ કહેવાય...પણ મોક્ષ સિવાયની ઈચ્છાથી ધર્મ કરે તે વિશિષ્ટ કોટિનો અધર્મક કહેવાય...સંસાર પર ઉદ્વેગ આવે તેનો મોક્ષ અટકે જ નહિં.

માનવ જન્મ બહિર્આત્માને અંતરાત્મા બનાવે છે. પછી મહાત્મા, સાધુ, ઋષિ, પરમર્ષિ ત્યારબાદ પરમાત્મા બનાવે છે. ઉચ્ચપદો મેળવવા હોય તેને માનવ જીવનની મહત્તા સમજાય. ભૌતિક સુખના વિલાસીને મોક્ષ માટે મનુષ્ય જન્મની જરૂર પડે જ છે. ભોગ-ભોગ માટે ધન આ બન્નેની મારે જરૂર નથી તે માનવી માનવમાંથી નારાયણ બની શકે છે. જેનું મન સંસારમાં નથી પણ મોક્ષમાં જ છે. એના માટે માનવ ધર્મ શ્રેષ્ઠ બની રહે ! ઉંચાપદની પ્રાપ્તિ માટે માનવ સિવાય બીજા કોઇ ભવની જરૂર નથી. માટે પૂર્વના પુણ્યોદયે મળેલા માનવ ભવને સાર્થક કરો

**સિસિરંમિ સીયલા નિલ,**
**લહરિસ્સહસ્સેહિં ભિન્ન ઘણુ દેહો.**
**તિરિયત્તણં મિડરન્ને, અણંતસો નિહણમણુપત્તો ॥૮૦॥**

હે જીવાત્મા, તિર્યંચના ભવમાં અરણ્યમાં શીયાળાના

શીતળ વાયુથી તેં અનંતવાર શીત વેદના ભોગવી છે.

**ગિમ્હાયવ સંતતો, રન્ને છુહિઓ પિવાસિઓ બહુસો**
**સંપત્તો તિરયભવે, મરણ દૂહં બહુ વિસૂરંતો ॥૮૧॥**

હે ભવિક, તિર્યંચના ભવમાં અરણ્યના વિષે ગરમીની ઋતુમાં તાપથી ભારે તપેલો બની ક્ષુધા-તૃષાને તેં ઘણી ઘણી સહન કરી દુઃખ પામ્યો છે.

**વાસાસુડરન્નમજઝે, ગિરિનિજઝરણો દગેહિં વિજઝંતો**
**સીઆનિલડજઝવિઓ, મઓ સિ તિરિઅત્તણે બહુસો ॥૮૨॥**

હે જીવાત્મા, તિર્યંચના ભવમાં અરણ્યમાં રહી ચોમાસાના સમયમાં નદીઓના, પર્વતોના ઝરણોના પાણીથી તણાતો તણાતો શીતળ પવનના વેગથી ઘણી વિટંબણાઓ ભોગવીને ઘણીવાર મૃત્યુ પામ્યો છે.

**એવં તિરિય ભવેસુ, કીસંતો દુકખ સયસહસ્સેહિં**
**વસિઓ અણંતખુત્તો, જીવો ભીસણ ભવારન્ને ।૮૩।**

હે ભવ્યાત્મા, તિર્યંચના ભવોમાં લાખો પ્રકારે દુઃખોને સહન કરી કલેશાદિ ભાવ પામી સંસાર રુપી અટવીમાં અણંતીવાર ભમ્યા જ કરે છે.

**દુટઠઠઠકમ્મ પલયા, નિલપેરિઉ ભીસણંમિ ભવરન્ને,**
**હિંડંતો નરએસુવિ, અણંતસો જીવપત્તોસિ ॥૮૪॥**

હે ભાવિક, દુષ્ટ કર્મ જે આઠના પ્રાદુર્ભાવે પ્રલય કાલના વાયુથી ભમાવેલો તેમ સંસારમાં અથડાતો તું નરકમાં પણ અનંતીવાર પામ્યો છે.

**સત્તસુ નરયમહીસુ, વજ્જાનલ દાહસી અયવિઅણાસુ**
**વસિઓ અણંતખુત્તો, વિલવંતો કરૂણ સદ્દેહિં ॥૮૫॥**

હે જીવ, તેં વજાગ્નિના દાહવાળી અને ઘણી જ શીતવેદનાવાળી સાતે નરક પૃથ્વીઓમાં કરુણ શબ્દોના વિલાપ કરતો અનંતીવાર ભમ્યો છે.

**પિયમાયસયણ રહિઓ,**
**દુરંતવાહિહિં પીડિઓ બહુસો ।**
**મણુઅભવે નિસ્સારે,**
**વિલાવિ ઓ કિંનતં સરસિ ।૮૬।**

હે જીવ, માતા, પિતા, સ્વજન રહિત તથા જે વ્યાધિઓનો દુઃખે કરીને અંત થાય છે. તે વ્યાધિ વગેરે પીડા પામેલો તે અસાર મનુષ્ય ભવ ને કેમ સંભાળતો નથી. માનવી-ભૂતકાળને તથા ભૂતકાળના મહાન પુરુષોને સંભાળે તો પણ તેના જીવનમાં પ્રગતિ થયા વિના રહેતી નથી....

**પવણુવ્વ ગયણમગ્ગે,અલક્ખિઓ ભમઇ ભવવણે જીવો,**
**ઠાણટ્ઠાણંમિ સમુજ્ઝિઝણ, ધણસયણ સંઘાએ ।૮૭।**

હે ભાવિક-આકાશમાર્ગે જેમ વાયુ ફરે છે તેમ આ જીવપણ ભવાટવીમાં અદેશ્ય-દશ્યપણે ભમ્યા જ કરે છે. તેમાં અનેક ભવનાં મેળવેલાં, સાચવેલા, દાટેલા ધનાદિ, સ્વજનાદિનો ત્યાગ કરી પરાધીન પણે ભમે છે. સચરાચરમાં એવો એક પણ જીવ નથી કે જેના જીવનમાં કોઈ પાપ કર્મનો ઉદય ન હોય, અને તમામ પ્રકારના પુણ્યકર્મોનો જ બસ ઉદય હોય ! જીવ પાપ કર્મના અને પુણ્ય કર્મના

ઉદય લઇને જ જીવે છે... ધનાદિ પરિગ્રહ-તેના ઉપરની મૂર્છાએ મહાપાપ છે. અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખાની અને સંજવલનના ક્રોધાદિ જ તથા હાસ્યાદિ-નવ નો કષાય તથા મિથ્યાત્વ એ અભ્યંતર પરિગ્રહ છે. ચોતરફથી ઘેરાઇ જવું એ પરિગ્રહ કહેવાય. તેને પાપનું મૂળ, દુર્ગતિનો દાતાર, કષાયનું કારણ, વધ, બંધ, કલેશનું નિમિત્ત, કૂડ કપટની વેલડીને વધારનારો છે. પરિગ્રહ છોડવા જેવો ને. જે જીવો પરિગ્રહમાં ગૃદ્ધ-મૂર્છિત બન્યા. એ આત્માઓ અધોગતિમાં ગયા, તે આત્મા-ઓએ પોતાની જાતે જ પગ ઉપર કૂહાડો માર્યો એમ કહેવાય. ભોગી ભોગ ત્યાગે તો યોગી બને. માટે પરમ યોગીના માર્ગને પામવા માટે પરિગ્રહથી મુક્ત થવું અનિવાર્ય છે.

મહાવીર પ્રભુ તેને જ વખાણે છે. જે પરિગ્રહથી બંધાયેલાને મુક્ત કરે છે. જેઓ પરિગ્રહથી ચેતી ગયા છે. તે જ ત્યાગી છે. તેજ પોતાની જાતને અને અન્યની જાતને સુધારી શકે છે. જેટલો પરિગ્રહ વધારે તેટલી ઉપાધિ વધારે ..મહા આરંભ અને મહાપરિગ્રહને જ્ઞાની પુરૂષોએ નરકમાં જવાનું લક્ષણ બતાવ્યું છે...પરિગ્રહ માટે આરંભ-સમારંભ કરે. જિન, મિલ, પ્રેસ, દુકાનાદિ, ફેકટરી....કેટલા બધા જીવોની ઘોર હિંસા...પૈસા માટે મત્સ્ય ઉદ્યોગ, દારૂ વિન્નો વેપાર. વિગેરે પંદર પ્રકારે કર્માદાન આદરે. કેટલાકને ઘણી આશા હોવા છતાં પરિગ્રહ મળ્યો નથી એનું એને દુઃખ હોય છે. હું કયારે ગાડી

બંગલાવાળો થાઉં, અન્યવ્યક્તિને ઘણું ઘણું પણ મને કંઈ જ નથી...મને તેના જેવી ક્યારે પ્રાપ્તિ થાય એ ઇચ્છા કરવી એ પણ મહાપરિગ્રહ છે. આશા-તૃષ્ણા-વધે જ જાય. ઘટાડો તો ઘટે બાકી તો વધવાની જ છે...કવિએ કહ્યું છે કે...

હતી દીનતાઈ. ત્યારે તાકી છે પટલાઈને,
મળી પટલાઈ, ત્યારે તાકી છે શેઠાઈને,
સાંપડી શેઠાઈ, ત્યારે તાકી છે મંત્રીતાઈને,
મળી મંત્રીતાઈ, ત્યારે તાકી છે દેવતાઈને
દીઠી દેવતાઇ, ત્યારે તાકી છે ઇન્દ્રતાઇને
ભલે દેવતાઈ મલે, ભલે શક્રતાઈ મીલે,
વધે તૃષ્ણાઇ તોય જાય ન મરાઇને,

ચાર ગતિમાં ન ભમવું હોય તો બાહ્ય-અભ્યંતર પરિગ્રહને નિલાંજલી આપતા શીખો.

**વિદ્ધિજ્જંતા અસયં, જન્મજરામરણ તિક્ખ કુંતેહિં,**
**દુહમણુહવંતિ ઘોરં, સંસારે સંસરંતજિઆ ॥૮૮॥**
**તહવિખણંપિ કયાવિહુ, અન્નાણભુયંગ ડંકિયાજીવા**
**સંસાર ચાર ગાઓ, નય ઉવ્વિજ્જંતિ મૂઢમણા ॥૮૯॥**

હે ભાવિક, તેં અનુભવેલા, જાણેલા, જોયેલા સાંભળેલા કે ચારગતિ સંસારમાં ભ્રમણ કરતાં જીવો જન્મજરા મરણના દુઃખોથી વારંવાર વીંધાતા દુઃખનો અનુભવ કરે છે. તો પણ મૂઢ મનના અને અજ્ઞાનતાથી સંસારની કેદમાં ક્ષણમાત્ર ઉદ્વેગ પામતા નથી યાને વૈરાગ્ય પામતા નથી.

**કીલસિ કિયંતવેલં, શરીર વાવીઇ જત્થ પઈસમયં.**
**કાલરહટ ઘડીહિં, સોસિજજઈ જીવિયંભોહં ॥૯૦॥**

હે ભાગ્યવાન્, આ શરીરરૂપી વાવડીમાં કેટલા કાળ સુધી રમીશ? તે સમયે સમયે કાળરૂપી રહેંટની ઘડીઓ વડે જીવન રૂપી જળનો પ્રવાહ સૂકાઈને ઘટતો જાય છે માટે શરીરમાં મોહ ન પામ.

**હે જીવ બુજઝમા મુજઝ, મા પમાયં કરેસિ રે પાવ,**
**કિંપરલોએ ગુરૂદુક્ખ, ભાયણું હોહિસિ અયાર ।૯૧।**

હે ભવ્ય જીવો, તું બોધ પામ, મૂંઝાતો નહિં, રાગ-દ્વેષ મોહના કારણે પાપમાં લેપાઈશ નહિં, ત્રણેથી યુક્ત તે પાપ કર્યા વિના ન રહે, ત્રણેથી મુકત થાય તે પાપથી મુકત થાય. તે વ્યક્તિ સર્વ પાપથી વર્જિત બની શકે, માટે પાપથી મુકિતથવામાં પ્રમાદ, આળસ કરતો નહિં, પાપથી મુક્ત થાય તે ઉત્તમ જ બને છે. ઉત્તમ નથી બન્યા માટે જ્ઞાની કહે છે કે મૂઢ દશામાં અધમ બનીને ઘણા કર્મો બાંધ્યા, હવે જૈમ ધર્મ મેળવી. અંધકારમાંથી પ્રકાશમાં આવી ઉત્તમ બની જા, જેથી પરલોક દુઃખથી રહિત બની જાય. જો ઉત્તમ ન બન્યો., ઉત્તમ બનવા માટે પાપને તિલાંજલી ન આપી તો સમજી લેજે કે દુઃખની પરંપરા આવે જ જશે... માટે સમજ, ધર્મથી સ્થિર થા.

**બુજઝસુરે જીવતુમં, મા મુજઝસિ જિણમયંમિનાઊણં**
**જમ્હાપુણરવિ એસા, સામગ્રી દુલ્લહા જીવ ।૯૨।**

હે ભાવિક, તું જિન શાસનમાં રહેલા ધર્મને પામી

સંસારમાં મોહીત ન બન પણ જૈન ધર્મ અંગીકાર કર, કારણ કે દુર્લભ આ ધર્મસામગ્રી મળવી ગહન છે.

અનંત ઉપકારી શ્રી હેમચન્દ્ર સૂરિ મહારાજા વીતરાગને કહે છે. હે નાથ, આ સંસારમાં હું શરણ રહિત છું. જેને પોતાની પરિસ્થિતિ શરણ વિનાની ભાસતી હોય તેને શરણે આવવું છે તે બરાબર. જે સંસારથી ભયભીત બનેલો હોય તેને શરણની જરૂર પડે. સંસાર હાનિસ્વરૂપ દેખાય, ભયંકર સમજાય ત્યારે તે સંસારથી ઉદ્વિગ્ન બનેલો અરિહંતાદિના શરણે જાય....

આપણે ભાગ્યશાળી છીએ. આર્યદેશ, આર્યનીતિ, જૈનકુલ, જન્મથી શ્રી નવકારમંત્ર મળ્યો. બિમારને પથારીમાં પડયા રહેવું ન પાલવે તેમ સંસારથી ભયભીત બનેલાને સંસારમાં પડયા રહેવું ન પાલવે. તે ભયભીત બનવા નમો અરિહંતાણં આદિ ભણીએ છીએ. ભગવાન એમ કહે છે. કે જેને સંસારમાં ન ફાવે તેને ભગવાનના સંઘમાં નંબર મળે. અરિહંતને ઓળખે અરિહંતને ઓળખાવે, અરિહંતનું જ શાસન જ ધર્મ પમાડશે એથી આત્મ કલ્યાણ થશે. એ ભાવ વિના સંસારનું પરિભ્રમણ અટકવું મુશ્કેલ છે...

શ્રાવકો સાધુ મહારાજ કે આચાર્ય મહારાજને ઢોલ નગારાં વગડાવીને સંઘના ઉપાશ્રયે બિરાજમાન કરે. તે ઉપાશ્રય ખુલ્લા રાખવાં નહિં. પણ અરિહંતે પ્રરૂપેલો ધર્મ આદરવા, ધર્મ સમજાવવા, ધર્મ પ્રભાવના માટે લાવે. અરિહંતાદિની આજ્ઞાની પ્રધાનતા છોડી જમાનાવાદ

ના કારણે આચારને લાત મારનાર કે લાત્ત મરાવનારનું ક્યારે પણ કલ્યાણ થયું નથી તેમ કલ્યાણ થવાનું નથી !

શ્રાવકોને કેવા ગુરૂદેવની જરૂર ?....સંઘમાં પૈસા અપાવે, નામના કરાવે, શ્રાવકોની હા એ હા કરે તે ગુરૂ સ્વ-પરનું ક્યારે પણ કલ્યાણ સાધતા નથી. તે પ્રમાણે કરવાથી આચાર સંહિતાને કચડી નાંખતા વાર લાગતી નથી...ત્યારે શ્રી જૈન શાસનમાં **આચાર** પ્રથમ ધર્મ:, એ ન્યાયે પ્રથમ આચાર અમલમાં મૂકવો જોઇએ. ગુરૂ ભગવંતો સંસાર તારક જિનવાણી સમજે, સમજાવે, મોક્ષ માર્ગની જ પ્રરૂપણા હોય પણ સંસાર વર્ધક પ્રરૂપણા ન જ હોય, તારકની આજ્ઞાને શિરોમાન્ય કરી આરાધના કરતા. કરાવતા હોય. તે ગુરૂ ભગવંત કહેવાય ! ગુરૂએ પરમદિવો છે. દિપકને અંધારૂં ન ગમે, અંધારામાં રહેલાને પ્રકાશ આપ્યા વિના ન રહે.

શ્રાવકોએ શ્રાવક ધર્મમાં સ્થિર થવું એ અનિવાર્ય છે. જેથી તમો શાસ્ત્રની વાત સમજી શકશો તેણ સંસાર થી ઉદ્વેગ પામી ભવભીત બની. સાધ્વાચાર પામી શકશો...

શ્રાવક ધર્મની વાત સાંભળતાં ખુશ થશે પણ સંસારની તુષ્ટિ-પુષ્ટિની વાત સાંભળશે નહિં... તે માટે ગુરૂ ભગવંત પાસે જાય નહિં, ધર્મને પામ્યા બાદ સંસારની ભૌતિક સાધન સામગ્રી પ્રત્યે મન લલચાય નહિ., દેવ ગુરૂ ધર્મ સાથે જો સૌને મેળ થાય તથા સુમેળ થાય તો ધર્મ આરાધેલો ઘણો લેખે લાગે છે...ત્રણેમાંથી એક પદ ન ગમે તો સમજવું કે ધર્મથી વિમુખ છીએ,

ત્રણેમાંથી એક ગમે તો સમજવું કે ત્રણે ત્રણ ગમ્યા છે. અને જેથી ધર્મ આત્મસાત્ થયો છે. શ્રીપાલ મયણાંએ ધર્મ આરાધી માખણ મેળવ્યું.. હવે તો ફક્ત અલ્પ મહેનતથી ઘી (કેવળજ્ઞાન) પ્રાપ્ત થવાનું જ છે. હજી આપણી એ પરિસ્થિતિ છે કે હજી આપણને છાશ વલોવતાં આવડતું નથી અથવા તો તેવા પ્રકારની મહેનત પણ નથી. પુણ્યોદયથી મળેલી સાધન સામગ્રી ભોગવતાં ન આવડે તો દુર્ગતિમાં જવાય. માટે જ્ઞાનીઓએ કહ્યું છે કે પારો પચાવવો હજી સહેલ છે. પણ પુણ્ય પચાવવું કઠીન છે. દેવ-ગુરૂ ધર્મને વફાદાર રહી. તેની આજ્ઞામાં જીવન સમર્પિત કરે તે પુણ્યને ભોગવે છતાં સદ્ગતિપૂર્વક મોક્ષપદને પ્રાપ્ત કરે...આવો અપૂર્વ સિદ્ધાંત શ્રી જિનેશ્વર ભગવંતે પ્રરૂપેલા ધર્મમાં જણાશે. માટે ઉત્તમ દુર્લભ સામગ્રી મેળવી ત્રણે તત્ત્વને આરાધી લે....

**દુલહોપુણ જિણધમ્મો, તુમં પમાયાયરો સુહેસી ય,**
**દુસહંચનરયદુક્ખં, કહ હોહિસિં તં ન યાણામો ॥૯૩॥**

હે ભાગ્યવાન્ જગતની તમામ રિદ્ધિ-સિદ્ધિ પામવા છતાં જિનેશ્વર કથિત ધર્મને તું પામે નહિં. તો તે સર્વ ઋદ્ધિ અનર્થકારી છે. અને જિનધર્મ પામે છતાં ભૌતિક સુખ ન મળે તો પણ તું મહાન છે, મહાન બનીશ. તેમ નારાયણ થઈશ. માટે પ્રાપ્ત થયેલા ધર્મનું આરાધન કરવામાં પ્રમાદ કરીશ નહિં. પ્રમાદના કારણે, સુખની લાલસાના નિમિત્તે નરકાદિના દુઃખો ભોગવતાં તારી શું પરિસ્થિતિ થશે. તેનો તેં વિચાર કર્યો નથી.

કર્મને ધર્મ ગમે નહિં અને ધર્મને કર્મ ગમે નહિં કારણ કે બન્નેની દિશાઓ ભિન્ન છે. ખારેક સ્વાદમાં ઘણી સારી હોવા છતાં ઘોડા આગળ મૂકીએ તો ? સાકર મીઠી હોવા છતાં ગધેડા આગળ મૂકો તો ? તેની સામે પણ નહિં જુએ, કારણ કે સ્વભાવની વિરુદ્ધતા છે. ખાટકીને દયાની વાત કરો કે વેશ્યાને શીલ પાળવાનું જણાવો તો ક્યાં ગમે ? કર્મ સ્વભાવે કૌરવ જેવા છે. તે આત્માને જંપીને બેસવા ન દે, પણ કર્મ સત્તા કરતાં ધર્મ સત્તા વધુ બળવાન છે. કર્મની દોસ્તી કરવાથી આત્માને સંપૂર્ણ આઝાદી મળી નથી. પણ ધર્મ સાથે સંબંધ રાખવાથી સમ્યગ દર્શનાદિની પ્રાપ્તિ થાય છે. જેનાથી અશુભ કર્મને ભોગવાનો સમય આવે છે. અંતે આત્મા પરમ સ્વરુપ પ્રાપ્ત કરે છે. અંતર લક્ષ્મીનો ભોક્તા બને છે.

ધર્મ આરાધનના અભાવે અનેક પ્રકારની વાસનાઓથી ઘેરાઇને મરણ પામે છે. તેથી ભૌતિકવાદના ઝેરી જમાનાવાદથી જીવન સુધારવા માટે ધર્મની દોસ્તી કરવી જ જોઇએ. કહ્યું છે કે.

વ્યાકુલેનાપિ મનસા, ધર્મ: કાર્યો નિરન્તરમ
મેઢી બદ્ધોપિ હિ ભ્રામ્યન. ઘાસગ્રાસં કરોતિ ગૌ:

મન અનેક પ્રકારની આધિ, વ્યાધિ ઉપાધિથી વ્યાકુલ હોય તો પણ ધર્મ નિરંતર કરવો કારણ કે ઘાંચીની ઘાણીએ બાંધેલો બળદ હરતો ફરતો રહેવા છતાં ઘાસચારો ચરતો રહે છે... **ધર્મ વિના એક ક્ષણ ન ચાલે** તે વિચાર અને તે માટેની પ્રવૃત્તિ હોય તે આત્મા ધર્માત્મા બની આત્મ કલ્યાણ સાધે છે.

**અથિરેણ થિરેણસમલેણ, નિમ્મલો પરવસેણ સાહીણો**
**દેહેણ જઈ વિઢપ્પઇ, ધમ્મો તા કિં ન પજ્જતં ।૯૪।**

હે જીવ, જો અસ્થિર, મળ સહિત અને પરાધીન દેહથી સ્થિર, નિર્મળ ધર્મ ઉપાર્જન થઇ શકે છે. અર્થાત સર્વસ્વ પ્રાપ્ત થાય છે. તે દેહને ધર્મનું સાધન બનાવવું.

**જહ ચિંતામણી રયણં, સુલહં ન હુ હોઇ તુચ્છ વિહવાણં**
**ગુણ વિહવ વજ્જિયાણં, જિયાણ તહ ધમ્મરયણંપિ ૯૫.**

હે ભવ્યાત્મા ! તુચ્છ વૈભવવાળાને ચિંતામણી રત્ન ક્યાંથી મળી શકે તેમ ગુણના વૈભવથી હીન આત્માને ધર્મ રત્ન પ્રાપ્ત થાય ક્યાંથી ? ગુણ વિના અવગુણ જાય નહિં અવગુણ દૂર કરવા ગુણ મેળવવા, જોવા, જાણવા, સાંભળવા એ જ ધર્મ રત્ન મેળવવાની ખરી ક્રિયા છે. ગુણ વિના ત્યાગ આવવો અસંભવ છે. જ્યાં સુધી ગુણ કે ગુણી માટે અમાપ પ્રેમ ન જાગે ત્યાં સુધી ત્યાગ આવે જ ક્યાંથી ? ગુણીને નમવાનું મન ન થયું માટે જ બાહુ બલીના ત્યાગે કેવળજ્ઞાન ન આપ્યું જ્યાં ગુણીને નમન કરવાનું મન થયું. ભાન થયું. આત્મજાગ્રત બન્યો.

ગુણનો પ્રેમ જાગ્યો, ત્યાગીઓના ચરણમાં ઝૂકવા પગ ઉપાડયા ત્યાં જ અટકી રહેલું આત્મજ્ઞાન કેવળજ્ઞાન પ્રગટ થયું ! ગુણીના શરણની અનન્ય પિપાસા એજ ખરો ત્યાગ ! નવકારશી જેટલા નાનામાં નાના તપની શુદ્ધ અનુમોદના, અનન્ય ઉપાસનાએ જ ત્યાગ...ગુણમાં તેમ ગુણીમાં લીન થવું એજ ત્યાગ...ગુણાનુરાગી ત્યાગી બને જ

ત્યાગી એ ન હોય તેવું બને નહિં. ધર્મ મેળવી આરાધીને કેવળજ્ઞાનની જો ખરેખર જરૂર હોય તો ગુણના અનન્ય રાગી થવું જ જોઈએ અને ધર્મ કરવા છતાં ગુણને ન જોતાં દોષના જ રાગી બન્યા; દોષ જોવા માટે ક્ષણો વિતાવી તો યાદ રાખવું કે કેવળજ્ઞાન નજીકમાં પ્રાપ્ત થવાનું હશે તો પણ દૂર જશે અર્થાત પરિભ્રમણ ચાલુ રહેશે.

કેવળજ્ઞાનને ઝંખનારો ગુણનો રાગી બન્યા વિના રહેતો નથી, તપસ્વી, સહનશીલ, હસતા મુખે કેશ ઉપાડનાર મળશે. પણ ગુણાનુરાગી મેળવવો મુશ્કેલ છે. જે આત્મામાં ગુણની વાત સાંભળતાં, ગુણની ગંધ આવતા અંગે અંગમાં ઝણ ઝણાટી પેદા થાય છે. ત્યારે આ આત્મા આત્મ ગુણનો ખજાનો પ્રગટ કરી શકે છે.

**જહદિટ્ઠિ સંજોગો, ન હોઇ જચ્ચંધયાણ જીવાણં**
**તહ જિણમય સંજોગો, ન હોઇ મિચ્છંધ જીવાણં ॥૯૬**

હે ભાવિક...દૃષ્ટિ વાળો કંઇક જોવે તો સમજે. દૃષ્ટિ વિનાનો ચિંતામણી રત્ન સન્મુખ હોવા છતાં જોઈ ન શકે તેમ મિથ્યાત્વ દૃષ્ટિવાળો આત્મા અનંત ગુણના ખજાનાને પ્રાપ્ત કરાવનાર શ્રી જિનેશ્વર મતને ઓળખી ન શકે, જેથી તે આત્મલક્ષી જીવન પ્રાપ્ત ન કરી શકે...શ્રી ગૌતમ સ્વામી વિદ્વાન મહાન પંડિત શિરોમણી હોવા છતાં જ્યારે પ્રભુ મહાવીર પરમાત્માનો સહયોગ સાંપડયો. મિથ્યાત્વ ઓગળી જતાં સાચી દૃષ્ટિ, સમ્યકૂત્વની પ્રાપ્તિ થતાં આત્માને ઓળખ્યો, ઓળખ થવાથી ભગવાનને ઓળખ્યા જેથી આત્મ કલ્યાણ સાધી શકયા.

ભગવાન ઓળખવા એટલે આત્માને ઓળખવો બરાબર છે, તે ત્યારેજ બની શકે કે અનાદિ કાળથી જેણે કાળો કેર વર્તાવી આત્માને આત્મ સન્મુખ બનવા દીધો નથી તે મિથ્યાત્વ છૂટી જાય તો....

**પચ્ચક્ખ મણંતગુણો, જિણિંદ ધમ્મે ન દોસ લેસોવિ**
**તહવિ હુ અન્નાણંધા ન રમંતિ કયાવિ તંમિજિયા ૯૭**

હે ભાવિક, પ્રત્યક્ષથી અણંતગુણાત્મક જિનેશ્વર ભગવંતના પ્રરૂપેલા ધર્મમાં અંશ માત્ર દોષ નથી પણ અજ્ઞાનતાના કારણે મિથ્યાત્વી જીવો તે તારકે જણાવેલ ધર્મમાં યોજાતા નથી અર્થાત, ધર્મ વિમુખ બને છે. તેવા જીવો પ્રત્યે ઇર્ષા, નિંદા, તિરસ્કાર ન કરતાં ભાવ દયા ચિંતવવી. સાચી દૃષ્ટિ પ્રાપ્ત તેઓને થાય તેવી પ્રવૃત્તિ કરવી...અર્થાત્ ભાવદયા ચિંતવવી.

૧૪૪૪ ગ્રંથના પ્રણેતા હરિભદ્રસૂરિ શ્રી મહારાજા– ચિતોડની રાજ સભામાં રાજપુરોહિત હતા. ચાર વેદ, ચૌદ વિદ્યાઓના પારગામી હોવા છતાં અભિમાની હતા. તેમનો એક અફળ નિર્ણય હતો કે જે પાઠ–શ્લોક, કોઈ અર્થ ન સમજાય તે કોઈ સમજાવે તેને મારે ગુરૂ માનવા. કોઈ વખત તેઓ જૈન ઉપાશ્રય પાસે થઈને જતા હતા. જૈન સાધ્વીજીઓ શુદ્ધ શબ્દો પૂર્વક અધ્યયન કરી રહ્યા હતા. તે પૈકી શ્લોક યાદ કરે છે. તે શ્લોક હરિભદ્ર પુરોહિત સાંભળે છે.

**ચક્કી દુગં હરિપણગં, પણગં ચક્કીણ કેસવો ચક્કી**
**કેસવ ચક્કી કેસવ દુચક્કી, કેસી ય ચક્કી ય ।**

શ્લોક સાંભળી અર્થ વિચારતાં સમજાતું નથી. તેઓએ લીધેલી પ્રતિજ્ઞાનું ધ્યાન હતું. તે પ્રતિજ્ઞા જાહેરમાં નહિં પણ મનથી લીધેલી હોવા છતાં પૂર્ણ પ્રતિપાલન કરવાની ગાઢ તયારી ! મહાન્ પુરુષો ધર્મ માટે પ્રાણનો ત્યાગ કરે છે. પરંતુ પ્રાણ માટે ધર્મનો કે પ્રતિજ્ઞાનો ત્યાગ કરતાં નથી. અર્થ ન સમજાયો તેથી પુરોહિત ઉપાશ્રયમાં જઇ અર્થ સમજવો એ નિર્ણય કરતાંની સાથે ઉપાશ્રયમાં ગયા. ઘણા જૈન સાધ્વીજીઓના પરિવારથી પરિવરેલા મોટા મહારાજ જણાઈ આવ્યા. તેમની પાસે વિનય પૂર્વક નમસ્કાર કરીને ઉપાશ્રયમાં પ્રવેશવાની ધર્મલાભ શબ્દથી સંમતિ મેળવી...સંતોના અને સાધ્વીજીઓના દર્શનથી પ્રસન્નતા મેળવી.

વિનયવંત બનેલા પુરોહિતે પૂછયું કે થોડી જ ક્ષણો પૂર્વે ચક્કી દુગનો શ્લોક બોલાતો હતો. તેનો અર્થ મને સમજાવો. મારી જિજ્ઞાસા પૂર્ણ કરવા આપને પ્રાર્થના કરું છું. વિનયથી જ્ઞાન મળે છે.

સાધ્વીજી યાકિની મહત્તરા પામી ગયાં કે આ મહાનુભાવ હરિભદ્ર પુરોહિત હોવા જોઇએ તેમ સાધ્વીજી વિચક્ષણ હતા. અમારા શ્રી જિન શાસનમાં સૂત્રનો અર્થ જણાવવાનો અધિકાર સાધુ પુરુષોનો છે. માટે આપને જો અર્થજ્ઞાનની પિપાસા હોય તો અમારા ગુરૂદેવ પાસે જવું જરૂરી છે. વિચક્ષણ સાધ્વીજીએ શ્લોકનો અર્થ ન બતાવ્યો. કારણ કે તેઓ જાણે છે કે આ વ્યક્તિ મામુલી નથી... કયારે પણ જિનમંદિર કે જૈન ઉપાશ્રયમાં આવે પણ નહિં.

આ વ્યક્તિ સહજ આવી ગયા છે. તો પૂ. આચાર્ય મહા-જનો ભેટો કરાવવો જોઈએ. પૂજ્ય શ્રી દ્રવ્યાદિભાવોના જ્ઞાતા છે. હું અર્થ બતાવીશ તો પુરોહિત અહીંથી પાછા વળશે ગુરૂદેવ પાસે તો નહિં જાય...આવી ગયા છે એક શ્લોકનો ભાવાર્થ સમજવા પણ તત્વજ્ઞાનની સુવાસ આપીને કલ્યાણકારી માર્ગ પમાડીને મોકલવા છે.

પુરોહિતે તીવ્ર જિજ્ઞાસાથી પૂછ્યું આપના ગુરુદેવનું નિવાસ સ્થાન કયાં છે. સાધ્વીજીએ કહ્યું કે શ્રી જિનેશ્વર ભગવંતની મંદિર નજીક જૈન ઉપાશ્રયમાં બિરાજમાન છે.

સાધ્વીજી જાણે છે કે આ હરિભદ્રે એક વખત જિન-મંદિરમાં જઇ તારક પરમાત્માની ભયંકર આશાતના મજાક કરી હતી. છતાં તે વ્યક્તિ પ્રત્યે રોષ નથી. અપરાધી પ્રત્યે રોષ–તિરસ્કાર તો સંસારમાં પણ સંતની દૃષ્ટિ જ્ઞાન દૃષ્ટિવાળી હોય છે. સાધ્વીજીના ઉપાશ્રયના શાંત અને પવિત્ર વાતાવરણથી તથા તેમના શિસ્તબદ્ધ અનુશાસનથી પુરોહિત પ્રભાવતિ થયા. વિનયપૂર્વક નમન કરી વિદાય લીધી...પુરોહિતના હૈયામાં સાધ્વીજી પ્રત્યે પ્રમોદ ભાવ પ્રાપ્ત થયો. તેઓની વાતે હૈયું પુલકિત બનાવી દીધું. તેઓ તરત જ જિનમંદિરમાં ગયા. તેની સાથે જ ઉપાશ્રય છે...જૈન ધર્મની આચાર મર્યાદા પ્રત્યે હૈયે સદભાવ જાગ્યો. વિશિષ્ટમાન પ્રાપ્ત થયું. જિનમંદિરમાં જઈને તેમણે જિનેશ્વર દેવની ખૂબ જ સુંદર ગુણ સ્તવના કરી...

આ એ જ જૈનમંદિર છે કે જે પ્રતિમાની ઠેકડી

ઉડાવી હતી. તેમના હૈયે તે વખતે દ્વેષ હતો. આજે તેના બદલે સદ્‌ભાવ છે. પ્રેમભાવ જાગી ગયો છે. પ્રમોદ ના બદલે ઈર્ષા-તિરસ્કાર ભાવ આવે તો વ્યવહાર બગડી જાય. ધર્મના બદલે અધર્મ પામી જાય માટે વારંવાર જ્ઞાનીઓ ફરમાવે છે કે ગુણીજનો અને પુણ્યશાળીઓ પ્રત્યે પ્રમોદભાવથી ઉલ્લસિત બનો. ગુણ દર્શનથી પ્રેમ જાગશે ત્યારે દોષ દર્શનથી દ્વેષ-તિરસ્કાર થશે. તેથી મનને સંતાપ થાય છે.. સાધ્વીજી પ્રત્યે પ્રમોદભાવ પ્રાપ્ત થયો. આ જ હરિભદ્ર પુરોહિતને પરમાત્માની પ્રતિમામાં વીત-રાગતાનો અનુભવ થયો. ખૂબ જ સુંદર સ્તુતિ કરી.... સાથેના ભાગમાં રહેલ ઉપાશ્રયમાં બિરાજમાન પૂ. આચાર્ય મહારાજે સ્તુતિ સાંભળી નિર્ણય કર્યો કે. આ અવાજ હરિભદ્રનો જ છે... આચાર્ય ભગવંતની જમણી આંખ ફરકતી હતી... નવા નવા સંકેત થવા લાગ્યા...ત્યારે આ બાજુ હરિભદ્ર ઉપાશ્રયમાં પ્રવેશ કરી વંદન નમસ્કાર કરી સંમતિ મેળવી પૂ. આચાર્ય ભગવંત પાસે આવી ભાવ વિભોર બની વંદન કર્યું. આશીર્વાદ પ્રાપ્ત થયા...ક્ષેમ કુશળ વાત થતાં આચાર્ય ભગવંતે પૂછયું. કે ભાગ્ય-શાળી આગમન કારણ જણાવો ?

હરિભદ્ર પુરોહિત જવાબ આપતાં હતાં. તેમાં સ્પષ્ટ તરી આવતું હતું કે સાધ્વીજી મ. ના ગુણો પ્રત્યે પ્રમોદ ભાવ ખીલ્યો છે, તેમ પરમાત્મા પ્રત્યે સાચી દૃષ્ટિ પણ ખુલ્લી ગઈ છે.

હે હરિભદ્ર પુરોહિત ..તમે ભાગ્યશાળી છો....દેવ-

ગુરૂના દર્શન થયાં...તમારે જે અર્થ સમજવો છે. તે જૈન દર્શનનું રહસ્યમય જ્ઞાન સાધુ જીવનમાં પામી શકશો. અનેકાંતવાદ-સપ્તનય ભંગીની વાતો જાણવી, સમજવી હોય એમને સતત ગુરૂકુળવાસ આરાધવો જરૂરી છે. તમારા જેવા બુદ્ધિશાળી, વિચક્ષણ, પ્રજ્ઞાવંત પુરુષો તો મહાન શ્રુતધર બની અનેક આત્માને અંધકારમાંથી પ્રકાશમાં લાવી શકે! **આચાર્ય ભગવંતની** ધીર-ગંભીર પ્રમોદ ભાવપૂર્ણ, સાકરથી વધુ મીઠી વાણીથી પુરોહિતના હૈયાનું પરાવર્તન થયું. મનથી લીધેલી સ્વપ્રતિજ્ઞાનું લક્ષ્ય હતું. ગુરૂદેવની વાણી તે તરફ લઈ જતી હતી.

**ધર્મ પમાડવા માટે, ધર્મની જાગ્રતિ માટે સૌએ વિચારવું જોઈએ. કોઇની પણ ઈર્ષા ન કરો અદેખાઇ ન કરો, કોઇની નિંદા ન કરો. સાધુ સાધ્વીની, શ્રાવક શ્રાવિકાની નિંદા, ઇર્ષા ન કરો. સૌ કોઇને ગુણ દષ્ટિથી જુઓ. ગુણ ગાતાં જ રહો, દોષ દર્શન એ ક્રુરતા છે.**

ગુણદર્શન વિના પ્રમોદ ભાવ પ્રાપ્ત થવો અશકય છે. હરિભદ્ર પુરોહિતમાં ગુણદર્શનનો ગુણ હતો પૂ. આચાર્ય દેવની વાત સ્પર્શી ગઇ. ગુરૂ મહારાજ પણ તેમની પ્રતિજ્ઞાથી વાકેફ હતા. જ્ઞાની હંમેશાં ગંભીર જ હોય. ગંભીર ન હોય તે જ્ઞાની કયાંથી ? પુરોહિતની જુની વાત યાદ ન કરતાં તે આત્માને માર્ગ પમાડવાની જિજ્ઞાસા! એ આ જ પુરોહિત છે. જેણે મારા ભગવાનનો ઉપહાસ કર્યો હતો, લાવ, અત્યારે મારી પાસે છે. એ ચાર સંભળાવી દઉ-

પણ તેમ ના કર્યું ! ભૂતકાળની ખરાબ વાત યાદ અપાવીને કોઇ સુધારી શકતું નથી. ટીકા-કટાક્ષ કરવાથી કોઈને અસર થતી નથી. જો આચાર્ય ભગવંતે પુરોહિતને સાફ જણાવી દીધું હોત કે તમારૂં ઘમંડ ઉતારી નાંખીશ. તમારે કડવા પરિણામ ભોગવવા જ પડશે. તિરસ્કાર કર્યો હોત તો આપણને આ મહાન શ્રુતધર ૧૪૪૪ ગ્રંથના પ્રણેતા શ્રી **હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા મળ્યા હોત ખરા ?** પણ આચાર્ય મહારાજે તિરસ્કાર ન કરતાં પુરોહિત હરિભદ્રનું ઉત્તમ કોટિનું ઉજ્વળ ભાવિ જોયું ?

હરિભદ્ર પુરોહિતને વિશિષ્ટ કોટિના જૈનાચાર્યનો સહયોગ થયો હતો પુરોહિતની જ્ઞાન પ્રાપ્તિની ઝંખના અપૂર્વ કક્ષાની હતી તે માટે વૈષયિક સુખોનો ત્યાગ કરવા પણ તૈયાર હતા. એ જાણી શક્તા હતા કે જ્ઞાન પ્રાપ્તિની તક ગુમાવવી એ આત્મ હત્યા જેટલું પાપ લાગે. અંતે હરિભદ્ર પુરોહિત મટીને જૈન મુનિ શ્રી હરિભદ્ર વિજય બની મહાન્ જૈનાચાર્ય શ્રુતધર અનેક આત્માઓના મહાન્ ઉપકારી બન્યા... અજ્ઞાનમાંથી જ્ઞાન દશામાં લાવનાર, અંધકારમાંથી પ્રકાશમાં આવી શકાય એવો શ્રી જિનધર્મ મળ્યો છે. તેમાં શંકા રાખવી નહિં એ ધર્મને આત્મસાત કરવા જે કરવું પડે તે કરવા તૈયાર થવું એજ સમયજ્ઞ કહેવાશે.

**મિચ્છે અણંતદોસા પયડા દિસંતિ નવિય ગુણલેસો**
**તહવિ યતં ચેવ જિયા, હિ મોહંધા નિસેવંતિ ॥૯૮॥**

હે આત્મા મિથ્યાત્વમાં પ્રગટ અનંત દોષ દેખાય

છે. પરંતુ તેમાં ગુણ તો જણાતો નથી. ગુણ આવશે કે કેમ એ શંકા છે. તેમ છતાં મિથ્યાત્વ મોહનીય કર્મના કારણે મોહાંધ જીવો મિથ્યાત્વને આદરે છે. તે ખરેખર શોચનીય છે. મોહનીયને આધીન બનેલા સત્ય ધર્મને સ્વીકારી શક્તા નથી.

**ધિદ્ધી તાણનરાણાં વન્નાણે તહ ગુણેસુ કુસલત્તં,**
**સુહસચ્ચ ધમ્મરયણે સુપરિખ્ખં જે ન જાણંતિ**

હે ભાવિક, જે પુરુષોની વિજ્ઞાન કળા તથા અન્ય ઘણી ઘણી કળાઓ હોવા છતાં સુખકારી અને સત્ય એવા ધર્મરૂપ રત્નની સારી રીતે પરીક્ષા કરી જાણતા નથી તે ધિક્કારને પાત્ર છે. તેમની કળાની કોઇ કિંમત નથી. વસ્તુનો જેમ સદુપયોગ કરીએ તેમ માનવ જીવન ગૃહસ્થ ધર્મ, પાંચે ઇન્દ્રિયો આદિ જે મળ્યું છે. તે મોક્ષ સાધનાની સિદ્ધિમાં ઉપયોગી બનાવવા એજ સાચી બુદ્ધિ કહેવાય.

એવો અપૂર્વ અવસર કયારે આવશે કે જિનેશ્વર ભગવંતને સમવસરણમાં દેશના આપતાં સાક્ષાત જોઇશું. તેમના દર્શન કરીને નેત્રને નિર્મળ બનાવીશું આંખોને પવિત્ર કરીશું. જગદ ઉદ્ધારીકી, કલ્યાણ કારીણી, મનોહારીણી વાણી સાંભળી કાન પાવન કરીશું એ હિતકારક ઉપદેશ સાંભળી મનને વિશુદ્ધ બનાવીશું શ્રેણીક મહારાજાની જેમ શ્રદ્ધાથી કયારે પણ ચલાયમાન થઇશું નહિ. દેશવિરતિ ધર્મની આરાધના કયારે કરીશું. ક્રમે ધર્મ આરાધના કરતાં સર્વ વિરતિ કયારે પામીશું. સંસાર અમને વિષમય કયારે લાગશે. છતાં સંસારમા રહેવું પડે

તેટલો ટાઇમ તો કર્મને (ઇચ્છાવિના) સંસારનું કાર્ય કરીશું. અવસર મળે તો સંસાર છોડવા પણ તૈયાર થઇશું. સાધુ પદ મેળવવાની તીવ્ર ઝંખના પ્રાપ્ત કરીશું. આવી ભાવના અમોને મળેલી બુદ્ધિના બળે ભાવીશું...એ બુદ્ધિ મેળવી પણ સાર્થક કહેવાય.

**જિણધમ્મો ય જીવાણં, અપુવ્વો કપ્પપાયવો ।**
**સગ્ગાપવગ્ગ સુક્ખાણં, ફલાણં દાયગો ઇમો ।૧૦૦।**

આ જૈન ધર્મ ભવ્યાત્માઓ માટે અપૂર્વ કલ્પવૃક્ષ સમાન છે, કારણ કે જૈન ધર્મ રૂપી કલ્પવૃક્ષ દેવલોક અને મોક્ષના સુખરૂપ ફળને આપનારો છે. જૈન ધર્મના અનુયાયી જૈન ધર્મના સિદ્ધાંતને સમજે, જાણે, આદરે, પાળે પળાવે તો સમજવું કે દુર્ગતિથી મુકત બનીને સદ્ગતિ મેળવવા પૂર્વક મોક્ષપદના અધિકારી થશે.

મયણા સુંદરીએ પોતાના પતિ ઉંબરરાણાને શ્રી સિદ્ધચક્રજીની આરાધના ગુરૂ મહારાજે જે વિધિએ બતાવી હતી તે રીતે કરી. કરાવી હતી. મયણાસુંદરીને ગુરૂદેવે અભય બનાવી હતી. તેમ મયણાએ ઉંબરરાણાને ભય રહિત બનાવ્યા હતા. તેથી તેઓ દ્વેષરહિત બની શાંત ચિત્તે એકાગ્ર મનથી આરાધના કરી અને આરાધનાનું ફળ પામ્યા...શુદ્ધ હૃદય, નિષ્કપટી ભાવ, અપકારીનું પણ ભલું કરવાની તમન્નાવાળા, કર્મની ગતિને સમજનારા, સરળ, ભદ્રિક એવા શ્રી શ્રીપાલ મયણાંનો જે વિનય વિવેક, ભક્તિ, મૈત્ર્યાદિ ભાવ પૂર્વકનું જીવન હતું તે પૂર્વક આરાધેલી આરાધનાના પ્રભાવે કયારે નરક કે તિર્યંચ

જવાના નથી. દેવલોક, મનુષ્ય ભવ કરતાં નવમા ભવે શિવપદને પામશે, ધર્મનો પ્રભાવ ધર્મ કલ્પવૃક્ષ કરતાં પણ અધિક ફળ આપનારો છે.. અરે આજ ભવમાં શ્રીપાલજી ને રાજ્યોના રાજ્યો, અઢળક ધન વૈભવ, સંપતિ વણ માંગ્યા મળ્યા...ધર્મીને દોડતું આવે.

જે જીવો ધર્માનુષ્ઠાન સર્વત્ર ભય, દ્વેષ, અને ખેદથી કરે છે તેથી ધર્મનો પ્રભાવ જોવા અનુભવવા મળતો નથી. નિર્ભય બનીને, દ્વેષરહિત થઇને, ઉમંગ, ઉત્સાહ આનંદથી આરાધના કરવાથી ધર્મ અચિંત્ય ફળ આપનારો જ છે. દરરોજ ૧૦૮ થવકારનો મંત્ર યથાવિધિ પૂર્વક કરવામાં આવે તો કોઈ દુષ્ટ દેવાદિનો ઉપદ્રવ થતો નથી. કોઇ ભૂત-પિશાચ આદિ ઉપદ્રવ કરી શકતું નથી. **'જસ્સમણે નવકારો તસ્સ કિં કુણઇ'**

જૈન હોય યા અજૈન શ્રદ્ધા સંપૂર્ણ હોવી જોઇએ. મહામંત્રના ૬૮ અક્ષર છે તે દિવ્ય શક્તિનો ભંડાર છે, અક્ષરે અક્ષરમાં નરકની ભયંકર યાતનાઓ તોડી શકાય તેમ છે તો મામુલી દુઃખ દૂર થાય જ એમાં કોઈ શંકા નથી. શ્રદ્ધાથી અને વિશ્વાસથી માણસ નિર્ભય બને છે. શંકા અને અવિશ્વાસથી માણસ ભયભીત અને વિચલિત થતો જાય છે. પરમાત્માની પરમ-અગમ-અગોચર વિશિષ્ટ તત્વોની આરાધનામાં અખૂટ શ્રદ્ધા-વિશ્વાસ અતિ જરૂરી છે. કદાચ કંઇ શંકા જાગી તો સમજવું કે કાર્ય સફળ ન જ થાય...'મહાન આત્માનો પ્રેરક પ્રસંગ.'

માંડવગઢના મહામંત્રીરાજ પેથડકુમાર તેમના પત્નિ

પથમિણી શુદ્ધ આરાધના કરતા હતા. ૩૨ વર્ષની ભર યુવાન અવસ્થામાં શુદ્ધ સુંદર બ્રહ્મચર્યનું પાલન કરતા હતા. તેમના આરાધેલા ધર્મના પ્રભાવે ચોતરફ જૈન ધર્મની પ્રભાવના થઈ હતી. માલવનરેશે આનંદથી તેમને સવા લાખ રૂપિયાનું વસ્ત્ર પરિધાન કરવા આપ્યું હતું...તે વસ્ત્રનો ઉપયોગ પેથડકુમાર પરમાત્માની પૂજા કરવામાં જ કરતા હતા. એ વસ્ત્રમાં એવી પ્રભાવિકતા હતી કે કોઇને તાવ આવ્યો હોય તો એ વસ્રને ઓઢાડે તો તેનો તાવ ઉતરી જાય...આ પ્રભાવ તારક અરિહંતે બતાવેલ બ્રહ્મચર્ય વ્રતનો હતો. સાથે પ્રભુની નિર્મલ ભકિતથી શુદ્ધ પરમા. ણુઓનો જથ્થો વધતો હતો...ધર્મીના કપડામાં પણ ધર્મ વસી જાય એ ધર્મ કેવો અચિંત્ય પ્રભાવશાળી છે.

રાજ કુટુંબ સાથે મંત્રીશ્વરને સંબંધ હતો. તે માલવ નરેશને લીલાવતી અને કદંબા બે રાણી હતી. રાજાને લીલાવતી ઉપર વધુ પ્રેમ હતો. આથી લીલાવતી તરફ ઈર્ષાથી જોતી અને અદેખાઈ આગમાં બળતી હતી. કદંબાને ઈર્ષાનું પ્રમાણ ઘણું હતું. ઈર્ષા કરવાથી વધુ સુખ મળતું હોય કે દુઃખ દૂર થતું હોય તો ઠીક છે. તમો ઈર્ષાના ગુણને સ્વીકારો...પણ વિચારો કે મહાસતી સીતાજીના હૈયામાં આગ ચાંપી, શ્રી રામચન્દ્રજીને સીતાજી પ્રત્યે અત્યંત પ્રેમ હતો. બીજી રાણીઓથી સહન ન થયું. ત્રણે રાણીઓએ ભેગી થઇને યંત્ર રચ્યું. તેમાં સરળ-ભદ્રિક સીતાજી કર્મયોગે ફસાયા, કલંકિત ખોટી રીતે બનાવ્યા. શ્રી રામે સીતાજીને જંગલમાં

રવાના કર્યા. સીતાજીની એ ભવિતવ્યતા, તેમના અશુભ કર્મનો ઉદક માનવો રહ્યો, પણ પેલી ત્રણ રાણીઓને સીતાજીના જવાથી વધુ સુખ મળ્યું ખરૂં ? માણસની ભ્રમણા છે કે બીજાને દુઃખી કરવાથી પોતાને વધુ સુખ મળશે ! તે જ પરિસ્થિતિ આ કદંબા કરી રહી છે. માલવ નરેશને લીલાવતી પ્રત્યે અભાવ થાય તો જ મારા પ્રત્યે પ્રેમ વધે. તે માટે તો જે કરવું પડે તે કરવા તયાર થઈ. કદંબા વિચારતી હતી કે લીલાવતીનો મોટો દોષ યા ગુન્હો ન પકડાય ત્યાં સુધી રાજાનો પ્રેમ ઓછો થશે નહિં દોષ દર્શન કરો પણ કયાં અને કોના માટે ?

આ સંસારમાં જ્યાં સુધી દોષ દર્શન નહિં થાય ત્યાં સુધી સંસાર પરનો મોહ છૂટશે નહિં. માટે જ્ઞાની ભગવંતો સંસારને સાર કહેતા નથી સંસારમાં રહેવું એ જોખમ છે. ડગલે ડગલે ભય છે. એ સમજાય તો ધર્મથી મુકિત જરૂર પામે શકાશે. રાજાનો પ્રેમ મેળવવા અન્ય જીવનમાં આગ લગાડવી એ અધમ કર્તવ્ય છે.

એક સમય એવો આવ્યો કે રાણી લીલાવતી પથારી વશ થયા. બિમારીમાં ઉભા થઇ શકતા નથી એકાંતરીયો તાવ હઠ લઇને પ્રવેશ્યો છે કે જે નીકળવા માંગતો નથી. રાજા સહિત સમગ્ર પરિવાર ચિંતામાં ડૂબી ગયા. વૈદ્યો હકીમો, ડોકટરો, ભૂવા વિગેરે સઘળા થાકયા.. અંતે લીલાવતીનું શરીર સૂકાવા માંડયું આ તરફ સંયોગો બને છે. કે લીલાવતીની દાસી પેથડશાના ગૃહાંગણે ગઈ. તે પણ રાણીબાની બિમારીના સમાચાર આપવા, ઘણા દિવસથી

મહારાણી તાવથી પીડાય છે. કોઈ દવા ઉપચાર કામ લાગતા નથી. રાજા-સપરિવાર પ્રધાનો-મંત્રીઓ ચિંતામાં પડયા છે. પથમિણીએ વાત સાંભળીને વિચારીને જણાવ્યું કે મારી પાસે એક ઉપાય છે...કહો, કહો, જલ્દીથી શું ઉપાય? એમ કહેતાંની સાથે પથમિણીને ભેટી પડી.

મહામંત્રી પરમાત્માની પૂજા વખતે જે વસ્ત્ર પરિધાન કરે છે. તે વસ્ત્ર મહારાણીને ઓઢાડવામાં આવે તો તાવ જાય જ, એમાં શંકા નથી...પણ તાવ આવતાં પહેલાં ઓઢી લે તો વધુ સારૂં. તમો જલ્દીથી તે ઉત્તમ વસ્ત્ર આપો. હું રાણીબાને સમજાવી તમારા કથન મુજબ કરાવીશ. પરોપકાર રસિક પથમિણીએ પતિદેવનું સવા લાખ રૂપિયાનું એ વસ્ત્ર આપી દીધું. વસ્ત્ર પાછું મળે કે નહિં. યા દાસી કદાચ લઇ જાય એવી શંકાને સ્થાને ન આપતાં હર્ષથી આપી દીધું.

પવિત્રતર વસ્ત્ર, પવિત્રતર વ્યકિતના પરમાણુંઓથી સ્પર્શેલું એ વસ્ત્રના મહિમા પૂર્વક ભાવથી પરિધાન કહેતાં ઓઢયું.. તાવ આવવાનો સમય થઇ ગયો. પણ તાવને તિલાંજલી લેવી પડી. ઘર કરીને બેઠેલો અંતે પવિત્રતા આગળ નમીને ભાગવું પડયું...દાસી વિગેરે આનંદમાં આવ્યા પણ પેલી કદંબાને આનંદના બદલે દુઃખ થયું. તાવ ન જાય તે ઇચ્છનાર કેવા વિચારો કરે છે. આ તાવ કેવી રીતે ગયો તેની પૂર્ણ ઈંતેજારી કરી કે મહામંત્રીના પ્રભાવશાળી વસ્ત્રથી તાવ ગયો છે. તે મનમાં ભયંકર વિચારો કરતી દોડતી મહારાજાના ચરણમાં ગઈ. ગંભીરતા

પૂર્વક ગંભીર બની વાત કરતી કહે છે કે સ્વામી, સ્વામી તમો માનો કે ન માનો, મારી વાત સત્ય હોવા છતાં ખોટી સમજો તો પણ હું આપને સત્ય વાત મારે જણાવવી જ જોઇએ...

કદંબા વાતને સજાવીને રાજાને જણાવે છે કે મારા ઉપર નારાજ ન થશો. તમને ખબર નહિં હોય કે લીલાવતીને મહામંત્રી સાથે આડો સંબંધ હોય તેમ લાગે છે. જરૂર પ્રેમ પાશમાં સપડાયા છે...આવો અંતિમ આક્ષેપ સાંભળતાં રાજાને ગુસ્સો આવ્યો.. તું આવી ખોટે ખોટી વાતો કેમ કરે છે. જુઠું બોલીને શા માટે વેર ઝેર વધારે છે, શું તારી પાસે કંઈ સાક્ષી, કે કંઈ પુરાવો છે ખરો !

કદબા રડતી રડતી કહે.. તમને તેના માટે ખૂબજ પ્રેમ છે. તેથી મારી વાત ખોટી જ માનો એવું હું જાણતી હતી. પણ પ્રાણનાથ પ્રમાણ પત્ર વિના કંઈ આવું કહેવાય ખરૂં ?...આપ જ ખાત્રી કરો પધારો, મહામંત્રીના વિરહ સમયમાં તેમનું વાપરેલું વસ્ત્ર લીલાવતી ઓઢીને સૂતી છે...રાજાને આ વાતની ખબર ન હતી. તેમ લીલાવતી કે દાસીએ કોઇએ પણ રાજાના કાને આ વાત પહોંચતી કરી નથી...રાજા લીલાવતીના વિશાળ ઓરડામાં આવે છે. કદંબા તોફાનનો અંગારો ફેંકી પોતાના સ્થાને ગઈ... શંકાશીલ રાજા જાણે છે કે મહામંત્રી લીલાવતી પવિત્ર છે. છતાં કયારેક કંઈ ભૂલ કરી નાંખે તો કહેવાય નહિં. પરીક્ષાર્થે શંકાને દઢ બનાવતાં લીલાવતી પાસે જલ્દી આવે છે. તે સમયે નિંદમાં પોઢી

રહેલા લીલાવતીના દેહ પર રહેલું વસ્ત્ર જોયું. ઓળખી પણ લીધું. આ તો મારી જ ભેટ છે. મહામંત્રીએ આવું અમૂલ્ય કિંમતી વસ્ત્ર રાણીને શા માટે ભેટ આપ્યું. કંઈ કારણ હશે! કદંબાની વાત ઘણી દૃઢ કરી દીધી. રાજાએ મહામંત્રી કે લીલાવતીને શંકાનું નિરાકરણ ન પૂછ્યું. શંકાશીલ બનેલા રાજાએ કોઇ ને કંઇ ન પૂછ્યું મહામંત્રી કે લીલાવતીને પૂછી લીધું હોત તો વગર વિચાર્યું ન થાત...

કોઈ પણ કોઇની વાત સાંભળીને કે કોઇપણ પ્રસંગ જોઈ તેના રાગમાં કે દ્વેષમાં ખેંચાતા નહિં. કોઇપણ વાતને વાગોળો, નિર્ણય કરતાં પહેલાં ખૂબ જ ગંભીરતાથી ચોતરફથી અવલોકન કરો જેથી પરિણામ ખરાબ ન આવે...રાજન્ જાણે છે કે પેથડશા તો બ્રહ્મચારી છે. વિશ્વાસપાત્ર વ્યક્તિ છે. જે રાણી પ્રત્યે અનહદ પ્રેમ–લાગણી હતી તેને દુરાચારીમાની લીધી. બન્નેને ભયંકર આકરી શિક્ષા કરવાની વિચારણા કરી પણ મંત્રીશ્વર વિના રાજ્ય ચાલી શકે તેમ નથી. તેથી મંત્રીશ્વરને શિક્ષા ન કરતાં લીલાવતીને બોલાવી સાફ શબ્દોમાં સુણાવી દીધું કે તું રાજ્યમાંથી દૂર થઈ જા, તારૂં મુખ જોવામાં પાપ છે. આ આકરી વાત મંત્રીશ્વરની ઉપસ્થિતિમાં સંભળાવી. મહામંત્રી અક્ષર પણ ન બોલ્યા...ગમગીન ગંભીર બનીને બેઠા.

કદંબાએ પોતાના ઝેરી મુખેથી આ વાતને ખોટી રીતે આક્ષેપ પૂર્વક ફેલાવી હતી. લીલાવતીની દાસી

ચતુરાને સજા તથા આક્ષેપની ખબર પડતાં તે મહામૂલ્ય વસ્ત્ર લઇ પથમિણીને પાસે જાય છે. રડતાં રડતાં પથમિણીને બધી વાત કહી સંભળાવી. મંત્રીશ્વર તથા રાણીબા ભયંકર આપત્તિમાં આવી ગયા...પથમિણીના હૈયામાં પારાવાર દુઃખ થયું. સાથે થયું કે રાજા-વાજા-વાંદરા...એનો કંઈ ભરોશો ખરો! સાચું-ખોટું જોયા વિના જ ઉત્તમ વ્યકિતઓને સજા કરે, ધર્મના પ્રભાવે સૌ સારૂં જ થશે... થોડી જ ક્ષણોમાં મંત્રીશ્વર પધાર્યા. તેઓને ખ્યાલ આવી ગયો હતો કે રાજન્‌ને મારા પ્રત્યે દુર્ભાવ થયો છે. કલંક ચઢાવી દીધું છે છતાં મન ઉપર અસર થવા દીધી નહિં. દાસી ચતુરાએ સમય સમજીને વિદાય લીધી. પથમિણી પતિદેવના ચરણોમાં નમસ્કાર કરી આંસુ સારતા બોલી...હે મારા પતિદેવ મારા નિમિતે આપને તથા રાણીબાને કલંક લાગ્યું...

મંત્રીશ્વર મીઠી વાણીથી જણાવે છે કે તું ચિંતા ન કર, પૂર્વભવના પાપનું ફળ લાગે છે. મેં કોઇ પણ ભવમાં નિષ્કલંક વ્યકિતને કલંક આપ્યું હશે. તો ઉદયમાં આવેલું પાપ સમભાવથી ભોગવવું એ ધર્મી આત્માની ફરજ છે. આપણા હૃદયમાં ધર્મ છે. ધર્મ રક્ષણ કરે જ. ધર્મના શરણે જનારા અભય પામે જ છે. તમે નિશ્ચિંત બની ધર્મ કાર્યમાં ઓતપ્રોત થઇ જાઓ રાજનનો કોઈ જ દોષ મને જણાતો નથી. માટે રાજા પ્રત્યે દુર્ભાવ લાવશો નહિં. મંત્રીશ્વરના શુદ્ધ શબ્દોથી દુઃખના આંસુ હર્ષમાં પરાવર્ત્તન પામ્યા.

પથમિણી–મંત્રીશ્વરને જણાવે છે કે હે સ્વામી ! હવે એ નિર્દોષ લીલાવતીનું શું થશે ? તે કયાં જશે ? શું ખાશે, જીવન કેવી રીતે વ્યતિત કરશે ? ત્યારે મંત્રીશ્વરે પૂછયું કે લીલાવતીના રક્ષણ માટે આપણે શું કરીશું ? આપણી ફરજ શું ? પથમિણીએ સ્વામીને કહ્યું...હું આપને શું રસ્તો બતાવું. આપ બુધ્ધિનિધાન–મહાઉપકારી આપ્ત પુરૂષ છો. આપ જ માર્ગ બતાવો. જંગલમાં જંગલી પ્રાણીનો આહાર ન બની જાય તેથી આપ જ રક્ષણ કરી શકો તેમ છો. હે સ્વામી...મારી નમ્ર વિનંતિ છે કે એ અબળાને બચાવો..

મહામંત્રીનું હૈયું તે વાતથી ઉલ્લસિત હતું. કોઇ સંયોગોમાં લીલાવતીને રક્ષણ મળવું જોઇએ પણ પથીમિણીની સંમતિ સિવાય ન જ બની શકે. મંત્રીશ્વરે જણાવ્યું કે હે દેવી, એ લીલાવતીને તમે જ સંભાળી શકો તેમ છો. તમે તમારી બેન તરીકે અબળાને જીવંત રાખવા તમારા જ મહેલના ભોંયરામાં ગુપ્તપણે રાખીને સંભાળજો. ધર્મના પ્રભાવે કલંક દૂર થશે ત્યારે રાજમહેલમાં તે પધારશે ! તમો આ વાત માટે સંમત થઈ શકશો એમ કહી પથમિણી સામે જોયું. જે રાણી ઉપર રાજન તરફથી મહામંત્રી પ્રેમી બન્યો તેવો આક્ષેપ હોવા છતાં પોતાના જ પ્રાસાદમાં ઉતારો અપાય ખરો ! કેટલું મોટું ભયંકર સાહસ ! જીવનમાં સંઘર્ષ ઘણા આવે પણ આવા સમયે રક્ષણ કરવું એ ઘણું કઠીન છે. પથમિણીને પતિદેવ પ્રત્યે પૂર્ણ વિશ્વાસ છે. મારા સ્વામી નૈષ્ઠિક બ્રહ્મચારી છે. તેમના જીવનમાં

શંકા રાખવી એ મહા પાપ છે એમ એ સમજતી હતી. પતિદેવે કેટલો બધો વિશ્વાસ સંપ્રાપ્ત કર્યો હશે....મારા સિવાય મારા પતિને જગતની બધી સ્ત્રીઓ મા–બેન સમાન છે. વિષય વિકારની દષ્ટિએ ક્યારે પણ જોવે જ નહિં. આજકાલ વર્તમાનમાં જો આવા પતિ–પત્નિના દર્શન થાય તો આર્ય ભૂમિ પરમપાવનીય બની જાય. સદાચારી જીવનને જીવંત બનાવનારા મહાપુરૂષોની આંખ માંથી અમીધારા વહેતી હોય છે. આજે તો ભાઇ સાહેબ પત્નિને કહે કે તારે મારી વાતમાં ડખલ ન કરવી. હું તારી બાબતમાં ડખલ કરીશ નહિં. કેવો ભયંકર કાળ છે.. દિયર–ભોજાઇ,–ભાઈ બેન, નાના મોટા કોઈના વિવેક ન રહ્યા. એક બીજાના કેવો સંબંધો છે. અને તે કેટલી હદે પહોંચે છે. તે સમજાય તેમ નથી.

આ તરફ લીલાવતીને ગુપ્ત રીતે મહામંત્રીએ હિંમતથી પોતાની હવેલીના ભોંયરામાં રાખ્યા છે. પથમિણી સમજી શકે તે રીતે લીલાવતીને કહે છે. હે પૂજનીય રાણીજી? તમોને આવેલી આપત્તિ ધર્મના પ્રભાવથી દૂર થશે જ, શંકા રાખશો નહિં. પરમાત્માનું મંદિર એક પ્રયોગશાળા તથા અધ્યાત્મિક શક્તિ પ્રાપ્ત કરવા માટે શુભ સ્થાન છે. ઉપાશ્રયાદિ આત્મ સ્વરૂપ પામી જવાય તેવું રમણીય શુભ સ્થાન છે. તેમ તમારા માટે આ ભોંયરૂ મંદિર ઉપાશ્રય સમજીને આત્મ સ્વરૂપમાં લીન બનો. તમો શુભ ધ્યાનથી પ્રાણીમાત્ર પ્રત્યે મૈત્રી, પ્રમોદ, કરૂણા માધ્યસ્થ ભાવના અપનાવી. શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ

કરો ! લીલાવતી રડતાં રડતાં કહે છે, હે મંત્રીશ્વર! હું તો ભલે દુઃખી છું., તમેને મારા નિમિત્તે કલંક લાગ્યું તે કયારે વિખરાશે તેમાં તમોએ મારી ઉપર ઉપકાર અર્થે તમારી જ હવેલીના ભોંયરામાં રાખી છે. જો રાજનને જાણ થશે તો શું થશે. તે કલ્પી શકાતું નથી. મહામંત્રી પોતાના કાર્યમાં મગ્ન રહી કાર્ય કરે છે... હૃદયમાં એક જ ભાવ છે. ધર્મના પ્રભાવે સૌ સારૂં જ થશે. ધર્મોરક્ષતિ રક્ષિતઃ

આ તરફ લીલાવતી જીવનથી કંટાળી ગયા છે. આત્મહત્યાના વિચારને અમલમાં લાવી દીધો. ગળે ફાંસો લગાવી લટકયા...સહ જ પડી જવાથી અવાજ થયો... પથમિણીએ એ અવાજ સાંભળતાં નીચે ગયાં....રાણીમાને કહે! તમે શા માટે દુઃખી થાઓ છો, એ કાર્ય ન કરો, દુઃખનો અંત આ રીતે આવશે નહિં સમતા ભાવથી સમયને પસાર કરો અને નવકારમંત્રમાં લયલીન બનો. દુઃખથી દુઃખી બનેલા રાણી રડી રહ્યા છે, પથમિણીનું હૈયું ભરાઇ જવાથી તે રડે છે પરસ્પર એકબીજાને આશ્વાસન આપે છે. છેવટે કર્મ સત્તાને યાદ કરી ધર્મ સત્તાના શરણે ગયા. પાપ કર્મો જશે એટલે જરૂર પુણ્ય ઉદયમાં આવશે એ કાર્ય કરશે જ.

પથમિણી કહે છે કે હે મોટાબેન, રાણીમા! તમો તમો ભયમુકત બનીને શ્રી નવકાર મંત્રની આરાધના કરો. દ્વેષ મુકત બનીને કંટાળો છોડીને મનને પરમાત્મામાં લીન બનાવી જાપ કરો. ધર્મના પ્રભાવે પથમિણી નિર્ભય હોવાથી લીલાવતીને નિર્ભય બનાવી દીધી.

લીલાવતીના હૈયે શ્રી નવકારમંત્રમાં અપૂર્વ શ્રદ્ધા ઉત્પન્ન થઇ. મંત્રીશ્વર તથા પથમિણી પ્રત્યે વિશ્વાસ હતો. તેમના શુદ્ધ બ્રહ્મચર્યનો પ્રભાવ જોઈ શકી છે. દરરોજ પથમિણી લીલાવતીને મળે છે. રાજા મહામંત્રી સાથે કોઈ વ્યવહાર કરતાં નથી પણ મંત્રીશ્વર પૂર્ણ દક્ષતાથી કાર્ય કરે છે. મંત્રીશ્વરને પ્રજાની પૂરેપૂરી સહાનુભૂતિ છે. પ્રજાનો ઘણો જ પ્રેમ સંપાદન કર્યો છે. પ્રજા તીવ્ર ઝંખના ઝંખી રહી છે. કે મહામંત્રી કયારે અકલંક જાહેર થાય. મહામંત્રીનું જીવન કવચ ઘણું ઉત્તમ હતું. સૌની રૂડી ભાવના હતી....

સજ્જનોની ભાવના રૂડી હતી તે ન્યાયે એક દિવસે એવું બન્યું કે રાજનનો પ્રિય હાથી થાંભલો તોડીને પાગલ થયો, સકળ નગરમાં તોફાનો મચવતો ગયો હાહાકાર મચાવી દીધો. અંતે નગર બહાર નીકળી ગયો. હાથીને પકડવા સૈનિકોએ દોડાદોડ કરી. અંતે હાથી એક ઘટાદાર વૃક્ષ પાસે જઈ બે ભાન થઇને પડયો. રાજાને આ વાતની જાણ થતાં હાથી પાસે ત્વરિત પહોચ્યો. હાથી ખૂબ જ પ્રિય હતો. આવી અવસ્થા હાથીની જોઈ રડવા લાગ્યો. પશુપ્રેમે રાજાને રડાવ્યો. હાથીના શરીરમાં વ્યંતરાદિનો ઉપદ્રવ થયો છે. એમ સઘળા લોકોનું કથન સાંભળી રાજાએ ઘણા માંત્રિકો, તાંત્રિકો વિગેરેને બોલાવ્યા. રાજા તરફથી ઉદ્‌ઘોષણા થઈ કે મારા પ્રિય હાથીને જે કોઈ મટાડશે તેને તેની ઈચ્છા મુજબ ધન આપીશ કદાચ જો

મારા હાથીને કોઈ સજીવન નહિં કરે તો મારા માટે પણ મૃત્યુ સિવાય કંઈ જ નથી. રાણીઓ પ્રજા વિગેરે આક્રંદન કરતી રડે છે. હાથીને શું કરવાથી સજીવન થાય...અનેક દાસ દાસીથી પરિવરેલો ગાઢ ચિંતામાં રાજા બેઠા છે. તેમાં લીલાવતીની દાસી ચતુરા પણ સામેલ હતી. ચતુરાના મનમાં એક વિચાર ત્વરિત આવ્યો.

મહામંત્રીનું પૂજનનું વસ્ત્ર જો ઓઢાડવામાં આવે તો હાથીને લાગેલો વ્યંતર ભાગી જાય...લીલાવતી રાણીનો તાવ ઉતરી જ ગયો હતો..પણ રાજન્‌ને આ વાત કેવી રીતે પહોંચાડવી. રાજાને મંત્રી પ્રત્યે અભાવ છે. એજ વસ્ત્રના કારણે બન્નેની ઉપર રાજાએ કલંક આપ્યું છે. ઘણી હિંમત દાખવી ચતુરાએ નમ્ર સ્વરે જણાવી દીધું કે હાથી પ્રત્યે આપની જેમ મને પણ મમત્વ છે. આપની ઇચ્છા હોય તો ઉપાય જણાવું...રાજાની નયનોમાં તે બાબતની જિજ્ઞાસા જોઇ. તરત જ ચતુરાએ કહ્યું કે હાથી ઉપર મંત્રીશ્વરનું પૂજન વસ્ત્ર પરિધાન કરવામાં આવે તો વ્યંતર ભાગી જશે....આપને પૂર્ણ વિશ્વાસથી કહી રહી છું. કારણ કે એ વસ્ત્રના પ્રભાવે રાણી લીલાવતીનો તાવ દૂર થયો હતો. હિંમતથી જણાવ્યું.

થોડી ક્ષણ તો રાજા કિંકર્તવ્ય મૂઢ બન્યો. પણ ઇચ્છા જરૂર દર્શાવી. ન નિષિદ્ધં ઇતિ હા એ ન્યાયે ચતુરા પદ્મિણી પાસે તરત જ દોડી...

હે દેવી...મંત્રીશ્વર તથા લીલાવતીને નિષ્કલંક રીતે પ્રજાને બતાવવા હોય તો સુંદર અવસર છે. રાજાનો હાથી

વ્યંતરના ઉપદ્રવથી ભારે પીડા પામે છે. આપના પતિદેવ મંત્રીશ્વરના એ પુનિત કપડાનાં પ્રભાવે તે હાથી ઉપદ્રવથી મુક્ત બનશે. તમામ માંત્રિકો–તાંત્રિકો થાકી ગયા છે... માટે કૃપા કરી એ પુનિત વસ્ત્ર આપો... મને શ્રદ્ધા છે અને રાજા પોતાની ભૂલ કબુલ કરશે. સૌને આનંદ થશે. ચતુરાના હૈયામાં રાણી તથા મહામંત્રી પ્રત્યે ભક્તિ છે. તેઓ નિષ્કલંક જ છે તેમ પ્રજાને ખાસ જણાવવું છે આવા ગુણવંતા પુરુષોને મુશ્કેલીમાં જોઈ તેના અનુરાગીને ભારે દુઃખ થાય એ સહજ છે. પથમિણીને દાસીની વાત ખૂબજ રોચક લાગી. વસ્ત્ર પ્રેમથી આપ્યું. દાસી હરખભેર લઈને દોડતી ગઈ...તેમ જ મનથી હરખાતાં પથમિણી લીલાવતી પાસે દોડી ગયા. હવે થોડા જ સમયમાં ધર્મના પ્રભાવે આવેલી આપત્તિ જશે....બધી વાત વિગતથી કહી.... લીલાવતી કહે...મંત્રીશ્વર તથા તમારા કથન મુજબ વિશ્વાસ, શ્રદ્ધાપૂર્વક આજ સુધી ૮૦ હજાર નવકાર ગણ્યા. મને મનથી અપૂર્વ શાંતિ છે, મને હવે દુઃખ છે જ નહિં. રાતે શાસનદેવીએ મારા કર્ણપટમાં કહ્યું છે કે હે! લીલાવતી સાત જ દિવસમાં રાજા હાથીની અંબાડી ઉપર બેસાડી સન્માન પૂર્વક રાજ દરબારે લઈ જશે. નવકાર મંત્રના પ્રભાવે શ્રી પેથડશાહના પવિત્રતર બ્રહ્મચર્ય વ્રતના પ્રભાવે મારું કલંક દૂર થશે. પથમિણી ત્યાંથી પતિદેવ પાસે જઈ ચરણોમાં નમી નમીને હર્ષથી બધી વાત કરી...

મંત્રીશ્વર દેવીને કહે...પુણ્યથી પાપ ઠેલાય, પૂર્વ-ભવના કરેલા પાપ કર્મ ખપી ગયા, પાપ કર્મોનો ઉદય

પૂરો થતાં સર્વ સંયોગો સારાં બને છે. અનુકુળ પ્રતિકુળ બન્ને સંયોગોમાં મંત્રીનું મન શાંત-સ્થિર છે. **ધન્ય છે. આવા ઉત્તમ શ્રાવકોને,** પેથડશાહના જીવનમાં તત્વ-જ્ઞાન ઓત પ્રોત થયેલ હતું. મહામંત્રીના પૂજન વસ્ત્રનો સ્પર્શ કરાવતાંની સાથે થોડી જ ક્ષણોમાં શરીર કંપવા લાગ્યું. દરેકની દૃષ્ટિ હાથી ઉપર સ્થિર થઇ....સૌ વિચારે છે કે શું થશે ?...થાંભલા જેવા પગનું હલન ચલન થયું. શરીર ધીરે ધીરે હાલવા લાગ્યું. રાજા સહસા ઉભો થઇ આનંદમાં આવી ગયો. ધીરે ધીરે હાથી પણ ઉભો થયો.

હાથીમાં ચેતના આવવાથી સૌ પ્રજાજનોએ જય જય નાદથી મંત્રીશ્વરની જય બોલાવી, ચતુરાને અત્યંત આનંદ પ્રાપ્ત થયો હતો. આ પ્રસંગથી રાજાને જે અભાવ હતો તે નષ્ટ થઈ ગયો. રાજાએ સપ્રેમ આમંત્રણ પૂર્વક મંત્રી-શ્વરને બોલાવ્યા. સમય અવસરને પારખનારા પથમિણીએ મંત્રી-શ્વરને વિનયપૂર્વક ઉપસ્થિત નમન કર્યું. રાજા-પ્રજાએ સૌ મંત્રીશ્વરના આરાધેલાં ધર્મની શીયલ વ્રતની ખૂબ ખૂબ પ્રશંસા કરવા લાગ્યા. રાજા મંત્રીશ્વરને પોતાની સાથે જ હાથી પર બેસવા આગ્રહથી કહે છે ત્યારે મંત્રીશ્વરે સહ-જ ના કહી...છેવટે રાજાના અંગત અશ્વ ઉપર આરોહિત બન્યા...અંતે રાજ દરબારે સૌ આવ્યા...આનંદ સૌને છે પણ કદંબાને હૈયું આગથી સળગ્યું. અરેરે...મારી જાળ પાણીમાં ગઈ...સફળ ન જ બની...રાજમહેલમાં રાજને મંત્રીશ્વરના સદાચારની ખૂબ જ પ્રશંસા કરી. ભેટ તરીકે એક લાખ સોનામહોર અર્પણ કરી. પદાર્થનું પરાવર્તન

થાય તો રૂપનું ફેરફાર થઇ જાય તેમ જીવન પરિવર્તન થાય તો અશુભમાંથી શુભમાં જરૂર આવી જ શકે... અનુકુળ સંયોગો ઉપસ્થિત થતાં રાણી લીલાવતીનો પણ પાપોદય નષ્ટ થયો...

હવે રાજા લીલાવતીનો વિચાર કહે છે....અરેરે મેં કેવી ભૂલ કરી ! ઘોર ભયંકર અન્યાય કરી પાપ કર્યું. રાણી નિર્દોષ છતાં મેં કલંકી દેખી. બન્નેમાંથી એક પણ વ્યક્તિનું વ્યક્તિત્વ ન જ જોયું તેનું આ પરિણામ...મારૂં શું થશે...રાજાને કદંબા યાદ આવતાં કદંબાના કાવત્રાનો ખ્યાલ આવ્યો. **ખાડો ખોદનાર ખુદ પોતે જ તે ખાડામાં પડે છે.** પોતાના સુખ માટે બીજાને દુઃખી કરનાર કયારે પણ સુખી થતો નથી. સુખ મેળવવા બીજાને દુઃખી કરવાથી દુઃખની કાતિલ ખીણમાં ભેંકાઈ જશો. કદંબાની આ જ દશા થઇ. તેનું રાજમહેલ કે રાજા પ્રત્યે નગરમાં કંઇ જ સ્થાન ન રહ્યું.

પેથડશા બીજા દિવસે સમયસર રાજસભામા ગયા... મહારાજા ન આવ્યા તેથી મહેલમાં રાજન સમીપે જઈ જુએ છે તો રાજા ચિંતાતુર, ઉદાસીન છે. રાજન્-આપ કેમ ઉદાસ જણાઓ છો. કેટલી મોટી ચિંતા ઘેરી ગઈ લાગે છે. આમ વિનયથી પૂછયું ત્યારે રાજનના નેત્રમાં અશ્રુથી ભરેલા ટપ ટપ થવા માંડયા. મંત્રીશ્વરે તે અશ્રુને પ્રેમથી તે સાફ કર્યા. રાજન કહે...અરે ભાગ્યશાળી મંત્રીશ્વર, મને રાણી લીલાવતીની ચિંતા થાય છે. અભાગીયો હું કે જોયા વિના તમો તથા રાણીને આરોપ અર્પી દીધો.

તમારા દિલને જીતવું તો દૂર રહ્યું પણ દિલને અતિશય દુઃખ આપ્યું. રાણીનું શું થયું હશે. કયાં હશે? મંત્રીશ્વરે આશ્વાસન આપતાં કહ્યું કે આપ ભાગ્યશાળી છો, શાંતિ રાખો, રાણીનું અકુશળ ઇચ્છતા જ નહિં. તેમનું અહિત કેવી રીતે થાય. કારણ કે તેમનું હૈયું ધર્મથી ઓતપ્રોત રંગાયેલું હતું. ધર્મ તેમની રક્ષા કરે. એમાં કંઇ નવાઇ જ નથી. હું તેમને શોધવા પૂર્ણ પ્રયત્ન કરું છું. રાજન્ તમો મારી એક વાત સ્વીકારશો...ધર્મથી સર્વ કાર્યની સિદ્ધિ થાય છે! તેમાં રાજ્યભરમાં પડહ વગડાવો કે મહિનામાં પર્વતિથિના દિવસોમાં કોઇ પણ વ્યક્તિએ સાત વ્યસન સેવવા નહિં, સાતે વ્યસનનો ત્યાગ કરવો. ફક્ત સાત દિવસમાં રાણી આપના દર્શન પામી શકશે...

આ તરફ પેથડશાએ ઘેર જઈ પથમિણીને સઘળી વાત કરી....હરખાતી લીલાવતી પાસે જઇ વાત જણાવી ત્યારે બન્ને હર્ષ વિભોર બન્યા. પથમિણીએ જણાવ્યું કે આ પ્રભાવ શ્રી નવકારમંત્ર છે. તમોએ શ્રદ્ધાપૂર્વક ગણ્યા છે. તેનું આ ફળ છે તમે મહારાજાના પટ્ટરાણી બનશો પણ નવકારમંત્ર ભૂલશો નહિં.. રાણી કહે હે બેન પથમિણી! નવકારમંત્ર મારા શ્વાસે શ્વાસે રટાઇ ગયો છે. પરમાત્માની ભક્તિ અધિકતર ઉત્તમ છે. તેમની સુવર્ણમય પ્રતિમા બનાવરાવી દરરોજ પૂજા પાઠ કરીશ, શ્રાવિકાના દરેક આચાર વિચાર પાળીશ, રાત્રિ ભોજન કયારે પણ કરીશ નહિં. પણ સાથે હૈયાની વાત કહું કે

બેન તારા ઉપકારને હરગીજ ભૂલીશ નહિં. પથમિણીને હર્ષના આંસુ પૂર્વક ભેટી પડે છે પથમિણી ગુણવંત છે. ઘણા ઘણા ગુણો જોવા દર્શન થયા. તે પથમિણી તો ભૂલી શકાય જ નહિં...

વર્ષોના વર્ષો વહી ગયા. ત્યારે સાત દિવસ તો ક્ષણ વારમાં ગયા. મંત્રીશ્વરે રાજનને સમાચાર આપ્યાં કે લીલાવતીની શોધ કરતાં રાણીમા મળી આવ્યા છે. તેઓ મારા ઘેર હાલ બિરાજમાન છે. આપ આદેશ આપો તે સમયે મહેલમાં લઈ આવું...

આ તરફ કૃતજ્ઞતા ગુણને વરેલા પથમિણીએ રાણી-માને નમ્રસ્વરે જણાવે છે કે તમો અમારું આંગણું છોડીને જશો. રાજમહેલના સુખમાં મને ભૂલી જશો, મંત્રીશ્વર તથા આ હાટડીને ભૂલશો તો ચાલશે પણ વિનંતિ પૂર્વક કહું છું કે જિનધર્મને કયારે પણ ભૂલશો નહિં, હૃદયથી ધર્મને વિસારશો નહિં, અમે તમારી કંઈ જ ભકિત, સેવા, કરી શકયા નથી તમારું રક્ષણ ધર્મે જ કર્યું છે. પથમિણી કેવી વિશિષ્ટ નિરભિમાની, ગુણીયલ, બ્રહ્મચારિણી નારી—કે જેણે રાણી લીલાવતીના હૃદયમાં ધર્મને સ્થાપ્યો.

રાજા મંત્રીશ્વરને કહે ! હું જાતે જ તમારી હવેલીએ આવીશ.મહામંત્રીને આનંદ થયો. પથમિણી એ મહારાજાનું સ્વાગત કરવામાં કંઇ ખામી ન રાખી—રાજાને રાણી પાસે લઇ જઈ ભેટો કરાવ્યો....રાજાનો આનંદ સમાતો નથી... મૂલ્યવાન વસ્ત્રો, દાગીના, બત્રીસ લાખ રૂપિયા રાજાએ રાણીને ભેટ ધર્યા...

સ્વાગત પૂર્વક રાજમહેલમાં લાવી જિનધર્મમાં મગ્ન બની આનંદે રહેવા લાગ્યા. લીલાવતી જિનધર્મની આરાધના, પરમાત્માની અપૂર્વ ભકિત, તથા શ્રાવિકાના આચારને પાળતી ધર્મમય જીવન વહે છે. ધર્મથી સુખ મળે જ છે. કલ્પવૃક્ષથી પણ અધિક ફળ આપતો પરંપરાએ મોક્ષસુખ આપનાર છે.

**ધમ્મો બંધુ સુમિત્તોય, ધમ્મો ય પરમો ગુરુ ।**
**મુકખમગ્ગ પયટ્ટાણં, ધમ્મો પરમ સંદણો ।૧૦૧।**

હે ભાવિક શ્રી જિનેશ્વર કથિત જૈનધર્મ બંધુ-મિત્ર સમાન તથા પરમ ગુરુ સ્વરૂપે છે. મોક્ષમાર્ગે પ્રયાણ કરવાની ઇચ્છાવાળાને આ ધર્મ ઉત્તમ રથ સમાન છે-આત્મિક ખજાનો જેને પ્રાપ્ત કરવો છે. તેને આ રથ ઘણો જ ઉપયોગી છે.

**ચઉગઇડણંત દુહાનલ, પલિત ભવકાણણે મહાભીમે**
**સેવસુ રે જીવતુમં, જિણવયણં અમિયકુંડસમં ૧૦૨**

હે ભવ્યજીવો ! મહાભયંકર ચારગતિમાં સમાયેલા અનંત દુઃખ રૂપ મોટા ભારે અગ્નિથી સળગેલા સંસાર રૂપ વનમાં અમૃતના સરીખા શ્રી જિનરાજના વચનને સેવન કર.

**વિસહે ભવમરૂદેસે, અણંત દુહુ ગિમ્હતાવ સિંતત્તે**
**જિણધમ્મ કપ્પરૂખ્ખં, સરસુતુમંજી વસિવસુહુદં**
**૧૦૩**

હે જીવ, વિષમ અને અનંત દુઃખરૂપ ગ્રીષ્મ ઋતુના તાપથી ઘણા જ તપેલા સંસાર રૂપ મારવાડ દેશમાં મોક્ષ

સુખને આપનારા જૈન ધર્મરૂપી કલ્પવૃક્ષનો તું આશ્રય કર,...જૈન ધર્મનું વાસ્તવિક આરાધન સંસાર માટે નહિં પણ મોક્ષ માટે જ છે.

**કિં બહુણા જિણધમ્મે, જઇયવ્વં જહ ભવોદહિં ઘોરં**
**લહુ તરિય મણંતસુહં, લહઇ જિઓ સાસયં ઠાણં**

૧૦૪

હે આત્મા, ઘણું ઘણું કથન કરવાથી શું ? જૈન ધર્મના માર્ગમાં એવો યત્ન કરવો કે જેથી ભયાનક આ સંસાર રૂપી સમુદ્રને જલ્દીથી તરીને અનંત સુખવાળા શાશ્વત–અવ્યય પદને પમાય.

અનંતોપકારી શ્રી જિનેશ્વરદેવોએ આ સંસારને દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખાનુબંધી વર્ણવ્યો છે. પરમતારક શ્રી તીર્થંકરપરમાત્માઓના પરમતારક વચનથી જે લઘુકર્મી આત્માઓને આ સંસારની ભયંકરતા સમજાઈ અને એનાથી મુકત થવાની અભિલાષા જન્મી તે લઘુકર્મી આત્માઓ, શ્રીવીતરાગપરમાત્માએ સ્વયં સેવેલા અને પ્રરૂપેલા મોક્ષસાધક ઉપાયોને સેવીને શિવસુખ પામ્યા છે. દેવાધિદેવ શ્રી અરિહંતપરમાત્માઓએ ઉપદેશેલા આ મોક્ષમાર્ગની પ્રાપ્તિ જે જે ભવ્યાત્માઓને થઈ છે તે બધા ખરેખર જ લઘુકર્મી છે. શ્રી અરિહંત પરમાત્માઓના પરમતારક શાસનનો પુણ્યના યોગે જે પુણ્યાત્માઓને સુંદર સમાગમ થયો છે એ આત્માઓ આ વિષમકાળમાં પણ સંસારના પરિભ્રમણને અલ્પ બનાવવા પ્રયત્નશીલ અને સમર્થ બને છે. પુણ્યના યોગે મળેલાં મનગમતા સુખોનો

ત્યાગ કરવો અને પાપના યોગે આવી પડેલાં દુઃખોનો સમાધિપૂર્વક વેઠી લેવાં એ આપણને શ્રી જિનેશ્વરદેવોનું પરમતારક શાસન જ શીખવાડે છે. સંસારસુખના જ અર્થી બનેલા જીવો તો આ શીખામણને સાંભળવા-સમજવા માટે પણ તૈયાર નથી. આથી જ સૂરિપુરંદર આચાર્ય-ભગવાન શ્રી **હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ** ધર્મ સાંભળવાના અધિકારી તરીકે પણ અપુનર્બંધકાદિ જીવોને ગણાવ્યા છે. **'યોગશતક'** અને **'યોગબિંદુ'** આદિ ગ્રન્થોમાં અપુનર્બંધકાદિ જીવોનું જે સ્વરૂપ વર્ણવ્યું છે એ જોઈએ તો, આપણે તો વસ્તુતઃ ધર્મ સાંભળવાની યોગ્યતા પણ ગુમાવી છે એવું લાગ્યા વિના નહિ રહે. શ્રી વીતરાગ પરમાત્માના પરમતારક શાસનની એ વિશેષતા છે કે એ શાસન અપ્રાપ્ત ગુણોને પ્રાપ્ત કરાવનારું અને પ્રાપ્ત ગુણોની રક્ષાને કરનારૂં છે. અપ્રતિમ પુણ્યના ઉદયથી એ શાસન પામ્યા પછી ધર્મ સાંભળવાની લાય-કાત મેળવવાના બદલે, સંસારની લાલસાથી એ લાયકાત ગુમાવીને મરજી મુજબ ધર્મનું સ્વરૂપ જ બગાડવાનો પ્રયત્ન દુર્ગતિનું કારણ બન્યા વિના નહિ રહે.

શ્રી વીતરાગ પરમાત્માનું શુદ્ધ સ્વરૂપ, એ સ્વરૂપને પ્રાપ્ત કરવાના પુરુષાર્થરૂપે તેઓશ્રીનું કઠોર સાધનામય-જીવન અને તેઓએ ઉપદેશેલો પરમતારક મોક્ષમાર્ગ એ બધાનો જો વિચાર કરીએ તો શ્રી વીતરાગપરમાત્માઓ તો નહિ જ. પણ તેઓશ્રીના પરમતારક શાસનના પરમા-ર્થને પામેલા પુણ્યાત્માઓ પણ ક્યારેય **સંસારના સુખ**

**મેળવવા માટે ધર્મનો ઉપદેશ કરે નહિ** એ સમજી શકાશે. આજે કેટલાક ઉપદેશકો શાસ્રપાઠના નામે સંસારનાં સુખ માટે પણ ધર્મ કરી શકાય છે...' 'ધર્મ મોક્ષ માટે જ કરાય એવું માનવું કદાગ્રહ છે...' ઈત્યાદિ યથેચ્છ લખી બોલી રહ્યા છે-તે કેટલું બધું અનુચિત છે એ સુજ્ઞ જનો સારી રીતે વિચારી શકે એ માટે પ્રયત્ન છે.

શ્રી **'જયવીયરાય'** સૂત્રના **'ઈષ્ઠફલસિદ્ધિ'** આ પદનો અર્થ પોતાની ઈચ્છામુજબ કરવાની ધૂનમાં તે જ સૂત્રનાં **'ભવનિવ્વેઓ...'** ઇત્યાદિ પદો જાણી જોઇને ભૂલી જવામાં આવ્યાં છે. ભવનો નિર્વેદ માંગ્યા પછી 'ઈષ્ટ' તરીકે સંસારનાં સુખોની માંગણી, સંસારસુખના અંતરથી અર્થી અને બહારથી નિસ્પૃહતાનો દંભ આચરનારા લાલચુઓ જ કરી શકે, પણ મૂળ સૂત્રકાર શ્રી ગણધર ભગવંત તો કોઈ પણ સંયોગોમાં એ આશયથી 'ઇષ્ટફલસિદ્ધિ' નો પ્રયોગ કરે એ સંભવિત નથી. એ સૂત્રનાં દરેક પદની વ્યાખ્યા કરતાં **શ્રી લલિતવિસ્તરામાં** અને એની **પંજિકામાં** ગ્રન્થકાર પરમર્ષિએ તો સ્પષ્ટપણે જ જણાવ્યું છે કે, **મોક્ષફલના અવિરોધી એવા ફલની નિષ્પત્તિ એ ઇષ્ટફલની સિદ્ધિ છે.'** શ્રી **યોગશાસ્ર, શ્રી ધર્મસંગ્રહાદિ** ગ્રન્થમાં પણ એ પદની વ્યાખ્યા કરતાં **'ઇષ્ટ તરીકે આ લોક કે પરલોકમાં ઇષ્ટ અર્થ કે જેનાથી ચિત્તની સ્વસ્થતા થાય છે'** તે અર્થને વર્ણવ્યો છે. ચિત્તની સ્વસ્થતા એટલે **'ચિત્તનુ મોક્ષમાં અવસ્થાન-લાગી રહેવુ'** એ વસ્તુને શ્રી

**સમવાયાંગ** સૂત્રમાં જણાવી છે. આથી કોઇપણ નિરાગ્રહી સમજી શકે છે કે આવશ્યક્તા મુજબ મોક્ષની સાધનામાં અનુકુળ એવા કોઈપણ આ લોક કે પરલોક સંબંધી ફલની પ્રાર્થના ઇષ્ટફલસિદ્ધિ પદથી કરવામાં આવી છે.

શ્રી **યોગબિંદુમાં** તો સમકિતી આત્માઓની બધી પ્રવૃત્તિને મોક્ષસાધક જણાવી છે. એવા સમકિતી આત્મા જે જે કરે તે તે બધાએ કરવું યોગ્ય છે? અવિરત–સમકિતી આત્માઓ જીવનભર દીક્ષા નથી પણ લઈ શક્તા એ દાખલા લઇને શું કોઈએ દીક્ષા નહિ લેવી? શ્રી નમિ-વિનમિએ ભગવાન પાસે રાજ્યની યાચના ધર્મ પામ્યા પછી કરી હતી? એ વખતે તો શ્રી ધર્મતીર્થની સ્થાપના પણ થઈ ન હતી. રાજય પણ તેમને ભગવાને આપ્યું ન હતું પરંતુ શ્રી ધરણેન્દ્રે આપ્યું હતું. તે પણ એમ કહીને કે–'ભગવાન હવે ન આપે. તમારી ભક્તિથી ખુશ થઇને હું આપું છું.' બાલજીવો બાહ્યક્રિયાનું પ્રાધાન્ય માનતા હોવાથી એવાઓને લોચ, પૃથ્વી ઉપર શયન, નિર્દોષ ભિક્ષા, ઉઘાડા પગે ચાલવું, પરીષહ અને ઉપસર્ગોને સહન કરવા આતાપના લેવી...ઇત્યાદિ સાધુજીવનના કષ્ટમય બાહ્યાચારોનું વર્ણન કરી જૈન સાધુનો ધર્મ, ઇતર સંન્યાસી તાપસાદિના ધર્મ કરતાં ઘણો ઉત્તમ છે એમ સમજાવી, તે બાલજીવોને લોકોત્તર ધર્મની અભિલાષાવાળા કરવા–એવું વર્ણન તે 'ષોડશક' ગ્રંથમાં છે. બાલજીવોને સંસાર-સુખની ઇચ્છાથી પણ ધર્મ કરાવવાનું ષોડશકમાં જણાવ્યું નથી.

**શ્રી ઉપદેશમાળા–પુષ્પમાળાનો** 'वरविसयसुह' આ શ્લોકનો નિર્દેશ કરીને સંસારના સુખ માટે પણ ધર્મ કરવાનું આ નવા ભારે કર્મીઓ જણાવે છે. પરંતુ 'પુષ્પમાળા'નું એ વિધાન અને એને મળતાં 'અહવાકીત્તિં સુવિત્થડં ભુવેણ૦' ઇત્યાદિ વિધાનોનું તાત્પર્ય **આ લોકના સુખની પ્રાપ્તિ પણ ધર્મથી જ થાય છે એ જણાવવાનું માત્ર છે, એ માટે પણ ધર્મ થાય–એવો એનો અર્થ જ નથી.** ધર્મનું ફળ કેટલીક વખત ધર્મી આત્માઓ કેવા હોય છે એનું સ્વરૂપ જણાવીને **અર્થવાદરૂપે** જણાવાયું હોય છે. અને કેટલીક વખત **ઇષ્ટસાધન** રૂપે જણાવીને વર્ણવ્યું હોય છે. ધર્મથી સંસારનું સુખ પણ મળે અને મોક્ષનું સુખ પણ મળે તથી બંન્ને ઉપાદેય છે એમ કહેવાનું કોઈ શાસ્ત્રકાર ઉચિત ન માને.

**સંસારનો ભય ન હોય, મોક્ષનો અભિલાષ ન હોય, તે ધર્મને ધર્મ ન કહેવાય....**" ઈત્યાદિ અર્થને સ્પષ્ટપણે જણાવનારા ગ્રંથો છે.

શ્રાવકની દિનચર્યાના અધિકારમાં જણાવેલી એ વાતનો ઉપયોગ કરતાં પૂર્વે, શ્રાવક કોને કહેવાય ? શ્રાવક કયારે અને કઈ રીતે વ્યાપાર કરે ? ઈત્યાદિ વસ્તુનો તે જ ગ્રન્થથી વિચાર કરીએ તો શ્રાવકને અભિમત શું હોય એ સમજી શકાશે. આજે જે રીતે મોટાભાગના શ્રાવકો લોભને વશ થઈને, મહાઆરંભ–સમારંભથી ધમધમતા વ્યાપારાદિ કરી રહ્યા છે. એનો વિચાર કરીએ તો કોઇપણ

શાસ્ત્રકાર મહર્ષિ એમની એ પ્રવૃત્તિમાં શ્રી નમસ્કાર મંત્રાદિનો ઉપયોગ કરવાનું જણાવે નહિ–એ સ્પષ્ટ સમજાય તેવી વાત છે. વ્યાપારાદિમાં અનીતિ, વિશ્વાસઘાત, ચોરી વગેરે ન થઈ જાય એ માટે સતત જાગૃત, અને અનીતિ આદિ થઈ જાય તો તેનો જેને ડંખ લાગે, તેવો શ્રાવક ઓછામાં ઓછા પાપવ્યાપારથી આજીવિકા ચાલે અને ધર્મારાધના વધુમાં વધુ થાય–એવા આશયથી જો શ્રી નમસ્કાર મંત્રાદિનો ઉપયોગ કરે તો એમાં કાંઈ અયોગ્ય નથી. પાપથી અને પાપ કરવાની બુદ્ધિથી બચવા માટે ધર્મને પ્રધાન બનાવવાનો વિરોધ જ નથી. પણ પાપ મજેથી કરવું, એ કરતાં પકડાઈ જવાય નહિ અને પાપ કરવા છતાં લોકોમાં પ્રતિષ્ઠા જળવાઈ રહે, એ માટે ધર્મનો ઉપયોગ કરવો બરાબર છે? ભાવશ્રાવક માટે કે ભાવશ્રાવક બનવાની ભાવનાવાળા માટે બનાવેલા એ ગ્રન્થો લોભીયાઓનો લોભ પોષવા માટે નથી. આખી દ્વાદશાંગી મોક્ષના અભિલાષીઓ માટે રચાઈ છે, અધિકાર મેળવ્યા વિના ગમે તે વિધાન પકડી લેવાય? આ બધી વાતો બરાબર વિચારવા જેવી છે. દુનિયાના દરેક ક્ષેત્રોમાં–તુચ્છ એવી સામગ્રીઓમાં પણ–યોગ્યતાનું પ્રાધાન્ય છે. ત્યારે લોકોત્તર ધર્મ જ એક એવી વસ્તુ છે કે જેને આપતી વખતે યોગ્યાયોગ્યત્વની શું અપેક્ષા રાખવાની નથી?

આ બધાનો સાર એક જ છે કે અનંતોપકારી શ્રી અરહિંત પરમાત્માઓ મોક્ષમાર્ગને છોડીને અન્ય કોઈપણ માર્ગનો ઉપદેશ કરતા નથી. તેઓશ્રીએ પ્રરૂપેલા એ માર્ગની

પ્રરૂપણા કરનારા શાસ્ત્રકાર પરમર્ષિઓ પણ મોક્ષમાર્ગના જ પ્રરૂપક હોય છે. **એમનાં 'વચનો' નાં નામે, સંસાર સુખના આશયથી કરાતો ધર્મ પણ ઉપાદેય છે, આદરણીય છે, એકલા મોક્ષના આશયની વાત કરવી–એ એકાંતવાદ છે" વગેરે પ્રરૂપણા કરવી —તે, તારક મહાપુરૂષોની, એમનાં વચનોની ઘોર આશાતના કરવા જેવું છે.** આત્મલક્ષી એવા સરલ જીવોનો બુદ્ધિભેદ ન થાય એ માટેનો આ ટૂંકો પ્રયાસ છે. મનમાની પ્રરૂપણા કરનારાઓને અટકાવવાનો આ પ્રયાસ નથી. એમને અટકાવવાનું શકય નથી. એમની વાતોથી જ સુજ્ઞ લોકો એમને ઓળખી લેશે. આસક્તિના યોગે સંસાર-સુખના ઈરાદે ધર્મ કરનારા વર્ગમાં પણ 'ધર્મ તો મોક્ષ માટે જ થાય. આપણને ભલે સંસાર ગમે, પણ સંસાર માટે તો ધર્મ થાય જ નહિ' એવી સાચી સમજ ધરાવનારા આત્માઓ છે. ત્યારે **મોક્ષના ઈરાદે ધર્મ કરનારા વર્ગને સંસારનું પ્રલોભન બતાવનારા 'મિથ્યા-દર્શન' નો ભોગ બન્યા છે. એવા ઉપદેશકોને 'જિનની વાણી' કે 'મહાવીરનું શાસન' રુચે નહિ** —તે સ્વાભાવિક છે.

જે જીવોને મુક્તિ પ્રત્યે, તેના સાધન પ્રત્યે અને તેના સાધક જીવો પ્રત્યે દ્વેષ નથી તેવા જીવો જ ગુરૂદેવાદિ પૂજનાદિ સ્વરૂપ અનુષ્ઠાનો સુંદર કરે છે અર્થાદ્ વિધિપૂર્વક કરે છે. પરંતુ જે જીવોને મુકત્યાદિ દ્વેષ છે તેવા જીવો મુકત્યાદિ દ્વેષના કારણે ગુરુદેવાદિ પૂજન વગેરે

અનુષ્ઠાનો સુંદર રીતે કરતા નથી. કારણ કે મુકત્યાદિ દ્વેષ સ્વરૂપ મહાનદોષ વાળાનું નાનું સદનુષ્ઠાન એ સદનુષ્ઠાન નથી. એ વસ્તુને સ્પષ્ટ કરતા ગ્રન્થકારશ્રી દૃષ્ટાન્ત જણાવે છે કે, કોઈ એક ભિલ્લે સાંભળેલું કે સાધુ-સંન્યાસીને પગ લગાડીએ તો મહાન અનર્થ થાય છે. એક દિવસ એને મોરના પીંછાનું કામ પડયું. તપાસ કરવા છતાં ન મળ્યાં એટલે કોઈ એક બૌત સાધુ પાસે તે હોવાથી તેની માંગણી કરી પણ સાધુએ તે ન આપ્યાં. એટલે તે સાધુને પગે લાગ્યા વગર તે ભિલ્લે સાધુને મારી નાંખ્યા. અહીં જેમ સાધુને પગે ન લાગવું સ્વરૂપ નાનું અનુષ્ઠાન સારું નથી મનાતું, તેમ મુક્તિ દ્વેષાદિના કારણે થતું અનુષ્ઠાન સારું મનાતું નથી. અચરમાવર્ત્તવર્ત્તી અભવ્યાદિ જીવો મુક્તિ વિગેરેના દ્વેષી ન હોય તો પણ તેમનું સુંદર અનુષ્ઠાન વખાણવા લાયક નથી. અને ચરમાવર્ત્તવર્ત્તી જીવો જો મુકિત વગેરેના દ્વેષી હોય તો તેમનું પણ એ અનુષ્ઠાન વખાણવા લાયક નથી. એ યાદ રાખવું કે શાસ્ત્ર-કારોએ પૌદગલિક આશયથી કરાતા સદનુષ્ઠાનોને સુંદર જણાવ્યા નથી. અચરમાવર્ત્તવર્ત્તી જીવોનું કોઈપણ અનુ-ષ્ઠાન સુંદર હોતું જ નથી.

આથી જ શાસ્ત્રકાર પરમર્ષિઓનો એક માત્ર પ્રયત્ન, ચરમાવર્ત્તવર્ત્તી જીવો મોક્ષના રાગી બને એ માટે હોય છે અને એ મોક્ષના રાગના પ્રત્યે બાધક એવી સંસારની આશક્તિ દૂર કરવા માટે શાસ્ત્રકાર પરમર્ષિઓએ શાસ્ત્રની રચના કરી છે.

પાંચ અનુષ્ઠાનો પૈકી પ્રથમ બે અનુષ્ઠાનોમાં ભવની આસક્તિ હોય છે અને ત્રીજામાં અનાભોગ હોય છે. અર્થાદ્ સંમૂચ્છિંમ પ્રવૃત્તિ જેવું તે હોય છે. આ લોકમાં કીર્તિ વગેરેની જે ઇચ્છા અને પરલોકમાં દેવતા સંબંધી ઋદ્ધિ વગેરેની જે ઇચ્છા તેને ભવની આસક્તિ કહેવાય છે અને જે અનુષ્ઠાન કરાઇ રહ્યું છે એને યોગ્ય અધ્યવસાયનો અભાવ એને અનાભોગ કહેવાય છે. જે ત્રણ અનુષ્ઠાનોને વિદ્વાનો સુંદર અનુષ્ઠાન નથી કહેતા, એ ત્રણ અનુષ્ઠાનો અચરમાવર્ત્ત-કાળમાં ચોક્કસ હોય છે. ચરમાવર્ત્તકાળમાં સ્વાભાવિક રીતે કર્મબંધની યોગ્યતા સ્વરૂપ જે મલ છે તેની અલ્પતા હોવાથી ચરમાવર્ત્તવર્ત્તી જીવોથી કરાતા અનુષ્ઠાનો, અચરમાવર્ત્તવર્ત્તી જીવોથી કરાતા અનુષ્ઠાનની અપેક્ષાએ જુદા છે. નિરોગી માણસને ભોજનાદિ, બલની વૃદ્ધિ માટે થાય છે અને રોગી માણસને એ જ ભોજનાદિ રોગની વૃદ્ધિ માટે થાય છે, તેમ ચરમાચરમાવર્ત્તવર્ત્તી જીવોના એક સરખા દેખાતા ગુર્વાદિપૂજનાદિ અનુષ્ઠાનોમાં પણ ભેદ છે કારણ કે ચરમાવર્ત્તવર્ત્તી અનુષ્ઠાન કરનાર અને અચર-માવર્ત્તવર્ત્તી અનુષ્ઠાન કરનાર એ બેમાં ભેદ છે. અને એનું કારણ એ છે કે એકમાં ઉપર જણાવ્યા મુજબ કર્મબંધની યોગ્યતા તુચ્છ કોટિની છે, જ્યારે બીજામાં એ અધિક છે. આ રીતે કર્તાના ભેદથી અનુષ્ઠાન ભિન્ન છે એ સમજી શકાય છે.

મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા શ્રી

'અધ્યાત્મસાર'ના 'સદનુષ્ટાન'ના અધિકારમાં વિષાદિ પાંચ અનુષ્ઠાનોનું સ્વરૂપ વર્ણવતા ફરમાવે છે કે આહાર, વસ્રાદિ ઉપધિ, પૂજા-સત્કાર અને ધનાદિની આશંસાથી કરાયેલું અનુષ્ઠાન શુદ્ધ પરિણતિવાળા મનનો શીઘ્રપણે નાશ કરતું હોવાથી તેને વિષાનુષ્ઠાન કહેવાય છે. સોમલ વગેરે સ્થાવર વિષ અને સર્પાદિના વિષ સ્વરૂપ જંગમ વિષ એનું ભક્ષણ કરનારને જેમ તત્ક્ષણમાં મારે છે તેવી રીતે આ લોકના ભોગની અભિલાષાથી કરાતું ગુરુ સેવાદિ અનુષ્ઠાન સચ્ચિત્તનો તત્ક્ષણમાં નાશ કરે છે.

દિવ્ય ભોગાદિની ઇચ્છાથી કરાયેલ તપ વગેરે અનુષ્ઠાન, સ્વાદિષ્ટ (પોતે નહિ જોયેલા) સ્વર્ગાદિ ફળની પ્રાપ્તિ કરાવીને ભવાન્તરે નરકાદિ ગતિ પમાડે છે તેને ગરાનુષ્ઠાન કહેવાય છે. ખરાબ દ્રવ્યોના સંસર્ગથી પેદા થયેલું ગર નામનું વિષ તેનું ભક્ષણ કરનારને કાલાન્તરે હણે છે. તેવી રીતે આ અનુષ્ઠાન પણ તત્ત્વથી કાલાન્તરે અનિષ્ટપ્રદ છે. વિષ અને ગરાનુષ્ઠાનો વિચિત્ર અનર્થને આપનારા હોવાથી મુમુક્ષુ આત્માઓને એના ત્યાગ માટે, શ્રી જિનેશ્વરદેવોએ નિયાણું નહિ કરવાનું ઉપદેશ્યું છે.

જેમાં મનના પ્રણિધાનાદિનો અભાવ છે અને જે સંમૂચ્છિંમ જીવોની પ્રવૃત્તિ જેવું છે તે અનાભોગવાળાનું દેખાદેખીથી કરાતા અનુષ્ઠાનને અનનુષ્ઠાન કહેવાય છે. આ અનનુષ્ઠાનની પ્રવૃત્તિનું કારણ સામાન્યજ્ઞાન સ્વરૂપ ઓઘસંજ્ઞા અને નિર્દોષ સૂત્રમાં જણાવેલા માર્ગની અપેક્ષાથી શૂન્ય એવી લોકસંજ્ઞા છે. અનનુષ્ઠાનને કરનારા ન તો

લોકને, ન તો સૂત્રને અને ન તો ગુરૂદેવની વાણીની અપેક્ષા રાખે છે. માત્ર ઓઘસંજ્ઞાથી પરિણામ શૂન્યપણે કાંઈક કરતાં હોય છે. 'શુદ્ધ માર્ગને શોધવા જઈએ તો કોણ જાણે કયારે મળશે અને ત્યાં સુધીમાં તો તીર્થનો ઉચ્છેદ થશે તેથી લોકો જેમ કરે છે તેમ કરવું.' એ પ્રમાણે બોલવા-માનવાવાળાની જે લોકાચાર વિષેની શ્રદ્ધા છે તેને લોકસંજ્ઞા કહેવાય છે. શિક્ષા ગ્રહણ, આ સેવન, પદોની સંપદાયુક્ત, વગેરે ગુણોથી સંપૂર્ણ પણ આવશ્યક જો ભાવથી શૂન્ય હોય તો દ્રવ્યાવશ્યક કહેવાય છે. તો ઓઘસંજ્ઞા કે લોકસંજ્ઞાથી કરાતું એ અશુદ્ધ અનનુષ્ઠાન કરે એની શી વાત કરવી ? તીર્થના ઉચ્છેદના ભયથી ખરેખર અશુદ્ધ અનુષ્ઠાનમાં જ ગતાનુગતિકપણે, આદર કરે, તો તેનાથી સૂત્રોકતક્રિયાનો લોપ થશે. 'ધર્મમાં પ્રયત્નશીલ થયેલાએ ઘણાએ આચરેલું આચરવું જોઈએ.' આવું માનીએ તો કયારે પણ ધર્મની ઈચ્છાવાળા, મિથ્યાદૃષ્ટિઓના ધર્મનો ત્યાગ જ કરી શકશે નહિ. કારણ કે સદાને માટે મિથ્યાત્વીઓની સંખ્યા અધિક જ રહેવાની તેથી માનવું જોઈએ કે ગતાનુગતિકપણે, સૂત્રોકત રીતથી શૂન્ય ઓઘ અને લોકસંજ્ઞાથી કરાતું જે અનુષ્ઠાન છે તે અનનુષ્ઠાન જ છે. આ અનુષ્ઠાન કાયકલેશ સ્વરૂપ હોવાથી અકામ નિર્જરાનું અંગ છે. સકામ નિર્જરા તો ઉપયોગપૂર્વક કરતા સદનુષ્ઠાનથી થાય છે.

માર્ગાનુસારી જીવોનું, સદનુષ્ઠાનના અનુરાગથી થતું ઉપયોગપૂર્વકનું જે અનુષ્ઠાન છે તેને તદ્‌હેતુ અનુષ્ઠાન

કહેવાય છે. આ અનુષ્ઠાન ચરમાવર્ત્તકાળમાં હોય છે. અહીં એ યાદ રાખવું કે–ગ્રન્થકાર પરમર્ષિએ તદ્દહેતુ અનુષ્ઠાન ચરમાવર્ત્તમાં હોય છે. એટલું જ કહ્યું છે. આથી સમજી શકાય છે કે ચરમાવર્ત્તમાં તદ્દહેતુ અનુષ્ઠાન જ હોય અને વિષાનુષ્ઠાન કે ગરાનુષ્ઠન ન હોય આવું ગ્રન્થકારે જણાવ્યું નથી. 'નિયાણાનો શ્રી જિનેશ્વરદેવોએ નિષેધ કર્યો છે.' એવું જણાવીને ગ્રન્થકાર પરમર્ષિએ ચરમાવર્ત્તમાં પણ વિષાનુષ્ઠાન અને ગરાનુષ્ઠાન માન્યા છે. ચરમાવર્ત્તમાં વિષાદિ અનુષ્ઠાનોને ન માનીએ અને એ અનુષ્ઠાનો અચરમાવર્ત્તમાં જ માનીએ તો શ્રી જિનેશ્વર દેવોએ નિયાણાનો નિષેધ કર્યો ન હોત. કારણ કે એ બે અનુષ્ઠાનોનો ચરમાવર્ત્તવર્ત્તી જીવોને સંભવ ન હોય તો તેનો નિષેધ કરવો વ્યર્થ છે. અને અચરમાવર્ત્તવર્ત્તી જીવો તો ઉપદેશના અધિકારી જ નથી. આથી સુજ્ઞજનો સમજી શકે છે કે અચરમાવર્ત્ત વર્ત્તી જીવોને વિષાનુષ્ઠાન અને ગરાનુષ્ઠાન એ બે જ અનુષ્ઠાન હોય છે. જ્યારે ચરમાવર્ત્ત કાળમાં તો પાંચે અનુષ્ઠાનો સંભવિત છે. માત્ર ચરમાવર્ત્તવર્ત્તી જીવોના વિષાનુષ્ઠાન અને ગરાનુષ્ઠાન, અચરમાવર્ત્તવર્ત્તી જીવોના એ અનુષ્ઠાન કર્મ બંધનની અપેક્ષાએ ભિન્ન છે.

નિયાણુ, વિષાનુષ્ડાન અને ગરાનુષ્ઠાનનું પ્રયોજક છે. 'ક્લિષ્ટકર્મબંધનું કારણ, સંસારનો અનુબંધી અને મોક્ષાભિલાષથી રહિત એવો, મોટી ઋદ્ધિના ભોગની તીવ્ર આસક્તિનો જે અધ્યવસાય' તેને નિયાણું કહેવાય છે. આથી

સમજી શકાય છે. કે મોક્ષની અભિલાષાથી કરાતી મોક્ષની પ્રાર્થના તથા તેની સાધના માટે અનુકૂળ લોકોત્તર કે લૌકિક સામગ્રીની યાચના એ નિયાણું નથી. પંચપરમેષ્ઠીમાં પ્રથમપદે બિરાજમાન શ્રી તીર્થંકર પરમાત્માઓની અષ્ટ-મહાપ્રાતિહાર્યાદિ લક્ષ્મીને ભોગવવાની ઈચ્છાથી શ્રી તીર્થં-કરપદની ઈચ્છાને પણ શાસ્ત્રકાર પરમર્ષિઓએ નિયાણું કહી છે. આ વસ્તુનો જેને ખ્યાલ છે એવા જીવો તો પૌદ્‌ગલિક સુખોની યાચના મોક્ષબાધક ન નીવડી હોય તો પણ એવા આત્માઓના દાખલા લઈને પૌદ્‌ગલિક સુખોના આશયથી ધર્મ કરવાનું કોઈ પણ મુમુક્ષુ આત્મા ઉચિત ન માને કારણ કે એ આત્માઓ સંસારની ભયંકરતા સમજે છે. સંસારના સુખો કેવા દારુણ અને વિપાકે કડવાં છે. એને એ બરાબર જાણે છે. અગ્નિ બાળનારો છે અને વિષ મારનારું છે એનો જેને ખ્યાલ છે એ જીવો, અગ્નિ વગેરેની જરૂર પડે જેટલી સાવચેતી પૂર્વક એનો ઉપયોગ કરે એટલી સાવચેતી અજ્ઞાન બાલ જીવોને ન હોય, એ સમજનારા બાલ જીવોને સંસારના સુખ માટે ધર્મ કર-વાનું જણાવે છે એ યોગ્ય છે? વસ્તુતઃ અગ્નિ અને વિષાદિ જેવા ભયંકર સંસારના સુખોથી તો બાળજીવોને અળગા રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ એના બદલે આજે સંસાર સુખની ખાતર ધર્મ કરવાનું જણાવીને બાળ જીવોના હાથમાં કેટલાક અગ્નિ અને વિષને આપી રહ્યા છે એ ખૂબ જ વિચિત્ર છે.

તદ્દહેતુ અનુષ્ઠાનની પ્રાપ્તિવાળા કાળને ધર્મનો યૌવનકાળ મનાયો છે. એ પૂર્વેની સંસારની અવસ્થા બાળદશા હતી. ધર્મના આ યૌવનકાળમાં સદ્દનુષ્ઠાનનો રાગ હોય છે અને એ પૂર્વે અસત ક્રિયામાં આદર હોય છે. યૌવનકાળમાં જેમ જીવો ભોગના રાગી બને છે. અને એ વખતે બધી બાળક્રીડાઓ તેને લજ્જાનું કારણ બને છે. તેમ ધર્મના યૌવનકાળમાં ધર્મના રાગથી અસત ક્રિયાઓ શરમજનક બને છે. તેથી ચરમાવર્ત્તમાં થનારું ચોથું તદ્ધેતુ અનુષ્ઠાન ધર્મના રાગથી થાય છે. જે બીજાદિ ક્રમથી સંગત છે. ધર્મના યૌવનકાળમાં શુદ્ધ અનુષ્ઠાનને કરનારા લોકોને જોઇને તેમની ઉપર બહુમાન અને તેમની પ્રશંસા કરવાથી શુદ્ધ અનુષ્ઠાનને કરવાની ઈચ્છા સ્વરૂપ બીજ હોય છે. એ ઇચ્છાનો અનુબંધ અર્થાદ્દ એનો નાશ ન થાય એ માટેનો પ્રયત્ન એ અંકુર સમાન છે. સદ્દનુષ્ઠાનની અન્વેષણા એ અનેક પ્રકારના સ્કંધ સમાન છે. દેવપૂજાદિ અનેક સદ્દનુષ્ઠાનની પ્રવૃત્તિ એ અનેક પ્રકારના પાંદડા જેવી છે. ગુરૂભગવંતના યોગાદિ સ્વરૂપ કારણની પ્રાપ્તિ એ પુષ્પસમાન છે અને ગુરૂભગવંતના યોગાદિ સ્વરૂપ કારણની પ્રાપ્તિ એ પુષ્પસમાન છે અને ગુરૂ ભગવંતની દેશના વગેરેથી પ્રાપ્ત થનારી ભાવધર્મની પ્રાપ્તિ એ ફળ સમાન છે જે ચોક્કસપણે મોક્ષની સાધક છે.

સ્વાભાવિક જે ભાવધર્મ છે તે તો ખરેખર જ શુદ્ધ ચંદનના ગંધની જેમ અત્યંત સુંદર છે, તે ભાવગર્ભિત

અનુષ્ઠાનને 'અમૃત' અનુષ્ઠાન કહેવાય છે. પરમતારક શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાની પ્રધાનતાએ ચિત્તશુદ્ધિથી થતું મોક્ષાભિલાષથી વ્યાપ્ત જે અનુષ્ઠાન છે, તેને અમૃતાનુષ્ઠાનના જ્ઞાતાઓ 'અમૃતાનુષ્ઠાન' તરીકે જાણે છે. અનુષ્ઠાન કરતી વખતે પૂર્વાપર શાસ્ત્રના અર્થની સાથે વિરોધ ન આવે એ રીતે અર્થની વિચારણા કરવી.

ઉપર જણાવેલા પાંચ અનુષ્ઠાનોમાંથી છેલ્લાં બે અનુષ્ઠાનો જ સદનુષ્ઠાન છે. પહેલાં ત્રણ તો અસદ્‌ જ છે એ સદનુષ્ઠાનોમાં પણ અમૃતાનુષ્ઠાન મોહના ઉગ્ર-ભયંકર વિષનો નાશ કરતું હોવાથી શ્રેષ્ઠ છે. શ્રી અધ્યાત્મસારમાં વર્ણવેલા વિષાદિ પાંચ અનુષ્ઠાનના સ્વરૂપનો વિચાર કરવાથી પણ સમજી શકાશે કે ચરમાવર્ત્તમાં પણ વિષાદિ અનુષ્ઠાન હોય છે.

આસન્નોપકારી આ અવસર્પિણીના ચરમતીર્થપતિ શ્રી મહાવીર પરમાત્માએ આપેલી અંતિમદેશનાના સારનો ટૂંકમાં સારભૂત કલિકાલ સર્વજ્ઞ આ ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ સંગ્રહ કર્યો છે.

'અનાદિ અનંત આ સંસારમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થ છે. એ ચારમાં કામ અને અર્થ નામથી અર્થભૂત છે. પરમાર્થથી તો એ બંન્ને અનર્થરૂપ છે. અર્થભૂત તો મોક્ષ એક જ છે. અને એ મોક્ષનું કારણ ધર્મ છે. એ ધર્મ સંસાર સમુદ્રથી તારનાર સંયમાદિ દશ પ્રકારના ધર્મ સ્વરૂપ છે. સંસાર અનંતદુઃખમય

છે. મોક્ષ અનંત સુખ સ્વરૂપ છે. સંસારનો ત્યાગ અને મોક્ષની પ્રાપ્તિ એ બેનું કારણ ધર્મને છોડીને બીજું કોઇ નથી. માર્ગમાં રહેલો પાંગળો પણ જેમ ક્રમે કરી દૂર રહેલા વિવક્ષિત સ્થાનને પ્રાપ્ત કરે છે. તેમ ધર્મમાં રહેલો ભારે કર્મી પણ ક્રમે કરી મોક્ષને પ્રાપ્ત કરી 'શકે છે.' આ અર્થને જણાવનારા એ ઉપકારી ગ્રંથકાર પરમર્ષિએ ખૂબ જ સ્પષ્ટપણે જણાવ્યું છે કે અનાદિ અનંત આ સંસારમાં અર્થ, કામ, ધર્મ અને મોક્ષના અર્થી જીવો હોવાથી તેઓની ઇચ્છાના વિષયભૂત અર્થ. કામ, ધર્મ અને મોક્ષ આ ચાર પુરુષાર્થ છે. અર્થ અને કામના અર્થી જીવોની અપેક્ષાએ ધર્મ અને મોક્ષના અર્થી જીવોની સંખ્યા તો ખૂબ જ ઓછી છે. ધર્મની ઇચ્છાવાળા જીવોમાં પણ ઘણા જીવો તો અર્થ અને કામ, ધર્મથી મળે છે એ કારણે ધર્મના અર્થી બનેલા છે. અનંતોપકારી શ્રી વીતરાગ પરમાત્માના પરમતારક વચનોથી સંસારને સમુદ્ર જેવો ભયંકર જાણીને તેને તરવા માટે તત્પર બનેલા મુમુક્ષુ આત્માઓ જ મોક્ષના અને એના સાધન તરીકે ધર્મના અર્થી હોય છે. વસ્તુતઃ અર્થ અને કામના સાધન તરીકે ધર્મના અર્થી જીવો ધર્મથી મળનારા અર્થ અને કામના જ અર્થી છે. અને મોક્ષના સાધન તરીકે ધર્મના અર્થી જીવો ધર્મથી પ્રાપ્ત થનાર મોક્ષના જ અર્થી છે. આ સંસારમાં મોટા ભાગના જીવો અર્થ અને કામના અર્થી હોવાથી અર્થ અને કામ પુરુષાર્થ છે. પરંતુ એ નામથી જ અર્થભૂત છે. વસ્તુતઃ એ અર્થ અને કામ પરિણામે

તો નરકાદિ દુઃખોનું કારણ હોવાથી અનર્થભૂત છે. તેથી ઊપર જણાવેલા એ ચાર પુરુષાર્થમાં વસ્તુતઃ કોઈ અર્થ-ભૂત હોય તો તે એક જ મોક્ષ છે. અર્થ અને કામ અનર્થભુત હોવાથી વસ્તુતઃ એ પુરૂષાર્થ નથી. અને ધર્મ પણ અર્થાદિના સાધનરૂપે જ પુરુષાર્થ હોવાથી વસ્તુતઃ એ પણ પુરુષાર્થ નથી, તેથી अर्थस्तु मोक्ष एवैकः અહીં 'एव' કારના પ્રયોગથી અપારમાર્થિક અર્થ કામ અને ધર્મનો વ્યવચ્છેદ કર્યો છે. અર્થાદ્ અર્થાદિ ત્રણને પુરુષાર્થ જણાવ્યા નથી. પારમાર્થિક મોક્ષને જ અહીં પુરુષાર્થ જણાવ્યો છે. તેથી જ ગ્રંથકાર પરમર્ષિએ મોક્ષના જ સાધનરૂપે ધર્મને જણાવતા ફરમાવ્યું છે કે धर्मस्तस्य च कारणम......' અર્થ અને કામ તો અનર્થ સ્વરૂપ હોવાથી તેના સાધનનો અહીં વિચાર જ કર્યો નથી. આથી પણ સમજી શકાય છે કે ધર્મથી અર્થ અને કામ મળતા હોય છતાં તે અનર્થભૂત હોવાથી ઉપાદેય નથી.

પરમપુરુષાર્થ સ્વરૂપ એક માત્ર મોક્ષ માટે કરાતો ધર્મ જ આદરણીય છે. એ ધર્મ, સંયમાદિ દશપ્રકારનો છે. અને સંસાર સમુદ્રથી તારનારો છે. સંસારને અનંત-દુઃખમય અને મોક્ષને અનંતસુખમય જણાવનારા શાસ્ત્રકાર પરમર્ષિઓ અર્થ અને કામની ઇચ્છાથી ધર્મ કરવાનું જણાવે એ બનવા જોગ નથી. અર્થ અને કામને જેમ પરમાર્થથી અનર્થરૂપે જણાવ્યા તેમ ધર્મને અનર્થ રૂપે જણાવ્યો નથી. 'માર્ગ પર રહેલો પાંગળો પણ ક્રમશઃ દૂર પહોંચી શકે છે, એ રીતે ભારે કર્મી પણ ધર્મમાં રહ્યો હોય તો મોક્ષને પામી શકે છે.' આનાથી તો ઊલટું

એ ફલિત થાય છે કે મોક્ષનો આશય તત્કાળ ન હોય, અને સંસારની વ્યથા નિવારવાનો હેતુ હોય તો પણ ભારે કર્મી જીવો ધર્મમાર્ગે ચાલે તો પરંપરાએ તેને પણ મોક્ષપ્રાપ્તિ થઈ શકે છે. કારણ કે ધર્મ એ મોક્ષના માર્ગ-રૂપ છે...' એ કેટલું યોગ્ય છે સંસારના પરિત્યાગનું અને મોક્ષની પ્રાપ્તિનું કારણ ધર્મ વિના કોઈ જ નથી. એ વિચારવું જોઇએ.

ઉપર જણાવ્યા મુજબ અર્થ અને કામ અનર્થભૂત હોવાથી અને અર્થ કામ તથા મોક્ષના સાધન રૂપે જ ધર્મ પુરુષાર્થ હોવાથી એ ત્રણે પરમાર્થથી પુરુષાર્થ નથી એ જણાવવાનો અહીં આશય હોવા છતાં 'અહીં અર્થ અને કામનો જ વ્યવચ્છેદ ઇષ્ટ છે. નહીં કે ધર્મનો. કોઈપણ એ કહેવાની હિંમત નહીં કરે કે 'ચાર પુરુ-ષાર્થને સામાન્યથી જણાવ્યા બાદ અર્થસ્તુ મોક્ષ એવૈક: અહીં 'એવ' કારથી અર્થ અને કામનો જ વ્યવચ્છેદ છે નહીં કે ધર્મનો પણ.' કારણ કે અહીં અર્થ, કામ અને મોક્ષને સામાન્યથી પુરુષાર્થ જણાવીને પરમાર્થથી જે પુરુ-ષાર્થ છે તેને જ વર્ણવવાનો ગ્રંથકાર પરમર્ષિનો આશય છે.

કલિકાલ સર્વજ્ઞ આ.ભ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ યોગશાસ્ત્રના પ્રથમ પ્રકાશના શ્લોક નં. ૧૫થી યોગના સ્વરૂપનું વર્ણન કરતી વખતે ફરમાવ્યું છે કે અર્થ, કામ, ધર્મ અને મોક્ષ સ્વરૂપ ચતુર્વર્ગમાં સર્વ-શ્રેષ્ઠ મોક્ષ છે, અને એનું કારણ યોગ છે. જ્ઞાન, શ્રદ્ધા

અને ચારિત્ર આ ત્રણ સ્વરૂપ યોગ છે. 'અર્થનાં ઉપાર્જન–રક્ષણાદિમાં દુઃખનો અનુભવ થતો હોવાથી અને કામના પરિભોગમાં સુખનો લેશ હોવા છતાં અંતે તે વિરસ હોવાથી તથા દુર્ગતિનું કારણ હોવાથી અર્થ અને કામ ચતુર્વર્ગમાં શ્રેષ્ઠ નથી. અર્થ અને કામનું સાધન ધર્મ હોવાથી, જો કે અર્થ અને કામની અપેક્ષાએ ધર્મ શ્રેષ્ઠ છે. પરંતુ સુવર્ણની બેડી જેવાં પુણ્યના બંધનું એ કારણ હોવાથી ધર્મ સંસારપરિભ્રમણનું કારણ છે. તેથી તે પણ ચતુર્વર્ગમાં અગ્રણી નથી. જ્યારે મોક્ષ તો ક્લેશથી સહિત, આપાતરમણીય કે પરિણામે દુઃખદાયી નથી. પરંતુ સર્વ ક્લેશથી રહિત સદાને માટે રમણીય અને અનંતસુખપ્રદ છે તેથી પુણ્ય–પાપના ક્ષયસ્વરૂપ તે મોક્ષ ચતુર્વર્ગમાં અગ્રણી છે.' આ પ્રમાણે યોગશાસ્ત્ર પ્રથમપ્રકાશના શ્લોક નં. ૧૫ નો અર્થ તેની ટીકામાં જણાવ્યો છે. ગ્રંથકાર પરમર્ષિએ ધર્મને અગ્રણી ન વર્ણવતા મોક્ષને જ અગ્રણી વર્ણવ્યો છે.

નિર્મલ કલાદિ ગુણોથી સહિત એવો રમણીય મનુષ્યજન્મ પ્રાપ્ત થયે છતે બહુબુદ્ધિમાન મનુષ્યે મોક્ષ માટે ખૂબ ખૂબ પ્રયત્ન કરવો જોઈએ.

જે ધર્મ અર્થ અને કામ પરિણામે સુંદર નથી તે ધર્મ અર્થ અને કામ, કિંપાકના ફળ, દુષ્ટજનોનો સંગ અને વિષનાં ભોજન સમાન છે.

જેમાં સંસારનો ભય નથી. જેમાં મોક્ષનો સહેજ

પણ અભિલાષ નથી. તે ધર્મ શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા વિનાનો જાણવો.

એ ધર્મ, માયાશલ્ય મિથ્યાત્વશલ્ય અને નિદાન-શલ્ય આ મોટા શલ્યના દોષથી પાપાનુબંધી પુણ્યબંધનું કારણ છે. જેનાથી સર્પની જેવા ભયંકર અને સેંકડો સંકટોનાં કારણ એવા ભોગો મળે છે.

પરંતુ પુરુષોમાં શ્રેષ્ઠ પુંડરીક કમળ સમાન શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલો ક્ષમાપ્રધાન જે ધર્મ છે. તે જ મોક્ષ માટે ઉચિત છે. જેનાથી અક્ષય એવા મોક્ષની પ્રાપ્તિ થાય છે.

નિર્મલ કલાદિ એટલે સારાસારનો વિવેક વગેરે ગુણોથી સહિત એવા દુર્લભ મનુષ્ય જન્મની પ્રાપ્તિ પછી બુદ્ધિમાન પુરુષોએ એ રમ્ય મનુષ્ય જન્મનો મોક્ષ માટે જ ઉપયોગ કરવો જોઇએ.

**શુભં ભવતુ શ્રી સંઘસ્ય**

**સંપૂર્ણ**

卐 મારૂં કર્યું મારે જ ભોગવવાનું છે.

卐 અંતે છોડીને જ જવાનું છે એ ભૂલાઈ ગયેલી વાતને યાદ કરો.

卐 જન્મ-મૃત્યુ એ પ્રકૃતિ છે જીવન એ વિકૃતિ છે.

卐 હું ભગવાન મહાવીર સ્વામીનો અનુયાયી છું, પણ લાડી-વાડી ગાડીનો નહિ જ.

卐 સંસાર છોડવા જેવો, મેળવવા જેવું સંયમ, પામવા જેવો પ્રભુ મહાવીરનો પંથ, મેળ કરવા જેવા દેવ-ગુરુને ધર્મ

卐 દેવ, ગુરૂ-ધર્મ સાથે મેળ-મુમેળ તેને સંસાર-પાપ કર્મ સાથે મેળ હોય નહિ.

લિ. મુનિ ચન્દ્રગુપ્ત વિ.

તા.ક. : શ્રી પૃથ્વીચન્દ્ર ગુણસાગર હવે છપાશે.

卐